સાથીદારની શોધમાં

ઈજિપ્ત અલ-અમર્નાની રોમાંચક સાહસકથા

ડૉ. આઈ. કે. વીજળીવાળા

VISIT…

LANZAROTE Caliente.COM

રોમાંચના બે શબ્દો !

'પપ્પા ! અબીરાને બિચારાને પાછો લાવોને !' મારી પ્રથમ સાહસકથા 'હીરાનો ખજાનો' વાંચ્યા પછી મારી દીકરી તર્જનીએ મને કહ્યું. અબીરા નામના નાનકડા પાત્ર પ્રત્યે પણ બાળકને કેવો અદ્‌ભુત લગાવ થઈ શકે છે તે જોઈ મને પણ થયું કે એને બિચારાને એકને જ શું કામ આનંદભરી જિંદગીમાંથી બાકાત રાખવો ? બસ, એ સાથે જ આ વાર્તાનું બીજ રોપાઈ ગયું.

ઈજિપ્તના અઢારમા રાજવંશના રાજા અખેનાતન તેમજ તેમની રાણી નેફરટીટીનું જીવન અનેક ભેદભરમથી ભરેલું છે. ઘણા ઈતિહાસકારો એમને એકેશ્વરવાદના પ્રણેતા કહે છે તો વળી ઘણા એમને અંતરિક્ષમાંથી ઊતરી આવેલ પરગ્રહવાસી પણ ગણે છે. રાતોરાત આખા ઈજિપ્તના પરંપરાગત ધર્મને ઉથલાવીને એક જ ઈશ્વર – સૂર્ય ભગવાનની સ્થાપના કરવાની ગજબની હિંમત દેખાડનાર એ રાજવી, વચ્ચે બે હજાર વરસ સુધી દુનિયાની નજરે જ ન ચડે એમ ગાયબ રહ્યા. એમનું નામોનિશાન મિટાવી દેવા માટે એમના પછી આવેલા વંશોએ બરાબર મહેનત કરી. પરંતુ એમના વખત – અલ-અમર્ના વખતના પથ્થરો અને ઈમારતોના અવશેષોએ એમને પાછા દુનિયા સમક્ષ પ્રગટ કરી આપ્યાં. પરંતુ ફારો (રાજા) અખેનાતન અને એની રાણીના મૃતદેહો આજ સુધી મળ્યા નથી. એ માટેના દાવા ઘણા થયા છે, પણ સર્વાનુમતે સ્વીકાર્ય એવું કાંઈ હાથ લાગ્યું જ નથી. બીજું, એમણે નાઈલ નદીના પૂર્વમાં પોતાની કબર સ્થાપી. બાકી વેલી ઑફ કિંગ્ઝ અને ગીઝાના પિરામિડો એ બધાં જ નાઈલના પશ્ચિમ કાંઠે છે. એમના સમયના ભેદભરમોથી હું એટલો બધો પ્રભાવિત થયો છું કે એ બધું વાર્તામાં વણી મારા બાળદોસ્તો સુધી પહોંચાડવાની જાણે કે મને તાલાવેલી લાગી હતી. આજે એ કાર્ય સંપન્ન થઈ રહ્યું છે ત્યારે મને એક ભેદી રોમાંચ થઈ રહ્યો છે.

આ કાર્યમાં મદદરૂપ થનાર દરેકનો આભાર માનું છું. ખાસ તો

આ વાર્તા શરૂ કરાવનાર મારી દીકરી તર્જનીનો તથા મારી સ્નેહાળ સખી કૃત્તિકાનો આભાર ન જ મનાય. એ લોકો તો આ વાર્તાની સફરમાં મારા સાથીદારો જ રહ્યાં છે.

મારા વડીલ અને પ્રથમ વિવેચક શ્રી પ્રવીણભાઈ શાહ હંમેશની માફક આ વાર્તામાં પણ મારા રાહબર રહ્યા છે. પ્રારંભિક પ્રૂફ્સની જફા પણ હંમેશ માફક એમણે જ વ્હોરી લીધી છે. એમનો આભાર માનું છું અને ઋણ સ્વીકાર કરું છું.

મારા સ્ટાફના ડૉ. ધીલેનભાઈ પટેલ, શ્રી નરેન્દ્રભાઈ તેમજ જગદીશભાઈના સહકારની પણ નોંધ લેવી જ ઘટે. એમનો પણ આભાર માનું છું.

આર. આર. શેઠની કંપનીનો સ્ટાફ, શ્રી ચિંતનભાઈ તેમજ રત્નરાજભાઈનો પણ હૃદયપૂર્વક આભાર માનુ છું. એમને કોઈને હું ક્યારેય મળ્યો નથી છતાં એમના અવાજમાં છલકાતી લાગણી હંમેશા ભીંજવતી જ રહે છે.

અને છેલ્લે, એ બાળદોસ્તોનો પણ આભાર કે જેઓએ હીરાનો ખજાનો વાર્તાને સરસ આવકાર આપ્યો. એમનામાં રહેલ સાહસવૃત્તિને થોડીક માવજત મળે એવી આશાથી જ આ સાહસકથા લખી છે. સાહસિક ટોળકી હીરાના ખજાનાવાળી જ છે. એટલે એ વાંચી હશે એને થોડી મજા વધારે આવશે. નહીંતર હીરાના ખજાનાનો સંક્ષિપ્ત સાર જોઈ આગળ વધવાથી પણ વાંધો નહીં આવે.

આશા રાખું છું કે મારી જેમ મારા બાળમિત્રો પણ ઈજિપ્તની ભેદભરમ ભરેલ સફરમાં મારા જેવો જ રોમાંચ માણી શકશે.

૧૧-૨-૨૦૦૮ ડૉ. આઈ. કે. વીજળીવાળા
ભાવનગર M.D.Ped.

પાત્ર પરિચય

૧.	ડીક	:	મુખ્ય પાત્ર (ક્રોમવેલસાહેબનો દીકરો)
૨.	રોબર્ટ	:	મિત્ર (આર્થરકાકાનો દીકરો)
૩.	પોલ	:	મિત્ર (પર્સિવલકાકાનો દીકરો)
૪.	જેક	:	મિત્ર. ઘાનામાં સોનાના કાચા માલની લે-વેચનો ધંધો
૫.	હેસ્લિંગ	:	મિત્ર (જેના કાકા એક ધૂની વૈદ્ય હતા)
૬.	માઈકલકાકા	:	પર્સિવલકાકાના લંડનમાં સ્થાયી થયેલ મિત્ર
૭.	માતાદી	:	બીરા બંદર પર આફ્રિકાની દુર્લભ વસ્તુઓની દુકાન ધરાવતો મિત્ર (જે પહેલા માણસખાઉં જંગલી હતો, પછી સુધરી ગયેલો)
૮.	અબીરા	:	માતાદીનો મિત્ર, જેનાં પત્ની, બાળકોને મગર ખાઈ ગયેલો. સ્ટીમર ડૂબી જવાથી જે ખોવાઈ ગયેલો.
૯.	અબાના	:	ડર્બન જઈને વસેલો મિત્ર, જે એક સફળ વૈદ્ય પણ હતો.
૧૦.	ક્વાઝી	:	અબાનાનો સગો, જે કેરોના મ્યુઝિયમમાં કામ કરતો હતો. (પ્રાચીન ઈજિપ્તની લિપીનો જાણકાર)
૧૧.	અબ્દુલ	:	ગધેડાવાળો, અલ-અમર્ના ગામડાનો રહેવાસી
૧૨.	રોડ્રિગ્સ	:	ચાંચિયાઓનો સરદાર
૧૩.	કાદશમાન	:	બેની અમરાન નામની જાતિનો માણસ
૧૪.	સાદી	:	કાદશમાનનો સાથી

હીરાનો ખજાનો : સંક્ષિપ્ત સાર

ઈ.સ. ૧૯૦૦ના વરસમાં ડીક અને રોબર્ટના પિતાજીનું જ્હોન હેરિંગ નામનો લૂંટારો અપહરણ કરી જાય છે. એ લોકો પાસેથી હીરાના ખજાનાનો નકશો મેળવવા હેરિંગે આ અપહરણ કર્યું હોય છે. એમને છોડાવવા આ બંને છોકરાઓ એમના અન્ય ત્રણ ભાઈબંધ : પોલ, જેક અને હેસ્લિંગ જોડે કોંગોના અભેદ જંગલ તરફ પ્રયાસ કરે છે. માઈકલકાકા, તેમનો નોકર-અબાના જે વૈદક પણ જાણતો હોય છે અને અન્ય બે જંગલી માણસો માતાદી તેમજ અબીરા પછીથી એ સફરમાં સાથે જોડાય છે. તોફાની ઘોડા જેવી કોંગો નદી અને હુડિની બોક્ષ જેવું અભેદ એનું જંગલ અનેક રોમાંચક અને અદ્‌ભુત અનુભવો પૂરા પાડે છે. (હીરાનો ખજાનો – એ શીર્ષકથી આ વાર્તા છપાઈ ચૂકી છે.)

એ પછી પાંચેક વરસમાં તો આ સાહસિક ટોળી પોતાના બેઠાડું જીવનથી થાકી જાય છે. ફરીથી કોઈ નવા સાહસ પર ઉપડવાની એમને તાલાવેલી લાગે છે. એમને બધાને કોંગોનો રોમાંચક પ્રવાસ વારંવાર યાદ આવે છે. એ જ વખતે એવું બને છે કે એમને ફરી એક વખત પ્રવાસ પર ઉપડવાનો મોકો મળી જાય છે, અને બસ, એ સાથે જ શરૂ થાય છે આ વાત : સાથીદારની શોધમાં !

– ડૉ. આઈ. કે. વીજળીવાળા

અનુક્રમ

અનુક્રમ

૧. ભેદી તાર

૧ જાન્યુઆરી ૧૯૦૫.

ઝીંઝુડાક ટાપુની સુંદર સવારને યાદ કરતાં હું અને રોબર્ટ અમારી આલિશાન દુકાનમાં બેઠા હતા. બીરા બંદર પરની અમારી એ દુકાન દક્ષિણ પૂર્વ આફ્રિકાના દરિયાકાંઠા પરની સૌથી મોટી ઝવેરાતની દુકાન ગણાતી. છેલ્લા થોડાક વખતથી ભારતના દક્ષિણ કાંઠેથી આવતા સાચા મોતી ખૂબ અનિયમિત મળતા હતા. એટલે હવે અમે ઓસ્ટ્રેલિયાના પશ્ચિમ કાંઠેથી મળતા મોતીના વેપારમાં ઝંપલાવવાનું વિચારતા હતા. એવું જ એક મોતી હાથમાં લઈને હું તપાસી રહ્યો હતો.

'ડીક ! તને ખાતરી છે ને કે આ મોતીના ધંધામાં આપણને ફાયદો થશે ?' પોલે બહારથી આવી, મારી બાજુમાં બેસતા પૂછ્યું.

'જો પોલ ! પશ્ચિમ ઓસ્ટ્રેલિયાના ***શાર્ક બે*** તેમજ ***બ્રૂમ*** તથા ***નિકોલ બે*** નામની જગ્યાઓમાં મળતા મોતી ખૂબ જ વખણાય છે. કુદરતી મોતી માટે એ વિસ્તારો હવે દુનિયામાં પ્રખ્યાત બનતા જાય છે. મને તો લાગે છે કે નજીકના ભવિષ્યમાં આ સ્થળો મોતીના વેપારના મોટાં મથકો બની જશે.' મેં જવાબ આપ્યો.

મારા હાથમાંથી મોતી લઈ પોલ ધ્યાનથી જોતો હતો. મેં બીજું એક મોતી હાથમાં લઈ તપાસવાનું શરૂ કર્યું. રોબર્ટ દુકાનનાં ખાનાં સાફ કરી રહ્યો હતો. અચાનક એણે બૂમ પાડી, 'ઈન્ગોઝી, ઈન્ગોઝી ! (ભય, ભય !)' એ પછી એ ખડખડાટ હસી પડ્યો.

અમે એની સામે જોયું. રોબર્ટે એના હાથમાં કોંગોનાં પ્રવાસનો નકશો પકડેલો હતો. એ નકશો જોઈને સમજાઈ ગયું કે અમારો કોંગોનો પ્રવાસ યાદ કરાવવા માટે જ એણે આવી ખોટી ભયની બૂમ પાડી હતી !

'ડીક ! તને નથી લાગતું કે આમને આમ પાંચ વરસથી બીરા બંદરની દુકાનમાં બેઠાં બેઠાં આપણે હવે સાવ કંટાળી ગયા છીએ ! ન કાંઈ રોમાંચ, ન કાંઈ પણ નવું !' રોબર્ટ બોલ્યો.

'એટલે રોબર્ટ ? તું કહેવા શું માંગે છે એનો ફોડ પાડે તો કંઈક સમજાય.' મેં કહ્યું.

'અરે યાર ! કોંગોની તેમજ હીરાના ખજાનાની દિલધડક યાત્રા પછી મને તો એવું જ કોઈક નવું સાહસ કરવાનું મન થયું છે.' રોબર્ટે કહ્યું.

'મને પણ !' પોલ બોલ્યો !

પોલની વાત સાંભળી મને ખરેખર નવાઈ લાગી, કારણ કે અમારી કોંગોની સફર દરમિયાન એ સૌથી વધારે ડરતો હતો. આટલા બધા ભયમાંથી પસાર થઈ ગયા પછી પણ એને ફરી વખત સાહસની ઈચ્છા થાય એ નવાઈની વાત જ હતી !

'પોલ ! પેલા માણસખાઉં જંગલીઓ અને ટોળાબંધ જાગાસ લોકોને ભૂલી ગયો ? તારી બીક ક્યાં જતી રહી ?' મારાથી પૂછ્યા વિના ન રહેવાયું.

'અરે ભાઈ ! નથી ભૂલ્યો એમને ! પણ ડીક ! ખબર નહીં શું કામ પણ હમણાથી મારું મન ફરીથી આફ્રિકાની ધરતી પર જવાની કલ્પના કરી રહ્યું છે. કદાચ એ ધરતીનો જાદુ જ કાંઈક એવો છે.' ખૂબ ઊંડા વિચારોમાં ખોવાઈ ગયો હોય એમ પોલ છતને તાકતા બોલ્યો.

'પરંતુ મારા ભઈલા ! આપણે અત્યારે આફ્રિકાની ધરતી પર જ છીએ !' રોબર્ટે હસતા હસતા કહ્યું, 'આ બીરા બંદર આફ્રિકાના પૂર્વ કિનારા પર જ આવેલું છે એ તને યાદ હશે જ !'

'રોબર્ટ, ડીક ! એ તો મને બરાબર યાદ છે. પણ છતાં હમણાથી મને એવું લાગ્યા કરે છે કે જાણે આફ્રિકાની કોઈ અજાણી ધરતી મને બોલાવી રહી છે !' એટલું બોલતા બોલતા પોલ ફરીથી વિચારોમાં ખોવાઈ ગયો.

એના મોં પરની ગંભીરતા જોઈને હું અને રોબર્ટ થોડી ક્ષણો માટે ચૂપ થઈ ગયા. અમે બંનેએ એકબીજા સામે જોયું. વાતાવરણ એવું ભારે થઈ ગયું હતું કે અમે હસી ન શક્યા. કદાચ અમારું મન પણ એવું જ કોઈ સાહસ ઈચ્છતું હતું ! ઊંડે ઊંડે અમને પણ એવું જ લાગી રહ્યું હતું.

જે હોય તે ! એ પછી કોઈ કંઈ ન બોલ્યું. બધા ચૂપચાપ પોતાનું કામ કરતા રહ્યા. વચ્ચે વચ્ચે ગ્રાહકો આવી જાય ત્યારે અમે વિચારોમાંથી બહાર આવી જતા, પરંતુ એ પછી પાછા સૌ મૂંગા બની જતાં.

અને આમ જોઈએ તો પોલની વાત પણ બિલકુલ સાચી હતી. આફ્રિકાનો અંધારિયો ખંડ કાળા જાદુના વશીકરણ જેવો હતો. એક વાર એની ઝપટમાં આવી ગયા પછી વારંવાર એ જ યાદ આવ્યા કરે. જાગાસ તેમજ માણસખાઉં ઝુલુ લોકોની અમને બીક ખૂબ લાગેલી, પરંતુ કોંગો નદીએ અમારી પર કોઈ અજબ જાદુ કરી દીધો હોય તેવું લાગતું હતું. એમાંય મારા બગીચામાં ફરતા ઓકાપીને જોતા વ્હેંત અમારી આફ્રિકાની યાત્રાની યાદ તાજી થઈ જતી. ઘણી વખત હું ઓકાપી પર બેસીને બીરા બંદર પર લટાર મારવા નીકળતો ત્યારે લોમાની નદીથી લુલોન્ગા નદીનો પ્રવાસ નજર સામે આવી જતો. લોકો પણ ઓકાપીને હંમેશા નવાઈથી જોઈ રહેતા.

'મને પણ એવું જ લાગે છે કે આપણે ફરીથી આવું કોઈ સાહસ ખેડવું જોઈએ !' છેલ્લા ગ્રાહકના ગયા પછી હું બોલ્યો.

'સાચું કહું તો મને પણ એવી જ ઈચ્છા થાય છે !' રોબર્ટે મારી વાતમાં સૂર પુરાવ્યો.

એ પછી થોડીક ક્ષણો બધા શાંત બની પોતપોતાનું કામ કરતા રહ્યા.

'અરે ડીક, રોબર્ટ ! ધારો કે ફરીથી કોઈક આપણને કહે કે આપણે આફ્રિકાની કોઈ નવી સાહસયાત્રા પર જવાનું છે તો કેવું લાગે ?' પોલે કહ્યું.

'અરે યાર ! તો તો સાચ્ચે જ મજા પડી જાય !' હું અને રોબર્ટ લગભગ એક સાથે બોલી ઊઠ્યા.

બરાબર એ જ વખતે બારણે ટકોરા પડ્યા.

'મિ. ડીક ક્રોમવેલ કોણ છે ?' ટેલિગ્રાફ ઑફિસના માણસે દુકાનનાં અધખુલ્લા બારણાંમાંથી ડોકું કાઢતા પૂછ્યું.

દુકાનમાં સન્નાટો છવાઈ ગયો. એમ કહી શકાય કે અમે થીજી જ ગયા. જાણે આફ્રિકાનો જ સંદેશો હોય તેવું અમે પેલા માણસ સાથે વાત પણ કરતાં પહેલા જ ધારી લીધું. અમારા સૌના ધબકારા વધી ગયા. અમારામાં કોઈને બોલવા કે હલવાની પણ ત્રેવડ ન રહી.

'અરે ભાઈ ! તમારામાંથી ડીક ક્રોમવેલ કોણ છે એ કહેશો ? તમારે લોકોને જો આમ જ પૂતળા માફક ઊભા રહેવું હોય તો હું જાઉં. તમારામાંથી જે કોઈ ડીક ક્રોમવેલ હોય તે સાંજે ચાર વાગ્યે પોસ્ટ ઑફિસ આવીને તાર લઈ જાય.' પોસ્ટમેનના અવાજમાં અધિરાઈ તેમજ કંટાળો બંને ભળેલાં હતાં. એણે પાછા ફરવા પગ ઉપાડ્યા એ વખતે જ મને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો. હું ઝડપથી ઊભો થઈ બારણા સુધી દોડ્યો. પોસ્ટમેન પાસે પહોંચીને બોલ્યો, 'હું છું ડીક ક્રોમવેલ. બોલો, શું કામ છે ?'

'તો પહેલાથી બોલતા હો તો ! લો અહીં સહી કરી દો. તમારા નામનો તાર છે ડર્બનથી.' એ માણસે મારી સામે સહી કરવા માટેનું ફોર્મ ધર્યું. બતાવેલી જગ્યાએ સહી કરી મેં એની પાસેથી તાર લઈ લીધો. પોસ્ટમેન ગયો.

એના જતા વ્હેંત મેં તાર(ટેલિગ્રાફ)નો કાગળ ખોલ્યો. ડર્બનથી અબાનાએ એ તાર કરેલો હતો. હું એ વાંચવા ઊભો રહી ગયો. પોલ અને રોબર્ટ પણ મારી બાજુમાં આવીને ઊભા રહી ગયા. તારની બે લીટીમાં અબાનાએ લખ્યું હતું, 'એક વિચિત્ર માહિતી મળી છે. હું ઝડપથી બીરા બંદર તમને મળવા આવું છું. બે દિવસ પછી પહોંચીશ. ક્યાંય બહાર જશો નહીં. બાકી રૂબરૂ ! – અબાના !'

દુકાનમાં શાંતિ છવાઈ ગઈ. અમે સૌ એકબીજા સામે જોતા ત્યાં જ ઊભા રહી ગયા.

૨. અબીરા જીવતો હશે ?

પોસ્ટમેનના ગયા પછી ખાસ્સી વાર સુધી અમે ત્રણેય જણ દુકાનનાં બારણાં પાસે પૂતળાની માફક જ ઊભા રહી ગયા. એ તો સારું થયું કે એક બહેન ડાયમંડ નેકલેસ ખરીદવા અંદર આવી ગયાં, એટલે અમે ફરીથી કામે વળગ્યા, નહીંતર ખબર નહીં ક્યાં સુધી એમ જ ઊભા રહ્યા હોત.

એ પછીનો આખો જ દિવસ વિચારોમાં ગયો. એવી તો કઈ વિચિત્ર માહિતી અબાનાને મળી હશે કે એ દોડાદોડ બીરા બંદર આવી રહ્યો હતો ?

એ દિવસે દુકાન વહેલી બંધ કરી અમે માતાદીને ત્યાં પહોંચ્યા. માતાદીને પણ વાત કરી. માતાદી આ પાંચ વરસમાં આફ્રિકાની દુર્લભ વસ્તુઓ વેચીને ખૂબ સારું કમાયો હતો. એનું ઘર બીરા બંદરના સૌથી સારા મકાનોમાંનું એક હતું. છેલ્લાં પાંચ વરસમાં એ વાંચતા લખતા અને અમારી ભાષા બોલતા પણ શીખી ગયેલો. અમે એના ઘરે ગયા ત્યારે એ બંગલાના બગીચામાં મોઢામાં ચિરૂટ ભરાવીને લોન બરાબર કરી રહ્યો હતો. અમને જોઈ એણે લોન મુવર પડતું મૂક્યું અને અમારી જોડે આવીને બેઠો. અમે એને બધી વાત કરી, અબાનાનો તાર બતાવ્યો. માતાદી પણ વિચારમાં પડી ગયો. અમે એ સાંજે માતાદીને ત્યાં જ ભોજન લઈ લીધું. રાત્રે મોડે સુધી વાતો કરીને અમે છૂટા પડ્યા ત્યારે દરેકના મનમાં એક જ સવાલ ઘૂમરાતો હતો કે, 'અબાનાને શી માહિતી મળી હશે ?'

* * *

એ પછીના બે દિવસ અમારા માટે અકળાવનારા ગયા. ત્રીજા દિવસે અમે સવારે આઠ વાગ્યાથી બીરા બંદર પર પહોંચી ગયા. ચોમાસાના દિવસો હોવાથી વરસાદ પણ સારો એવો પડી રહ્યો હતો. લગભગ બપોરના બાર વાગ્યે અબાનાની સ્ટીમર બીરા બંદર પર લાંગરી. અમે લગભગ પાંચ વરસ પછી અબાનાને જોઈ રહ્યા હતા. સ્ટીમરની સીડી પરથી ઊતરી રહેલો અબાના થોડોક વધારે જાડો થઈ ગયો હતો. આમેય એ હવે ડર્બનનો સૌથી મોટો વૈદ્ય હતો. અમને જોઈને એણે ત્યાંથી જ હાથ હલાવ્યો અને જોરથી બોલ્યો, 'હેય ડીક ! હેય રોબર્ટ ! અરે એય પોલ ! માતાદી ! મજામાં બધા ?!'

'અરે એય અબાના ! અમે બધા મજામાં જ છીએ. તું તો મજામાં જ લાગે છે એ તને જોઈને જ દેખાઈ આવે છે !' અમે પણ હાથ હલાવીને એને જવાબ આપ્યો.

ભીડમાંથી બહાર આવી અબાના અમને ભેટી પડ્યો. પાંચ વરસ પછી અમે મળતા હતા તો પણ અબાનાની અમારા પ્રત્યેની લાગણી પહેલા હતી એવી જ લાગી. ઘણી વાર સુધી અમે ત્યાં ઊભા ઊભા જ વાતો કરી. માઈકલકાકાને પણ ખૂબ યાદ કર્યા. ત્યારપછી અમે માતાદીને ઘરે જવા નીકળ્યા.

અબાનાએ થોડો આરામ કરી લીધો પછી અમે બધા બેઠા.

'બોલ અબાના ! એવી તો કઈ માહિતી મળી છે તને જે એટલી બધી વિચિત્ર હોય કે જેના લીધે તારે છેક અમારી પાસે આવી જવું પડ્યું ?' મેં પૂછ્યું.

'જો ડીક ! તને તો ખબર છે કે મારો પિતરાઈ ફ્વાઝી કેરોમાં રહે છે. એ ઈજિપ્તના વિશ્વ વિખ્યાત મ્યુઝિયમમાં કામ કરે છે. પિરામિડની દુનિયાનો એ ઉસ્તાદ ગણાય છે. મ્યુઝિયમના મુખ્ય અધિકારીઓ એવું કહેતા હોય છે કે ફ્વાઝી હોય તો કોઈ પણ પિરામિડ કે ફારાઓની (ઈજિપ્તના પ્રાચીન રાજવીઓની) કબરમાં પ્રવેશ કરવો તેમજ એમાંથી નીકળવું એકદમ સહેલું બની જાય. અક્કાડીન ક્યુનિફોર્મ નામની પ્રાચીન લિપી ઉકેલવામાં પણ એ ઉસ્તાદ છે. થોડા દિવસ પહેલા મ્યુઝિયમના કામે એ અમર્ના ગયેલો. ત્યાં જૂના મહેલોના ખંડેરો પાસે એક માણસને એણે જોયો હતો. એ માણસ આપણી ભાષા જાણે છે, થોડુંક અંગ્રેજી પણ બોલે છે, પરંતુ મોટેભાગે માંગ્બેટુમાં જ વાત કરે છે. ભાંગીતૂટી માંગ્બેટુ ભાષા ફ્વાઝીને પણ આવડે છે. એની મદદથી એણે એની સાથે વાત કરવાની કોશિશ કરી જોઈ. એ વધારે કાંઈ તો નથી જણાવતો પરંતુ વારંવાર 'માતાદી', 'અબાના', 'માઈકલકાકા' બસ એવું જ બોલતો રહે છે. બીજું કંઈ પણ નથી જણાવતો. એને વારંવાર મારું નામ બોલતો સાંભળી ફ્વાઝીએ મને જાણ કરી.' આટલું કહી અબાના અટક્યો.

'એટલે ? એ મારું નામ પણ બોલે છે ?' માતાદી અર્ધો ઊભો થઈ જતા બોલ્યો, 'તો તો નક્કી એ આપણો અબીરા જ હોવો જોઈએ. પણ એ કેમ બની શકે ? અબીરા તો પોર્ટ એલિઝાબેથ પાસે પોતાની સ્ટીમર સાથે દરિયામાં ગૂમ થઈ ગયેલો. તો પછી અબીરા કઈ રીતે હોઈ શકે ? પણ એ જે ત્રણ નામ બોલે છે એ તો અમારી આફ્રિકાયાત્રાના સાથીઓ જ હતા. તો પછી એ ચોક્કસ અબીરા જ હશે. આપણે એને લઈ આવવો જોઈએ. શું એ ગાંડો થઈ ગયો છે ? એને કોઈ રોગ તો નથી લાગુ પડ્યોને ?' અબીરા માતાદીનો પિત્રાઈ થતો હતો. એટલે એના અવાજ તેમજ એના સવાલોમાં અબીરા માટે ચિંતા છલકાતી હોય એ સ્વાભાવિક હતું.

'નક્કી ડીક ! મને પણ એ આપણો અબીરા જ લાગે છે. એ બિચારો ઈજિપ્તની ભાષા નહીં જાણતો હોવાથી ગાંડા જેવો થઈ ગયો હશે. આપણે એને લઈ આવવો જોઈએ !' પોલ બોલી ઊઠ્યો.

'હા ડીક ! આપણે જવું જ જોઈએ !' રોબર્ટ પણ બોલી ઊઠ્યો.

'અબાના, બીજી કોઈ વાત ફ્વાઝીએ તને કરી છે એ માણસ વિશે કે જે અબીરા હોઈ શકે ?' મેં અબાનાને સવાલ કર્યો.

'હા ઠીક ! એણે કહેલું કે એ માણસ ઈજિપ્તનો જરાપણ નથી લાગતો. રાતદિવસ એ જૂના અમર્ના શહેરના ખંડેરોમાં ફર્યા કરે છે. કોઈ ખાવાનું આપે તો ખાય છે. કપડાં આપે તો પોતાની પાસેના બે મોટા કોથળામાં ભરી રાખે છે. ખભે કોથળા લઈ ભટક્યા કરે છે. ક્યારેક નાઈલ નદીમાં પસાર થતી નાનકડી સ્ટીમરને જોઈને જોરજોરથી રડવા લાગે છે અને પોતાના માથાના વાળ ખેંચવા લાગે છે. લોકોને ઘણું બધું કહેતો રહે છે પરંતુ એની ભાષા કોઈ સમજતું નથી. ફ્વાઝીને પણ માંગ્બેટુ ભાષાના કોઈ કોઈ શબ્દો જ આવડે છે. એટલે એ બસ આટલા નામથી વિશેષ કંઈ જાણી શક્યો નથી.' અબાનાએ જવાબ આપ્યો.

આ બધા વર્ણન પરથી પેલો માણસ અબીરા હોવાની અમને લગભગ ખાતરી થઈ ગઈ. પરંતુ સાવ પાકી ખાતરી કઈ રીતે કરવી ? એનો કોઈ પણ ઉપાય અમારી પાસે હવે નહોતો. અમે વિચારમાં પડી ગયા. થોડી વાર જાણે કે કોઈના મોઢામાં જીભ જ ન હોય તેમ બધા સાવ મૂંગા થઈ ગયા.

'બોલો દોસ્તો શું કરવું છે ?' મેં પૂછ્યું, 'મારું મન તો કહે છે કે આપણો એક સાથી મુશ્કેલીમાં હોય તો એને મદદ કરવી એ આપણી ફરજ ગણાય, એટલે આપણે જવું જ જોઈએ.'

'ધારો કે એ માણસ અબીરા ન હોય તો ? તો આપણો ધક્કો માથે જ પડે ને ?' રોબર્ટ બોલ્યો, 'એવું કરીએ આપણામાંથી કોઈ પણ બે જણ જાય, અને બાકીના અહીં બિઝનેસ (ધંધો) સંભાળે.'

રોબર્ટનો પ્રસ્તાવ સાંભળીને બધા વિચારમાં પડી ગયા. એની વાત પણ વાજબી હતી. આટલી અમસ્તી માહિતી પરથી બધાએ એટલે દૂર સુધી દોડવું એ પણ જોખમ જેવું જ હતું. અને ધારો કે એ માણસ અબીરા ન હોય તો ?

'તો પછી શું કરવું ?' મેં બધા સામે જોઈને પૂછ્યું.

બધાએ એકબીજા સામે જોયું. કોઈને કંઈ સૂઝતું નહોતું.

જુઓ ! બધા મારી વાત ધ્યાનથી સાંભળો.' મેં થોડી વાર વિચાર કરીને પછી કહ્યું, 'મારું મન કહે છે કે રોબર્ટની વાત બરાબર છે. હું અને માતાદી બે જણ ઈજિપ્ત જઈએ. જો એ અબીરા હશે તો અમે એને જોડે લઈ પાછા આવીશું. નહીંતર પિરામિડ જોઈને પાછા ! એક પ્રવાસે ગયા હતા એમ માનશું.'

'નહીં, તમે બે નહીં, આપણે ત્રણ જણ જઈશું.' અબાના બોલ્યો, 'આમેય તમે લોકો ફ્વાઝીને તો ઓળખતા નથી. એના વગર અમર્નાના ખંડેરોમાં ભટકવું એ જોખમભર્યું છે. એકાદ વખત એકાદ પિરામિડના ખંડેરમાં ઘૂસી ગયા તો જિંદગીભર ન નીકળી શકો !'

મને અબાનાની વાત બરાબર લાગી. બધા સામે જોઈ હું બોલ્યો, 'તો દોસ્તો, આ પ્રમાણે જ નક્કી. રોબર્ટ તેમજ પોલ અહીં જ રહે અને દુકાન સંભાળે. જ્યારે હું, અબાના તેમજ માતાદી ઈજિપ્ત જવા વહેલી તકે નીકળી પડીએ.'

પરંતુ મારી વાત પોલ તેમજ રોબર્ટને ગળે ઊતરી હોય તેવું લાગતું નહોતું. એ બંને ઊઠીને બહાર ગયા. અબાના એક જડીબુટ્ટીનો વેલો માતાદીના ઘરની

પાછળના ભાગમાં જોઈ ગયો એટલે લેવા ગયો. થોડી વાર પછી આવીને પોલ તથા રોબર્ટે કહ્યું, 'જો ઠીક ! આપણી પાસે એટલા બધા પૈસા છે કે થોડા દિવસ દુકાન બંધ કરી દઈએ તો પણ કંઈ વાંધો નહીં આવે. તો પછી બધા જ એકસાથે જઈએ તો કેવું ? જો એ વ્યક્તિ અબીરા હશે તો એને આનંદપૂર્વક ઘરે પાછો લઈ આવીશું, અને જો નહીં હોય તો ઈજિપ્તની સફર માણતા આવીશું. આમેય ઘણા દિવસથી આપણને આફ્રિકાની અજાણી ધરતી પર જવાની ઈચ્છા તો હતી જ ને ?'

મને એની વાત સાચી લાગી, છતાં હજુ બધા એક સાથે જઈએ એ વાત નહોતી યોગ્ય લાગતી. છતાં છેલ્લી વખત બધા સામે જોઈ મેં પૂછ્યું, 'તો દોસ્તો, હવે આપણે નક્કી કરીએ છીએ કે બધા એક સાથે જ અબીરાની શોધમાં જઈએ છીએ. આપણને એ પણ ખબર છે કે પોર્ટ એલિઝાબેથ પાસેના વાવાઝોડામાં એ પોતાની સ્ટીમર સાથે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. એની લાશ પણ નહોતી મેળવી શકાયેલી એવું ભયંકર અને દિવસો સુધી ચાલેલું એ તોફાન હતું. છતાં અધૂરા-પધૂરા વર્ણન પરથી આપણે એને પાછો લાવવા જઈ રહ્યા છીએ. એ યાત્રા માટે તમે સૌ સંમત છો ખરું ? બોલો, નક્કી જ ને ?'

'ટક્ ... ટક્ ... ટક્ ...!' બરાબર એ જ વખતે બારણા પર ટકોરા પડ્યા. અમારા ઓરડામાં એકદમ શાંતિ ફેલાઈ ગઈ. બધા એક બીજા સામે જોવા માંડ્યા. અર્ધા ખુલ્લા બારણામાંથી અચાનક એક અજાણ્યા માણસે ડોકું કાઢ્યું અને પૂછ્યું, 'હું અંદર આવું કે ?'

એનો ચહેરો જોઈ હું, રોબર્ટ, પોલ તથા માતાદી બેચાર ક્ષણ કંઈ બોલી ન શક્યા. એક સાવ અજાણ્યો માણસ આમ અંદર આવી જાય, અને એ પણ આવી ક્ષણોએ, એ વાતથી જ અમે ડઘાઈ ગયા હતા. એમાંય તે એનો ચહેરો જોઈ થોડી વાર તો અમને કોઈને પણ શું બોલવું એ સમજાયું જ નહીં. અમે સૌ મૂંગા મૂંગા એ વ્યક્તિની સામે જોઈ રહ્યા !

૩. ઈજિપ્તના પ્રવાસની તૈયારી

અમે સૌ થોડી વાર એમ જ બેઠા રહ્યા.

પેલા માણસને પણ નવાઈ લાગતી હતી કે અમે કોઈ કેમ બોલતા નથી. અમને પણ એ એક તરફથી દાઝી ગયેલા ચહેરાવાળા માણસને જોઈને શબ્દો નહોતા મળતાં. એ જ વખતે જડીબુટ્ટીનો વેલો લઈને અબાના આવી પહોંચ્યો. પેલા માણસને જોઈને એ તો આનંદથી ઊછળી પડ્યો. વેલો હાથમાંથી ફેંકીને એ પેલા માણસને રીતસર વળગી જ પડ્યો.

'ફ્વાઝી ! તું ક્યારે આવ્યો ? અરે તેં મને તાર તો કરી દીધો હોત તો હું તને લેવા બીરા બંદર પર આવી જાત. પણ હા, તું ડર્બનને બદલે અહીં બીરા બંદર પર કઈ રીતે ? તને તો મેં જાણ પણ નહોતી કરી ! તો તું અહીં કઈ રીતે પહોંચ્યો ?' અબાનાએ એક સાથે બે-ત્રણ સવાલો પૂછી નાખ્યા.

'અરે ભાઈ ! મને પાણી તો પીવા દે ! આ બધા તારા દોસ્તો તો મને જોઈને એવા ડઘાઈ ગયા છે કે નથી એમણે મને બેસવાનું કહ્યું કે નથી મને પાણી પણ આપ્યું.' અમારી સામે જોઈને ફ્વાઝીએ હસતા હસતા કહ્યું.

હવે અમને પણ સંકોચ થયો. અમે ખરેખર ફ્વાઝીનો એક તરફથી દાઝી ગયેલો ચહેરો તેમજ એવો જ દાઝી ગયેલો એ તરફનો હાથ જોઈને ખરેખર એવા બાઘા બની ગયેલા કે એને બેસવાનું કહેતા પણ ભૂલી ગયા હતા. પછી પાણી પીવડાવવાની વાત તો દૂર રહી ! હવે અમે સૌ પણ હસી પડ્યા. પછી અમે એને અમારો વ્યક્તિગત પરિચય આપ્યો.

ચા-પાણી પીધા પછી ફ્વાઝીએ કહ્યું કે અબાના જે સવારે બીરા બંદર આવવા નીકળેલો એ જ સમયે ફ્વાઝી ઈજિપ્તથી ડર્બન પહોંચેલો. અબાનાના ઘરેથી એ ક્યાં અને કોને ત્યાં ગયો છે એ જાણીને તરત જ એ ચારેક કલાક પછી રવાના થતી બીજી સ્ટીમરમાં બીરા બંદર આવવા નીકળી પડેલો. અને એટલે જ એ આજે એની સાથે જ પહોંચી શક્યો હતો.

અમે બધાએ પછી તો એના પર પ્રશ્નોની ઝડી વરસાવી. ફ્વાઝી જોરથી હસી પડ્યો. પછી બોલ્યો, 'એક કામ કરો ! તમે પ્રશ્નો પૂછવાનું બંધ કરી દો. હું [illegible]ને માંડીને વાત કરું છું. એ પછી જો કોઈને કંઈ પણ સવાલ કરવાનું મન થાય તો પૂછજો, બરાબર ?'

અમે સૌએ સંમતિ આપી. એ પછી ફ્વાઝીએ એ કેરો મ્યુઝિયમના કામે [illegible] એ વખતથી માંડીને બધી વાત કરી. એણે પેલા માણસ અંગેનું જે

કાંઈ વર્ણન કર્યું તે અબીરાને બરાબર લાગું પડતું હતું. પણ ફ્વાઝીએ એક વાત કરી એ પરથી એ વ્યક્તિ અબીરા જ હશે એની અમને ખાતરી થઈ ગઈ. ફ્વાઝી એવું બોલ્યો કે એ માણસ નાઈલ નદીમાં મગર દેખાય તો ઝનૂનપૂર્વક એને મારી નાખે છે. ઉપરાંત એ માઈકલકાકા, માતાદી, અબાના, પોલ વગેરે બોલતો રહે છે. એકાદ વખત તો ઈજિપ્તના લોકોએ એને મારેલો પણ ખરો, કારણ કે એ લોકો મગરને પવિત્ર માને છે.

બસ, આટલી માહિતી અમને એ વ્યક્તિ અબીરા જ હોવાની ખાતરી કરાવવા માટે પૂરતી હતી. અબીરાનાં પત્ની તથા બાળકોને મગરમચ્છ ખાઈ ગયો હતો ત્યારથી એને મગરની સાથે દુશ્મનાવટ બંધાઈ ગઈ હતી. ચાંબેશી નદીમાંથી પણ એણે લગભગ તેર જેટલા મગર મારી નાખેલા.

'તો રોબર્ટ, માતાદી, પોલ, અબાના ! આપણે જઈએ છીએ ! આપણા એ જોડીદારને પાછો લાવવા માટે ! બરાબર !' મેં પૂછ્યું.

બધાએ એક અવાજે હા પાડી. ફ્વાઝી અબાનાના ઘેર થોડા દિવસ રોકાવા માટે આવેલો. પરંતુ અમારા પ્રવાસની વાત સાંભળી એણે પણ અમારી સાથે સફરમાં જોડાવાનું નક્કી કરી નાખ્યું. એ ઈજિપ્તના કેરો શહેરથી અમારી સાથે જોડાવાનો હતો. અમે લોકો લગભગ જાન્યુઆરીના અંતભાગમાં પહોંચીએ એ પહેલા એ અમારા માટે કેરોમાં રહેવાની વ્યવસ્થા કરી રાખવાનો હતો. એ માટે એણે અબાના જોડે રોકાવાનું રદ કરી નાખ્યું. મેના હાઉસ નામની હોટલમાં અમારા માટે કમરા ભાડે લઈ રાખવા એ વહેલો નીકળી જાય એવું એણે નક્કી કર્યું, કારણ કે મેના હાઉસમાં અગાઉથી બૂકિંગ કરવું જરૂરી હતું.

એ રાત્રે ફ્વાઝી ઈજિપ્ત જવા નીકળી ગયો. અમે લોકો એને સ્ટીમરમાં બેસાડીને પોતપોતાના ઘરે ગયા. અમારે હવે ખૂબ જ ઓછા સમયમાં ઈજિપ્ત જવાની તૈયારી કરવાની હતી. એ પહેલા અમે એક આંટો ઝીંઝુડાક ટાપુ પર મારવાનું નક્કી કરી લીધું. આમેય એ પછીના દિવસે ઝીંઝુડાક ટાપુ પરના કોઈ પરિવારને ત્યાં પ્રસંગ હોવાથી રોબર્ટના પિતાજી આર્થરકાકા, પોલના પિતાજી પર્સિવલકાકા તેમજ મારા પિતાજી હાજરી આપવા આવવાના હતા. એમને મળી પણ લેવાય અને ઝીંઝુડાકની એક વધારે વખત વિદાય પણ લઈ લેવાય ! ઝીંઝુડાક યાદ આવતા જ બા, અમારું જૂનું ઘર, મારી હોડી વગેરે યાદ આવી ગયું. એ વિચારોમાં જ ક્યારે ઊંઘ આવી ગઈ એનો ખ્યાલ ન રહ્યો.

* * *

સવારે બધા થોડા મોડા ઊઠ્યા. ઝટપટ નાસ્તો પતાવી રોબર્ટ, પોલ તથા હું માતાદીની નવી મોટરબોટ લઈ ઝીંઝુડાક જવા નીકળી પડ્યા. માતાદી જરૂરી કાગળો લઈ બ્રિટિશ દૂતાવાસ ગયો. ઈજિપ્તમાં શસ્ત્રો રાખવાની પરવાનગી અમારે ત્યાંથી લેવાની હતી, કારણ કે ઈજિપ્ત બ્રિટનનું ગુલામ હતું.

અમે ઝીંઝુડાક પહોંચ્યા ત્યારે સવારના દસ વાગી ગયા હતા. કિનારાના ડક્કા પર ઊતરતા જ મારું જૂનું ઘર સામેની ટેકરી પર દેખાયું. તજનાં વૃક્ષોથી ઘેરાયેલું એ મકાન સાવ સૂમસામ ઊભું હતું. હવે ત્યાં કોઈ રહેતું નહોતું.

જે પરિવારને ત્યાં પ્રસંગ હતો ત્યાં અમારાં માબાપને મળી અમે બધી વાત વિગતે કરી. મારી બાના મોં પર આ વખતે પણ એ બીક દેખાતી હતી જે પહેલી વખત હું કોંગો ગયો ત્યારે દેખાઈ હતી. પરંતુ હવે એને મારા પર થોડો વિશ્વાસ બેઠો હતો. એટલે આ વખતે બાએ કોઈ આનાકાની કે વિરોધ ન કર્યો. એમને સૌને મળી અમે પાછા ડક્કા પર આવ્યા. પોલ અને રોબર્ટ બોટમાં બેસી ગયા. હું હજુ બોટમાં પગ મૂકવા જાઉં એ પહેલા જ કોઈ અજાણ્યો હાથ મારા ખભા પર પડ્યો. સહેજ ચમકીને મેં પાછળ જોયું. હેસ્લિંગના ધૂની વૈદ્યકાકા ત્યાં ઊભા હતા. અમારી નજર મળતાં જ એ બોલ્યા, 'ડીક ! તારા પિતાજીએ મને કહ્યું કે તમે ઈજિપ્તના રણપ્રદેશની મુલાકાતે જવાના છો. એટલે તને આ થોડીક વસ્તુઓ આપવા આવ્યો છું. આ "સહદેવી" તરીકે ઓળખાતી એક વનસ્પતિ છે. ભારતના એક વૈદે મને આપેલી. ગમે તેવો ભયંકર તાવ પણ એ ફટ્ દઈને ઉતારી દેશે. બીજા આ થોડાંક સૂકાં મૂળિયાં છે. પાતળી સળી જેવા લાગતા આ મૂળિયાને રાત્રે ખુલ્લામાં છૂટા છૂટા મૂકી દેવાના. રણપ્રદેશમાં સવારે જે ઝાકળ પડે તેનું એકે એક ટીપું આ મૂળિયા શોષી લેશે. સવારમાં આ પાતળી સળી જેવા મૂળિયા ફૂલીને સરગવાની શીંગથી પણ વધારે જાડા થઈ જશે. બસ, પછી એને દબાવીને પાણી કાઢી લેવાનું ! આટલાં મૂળિયાંમાંથી લગભગ દસેક ગ્લાસ પાણી તો મળી જ રહેશે. રણમાં તમારી ટોળકીને આ ક્યારેક મદદરૂપ થશે. અને છેલ્લે,' થોડીક ઉધરસ આવતા એ થોડાક અટક્યા. પાંચ વરસમાં જ હેસ્લિંગ એમનાથી દૂર જવાના કારણે હોય કે ગમે તે, એ વધારે ઘરડા થઈ ગયેલા લાગતા હતા.

ઉધરસ ખાઈ લીધા પછી એમણે વાત આગળ વધારી, 'અને છેલ્લે, આ અતિ દુર્લભ વનસ્પતિની બે નાની લાકડીઓ તને આપું છું. એક વખત સળગાવ્યા પછી આટલી નાની લાકડી મશાલની માફક લગભગ એકાદ કલાક અજવાળું આપશે.' પછી મારા માથા પર હાથ મૂકીને બોલ્યા, 'દીકરા, તે તો નથી માગ્યું છતાં મને થયું કે આ બધું તને કામ લાગશે એટલે સામેથી આપવા આવ્યો છું. જાવ બેટા ! ભગવાન તમારી રક્ષા કરે. હેસ્લિંગ મળે તો કહેજે કે તારા બુઢ્ઢા કાકા તારી રાહ જુએ છે. એકાદ વખત ઝીંઝુડાક મળવા આવે !' એમનો અવાજ ભીનો થઈ ગયો હોય તેવું લાગ્યું. હું એમને નમન કરવા વાંકો વળ્યો પરંતુ એ તો એમની ધૂનમાં જ પાછા વળી ચાલવા લાગ્યા.

મોટરબોટ ઝીંઝુડાકથી ઊપડી બીરા બંદર પહોંચી ત્યારે છેક હું વિચારોમાંથી બહાર આવ્યો. અમે ઘરે પહોંચ્યા ત્યારે માતાદી બંદૂકોના પરવાના લઈને આવી ગયો હતો. બંદૂકોની સાથે એ એક મોટી પેટી પણ લાવ્યો હતો. અમને નવાઈ લાગી પણ કદાચ એમાં દારૂગોળો હશે એમ માનીને અમે પૂછ્યું નહીં, અને માતાદીએ કંઈ કહ્યું પણ નહીં. હેસ્લિંગના ધૂનીકાકાને મળ્યા પછી મને એવું લાગતું હતું કે અમારે જેક

તેમજ હેસ્લિંગને જાણ તો કરવી જ જોઈએ. અમારી ગઈ સફરના એ સાથીઓને ખબર તો આપવી જ જોઈએ એમ ગણી મેં પોલને પોસ્ટ ઑફિસ મોકલ્યો. એણે માઈકલકાકા, જેક તેમજ હેસ્લિંગને તાર કરી દીધા. હોટલ મેના હાઉસમાં અમે રોકાવાના છીએ એની જાણ પણ કરી દીધી. બસ, હવે અમારે થોડીઘણી તૈયારીઓ કરી લીધા પછી બીજા દિવસે વહેલી સવારે માતાદીની નવી નક્કોર મોટરબોટ લઈ નીકળી પડવાનું હતું. આ વખતે જંગલમાંથી પસાર થવાનું ન હોવાથી ઘણી બધી માનસિક રાહત હતી. અને તૈયારીઓ પણ ઓછી જ કરવાની હતી. છતાં મેં બાયનોક્યુલર તેમજ હોકાયંત્ર લઈ લીધાં. ગયા વખતે જંગલમાં રસ્તો નક્કી કરવામાં હોકાયંત્ર (કંપાસ) ખૂબ ઉપયોગી નીવડેલું. પોલે એનો નવો જ બહાર પડેલો નાનકડો કેમેરો પણ લઈ લીધો. બધા મોટરબોટમાં સામાન ગોઠવતા હતા એ સમય દરમિયાન મેં અમારી મુસાફરીના માર્ગનો નકશો લઈ લીધો, જે આ પ્રમાણે હતો :



નકશા પ્રમાણે અમારે આફ્રિકાના પૂર્વ કિનારે ઉત્તર તરફ આગળ વધતા એડનના અખાતમાંથી રાતા સમુદ્રમાં થઈને સુએઝ બંદરે પહોંચવાનું હતું. ત્યાંથી આગગાડી (ટ્રેન) દ્વારા સીધા જ ઈજિપ્તના પાટનગર કેરો પહોંચવાનું હતું. આખી સફર જો નિર્વિઘ્ને પસાર થાય તો લગભગ ૨૭ જાન્યુઆરીએ અમે કેરો પહોંચી જઈએ એવી અમારી ધારણા હતી. આ વખતે જંગલમાં દાખલ થતા પહેલા લાગેલો તેવો ભય નહોતો લાગતો. બધી તૈયારી કરીને અમે સૂવા પડ્યા ત્યારે રાતના ૧૧ વાગી ગયા હતા. જાન્યુઆરી મહિનાની એ નવમી તારીખ હતી.

૪. દરિયામાંથી સંકટ !

૧૦ જાન્યુઆરી ૧૯૦૫.

સવારે છ વાગ્યે અમે બધા તૈયાર થઈ ગયા હતા. માતાદીએ મોટરબોટ માટે વધારાનું ઈંધણ પણ લઈ લીધું હતું. બધું બરાબર છે એ તપાસીને અમે મોટરબોટનાં દોરડાં છોડી નાખ્યાં. છ વાગીને વીસ મિનિટે માતાદીએ એન્જિન શરૂ કર્યું. અમારા ખોવાઈ ગયેલા સાથીને શોધવા માટે સાવ અજાણી જમીન પર જવા અમારી મોટરબોટે પ્રયાણ કર્યું ત્યારે કોંગોની સફરની માફક જ સૂર્ય ઊગવાની તૈયારી થઈ ગઈ હતી !

'ડીક યાદ છે તને ? કોંગોની સફરે જતા હતા ત્યારે મોડા પડેલા હેસ્લિંગે બોટમાં કેવો કૂદકો મારેલો ? યાદ છે ને ?' પોલે કહ્યું. એ ઘટના યાદ આવતા જ અમે સૌ હસી પડ્યા. પરંતુ એ વાતની સાથે જ મને બા યાદ આવી ગઈ. ગયે વખતે એ કેવી છેક સુધી રૂમાલ હલાવતી ઊભી રહેલી ? ગઈકાલે હું ઝીંઝુડાકથી નીકળ્યો ત્યારે પણ એની આંખ ભીની થઈ ગઈ હતી. 'મારો ડીક પાછો નહીં આવે તો ?' એવો ગયા વખતનો ધ્રાસ્કો એની આંખોમાં આ વખતે પણ સ્પષ્ટ દેખાતો હતો.

'કેમ ડીક ! કેમ રડી પડ્યો ?' પોલે મારા ખભા પર હાથ મૂકતા પૂછ્યું.

'કંઈ નહીં પોલ, બસ એમ જ ! બા યાદ આવી ગઈ !' મેં હસવાનો પ્રયત્ન કરતા આંખ લૂછી નાખી. પશ્ચિમ તરફ દેખાતી આફ્રિકાની કાળી પટ્ટી અમારી સમાંતર ચાલતી હતી. છેક કુલિમાન સુધી અમારે આમ જ કિનારાને સમાંતર ચાલવાનું હતું. ત્યાર પછી મોઝામ્બિક સુધી કિનારાથી દૂર સમુદ્રમાં મુસાફરી કરવાની હતી. માતાદીની મોટરબોટ સાવ નવી જ હોવાથી ખૂબ ઝડપથી આગળ વધવામાં સરળતા રહેતી હતી. દરિયો પણ શાંત હતો. માર્ચ મહિનામાં ચોમાસુ પૂરું થાય ત્યાં સુધી આટલો શાંત દરિયો મળવો એ અમારા સારા નસીબની નિશાની જ ગણવી રહી.

બપોર સુધીમાં અમે ખાસ્સું અંતર કાપી નાખ્યું. માતાદી પોતે બોટ ચલાવવાની સાથોસાથ બોટમાં ઈંધણ કઈ રીતે ભરવું, અમુક તકલીફોમાં એને સમી કઈ રીતે કરવી એ બધી વાતો પણ અમને સમજાવી રહ્યો હતો. અમે સૌ સાંજ પડતા તો કંટાળી ગયા. દરિયાની મુસાફરી જંગલ જેવી રોમાંચક નથી હોતી. જંગલમાં તો દરેક ક્ષણ કંઈક નવું જ રહસ્ય ખોલતી રહે છે. અહીંયા તો ચારે તરફ

અફાટ અને અગાધ સમુદ્ર જ દેખાતો હતો. પ્રથમ રાતે એમ જ આગળ વધવાને બદલે દરિયામાં જ લંગર નાખી રાત પસાર કરવાનું અમે નક્કી કર્યું.

મોટરબોટ ઊભી રહી પછી અબાનાએ ર્બન સ્પેશ્યલ વાનગીઓ બનાવી. જમીને અમે બધા તૂતક પર ખુરશીઓ નાખીને બેઠા. આકાશ એકદમ સ્વચ્છ અને તારા મઢેલું હતું. અચાનક કોઈ ધીમા અવાજે ગીત ગાઈ રહ્યું હોય તેવું લાગ્યું. અમે સૌ શાંત થઈ ગયાં. આવા અફાટ દરિયામાં કોણ વળી ગીતો ગાતું હશે ? અમે કાન વધારે સરવા કર્યા.

'ડીક ! અરે એય ડીક !' પોલે મારા કાન પાસે એનું મોં લાવીને ધીમેથી કહ્યું, 'આ કોણ ગાઈ રહ્યું હશે ?'

'ખબર નહીં પોલ ! હજુ ગીતના શબ્દો પકડાતા નથી. આપણે સૌ થોડી વાર શાંતિથી સાંભળીએ.' મેં ધીમા અવાજે જવાબ આપ્યો.

એ પછી અમે સૌ સાવ શાંત બની ગયા. દસથી બાર યુવતીઓ મધુર અવાજે ગાતી ગાતી અમારી બોટની નજીક આવી રહી હોય તેવું લાગતું હતું. એમનો અવાજ એકદમ સુરીલો હતો. અમે ઊભા થઈ તૂતકના છેડા પાસે ગયા.

'ડીક ! ગીતના શબ્દો કેમ પકડાતા નથી ? અને મારી આંખો કેમ ઘેરાય છે ?' રોબર્ટે પૂછ્યું.

'ખબર નહીં રોબર્ટ !' હું એટલું જ બોલ્યો. મારી આંખો પણ ભારે થઈ રહી હતી.

અચાનક અમારી બોટની આસપાસ આછા ભૂરા રંગનો પ્રકાશ ફેલાઈ ગયો. ધીરે ધીરે બોટની આજુબાજુ ભૂરા રંગનું વર્તુળ રચાઈ ગયું. થોડી વારમાં એ પ્રકાશ વધારે તેજ બની ગયો અને એની અંદર પંદરેક યુવતીઓના ખૂબ જ રૂપાળા ચહેરાઓ દેખાવા માંડ્યા. એ યુવતીઓ ખૂબ જ મધુરા અવાજે ગાઈ રહી હતી. એ લોકોની નજર અમારી સામે જ હતી. એમનું ગીત ધીમે ધીમે અમને ઘેરી અસર કરી રહ્યું હોય તેવું લાગ્યું. એ ગીતમાં કોઈ અજબ પ્રકારનું ખેંચાણ હતું. અમારા પોપચાં એટલાં બધાં ભારે થઈ ગયાં હતાં કે અમે લોકો આંખ પણ પૂરી ખોલી શકતા નહોતા. એવું લાગતું હતું કે જાણે હમણાં જ અમે સૌ ઊંઘમાં સરી પડીશું.

'આવ એ મુસાફર ! આવ, તું દરિયામાં ઝંપલાવ ! અમે સદીઓથી તારી વાટ જોઈએ છીએ, હવે વાર ન લગાડ, ઓ મુસાફર ! આવ !' અચાનક જ એમના ગીતના શબ્દો અમારા કાને અથડાયા. મને એ સમજણ નહોતી પડતી કે સાવ અચાનક એમના શબ્દો અમને સમજાવા માંડ્યા શી રીતે ? બરાબર એ જ વખતે માતાદી થોડો મારા તરફ ખસ્યો. એનો ભારે ભરખમ પગ મારા પગ પર પડ્યો. બસ, એ સાથે જ મારી ઊંઘ ઊડી ગઈ.

'રોબર્ટ ! મર્મેઈડ છે આ બધી. જલપરી ! ચાલો આપણે અંદર જતા રહીએ.'* પણ રોબર્ટ કે કોઈ મારી વાત સાંભળવા કે પેલી સુંદર યુવતીઓનાં દશ્ય તરફથી નજર હટાવવા જાણે તૈયાર જ નહોતા. મેં જલપરીઓ અંગે ઘણી વાતો વાંચેલી હતી. એમાંની મોટાભાગની વાતો ખૌફનાક જ હતી. પોતાના સંગીત તેમજ સૌંદર્યના આકર્ષણથી ખલાસીઓને લલચાવીને આ જલપરીઓ દરિયામાં ડુબાડી દેતીં હોય છે. એ રીતે ઘણા ખલાસીઓ મોતને ભેટ્યા હોવાનું મેં વાંચેલું. કદાચ અમારી આજુબાજુ પણ એ જ ખેલ રચાઈ રહ્યો હતો. હવે આ ખેલ પૂરો કરવો જ રહ્યો. હું ઝડપથી અંદર ગયો. રિવૉલ્વર લાવી મેં આકાશ તરફ ધડાકો કર્યો. એ જ વખતે મારા મિત્રોની ઊંઘ ઊડી ગઈ. પેલો ભૂરો પ્રકાશ અને જલપરીઓ પણ ગાયબ થઈ ગયાં. દરિયા પર ફરીથી અંધકાર છવાઈ ગયો.

'ડીક ! પેલી યુવતીઓ કોણ હતી ? આપણને દરિયામાં કૂદી પડવાનું કેમ કહેતી હતી ?' પોલે તંદ્રામાંથી બહાર આવતા પૂછ્યું.

'એ જલપરીઓ હતી, પોલ ! સેંકડો ખલાસીઓએ એ ગીતો પાછળ જીવ ગુમાવ્યો હશે. તમારામાંથી કોઈ કૂદી ન પડે એટલે મેં બંદૂકનો ધડાકો કર્યો.' હસી પડતા મેં કહ્યું. બાકીના બધા પણ ખડખડાટ હસી પડ્યા. રાત ઘણી વીતી ચૂકી હતી. આ વિચિત્ર અનુભવને વાગોળતા અને વાતો કરતા કરતા અમે સૂવા પડ્યા.

* * *

(૧૧-૧-૧૯૦૫) સવારે હું તૂતક પર આવ્યો ત્યારે માતાદી નાસ્તાનું ટેબલ ગોઠવી રહ્યો હતો. માડાગાસ્કર તરફથી આવતા સીગલ પ્રકારનાં પંખીઓનાં ટોળાં વાતાવરણને એમના મીઠા કલબલાટથી ભરી દેતા હતા. આગલી રાતની વિચિત્ર ઘટનાને યાદ કરતા કરતા અમે નાસ્તો પતાવ્યો. માતાદીએ બોટનું ઈંધણ ફરીથી બરાબર ભરી લીધું. લંગર ઉઠાવી અમે ઊપડ્યા ત્યારે સવારના સાડા આઠ વાગવા આવ્યા હતા.

એ આખો દિવસ અમે કોઈ પણ જાતની તકલીફ વગર મુસાફરી કરતા રહ્યા. સાંજે છ વાગ્યે મોઝામ્બિક પહોંચીને ત્યાં જ રાત પસાર કરવાનું નક્કી કરી લીધું. મોઝામ્બિકથી અમે તાજાં સંતરાં, મોસંબી અને નાળિયેર ભરી લીધાં. ડ્રાયફિશ તથા ટોસ્ટ્સના પેકેટ્સ પણ લઈ લીધા. મોઝામ્બિકનો દરિયો થોડો વધારે તોફાની લાગ્યો એટલે વહેલી સવારે જ નીકળી જવું એવું નક્કી કરીને અમે સૂતાં.

(૧૨-૧-૧૯૦૫) સવારે વહેલા ઊઠ્યા ત્યારે આગલી રાતની સરખામણીમાં આકાશ એકદમ સ્વચ્છ હતું. દરિયો પણ શાંત હતો. આકાશમાં ક્યારેક એકાદ કાળું વાદળ દેખાઈ જતું હતું. દર વરસની સરખામણીમાં આ વરસે ચોમાસાની શરૂઆત મોડી હતી. એટલે વરસાદ ક્યારેક જ અને સાવ છૂટોછવાયો પડતો હતો. જોકે દરિયાના મોજામાં દેખાઈ રહેલા ફેરફારો નજીક આવી રહેલા ચોમાસાની અસર જરૂર બતાવી રહ્યાં હતાં.

'ડીક ! એક વાત પૂછું ?' મારી નજીક આવતા પોલ બોલ્યો, 'તું માને છે કે જલપરીઓ જેવું કાંઈ હોય ? ગઈકાલ રાતની ઘટના અંગે તારું શું માનવું છે ?'

* ઘણા ખલાસીઓએ જલપરી જોયાનો દાવો કરેલો છે. કેટલાકે તો એમના ફોટા પણ રજૂ કર્યા છે.

પોલ ! મને તો હજું પણ એ બધું ભ્રમ લાગે છે. છતાં પણ ગઈકાલે રાતે જે કાંઈ બન્યું તે મારા મગજમાં ઊતરતું નથી. મારા માનવા પ્રમાણે ધરતી પર કોઈક જગ્યાએ પ્રચંડ ચૂંબકીય ફેરફારોને કારણે આવી અસર થતી હોવી જોઈએ. મેં વાંચ્યું છે કે બર્મ્યુડા ટ્રાઈએંગલમાં લોકોએ જલપરીઓ, દરિયામાંથી નીકળતો સૂર્ય, પાણીની ચાલતી દીવાલો એવું એવું તો ઘણું જોયું છે. એટલે આ પણ એવી જ કોઈ ઘટના હોવી જોઈએ.' મેં કહ્યું.

'હોઈ શકે ડીક ! એવું જ કંઈક બન્યું હોય એમ મને પણ હવે લાગે છે.' પોલ બોલ્યો.

'ડીક ! પોલ ! ગઈકાલ રાતની એ ઘટનાને એક ખરાબ સ્વપ્ન ગણીને ભૂલી જાવ. હવે પછી આવી બાબતોમાં વધારે સાવધ રહેવું. અને હવે મારી એક વાત સાંભળો !' અમારી નજીક આવતા અબાના બોલ્યો, 'હવે આપણો રસ્તો સીધો ઉત્તર દિશા તરફ છે. ક્યાંય વાંકોચૂકો નહીં. દક્ષિણ-પૂર્વના પવનો પણ અનુકૂળ છે, એટલે આજે રાત્રે આપણે મુસાફરી કરી શકીશું.'

'કેમ ? એનાથી શો ફાયદો થશે ?' મેં પૂછ્યું.

'જો ડીક ! આજે રાતે મુસાફરી કરી લઈએ તો કાલે સવારે ૮ વાગ્યા સુધીમાં આપણે ડેલગાડો બંદર પહોંચી જઈશું. હું આજે બપોરે જમીને સૂઈ જઈશ અને રાત્રે તમે બધા આરામ કરો ત્યારે હું બોટ ચલાવીશ અને સવાર સુધી સુકાન સંભાળીશ. કાલે આપણે ડેલગાડો બંદરથી થોડીક વસ્તુઓ ખરીદવાની છે. તમે લોકો એ ખરીદી કરવા જશો ત્યારે હું આરામ કરી લઈશ.' અબાનાએ એનો વિચાર રજૂ કર્યો.

અમને એની વાત બરાબર ગળે ઊતરી ગઈ. બધાએ એ યોજનાને વધાવી લીધી. પ્લાન મુજબ, અબાના બપોરે જમ્યા પછી સૂઈ ગયો. અમે એને રાત્રે દસ વાગ્યે ઉઠાડ્યો. એ પછી અમે સૂતા.

(૧૩-૧-૧૯૦૫)

'ડીક ! એય ડીક ! ઊઠ તો, જલદી ઊઠ !' પોલે મને ઢંઢોળીને ઉઠાડ્યો.

'કેમ શું થયું ?' આંખો ચોળતા ચોળતા મેં પૂછ્યું.

'જો ! આપણી બોટ તરફ હાથ હલાવીને કાંઠા પરથી માણસો કંઈક બૂમો પાડી રહ્યા છે. મને તો એ લોકો શું કહે છે એ નથી સમજાતું, પરંતુ એમના હાવભાવ પરથી એ લોકો આપણને કાંઈક ચેતવણી આપવા માંગતા હોય એવું તો જરૂર લાગે છે.' પોલે કહ્યું.

મને ફાળ પડી. ઝટપટ ઊભા થઈ અમે લોકો એન્જિન રૂમમાં ગયા. જોયું તો અબાના સુકાનને બાંધીને મસ્તીથી નીચે સૂઈ ગયો હતો. રસ્તો સીધો ઉત્તર તરફનો હોવાથી ભાઈસાહેબે ઉત્તર દિશા તરફ સુકાન બરાબર બાંધી નીચે લંબાવી દીધી હતી ! ૨૫ નોટિકલ માઈલની ઝડપે અમારી બોટ ભાગી રહી હતી. મેં સામેના કાચમાંથી જોયું તો એક વિશાળકાય સ્ટીમર ડેલગાડો બંદર છોડી દરિયા તરફ જઈ રહી હતી. અમે ઝડપથી એ સ્ટીમર તરફ ધસી રહ્યા હતા. જો કંઈ ન

કરીએ તો થોડી ક્ષણોમાં જ અમારી બોટ સ્ટીમરના પડખામાં જઈને અથડાઈ પડવાની હતી.

'અબાના ! ઊઠ એય ઊંઘણશી. આ સુકાનને બાંધેલ દોરીની ગાંઠ છોડી આપ. જલદી ઊઠ !' રોબર્ટ બરાડ્યો. સુકાનને બાંધેલ દોરીની ગાંઠ અબાનાએ એવી વાળી હતી કે રોબર્ટથી છૂટતી નહોતી.

અમને બધાને પરસેવો વળી ગયો. અબાના ઊઠ્યો તો ખરો પરંતુ ગાઢ ઊંઘમાંથી ઊઠવાને કારણે એ બેબાકળો અને સાવ બાઘા જેવો બની ગયો હતો. એને હજું કંઈ સમજણ પડતી નહોતી. એ તો ઊઠીને અમારી બધા સામે જોઈને 'હેં શું કામ ? હેં ! શું થયું ? તમે બરાડા શાના પાડો છો ?' એવા બબૂચક જેવા સવાલો કરી રહ્યો હતો. બરાબર એ જ વખતે માતાદી ચપ્પુ લઈને આવ્યો. એણે સુકાન જોડે બાંધેલ દોરી કાપી નાખી. પેલી સ્ટીમર દરિયા તરફ જઈ રહી હતી એટલે અમે બોટને કિનારા તરફની દિશા આપી દીધી. રોબર્ટે એન્જિન બંધ કરી દીધું. અમારી ઝડપ ઘટી ગઈ, પણ એનાથી વધારે અમે હવે કંઈ કરી શકીએ તેમ નહોતા. દરેકના ચહેરા પર દહેશત વ્યાપી ગઈ. અમે મનમાં ને મનમાં પ્રાર્થના કરવા લાગ્યા. અમારી બોટ સારા એવા વેગ સાથે સ્ટીમરના પાછળના ભાગ સાથે અથડાશે એવું લાગતું હતું.

કાંઠા પરના માણસો અમને ઈશારાથી અને બૂમો પાડીને દરિયામાં કૂદી પડવાનું કહી રહ્યા હતા. અને બચવા માટેનો એ ઉપાય પણ એકદમ યોગ્ય જ હતો. પરંતુ અમે બધા જાણે પૂતળા જેવા બની ગયા હતા. અમને કંઈ પણ સૂઝતું જ નહોતું. માતાદીની મોટરબોટ નવી અને વધારે હોર્સપાવરની હતી. ૨૫ નોટિકલ માઈલની ઝડપે જતી મોટરબોટને થોડાક સો ફૂટના અંતરમાં ઊભી રાખવી કે આટલી ઝડપે એને એકદમ વધારે વળાંક આપવો એ બેમાંથી એક પણ બાબત શક્ય નહોતી.

પરંતુ એક અસાધારણ ઘટના બની. મોટાભાગની મહાકાય સ્ટીમર્સ બંદરમાંથી બહાર નીકળે ત્યારે શરૂઆતમાં ખૂબ જ ધીમે ધીમે ચાલતી હોય છે. દરિયામાં ખાસ્સે દૂર ગયા પછી જ એમની ઝડપ વધારવામાં આવતી હોય છે. પણ અમારા માટે ચમત્કારરૂપ ઘટના બની. આજે પેલી મહાકાય સ્ટીમરે શરૂઆતથી જ સારી ઝડપ પકડી હતી. અમે ભયજનક ઝડપે સ્ટીમરના પાછળના ભાગ નજીક પહોંચીએ એ ક્ષણ પહેલાં જ સ્ટીમર આગળ સરકી ગઈ. બસ ફક્ત થોડાક ફૂટનું અંતર જ રહી ગયું ! એના પાછળના મોરા પરથી ઊડતું પાણી છેક અમારી બોટમાં આવી લાગ્યું. એક જ મિનિટ, બસ, ફક્ત એક જ મિનિટ. જો અમે વહેલા પહોંચ્યા હોત તો અમારી બોટના ચૂરેચૂરા થઈ જાત ! પરસેવાથી અને સ્ટીમરે ઉડાડેલ પાણીથી લથબથ અમે બધા હજુ પૂતળાની માફક જ ઊભા હતા ! કંઈ બોલવાના જાણે કે કોઈને હોશકોશ જ નહોતા રહ્યા !

'હેય ડીક ! હેય રોબર્ટ ! માતાદી ! આપણે બચી ગયા !' પોલે બૂમ પાડી ત્યારે છેક અમે બધા ભાનમાં આવ્યા. ત્યાર પછી હળવાશથી અમે એકબીજાને ભેટી

પડ્યા. કોઈ બીજું કંઈ બોલ્યું નહીં, પરંતુ આ પ્રવાસમાં પ્રથમ વખત અમે બધાએ સોગંદ ખાધા કે સુકાન પર બેઠેલ વ્યક્તિએ ક્યારેય ઊંઘી ન જવું !

ડેલગાડો પોર્ટ પર અમે ઊભા રહ્યા ત્યારે સવારના આઠ વાગવા આવ્યા હતા. અબાનાની ઊંઘ પણ ક્યાંય ગાયબ થઈ ગઈ હતી. એણે અને માતાદીએ નાસ્તો તૈયાર કર્યો એટલી વારમાં હું અને રોબર્ટ બંદર પર જઈને જોઈતી ચીજ-વસ્તુઓ ખરીદી લાવ્યા. અમારી પાસે છેક સુએઝ બંદર પહોંચી જવાય એટલું ઈંધણ હતું તો પણ અમે આટલા દિવસમાં ખૂટેલું ઈંધણ ભરી લીધું. નાસ્તો પતાવીને અમે ડેલગાડો બંદર પરથી સવારના દસ વાગે ઝાંઝીબાર જવા રવાના થયા.

ડેલગાડોથી ઝાંઝીબારનો આખો જ કિનારો જર્મનીની આણ નીચે હોવાથી બિલકુલ સલામત હતો. છતાં અમે જાળવીને આગળ વધી રહ્યા હતા. સાવચેતી-પૂર્વક રાત્રીની મુસાફરી પણ શરૂ રાખવાના કારણે અમે ત્રણને બદલે બે દિવસમાં જ ઝાંઝીબાર પહોંચી ગયા. ઝાંઝીબારથી બસો માઈલ જેટલું ઉત્તરમાં આગળ વધીએ ત્યાર પછીનો આફ્રિકાનો પૂર્વ કિનારો ઈટાલીની આણ નીચે હતો. ચાંચિયાગીરીએ એ કિનારા પર માઝા મૂકી હતી. એ દરિયામાં ધોળે દહાડે જહાજો લૂંટાઈ જતા. ઈટાલિયન સોમાલિયા તો જાણે ચાંચિયાઓ માટે સલામત પ્રદેશ જ બની ગયો હતો. બને ત્યાં સુધી વેપારી જહાજો ત્યાંથી નીકળવાનું ટાળતાં, પરંતુ અમારે તો ત્યાંથી પસાર થયા વિના છૂટકો જ નહોતો.

અમે બંદૂકો ચકાસી લીધી. માતાદીએ પેલી ભારેખમ પેટીને સામાનમાંથી બહાર કાઢીને તૂતક પર લાવી મૂકી. એ પેટી હજુ સુધી અમારા માટે રહસ્ય જ હતી. હું એ અંગે માતાદીને પૂછવાનો વિચાર જ કરી રહ્યો હતો ત્યાં જ પોલ મારી પાસે આવ્યો અને મને દૂર તરતા એક જહાજનો ભંગાર બતાવ્યો. ચાંચિયાઓનું કામ હશે ? હું અને પોલ એકબીજા સામે જોઈ રહ્યા. જે હોય તે ! ચાંચિયા તો ચાંચિયા ! અમારે જવાનું તો નક્કી જ હતું. જોઈએ આગળ શું થાય છે તે !

૫. દરિયાઈ ચાંચિયા

આજે જાન્યુઆરીની ૧૬ તારીખ થઈ.

ત્રણ દિવસથી અમે રોજના લગભગ ૧૮ કલાક મુસાફરી કરી રહ્યા હતા. ઝાંઝીબારથી મોમ્બાસા, બ્રાવા અને માગાડોક્ષો પસાર કર્યું ત્યાં સુધી અમે બંદૂકો હાથમાં રાખીને ઉચ્ચક જીવે જ મુસાફરી કરી. ઈટાલિયન સોમાલિયાના સંપૂર્ણ કાંઠે ચાંચિયાઓની આણ વરતતી હતી. એ લોકો ભારતના પશ્ચિમ કાંઠેથી આવતા માલવાહક જહાજોને જ લૂંટતા હતા. અમારી પાસે જોકે થોડાક પૈસા સિવાય લૂંટવા જેવું કાંઈ નહોતું. પરંતુ ચાંચિયાઓનો કોઈ ભરોસો થોડો હોય ? લૂંટે નહીં અને ફક્ત હેરાન કરે તો પણ અમારા દિવસો તો બગડે જ ને ? માતાદીની બોટ પર બ્રિટિશ ઝંડો હતો. એ પણ ચાંચિયાઓને દાઝ ચડાવવા માટેનું એક અગત્યનું કારણ હતું. કારણ કે બ્રિટિશ હકુમતે ગર્દાફી બંદરથી લઈને છેક સુએઝ સુધી ચાંચિયાઓના છક્કા છોડાવી દીધા હતા. ગલ્ફ ઓફ એડનમાંથી તો એમના સંસ્થાનોનો ભુક્કો બોલાવી દીધો હતો. સંપૂર્ણ ઈજિપ્ત બ્રિટનની હકુમત નીચે હતું. એના કારણે રાતા સમુદ્રમાં ચાંચિયાઓનું કાંઈ ઊપજતું નહીં. બસ, એક ઈટાલિયન સોમાલિયાનો પૂર્વ કાંઠો જ એમને માટે રહેવાનું તેમજ લૂંટ ચલાવવાનું એક માત્ર ઠેકાણું બચ્યું હતું. એ વિસ્તાર પસાર કરી જઈએ પછી અમને કોઈ ચિંતા નહોતી.

એ બપોરે અમે વારાફરતી જમ્યા. માતાદી, અબાના અને પોલ જમવા બેઠા ત્યારે હું દૂરબીન સંભાળીને બેઠો હતો અને રોબર્ટ બોટ ચલાવતો હતો. એ લોકોએ જમી લીધું પછી હું અને રોબર્ટ જમવા બેઠાં. અમે માંડ અડધું-પડધું જમ્યા હઈશું ત્યાં જ પોલ દોડતો અમારી પાસે આવ્યો. મારા હાથમાંનો કોળિયો એમ જ હાથમાં રહી ગયો. પોલ શ્વાસભેર અને ગભરાટ સાથે બોલ્યો, 'ડીક ! રોબર્ટ ! ઉપાધી આવી રહી હોય તેવું લાગે છે !'

'કેમ ? શું થયું ? શાની ઉપાધી ?' અમે બંને લગભગ એક સાથે જ બોલી ઊઠ્યા.

'ચાંચિયા !' ફિક્કા ચહેરા સાથે બેચાર ક્ષણ અમારી સામે જોઈ રહ્યા પછી પોલ બોલ્યો.

'ચાંચિયા ?!' હું અને રોબર્ટ ચીસ જેવા અવાજમાં બોલી ઊઠ્યા.

પોલે હકારમાં માથું હલાવ્યું. હાથમાંનો કોળિયો એમ જ પડતો મૂકી અમે દોડ્યા. માતાદી પાસેથી દૂરબીન લઈ મેં ઉત્તર-પૂર્વના દરિયા તરફથી અમારી તરફ

આવી રહેલા જહાજ તરફ નજર માંડી. એના પર કાળો ધ્વજ હતો અને ઉપર ખોપરીનું નિશાન હતું !



અમે મોટરબોટની સ્પીડ ઘટાડી દીધી. પછી સૌ ચૂપચાપ તૂતકની કિનારી પાસે ઊભા રહી ગયા. થોડીવારે રોબર્ટ અંદર જઈ કેબિનમાંથી બંદૂકો અને ગોળીના હારડા લઈ આવ્યો. અમે બંદૂકો ભરી તૈયાર કરી. માતાદીએ પેલી ભારેખમ પેટીનું તાળું ખોલી નાખ્યું. પછી અમારી બાજુમાં આવીને ઊભો રહી ગયો.

ચાંચિયાઓનું જહાજ અમારાથી ૮૦૦ ફૂટ જેટલું દૂર રહ્યું ત્યારે અમને વિચાર આવ્યો કે જો દિશા બદલીને આગળ જતા રહીએ તો કેવું ? કદાચ માલવાહક જહાજને બદલે મોટરબોટ જોઈને ચાંચિયાઓ અમારી પાછળ આવવાનું મૂલતવી પણ રાખે. રોબર્ટ એન્જિનરૂમમાં ગયો અને મોટરબોટની દિશા બદલી. અમારે ચાંચિયાઓ સાથે સામેથી ઝઘડો કરવાનો કોઈ જ ઈરાદો નહોતો.

'એય ફિરંગીઓ ! તમારી બોટ રોકો ! દિશા બદલીને ભાગવાની કોશિશ જરા પણ નહીં કરતા. જો એવું કરશો તો મોંઘું પડશે !' ચાંચિયાઓના જહાજ પરથી ભૂંગળામાં બોલાયેલ અવાજ સંભળાયો.

અમે બોટનું એન્જિન બંધ કરી દીધું. આમેય અમારી ઝડપ તો સાવ ઓછી જ હતી. એટલે દિશા બદલવાનું મુલતવી રાખી અમે ત્યાં જ ઊભા રહી ગયા. અમારા અને ચાંચિયાઓના જહાજ વચ્ચે હવે લગભગ ૫૦૦ ફૂટનું અંતર રહ્યું હતું.

'તમારે શું જોઈએ છે ? આવી ધમકી કેમ આપો છો ? અમે ફિરંગીઓ નથી અને વેપારી પણ નથી. તેમજ અમે તમારી સાથે ઝઘડો પણ કરવા માંગતા નથી. મહેરબાની કરીને અમારો સમય ન બગાડો !' અમારી મોટરબોટ પર લાગેલા ભૂંગળામાંથી મેં કહ્યું.

'હવે તમે જે હો તે ! અમારે એની સાથે કોઈ લેવાદેવા નથી. અમારે તમારી પાસેથી થોડીક વસ્તુઓ જોઈએ છીએ, એટલે અમે તમારી મોટરબોટ પર આવીએ છીએ !' ચાંચિયાઓએ કહ્યું.

'ધારો કે અમે તમને ન આવવા દઈએ અને કંઈ પણ ન આપીએ તો?' મેં પૂછ્યું.

'તો ? તો અમારી પાસે એવી બંદૂકો છે જે તમારા છક્કા છોડાવી દેશે !' ચાંચિયાઓએ સહેજ ખિજાઈને ધમકી આપી પછી ગોળીઓનો વરસાદ શરૂ કરી દીધો. હું ભૂંગળું છોડીને તૂતકની આડશમાં બધા જોડે બંદૂક લઈને ગોઠવાઈ ગયો.

અમે પણ બંદૂકથી જવાબ આપવાનો શરૂ કરી દીધો, પરંતુ અમારી બંદૂકો કરતા એ લોકોની બંદૂકો વધારે આધુનિક લાગતી હતી.

'તમે લોકોએ તમારી સલામતીનો વિચાર કર્યો છે ખરો ?!' અચાનક માતાદીનો અવાજ અમારી બોટના ભૂંગળા પરથી સંભળાયો. હું બંદૂક વડે ચાંચિયાઓને જવાબ આપવામાં વ્યસ્ત હતો ત્યારે જ એ કેબિનના ભૂંગળા પર પહોંચી ગયો હશે. એનો આવો સવાલ સાંભળી અમે તો વિચારમાં પડી ગયા પરંતુ ચાંચિયાઓ પણ થોડી વાર શાંત થઈ ગયા. બે-ચાર ક્ષણો એમ જ પસાર થઈ ગઈ. પછી ચાંચિયાઓના જહાજ પરથી અવાજ આવ્યો, 'હમણા જ અમે તમારી બંદૂકોની તાકાત જોઈ લીધી છે ! એટલે ખોટી ધમકીઓ આપવાનું બંધ કરો અને અમારું સ્વાગત કરવા તૈયાર રહો ! હા ...! હા ...! હા ...!'

એ અટ્ટહાસ્યની સાથે જ સૂસવાટા મારતી અનેક ગોળીઓ અમારા માથા પરથી પસાર થઈ ગઈ. અમે નીચે સૂઈ ગયા. તૂતકની કિનારી ઊંચી હોવાથી ગોળીઓનું જોખમ તો નહોતું પરંતુ ચાંચિયાઓ ગમે તે ક્ષણે બોટ પર આવી ચડશે તો ? એવો થડકાટ તો જરૂર હતો.

'હજુ કહું છું, ચેતી જાવ અને પાછા જતા રહો ! અમને છંછેડવાનું રહેવા દો !' માતાદી ફરીથી ભૂંગળામાં બરાડ્યો. અમને નવાઈ લાગતી હતી કે માતાદી કેમ આવી વાતો કરે છે ? કદાચ, માનસિક રીતે એ લોકોને ઢીલા પાડી દેવાનો એનો આ કોઈ કીમિયો હશે ?

'ચાંચિયાઓ જરૂર પાછા જતા રહેશે ! પરંતુ તમારી બોટના ચીથરા ઉડાડીને પછી જ જશે ! હા ...! હા ...! હા ...!' એટલું બોલીને લગભગ ૩૦૦ ફૂટ જેટલા અંતરેથી ફરીથી ગોળીઓનો વરસાદ શરૂ થયો. અમે વચ્ચે છૂટક ગોળીબાર કરી લેતા હતા. પરંતુ ચાંચિયાઓના ધાણીફૂટ ગોળીબાર સામે અમારી બંદૂકોનું કંઈ જ ઊપજે એમ નહોતું.

'હજુ કહું છું ચેતી જાવ ! પાછા વળી જાવ નહીંતર પસ્તાશો, અને હા ! આ છેલ્લી ચેતવણી છે !' માતાદી ગુસ્સાથી બરાડી ઊઠ્યો. અમે નીચે સૂતા સૂતા જોયું તો એણે પેલી ભારેખમ પેટીનું ઢાંકણું ખોલી નાખ્યું હતું.

'અમે જોવા માગીએ છીએ કે તમે શું કરી શકો છો ? બાકી, ચાંચિયાઓ કામ પૂરું કર્યા સિવાય પાછા ફરી જાય એ વાતમાં માલ નહીં. બસ, તમે અમારા સ્વાગત માટે તૈયાર રહો !' અમારી બંદૂકોની મર્યાદિત શક્તિ જોઈને એ લોકો વધારે જોશમાં આવી ગયા હોય તેવું લાગતું હતું.

અમે માતાદી તરફ જોયું. એણે પેલી ભારેખમ પેટીમાંથી એક લાંબું ભૂંગળું કાઢ્યું. પછી બે ત્રિકોણ જેવી ઘોડી પર એને ટેકવ્યું. એ ભૂંગળાના આગળના ખુલ્લા ભાગમાં લાંબા બૉમ્બ જેવું કંઈ નાખી પછી એણે ચાંચિયાઓના જહાજનું નિશાન લીધું. બરાબર નિશાન લીધા પછી એણે એક લાલ બટન જેવી ચાંપ દબાવી. પેલા બૉમ્બ જેવું કંઈક ભૂંગળામાં નાખેલું તે સડસડાટ છૂટીને ચાંચિયાના જહાજ પર જઈ પડ્યું. એક મોટા ધડાકા સાથે ચાંચિયાઓના જહાજ પર આગ લાગી ગઈ.

'ભાઈસા'બ ! તમારી માફી માંગીએ છીએ ! હવે આવો બીજો ધડાકો ન કરતા ! અમે પાછા વળી જવા તૈયાર છીએ ! આ જહાજ અમે માંડ માંડ હપ્તે લીધું છે. હજુ ખાનગી બૅન્કના હપ્તા પણ ભરવાના બાકી છે !' ચાંચિયાઓના જહાજ પરના ભૂંગળામાંથી એમની વિનંતી અને આજીજી સંભળાઈ.

પરંતુ એમની વાત પૂરી થાય એ પહેલા તો માતાદીએ બીજો બૉમ્બ દાગી દીધો હતો. એ બીજા ધડાકાથી ચાંચિયાઓના જહાજમાં મોટું બાકોરું પડી ગયું. ઝડપભેર એમાંથી દરિયાનું પાણી અંદર ધસવા લાગતા જહાજ ડૂબવા માંડ્યું. ડૂબતાં વહાણમાંથી જીવ બચાવવા ચાંચિયાઓ ટપોટપ દરિયામાં કૂદી પડ્યા. કુલ સાત જણ કૂદ્યા.

પોલ દોડીને માતાદીને ભેટી પડ્યો.

'અરે ભઈ વાહ ! માતાદી ! આ વળી તું શું લઈ આવ્યો છે ?' પોલે પૂછ્યું.

'કેમ પોલ ! મજા પડી ગઈને ? એમ છે ત્યારે !' માતાદીએ ભૂંગળાને પેલી ભારેખમ પેટીમાં પાછું ગોઠવતાં જવાબ આપ્યો.

'પણ આ છે શું એ કહે તો ખરો ? આને કહેવાય શું ?' પોલે સહેજ અધિરાઈથી પૂછ્યું.

'જો પોલ ! આને બૉમ્બ લોન્ચર કહે છે. હું બંદૂકો લેવા ગયેલો ત્યારે ડેલગાડોથી બીરા બંદર પર શસ્ત્રો વેચવા આવેલ એક જર્મન વેપારીએ મને આ બતાવેલું. અને એ તો એવું કહેતો હતો ભવિષ્યમાં પોતાના દુશ્મનોના છક્કા છોડાવી દેવા માટે જર્મની આનાથી પણ સુધારેલા શસ્ત્રોનો ઉપયોગ કરવાનું છે !' માતાદીએ કહ્યું.

'પણ એ મોંઘું ખૂબ હશે ને ?' પોલે પૂછ્યું.

'હા ! મોંઘું જરૂર છે. એકસો રાઈફલની કિંમત થાય એટલી આની એકની કિંમત છે ! પરંતુ મને લાગ્યું કે સરકારના ડરથી પેલા વેપારીને આ લોન્ચર જલદીથી વેચી નાખવાની ઉતાવળ હતી. એટલે જ એણે મને પહેલા કહેલી કિંમત કરતા અડધી કિંમતે એ આપી દીધું !'

'હુર્‌...ર્‌...રે...!!' અમે બધા એકી સાથે બોલી ઊઠ્યા અને માતાદીને ઊંચકી લીધો.

'ડીક ! પોલ ! માતાદી, આ બાજુ જુઓ તો !' રોબર્ટે અમને દરિયામાં પડેલા ચાંચિયાઓ બતાવ્યા. ડૂબી રહેલા વહાણનો બાકી રહેલો થોડોક ભાગ પકડીને એ લોકો તરી રહ્યા હતા.

'રોબર્ટ ! મને લાગે છે કે આપણે એમને બચાવી લેવા જોઈએ !' મેં કહ્યું.

બધાએ નવાઈભરી નજરે મારી સામે જોયું. દરેકનાં મોં પર નવાઈના ભાવ હતા. જાણે કોઈ કરતા કોઈ હા પાડવા તૈયાર નહોતું. ઊલટાનું મારી વાત પર બધાને આશ્ચર્ય થતું હતું.

'ડીક !' પોલ બોલ્યો, 'ધારી લે કે એ લોકોએ આપણા જહાજને તોડી નાખ્યું હોત, અને આપણે આમ ડૂબતા હોત તો એ ચાંચિયાઓ આપણને મદદ કરત ખરા ?'

'ના ! ન જ મદદ કરત !' મેં જવાબ આપ્યો, 'એ લોકો આપણને મરવા છોડી દેત ! પરંતુ પોલ ! આપણી અને એમની વચ્ચે આ જ ફરક છે ! આપણે ચાંચિયા નથી ! મોતના મોઢામાં ધકેલાઈ રહેલા માણસને મદદ ન કરવી એ આપણા સ્વભાવમાં નથી.'

'એટલે ડીક !? આપણે એમને આપણી બોટ પર લઈ લેવા એમ તું કહે છે ?' રોબર્ટે પૂછ્યું.

'હા ! ભલે પછી આપણે એમના હાથ-પગ બાંધી દઈએ, પરંતુ આટલા બધા માણસોને આમ મરવા તો ન જ છોડી દેવાય. અહીંથી દરિયાકિનારો ખૂબ દૂર છે, એટલે એ લોકો તરતા-તરતા કે લાકડાના સહારે પહોંચી શકે એવી શક્યતા પણ નથી. બીજું આ પ્રદેશ ચાંચિયાઓનો હોવાથી બીજા કોઈ જહાજો ન પણ નીકળે ! એટલે આપણે લોકોએ જ એમને બચાવી લેવા જોઈએ !' મેં કહ્યું.

બધા વિચારમાં પડી ગયા.

'ડીકની વાત સાચી લાગે છે. આપણે એમને બચાવી લેવા જોઈએ.' પોલ સૌથી પહેલા બોલી ઊઠ્યો.

એ પછી બધાએ ચાંચિયાઓને બચાવવાની સંમતિ આપી દીધી.

અમે બોટ પાછી વાળી. ચાંચિયાઓના ડૂબી રહેલા જહાજથી થોડે દૂર અમે ઊભા રહ્યા. ડૂબતાં વહાણનું બહાર દેખાતું છેલ્લું લાકડું પકડીને એ સાતેય જણ તરી રહ્યા હતા. ત્યાંથી એ લોકો દૂર નહોતા જતા એનું કારણ કદાચ એ લોકો કિનારો ખૂબ દૂર છે એ જાણતા હોવા જોઈએ, અથવા તો થોડેક દૂર તરી રહેલી શાર્ક માછલીઓને જોઈ ગયા હોય એવું પણ બને !

'અમને બચાવી લેશો તો અમે એ ઉપકાર જિંદગીભર નહીં ભૂલીએ !' ચાંચિયાઓનો સરદાર બોલ્યો.

'પરંતુ તમારો ભરોસો કઈ રીતે કરી શકાય ? તમે તો ચાંચિયા છો ! છતાં તમને બચાવવાનો એક ઉપાય છે. તમે એક પછી એક તરીને અમારી બોટ સુધી આવો. અમે તમારા હાથ બાંધી દઈશું. એક જણના હાથ બરાબર બંધાઈ જાય પછી બીજાને બોટ પર આવવાનું. એ થઈ ગયા પછી અમે તમને સૌને ગર્દાફી બંદરે ઉતારી દઈશું. જો અમારી આ શરત મંજૂર હોય તો હવે એક પછી એક આવવા માંડો !' મેં કહ્યું.

ચાંચિયાઓ માટે અમારી વાત માન્યા સિવાય બીજો કોઈ ઉપાય જ નહોતો. એક પછી એક એ લોકો અમારી બોટ પર આવી ગયા. અમે એમના હાથ પાછળ બાંધી એમને તૂતક પર બેસાડતા ગયા. સાતે સાત જણ આવી ગયા પછી અમે એ લોકોના ડૂબતા જહાજ તરફ જોયું તો બહાર દેખાતા એ લાકડા પાસે શાર્ક માછલીઓનું એક ઝુંડ તરતું હતું. ચાંચિયાઓના સરદાર જેવા લાગતા માણસે એ દૃશ્ય જોયું, પછી મારી સામે જોઈને ફક્ત એટલું જ બોલ્યો, 'છોકરાઓ ! તમારો ખૂબ આભાર. જો તમે અમને બોટ પર ન લીધા હોત તો અમે અત્યારે... કદાચ શાર્કના પેટમાં... ...! પરંતુ દીકરાઓ, હું મારાથી બનશે તો આનો બદલો જરૂર વાળીશ !' એ આગળ ન બોલ્યો.

પાંચ દિવસ પછી તારીખ ૨૧ જાન્યુઆરીના રોજ અમે ગર્દાફી બંદર પહોંચ્યા. એટલા દિવસમાં અમે બધા ચાંચિયાઓ જોડે પણ બરાબર હળીમળી ગયેલા. અમારી બોટ પર હુમલો કર્યાનો હવે એમને ખૂબ પસ્તાવો થતો હતો. એ લોકોને ઉતારતા પહેલા અમે એમના હાથ ખોલી નાખ્યા. ચાંચિયાઓનો સરદાર નીચે ઊતરતા પહેલા મારી પાસે આવ્યો. મારી સાથે એણે હાથ મિલાવ્યા. એની આંખમાં આંસુ હતાં. બચી ગયાની ખુશીના હોય કે પછી જહાજ ગુમાવ્યાના દુઃખના એ મને ન સમજાયું પણ મારાથી એને પુછાઈ ગયું, 'તમારું નામ શું છે ? બેન્કમાં તમારે લોકોને હજુ કેટલા પાઉન્ડ ભરવાના બાકી છે ?'*

થોડી વાર એ માણસ આશ્ચર્યથી મારી સામે જોઈ રહ્યો. જાણે એના માન્યામાં ન આવતું હોય તેમ એ બોલ્યો, 'મારું નામ રોડ્રિગ્સ છે. આ યુવાન મારો દીકરો છે. અમારે ખાનગી બેન્કમાં હજુ ૩ હજાર પાઉન્ડ ભરવાના બાકી છે.'

એને ઊભો રાખીને હું મારી કેબિનમાં ગયો. ૩ હજાર બ્રિટિશ પાઉન્ડ લઈ આવી, નોટોની એ થોકડી એના હાથમાં મૂકી પછી મેં કહ્યું, 'આ રાખો. અમારે પાછા નથી જોઈતા. લોન લઈ, નવું જહાજ ખરીદજો. હવે ચાંચિયાગીરી છોડીને વેપાર કરજો.'

એ માણસ મારા પગમાં પડી ગયો. પછી ભીની આંખો લૂછતા એણે એના ગળામાં લટકતું તાવીજ કાઢીને મને આપ્યું. હાથીદાતમાંથી બનાવેલું વિચિત્ર આકારનું એ માદળિયું મારા હાથમાં મૂકતા એ બોલ્યો, 'આ તાવીજ નથી. મને એ મિસરના એક સોદાગરે આ આપેલ. એના કહેવા પ્રમાણે દરેક પિરામિડના દરવાજામાં રહેલી છૂપી કળને ખોલવા માટેની આ ચાવી છે. કેટલાયે ટનનો ભારેખમ પથ્થરનો દરવાજો રમતવાતમાં આનાથી ખૂલી જશે. એણે કહેલું કે આજ સુધી જેટલા પિરામિડ બન્યા છે એ દરેકનો દરવાજો આનાથી ખૂલી શકશે. હું ક્યારેય મિસ્ર (ઈજિપ્ત) ગયો નથી કે જવાનો પણ નથી. પણ તમે લોકો તમારા સાથીદારને શોધવા ત્યાં જઈ રહ્યા છો તો તમને કદાચ આ ચાવી કામ લાગશે.' વિચિત્ર માદળિયું મારા હાથમાં મૂકી એ માણસ ઝડપથી ચાલ્યો ગયો. એનો દીકરો પણ એની સાથે ગયો. દૂર પહોંચી એક વખત પાછું વાળી જોયા પછી એણે મારી સામે હાથ હલાવ્યો. બસ, એ પછી એ ગર્દાફી બંદરની ભીડમાં ખોવાઈ ગયો.

હાથીદાતમાંથી બનેલું પેલું વિચિત્ર માદળિયું કે કળ મારા હાથમાં પકડી ક્યાંય સુધી મેં એની સામે જોયા કર્યું. ખરેખર આવી કોઈ કળ હોય ખરી ? મન વારંવાર આવી વાત માનવાની ના પાડતું હતું. છતા, એ વાત ભુલાતી પણ નહોતી. જે હોય તે ! હવે તો કોઈ પિરામિડ સુધી પહોંચીએ ત્યારે ખાતરી થાય. બાજુમાં ઊભેલી સ્ટીમરે ભૂંગળું વગાડ્યું એ સાથે જ હું વિચારોમાંથી બહાર આવી ગયો !



* એ સમયે બ્રિટનની હકુમત નીચેની બેન્કોમાં નેશનલ બેન્ક ઓફ ઈજિપ્તે બહાર પાડેલા પાઉન્ડથી વિનિમય થતો. એ બેન્કની સ્થાપના ૧૮૯૮માં થયેલી.

૬. સુએઝથી કેરો

ગર્દાફી બંદરથી જોઈતી ચીજ-વસ્તુઓ લઈ અમે ગલ્ફ ઓફ એડનમાં પ્રવેશ્યા ત્યારે અચાનક જ જાણે અબીરા મળી ગયો હોય તેવો આનંદ થયો. આ પ્રદેશ ચાંચિયાઓ મુક્ત હોવાથી હવે અમને કોઈ બીક નહોતી. પોર્ટ ઓફ એડનથી રાતા સમુદ્રમાં મુસાફરી શરૂ કરી. સુઆકીન બંદરે થોડુંક રોકાણ કરી લીધું. રાતા સમુદ્રમાં મુસાફરી કરતા અમે બરાબર પાંચમા દિવસે સુએઝ બંદર પર પહોંચ્યા. એ દિવસ હતો ૨૬મી જાન્યુઆરી ૧૯૦૫. જો અમે રાતદિવસ ન ચાલ્યા હોત તો લગભગ ચારેક દિવસ મોડા પહોંચત.

સુએઝ બંદરથી અમારે બીજા દિવસે ટ્રેન પકડવાની હતી. મોટરબોટ સાચવવાની મુશ્કેલી અમારા સૌના મનમાં હતી, પરંતુ તેનો પણ તરત જ ઉકેલ મળી ગયો. બ્રિટિશ સંસ્થાનની એક પ્રાઈવેટ કંપની ભાડું લઈ અમે પાછા ફરીએ ત્યાં સુધી અમારી બોટ સાચવી રાખવા તૈયાર હતી. અમે બોટ એમને ત્યાં જ ભાડે મૂકી દીધી. અમે પાછા ફરતા હતા એ વખતે જ રાતા સમુદ્રમાંથી આવતી એક સ્ટીમર કાંઠે ઊભી રહી. એમાંથી નીચે ઊતરી રહેલા મુસાફરોથી આખું સુએઝ બંદર ઊભરાઈ ગયું. થોડીક વાર સુધી બધે ખૂબ જ ભીડ થઈ ગઈ. અમે સામાન લઈ આજની રાત ક્યાં વિતાવવી એ વિચાર કરતા ઊભા હતા. એ જ વખતે પોલે મારો હાથ પકડી એક માણસ તરફ આંગળી ચીંધી, 'ડીક ! પેલા માણસ તરફ જો તો ! તને નથી લાગતું કે આપણે એને ક્યાંક જોયો હોય ?'

મેં એ માણસ તરફ દૃષ્ટિ કરી. અર્ધો ચહેરો અને પૂરું માથું ઢંકાઈ જાય એ રીતે એણે માથા પર કપડું વીંટાળી રાખ્યું હતું. કદાચ એ પણ એ વખતે અમારી સામે જ જોઈ રહ્યો હશે. કારણ કે પોલની આંગળી એના તરફ લંબાઈ એ સાથે જ એ દોડતો જતો રહ્યો. હું એનો ચહેરો જરા પણ ન જોઈ શક્યો.

'ડીક ! કોણ હશે એ ? આપણી દૃષ્ટિ મળતા જ એ માણસ ઝડપથી જતો કેમ રહ્યો ? તને નથી લાગતું કે આ થોડુંક રહસ્યભર્યું હોય ?' પોલ બોલ્યો.

મને પોલની વાતમાં તથ્ય લાગ્યું. અને એનાં બે કારણ હતાં. એક તો એ માણસે પૂરું માથું અને અર્ધા ઉપરાંતનો ચહેરો ઢંકાઈ જાય તેમ કપડું વીંટાળેલું હતું અને બીજું, એ પોલની આંગળી એની સામે લંબાઈ એ સાથે જ દોડતો ભીડમાં ઓગળી ગયો હતો.

'તારી વાત સાચી લાગે છે, પોલ !' મેં કહ્યું, 'આપણે થોડું સાવચેત રહેવું પડશે. બાકી આમ જોઈએ તો આપણે ખોટી શંકા કરતા હોઈએ એવું પણ બને !

અહીં આરબ લોકો વધારે સંખ્યામાં હોવાથી આ રીતે માથું કે મોઢું ઢાંકવું એ સાવ સામાન્ય બાબત જ છે. જોઈ લે, પૂરા બંદર પર પચાસેક જણ એવી રીતે કપડું વીંટાળીને ફરી રહ્યા છે !' મેં આજુબાજુ દૃષ્ટિ કરી તો એવી રીતે માથું ઢાંકેલા ઘણા બધા માણસો આંટા મારી રહ્યા હતા.

'હમ્ ...મ્ ...મ્ ...! એવું પણ બને કે એ આપણા મનનો વહેમ જ હોય !' પોલ બોલ્યો. અમારામાંથી કોઈને પણ એ બાબત વધારે ગંભીર ન લાગી.

'અરે ડીક ! રોબર્ટ ! ચાલો આ તરફ એક સેન્ડવિચની દુકાન છે. થોડીક પેટપૂજા કરી લીધા પછી સુએઝ સ્ટેશન પર જઈએ. ત્યાંના રેસ્ટરૂમમાં જ આરામ કરી લઈશું !' બંદર પર આંટા મારીને સેન્ડવિચની દુકાન શોધીને પાછા આવેલા રોબર્ટે બૂમ પાડી. એ સાથે જ અમે વિચારોમાંથી બહાર આવી ગયા.

સામાન લઈ અમે દુકાન તરફ ચાલ્યા.

પેટપૂજા કરી અમે સુએઝ રેલવે સ્ટેશને પહોંચ્યા. કેરોની ફર્સ્ટ ક્લાસની ટિકિટ કઢાવી અમે રેસ્ટરૂમમાં સામાન ગોઠવી દીધો. બીજા દિવસે વહેલી સવારે અમારે કેરો તરફ પ્રયાણ કરવાનું હતું. સુએઝથી કેરો લગભગ એક સો માઈલ દૂર હતું. આટલું અંતર ટ્રેનમાં કાપતા સાડા-ત્રણ કલાક જેટલો સમય જવાની અમારી ધારણા હતી. એનો અર્થ કે જો કંઈ જ વિઘ્ન ન નડે તો કાલે સવારના અગિયાર વાગ્યા સુધીમાં અમે કેરો પહોંચી જઈ શકીએ. આ બધા વિચારો કરતા અમે અતિ આરામદાયક સોફા જેવી ખુરશીઓમાં લાંબા થયા હતા. ફર્સ્ટ ક્લાસના રેસ્ટરૂમમાં અમારા સિવાય બીજા કોઈ મુસાફરો ન હોવાથી અમે મુક્ત રીતે ગપાટા મારી શકતા હતા.

'ડીક ! આપણે કેરોમાં કઈ હોટલમાં રહેવાના છીએ ?' મારી બાજુમાં લાંબા થયેલા પોલે પૂછ્યું.

'હોટલ મેના હાઉસમાં.' મેં જવાબ આપ્યો.

'હોટલ સારી છે ? કે પછી...!' પોલે ફરીથી સવાલ કર્યો.

'અરે મારા ભાઈ ! ખૂબ જ સરસ હોટલ છે. ઈજિપ્તના બ્રિટિશ એલચી લોર્ડ ક્રોમર પણ ઘણી વખત ત્યાં રોકાય છે !'

'એમ !' પોલના ચહેરા પર નવાઈના ભાવો આવ્યા.

મારું ધ્યાન પોલ તરફ હતું. પોલનું ધ્યાન મારી તરફ પડતી બારી તરફ હોય તેવું લાગ્યું. અચાનક જ પોલના ચહેરા પરના ભાવો ફરી ગયા. એ સહેજ નજીક આવીને બોલ્યો, 'ડીક ! ત્યાં જો તો !' એ સાથે એણે મને આંખથી રેસ્ટરૂમની બારી તરફ ઈશારો કર્યો. મેં જોયું તો ચહેરો તેમજ માથું ઢાંકેલ એક માણસ ત્યાં ઊભો હતો અને અમારા તરફ જોઈ રહ્યો હતો. અમે પ્રકાશમાં અને એ બહાર હોવાથી એનો ચહેરો જરાપણ નહોતો દેખાતો. હું ઊભો થઈને બહાર દોડવા ગયો. પરંતુ માતાદીના બૂટમાં પગ ભરાઈ જવાથી હું સહેજ માટે પડતા પડતા બચ્યો. છતાં મારાથી નીચે બેસી જવાયું. આ દૃશ્ય જોઈને બધાને હસવું આવી ગયું. હું પણ હસી પડ્યો. પછી પાછો ઊભો થઈ રેસ્ટરૂમની બહાર દોડ્યો. પેલો માણસ કઈ તરફ ગયો એની મને ખબર નહોતી રહી. પરંતુ દૂર એક માણસ માથે કપડું વીંટાળીને જઈ રહ્યો હતો. હું દોડતો એના સુધી ગયો. એને ઊભો રાખ્યો. એ માણસ મારા તરફ ફર્યો. બરાબર એ જ વખતે પોલ પણ ત્યાં આવી પહોંચ્યો, પરંતુ એ માણસ તો નાસ્તો વેચતો ફેરિયો હતો. અમે હસી પડ્યા. પોલે એની પાસેથી સૂકા અંજીર ખરીદ્યાં. પછી અમે બંને હસતા હસતા પાછા ફર્યા.

પાછા રેસ્ટરૂમમાં આવી અમે લોકો લાંબા થયા. આટલા દિવસની દરિયાઈ મુસાફરીનો થાક પણ ગજબનો લાગ્યો હતો. મારી આંખ ઘેરાઈ રહી હતી. અમે લોકો હવે વાતો પણ નહોતા કરતા. એ પછી ક્યારે ઊંઘ આવી ગઈ એનો ખ્યાલ જ ન રહ્યો.

*　　*　　*

સવારે બરાબર સાત વાગીને વીસ મિનિટે ટ્રેન ઊપડી.

વરાળના ગોટા અને ધુમાડાનાં વાદળો છોડતું એન્જિન તીણી સિસોટી વગાડતું હતું. ફર્સ્ટક્લાસનો અમારો ડબ્બો એન્જિનની બરાબર પાછળ જ હતો. અચાનક મારું ધ્યાન મારા સામાન તરફ ગયું. મારી એક બૅગ ગાયબ હતી. એમાં જ જરૂરી દવાઓ તેમજ હેસ્લિંગના ધૂની વૈદ્યકાકાએ આપેલ વનસ્પતિ પણ હતી. લગભગ ત્રીસેક હજાર પાઉન્ડની નોટ્સ પણ એમાં જ હતી. હવે ?

'રોબર્ટ ! માતાદી ! અબાના !' મારાથી રીતસરની બૂમ જ પડાઈ ગઈ, 'હું મારી બૅગ રેસ્ટરૂમમાં જ ભૂલી ગયો લાગું છું. હવે શું કરવું ? સાંકળ ખેંચી ગાડી ઊભી રાખવી પડશે.' મારો હાથ સાંકળ તરફ લંબાયો. ટ્રેન હજુ ખૂબ જ ધીમી હતી. અમે પ્લેટફૉર્મની બહાર પણ નહોતા નીકળ્યા, એટલે તરત જ ઊભા રહી જવું શક્ય હતું.

'ડીક ! થોભી જજે ! હમણા સાંકળ ન ખેંચીશ !' અબાનાએ બૂમ પાડી. એણે ડબ્બાના દરવાજા તરફ આંગળી ચીંધી. પેલો માથે કપડું ઢાંકેલો માણસ દોડતો આવી, અમારો થેલો ત્યાં મૂકી પાછો વળી ગયો હતો. અમે અવાક્ થઈને એને જતો જોઈ રહ્યા. એ અમારી સામે જોવા પણ ન રોકાયો.


અમે એક બીજા સામે જોઈ રહ્યા. ગઈકાલથી જ આ માણસ અમારા માટે જાણે કે એક જીવતું રહસ્ય જ બની ગયો હતો. ટ્રેને હવે ઘણી ઝડપ પકડી લીધી હતી. એટલે અમારાથી ટ્રેનમાંથી ઊતરી એનો પીછો કરવાનું પણ શક્ય નહોતું. મેં બૅગમાં ઝડપથી નજર કરી લીધી. પાઉન્ડ્સ અને વસ્તુઓ એમ જ હતા.

સુએઝ સ્ટેશન છોડી ટ્રેન હવે કેરો તરફ દોડવા લાગી હતી. કલાકના પચીસેક માઈલની એ ઝડપ અમને ખૂબ જ સારી લાગતી હતી. પણ અમારા બધાનાં મન તો એનાથી પણ વધારે ઝડપે દોડી રહ્યાં હતાં. દરેકના મગજમાં કદાચ પેલા માણસ અંગેના સવાલો જ ઘૂમી રહ્યા હતા. મને પણ હવે એના વિચારો જ આવી રહ્યા હતા. બાજુબાજુમાં બેઠા હોવા છતાં બધા સાવ ચૂપ બની ગયા હતા.

'કોણ હશે એ વ્યક્તિ ? આમ અચાનક એનું દેખાવું અને અમારી આજુબાજુ જ રહેવું એ શું સૂચવતું હતું ? એને અચાનક અમારામાં રસ કઈ રીતે જાગ્યો

હશે ? એનો ઈરાદો લૂંટનો તો નહીં જ હોય, કારણ કે જો એવું હોય તો ત્રીસેક હજાર પાઉન્ડ્સ ભરેલી બેગ એ પાછી ન જ આપી જાય. તો પછી એ શું કામ ગઈકાલથી અમારું ધ્યાન રાખતો હતો ? અમે રેસ્ટરૂમમાંથી બહાર આવ્યા પછી તરત જ ત્યાં તપાસ કરવા એ શું કામ ગયો હશે ? અને સૌથી અગત્યની વાત તો એ જ કે એ અજાણ્યો માણસ અમને મદદ શું કામ કરી રહ્યો હતો ? અમારી ટ્રેન પ્લેટફૉર્મ છોડીને નીકળી ગઈ ત્યાં સુધી એ માણસ અમને ચહેરો ન દેખાય તેમ કેમ ઊભો રહેલો ?' મારા મનમાં વિચારોનું જાણે કે વાવાઝોડું ફૂંકાવા માંડ્યું હતું.

ખેર ! જે હોય તે ! હવે એ માણસ સુએઝ સ્ટેશને જ રોકાઈ ગયો હતો એટલે આગળ એનો વિચાર કરવાનો કોઈ અર્થ નહોતો. મેં એને ભૂલવાનો પ્રયત્ન શરૂ કરી રેલવેનો નકશો જોવાનું શરૂ કર્યું. નકશો આ પ્રમાણે હતો :



સુએઝથી શરૂ કરી કેરો સુધી મોટાભાગનો વિસ્તાર ફક્ત રણ પ્રદેશ જ હતો. બે કલાક પછી રાબૈકી (Rabeiqi) રેલવે સ્ટેશન આવ્યું. માતાદી ચામડાની મશકમાં એકદમ ઠંડું પાણી લઈ આવ્યો. રણપ્રદેશમાં સવારના દસ વાગ્યા પછી જ ગરમી પડવા લાગતી હોય છે. એટલે માતાદી ઠંડું પાણી લઈ આવ્યો એ અમને ખૂબ જ ગમ્યું. પાણી પી અને અમે વાતોએ વળગ્યા. જમવાનું હોટલ મેના હાઉસ પર જઈને જ પતાવવાનો પ્લાન હતો. વરાળ એન્જિને એની તીણી સિસોટી મારી અને ધીમે ધીમે કેરો તરફ સરકવાનું શરૂ કર્યું.

કેરો પહોંચ્યા ત્યારે બપોરના બાર વાગવા આવ્યા હતા. ફારાઓ(પ્રાચીન ઈજિપ્તના રાજાઓ)ના પ્રદેશમાં ઊતરતા જ અમને વિચિત્ર લાગણી થતી હતી. ઈજિપ્ત વિશે મેં એટલું બધું વાંચ્યું હતું કે આજે એ ધરતી પર ઊતરતા જ હું ભાવવિભોર બની ગયો. સામાન ઉતારી અમે લોકો થોડી વાર પ્લેટફૉર્મ પર જ ઊભા રહ્યા.

'એય અબાના ! એ મારા ભાઈ અબાના !' અમે ઊભા હતા ત્યાંથી દક્ષિણ બાજુના દરવાજા તરફથી અવાજ આવ્યો. અમે જોયું તો ફ્વાઝી દોડતો આવી રહ્યો હતો. પોતાના પિતરાઈ ભાઈ અબાનાને જોઈ એ ખૂબ ખુશ થયો હોય તેવું સ્પષ્ટપણે દેખાઈ આવતું હતું. દોડતા આવી એ અબાનાને ભેટી પડ્યો. પછી એણે અમારા બધા સાથે હાથ મિલાવ્યા. એકબીજાના ખબરઅંતર પૂછી અમે અમારો સામાન લઈ ફ્વાઝીની સાથે દરવાજા તરફ ચાલ્યા. ફ્વાઝી પોતાની સાથે એક સરસ રીતે શણગારેલી ઊંટગાડી લઈને આવેલો હતો. મોટાભાગે તો રજવાડી આરબ સ્ત્રીઓ આવી બંધ ગાડીઓમાં મુસાફરી કરતી હોય છે. પરંતુ ફ્વાઝીના કહેવા પ્રમાણે હમણા રેતીનું તોફાન વારંવાર થતું હોવાથી એણે આવી બંધ ગાડી પસંદ કરી હતી. અમે ફ્વાઝીની મદદથી સામાન ઊંટગાડીમાં ગોઠવ્યો. અમે બધા ગાડીમાં બેઠા. ફ્વાઝી ઊંટગાડીના ચાલકની બાજુમાં બેઠો.

હોટલ મેનાહાઉસના આંગણામાં અમારી ઊંટગાડી ઊભી રહી ત્યારે સૂર્ય બરાબર ઉપર આવી ગયો હતો. ઉનાળો શરૂ થવાને હજુ થોડી વાર હોવા છતાં તાપ દઝાડી દે તેવો હતો. અબાના અને ફ્વાઝી હોટલના રિસેપ્શન પર જઈ બધી ઔપચારિકતાઓ પૂરી કરીને આવ્યા એટલી વારમાં તો અમે પરસેવે રેબઝેબ થઈ ગયા. હોટલનો વેઈટર આવી સામાન લઈ ગયો. રોબર્ટ, પોલ અને માતાદી ફ્વાઝી જોડે અંદર ગયા. ફ્વાઝીના કહેવાથી અબાના ઊંટગાડીવાળાને પૈસા ચૂકવવા ઊભો રહ્યો. હું હોટલનો સરસ મજાનો બગીચો જોઈ રહ્યો હતો. એ જ વખતે મારા ખભા પર કોઈનો હાથ પડ્યો, 'કાં ડીક ! કેમ છો ? મજામાં ?'

હું ચમકી ગયો. અવાજ અને હાથનો સ્પર્શ બંને અજાણ્યા જેવા લાગ્યા. હું પાછળ ફર્યો. મારી સામે માથે હેટ પહેરેલ એક વ્યક્તિ ઊભી હતી. એના હાથમાં હોકલી હતી. એને જોઈ હું આશ્ચર્યચકિત થઈ ગયો. બે ક્ષણ કંઈ બોલી જ ન શક્યો. મને હજુ માનવામાં નહોતું આવતું કે આ હું સાચું જોઈ રહ્યો છું કે સપનું !! હું પૂતળા જેવો બની ગયો.

એ માણસે મને ફરીથી પૂછ્યું, 'એય ડીક ! તને પૂછું છું. મજામાં ?'

'હં !...હા ! હેં ?' હું બસ એટલું જ બોલી શક્યો. બસ એ જ વખતે ધૂળની ડમરી ચડી. અમે દોડીને હોટલ મેના હાઉસના રિસેપ્શન હૉલમાં ઘૂસી ગયા. થોડી વાર માટે બધું ધૂંધળું બની ગયું.

હોટલની અંદર આવતાની સાથે જ હું પેલા હેટ અને હોકલીવાળા માણસને ભેટી પડ્યો. અતિ ઉત્સાહ અને આનંદ સાથે મેં બૂમ પાડી, 'માઈકલકાકા !'

દાદરો ચડી રહેલા રોબર્ટ, પોલ, અબાના અને માતાદી ઊભા રહી ગયા. પછી એ લોકો પણ દોડતા નીચે અમારી પાસે આવી પહોંચ્યા.



૭. હોટલ મેના હાઉસ અને મિ. ડેવિસ સાથે મુલાકાત

'માઈકલકાકા ! તમે ક્યારે આવ્યા ?' અમે બધા લગભગ એક સાથે જ બોલી ઊઠ્યા.

'દીકરાઓ ! હું ગઈકાલે કેરો પહોંચ્યો. તમારો તાર મળ્યો એના બીજા જ દિવસે હું નીકળી પડેલો. આમેય ઘણાં વરસો ક્લબની જિંદગી ગુજારી છે એટલે કંટાળો આવી જ ગયો હતો. મારું મન પણ કાંઈક નવું સાહસ ઝંખતું હતું. હું તો આલ્પ્સ પર્વતમાળાઓમાં ટ્રેકિંગ માટે જવાનો હતો, બરાબર એ જ વખતે તમારો તાર આવી પહોંચ્યો. બસ ! બીજું શું જોઈએ ? ક્લબને આવજો કરીને આવતો રહ્યો. ઈંગ્લેન્ડથી એક સ્ટીમર એડન જઈ રહી હતી. એને સુએઝ કેનાલ પાર કરીને જવાનું હતું, પરંતુ હું ગઈકાલે ડેમિટા બંદર ઊતરી ગયો અને ત્યાંથી ગઈકાલે અહીં આવ્યો. જોકે મેં ટિકિટ તો પોર્ટ સઈદ સુધીની કઢાવી હતી. પરંતુ ડેમિટા બંદરથી તરત જ ટ્રેન મળી જાય એમ હતી એટલે ત્યાં જ ઊતરી ગયો !' પોતાની હોકલી બે હોઠ વચ્ચે દબાવીને માઈકલકાકા બોલ્યા.

અમે લોકો ખૂબ ખુશ થઈ ગયા. અમારી આફ્રિકાની સફર વેળા માઈકલકાકાએ અમને ખૂબ જ મદદ કરી હતી. અમારા સાચા વડીલની માફક અમારી સાથે રહ્યા હતા. પોતાની જિંદગી જોખમમાં નાખીને પણ એમણે અમને બચાવવાની કોશિશ કરી હતી. પોતે ઘાયલ થયા ત્યારે પોતાને છોડીને અમને આગળ જતા રહેવાની એમની સલાહ યાદ આવતા જ મારા મનમાં એમના માટેનું માન વધી ગયું.




હોટલ મેના હાઉસ

'દીકરાઓ તમે હોટલ સરસ પસંદ કરી છે !' માઈકલકાકા બોલ્યા.

'કાકા ! અમે નહીં, એ તો ફ્વાઝીએ પસંદ કરી છે.' પોલે ફ્વાઝીની ઓળખાણ કાકા સાથે કરાવતા કહ્યું.

'ખરેખર ફ્વાઝી, તારી પસંદગીને દાદ દેવી પડે. પરંતુ આવી સરસ હોટલ અહીં શરૂ કોણે કરી ?' માઈકલકાકા હોટલ સામે જોતા બોલ્યા.



હોટલ મેના હાઉસનો પિરામિડ તરફનો બગીચો

'એ તો અમને કોઈને પણ ખબર નથી !' પોલ બોલ્યો. બધા હસી પડ્યા.

'ચાલો ! એ બધું પછી શોધી કાઢીશું. અત્યારે સૌ પોતપોતાના રૂમમાં જઈ આરામ કરીએ !' કાકા બોલ્યા.

અમે સૌએ રૂમ તરફ પ્રયાણ કર્યું.

મારી રૂમમાં જઈ મેં પાછળની બારી ખોલી. થોડેક દૂર જ દેખાતો પિરામિડ મને રોમાંચ કરાવી ગયો. મારા રૂમની બરાબર પાછળ બગીચો હતો અને એની પાછળ જ પિરામિડ દેખાતો હતો. બગીચામાં ફૂલછોડ ઉપરાંત થોડાક ખજૂરીના વૃક્ષો હતાં. બગીચાથી મારી રૂમની બારી તરફ એક ઘટાદાર ઝાડ આવેલું હતું. એ ઝાડને જોતાં મને વિચાર આવી ગયો કે કોઈ પણ વ્યક્તિ, આ ઝાડ પર ચડીને આસાનીથી મારા રૂમમાં આવી શકે ! કારણ કે બારીઓને સળિયા જ નહોતા.

પરંતુ એ વિચાર લાંબો સમય ન ટક્યો. પિરામિડ જોવામાં મશગૂલ બની ઘણી વાર સુધી હું એમ જ ઊભો રહ્યો. પછી અચાનક મારું ધ્યાન બગીચામાં ગોઠવેલ આર્મચેર(આરામખુરશી)માં બેઠેલા એક માણસ તરફ ગયું. એને જોઈને હું ચમકી ગયો. એનો ચહેરો તેમજ માથું કપડાથી ઢાંકેલા હતા. ચહેરો જરા પણ દેખાતો નહોતો. હા ! આ એ જ માણસ હતો જેને સુએઝ બંદર પર જોયેલો. જે અમારી બેગ પહોંચાડી પાછો જતો રહેલો. એ વળી અહીંયા ક્યાંથી ? નક્કી એ અમારો પીછો જ કરતો હોવો જોઈએ. નહીંતર અમારી જ હોટલમાં એ શા માટે આવે ? મારે રોબર્ટને જાણ કરવી જ જોઈએ એમ વિચારી હું રોબર્ટને બોલાવવા એની રૂમ તરફ દોડ્યો.

'ડીક ! તને ખાતરી છે કે એ માણસ એ જ છે ?' મારી સાથે દોડતા આવેલા રોબર્ટે પૂછ્યું.

'હા રોબર્ટ ! મને ગળા સુધી ખાતરી છે કે એ માણસ એ જ છે જે આપણી બેગ ટ્રેનમાં ચડાવી ગયો હતો.' મેં ઝડપથી મારી રૂમમાં દાખલ થતાં કહ્યું.

'તો તો જરૂર એ આપણો પીછો કરતો હોવો જોઈએ.' રોબર્ટ બોલ્યો. પછી પાછળની બારી તરફ જઈ એણે બહાર જોયું. ત્યારબાદ મારી સામે ફરીને એણે પૂછ્યું, 'ડીક ! એ ક્યાં બેઠેલો ?'

મેં બારી પાસે જઈ પેલા બગીચા તરફ નજર કરી. ત્યાં કોઈ જ નહોતું !

'રોબર્ટ એ ત્યાં જ પેલા બગીચામાં બેઠેલો. લાગે છે કે મને ભ્રમ પણ થયો હોય ! આમ પણ આપણે થાકેલા તો છીએ જ ! લાગે છે કે થોડોક આરામ કરી જ લઈએ !' મને પણ આવી ઘટનાથી નવાઈ લાગતી હતી.

રોબર્ટ પોતાની રૂમમાં પાછો ગયો. બપોરનું ભોજન લઈ અમે આરામ કરવા પડ્યા.

* * *

અમે લોકો ઘણા કલાકો સૂઈ રહ્યા હઈશું. જાગ્યા ત્યારે સાંજ પડી ગઈ હતી. મેં બારીમાંથી બહાર જોયું તો સૂર્ય બરાબર પિરામિડની પાછળ સંતાઈ રહ્યો હતો. પેલા રહસ્યમય માણસ વિશે વિચારતો હું થોડી વાર પડ્યો રહ્યો. બરાબર એ જ વખતે મારા રૂમનો દરવાજો કોઈએ ખખડાવ્યો. ઊભા થઈને મેં જોયું તો પોલ તેમજ અબાના ઊભા હતા.

'ચાલ ડીક ! માઈકલકાકા તને બોલાવે છે. આપણે જે જગ્યાએ અબીરાને શોધવા જવાનું છે તે અલ-અમર્નાના જાણકાર એક માણસને મળવાનું છે. બધા નીચે કોન્ફરન્સ હોલમાં તારી રાહ જુએ છે.' પોલ બોલ્યો.

'તમે નીચે જાઓ. હું તૈયાર થઈને આવું.' મેં કહ્યું. એ બંને ગયા પછી હું નહાવા ગયો.

તૈયાર થઈ હું નીચે ગયો. માઈકલકાકા હોકલી બે હોઠના ખૂણા વચ્ચે લટકાવી એક પ્રભાવશાળી વ્યક્તિ સાથે વાત કરી રહ્યા હતા. હું પહોંચ્યો એટલે કાકાએ એની સાથે મારી ઓળખાણ કરાવી, 'ડીક ! આમને મળ, આ છે મિ. થિઓડોર એમ. ડેવિસ. પિરામિડોના અભ્યાસમાં તેઓશ્રી માહિર છે. જાન્યુઆરીની શરૂઆતથી તેઓ રામસેઝ ત્રણ અને રામસેઝ બાર નામના ઈજિપ્તના રાજાઓની કબરો વચ્ચેની જગ્યામાં ખોદકામ કરાવી રહ્યા છે. મિ. ડેવિસ, આ છે અમારો જોડીદાર ડીક. અમે સૌ અલ અમર્ના જઈ અમારા ખોવાઈ ગયેલા સાથીદારને શોધવાનો પ્રયાસ કરવાના છીએ.'

અમે હાથ મિલાવ્યા. મિ. ડેવિસનું વ્યક્તિત્વ સામેવાળાને આંજી દે તેવું હતું. કપાળના બંને ખૂણા તરફથી ઘટી રહેલા એમના માથાના વાળ એમના વ્યક્તિત્વમાં વધારો કરતા હતા. મારો હાથ પોતાના હાથમાં પકડી રાખી એમણે કહ્યું, 'વ્હાલા દીકરા ! મિ. માઈકલે તમારા આફ્રિકાના સાહસ અંગે કહ્યું એટલે મને તમને બધાને મળવાનું મન થયું. તારી ઊંઘ બગાડી હોય તો ક્ષમા કરજે ! પરંતુ તમને અલ-

અમર્ના શહેર અંગે થોડી વાત કરવા માંગું છું. તમે લોકો સાંજનું ભોજન પતાવી મારી રૂમમાં આવી શકશો ? અત્યારે મારે મારી ખોદકામની જગ્યાએ જવાનું છે. તો રાત્રે આપણે જોડે બેસીએ છીએ, બરાબર ? મારી રૂમ સામે નીચેની લૉબીમાં ડાબી તરફ પ્રથમ નંબરની છે. તો હું તમારી રજા લઉં ?'

મિ. ડેવિસ અમારી રજા લઈ ઊભા થયા. એમની નમ્રતા અમને ગમી ગઈ.

એમના ગયા પછી અમે સાંજનું ભોજન તૈયાર થાય ત્યાં સુધી વાતો કરી. મેના હાઉસના વિશાળ બાગ તથા ગ્રાઉન્ડમાં આંટા માર્યા. રાત્રે આઠ વાગ્યે મિ. થિઓડોર ડેવિસની રૂમમાં અમે ગયા. બધા બેઠા પછી મિ. ડેવિસે કહ્યું, 'દોસ્તો, હું બને તેટલી જલદી વાત કરીશ, કારણ કે કાલે મારે વહેલી સવારે જવાનું છે. તમે લોકો જે અલ-અમર્ના શહેર જઈ રહ્યા છો તે આજના દિવસે પણ અત્યંત ભેદી છે. પ્રાચીન ઈજિપ્તના અઢારમા રાજવંશમાં અખેનાતેન નામના રાજા થઈ ગયા. એમણે સૂર્યની પૂજા શરૂ કરાવેલી. સૂર્ય એ એક જ દેવ છે એવી માન્યતાનો એમણે પોતાના રાજ્યકાળ દરમિયાન બરાબર અમલ કરાવેલો. કદાચ એક ઈશ્વરની પૂજાની શરૂઆત કરનાર દુનિયાના એ પ્રથમ રાજવી હતા.' મિ. ડેવિસ થોડી વાર અટક્યા.

'પણ મિ. ડેવિસ, એમાં ભેદી શું છે ?' પોલે પોતાની અધિરાઈ વ્યક્ત કરી.

'અરે દીકરા ! હજુ સાંભળ તો ખરો. મને પૂર્વભૂમિકા તો બાંધવા દે !' મિ. ડેવિસ હસી પડ્યા. પછી આગળ બોલ્યા, 'હા, તો એ રાજાને નેફરટીટી નામની એક અતિ સુંદર રાણી હતી. એ રાણીએ ખૂબ જ કિંમતી ઝવેરાતોનો સંગ્રહ કર્યો હતો. રાજા તેમજ રાણીને એમની અગાઉના રાજાઓના સમયનું એક પેપિરસ મળેલું. પેપિરસ એટલે એ નામની વનસ્પતિમાંથી બનતો ખૂબ જ મજબૂત કાગળ. એ પેપિરસમાં આતેન – એટલે કે સૂર્યનું શહેર ક્યાં વસાવવું એની માહિતી હતી. એ પ્રમાણે રાજા-રાણીએ સદીઓ જૂની રાજધાની થિબિસ(આજનું લુક્સર)થી બદલીને અખેતાતેન (અલ-અમર્ના) ફેરવી. અખેતાતેન એટલે સૂર્યદેવની ક્ષિતિજ ! આ શહેર જૂની રાજધાની કરતા લગભગ ૧૮૦ માઈલ ઉત્તરમાં હતું. એવું મનાય છે કે એમનો ઈરાદો ફક્ત સૂર્યની જ પૂજા થતી હોય તેવું શહેર બનાવવાનો હતો. પરંતુ હકીકત કંઈક અલગ હતી !' મિ. ડેવિસે ઊભા થઈ પાણી પીધું.

અમે બધા જાણે પ્રાચીન ઈજિપ્તના ભેદભરમમાં ડૂબી ગયા હોઈએ તેમ સ્થિર બની ગયા હતા. કોઈ કંઈ બોલતું નહોતું. મિ. ડેવિસે આટલી વાર લગાડી એ પણ અમને ન ગમ્યું.

'હાં તો હું શું કહેતો હતો ?' ફરીથી પોતાની જગ્યાએ બેસતા મિ. ડેવિસ બોલ્યા, 'હા ! રાજા-રાણી સૂર્યના ઉપાસક હતા એ વાત ખૂબ જ સાચી, પરંતુ રાજધાની અલ-અમર્ના(અખેતાતેન) લઈ જવા પાછળ એક મોટું રહસ્ય હતું. રાજા તેમજ રાણી બંને જાણતાં હતાં કે અલ-અમર્નાના રણ પ્રદેશમાં એક એવી જગ્યા છે કે જ્યાંથી ઈજિપ્તના દરેક પિરામિડના કૉફિન સુધી પહોંચવાનો રસ્તો છે. એ રસ્તો પિરામિડોમાં સંગ્રહાયેલા અઢળક ધન તેમજ ઝવેરાત સુધી પહોંચે છે. ફક્ત

ગિઝાના પિરામિડોને બાદ કરતા બાકીના બધા જ પિરામિડ આ જગ્યા સાથે જોડાયેલા છે. એવું માનવામાં આવતું કે આ જગ્યાએથી મૃત રાજાઓનો આત્મા – જેને એ લોકો 'કા' તરીકે ઓળખતા એ સ્વર્ગ અને પૃથ્વી વચ્ચે આવ-જા કરે છે. રાજવી વંશના થોડાક માણસો સિવાય આ રહસ્ય કોઈને જ ખબર નહોતી.' મિ. ડેવિસ જાણે વિચારમાં પડી ગયા હોય તેમ ચૂપ થઈ ગયા.

'પણ મિ. ડેવિસ, આમાં રહસ્ય શું છે ? હા, ધન-ઝવેરાત સમજ્યા, પરંતુ એ બધું રાજાઓ માટે કાંઈ થોડું નવું કહેવાય ? એમની પાસે તો અઢળક ધન આમેય હોય જ ! મને તો ભઈ, આમાં કાંઈ સમજ પડતી નથી !' પોલ બોલી ઊઠ્યો. સાચું કહીએ તો હજુ અમે પણ કોઈ રહસ્ય પકડી શકતા નહોતા.

'હા ! રહસ્ય એમ છે કે એ જગ્યાએ એક એવી વનસ્પતિ ઊગે છે જે સંજીવની ગણાય છે. જેની રાજા અખેનાતેન અને નેફરટીટીને ખબર હતી. ફક્ત એમનાથી લગભગ ૫૦૦ વરસ પહેલા થઈ ગયેલા બારમા રાજવંશના એક રાજાને આ વાતની ખબર હતી. એણે એ વાત અતિ-પ્રાચીન લિપિમાં એ પેપિરસ (કાગળ) પર લખેલી. વચ્ચેના રાજવંશે ક્યારેય થિબિસના અદ્‌ભુત પુસ્તકાલયમાં રહેલ જૂના ગ્રંથોનો અભ્યાસ કરવાની મહેનત જ નહોતી કરી. પરંતુ અખેનાતેન અને નેફરટીટી બંને જૂના ગ્રંથો ફેંદતા રહેતા. એ દરમિયાન નેફરટીટીના હાથમાં આ કાગળ આવી ગયો હશે.'

'પરંતુ મિ. ડેવિસ, એ વાતમાં આખી રાજધાની શા માટે ફેરવવી પડે ?' પોલની અકળામણ સમજી શકાય તેવી હતી.

મિ. ડેવિસ કંઈ બોલ્યા નહીં. અમારી સામે થોડી વાર જોઈ રહ્યા. પછી થોડાક અવઢવના ભાવો સાથે ઊભા થયા. પોતાની ચામડાની બૅગ ખોલી. અમારી સામે એક કાગળ ધર્યો. કાગળ સામે અમે સૌ જોઈ રહ્યા. એમાં તો ઈજિપ્તની પ્રાચીન લિપિ લખેલી હતી. અમારામાંથી કોઈ કાંઈ સમજી શક્યું નહીં.

'ફ્વાઝી સિવાય તમે કોઈ આ ભાષા કદાચ નહીં જાણતા હો. આ અક્કાડિયન ક્યુનિફોર્મ ભાષા છે. આ કાગળમાં લખેલું છે કે સંજીવની વનસ્પતિને જાગૃત કરવા માટે આ જગ્યાએ વરસના અમુક દિવસો નિયમિત આવવાથી કોઈ પણ સમયે ૧૨મી રાજવંશાવલીના કોઈ પણ રાજવીનો 'કા' (આત્મા) આવીને એને જાગૃત કરી દેશે ! હવે ક્યા દિવસે આ થાય તે કેમ નક્કી થઈ શકે, એટલે રાજા-રાણીએ અહીં જ કાયમી વસવાટ કરવાનું નક્કી કરી લીધું.' મિ. ડેવિસે વાત પૂરી કરી.

'પરંતુ એમાં રહસ્ય શું છે ? સંજીવનીથી થઈ શું શકે ?' પોલ આજે ઘણો ગૂંચવાતો હતો.

'એનાથી હંમેશ માટે જીવતા રહી શકાય. મૃત્યુ સ્પર્શે જ નહીં !'

'પરંતુ તો પણ એ રાજા અખેનાતેન અને રાણી નેફરટીટી જગત છોડીને જતા જ રહ્યાને ?' પોલ બોલ્યો. આજે જાણે એણે એકલાએ જ પ્રશ્નો પૂછવાનો ઠેકો લઈ લીધો હતો એવું લાગતું હતું.

મિ. ડેવિસ પોલની નજીક ગયા. થોડી વાર એની સામે જોઈ રહ્યા. પછી બોલ્યા, 'ના ! એ લોકો અમર બની ગયા લાગે છે, કારણ કે એમની કબરમાંથી એ બેના મમી મળ્યા જ નથી !'

રૂમમાં શાંતિ છવાઈ ગઈ. હવે અમને સમજાયું મિ. ડેવિસ શું કહી રહ્યા હતા. એ વાતનું મહત્ત્વ શું હતું. એક વિચિત્ર પ્રકારનો રોમાંચ અમારા શરીરમાં ફરી વળ્યો. આ વખતે પોલ પણ કાંઈ પૂછી ન શક્યો. બધા થોડી વાર એમ જ બેઠા રહ્યા.

'તો પછી મિ. ડેવિસ, તમે એવું કહેવા માંગો છો કે સંજીવની વનસ્પતિ હજુ પણ એ જગ્યાએ ક્યાંક છે જ ?' આ વખતે મેં પ્રશ્ન કર્યો.

'એકદમ મુદ્દાની વાત કરી તે ડીક ! હું એ જ અદ્‌ભુત રહસ્ય કહેવાની કોશિશ કરી રહ્યો છું.' મિ. ડેવિસ બોલ્યા.

'તો પછી મિ. ડેવિસ તમે પોતે આ બીજી બધી જગ્યાએ ખોદકામ કરવા કરતા અલ-અમર્ના કેમ નથી પહોંચી જતા ?' પોલે પ્રશ્ન કર્યો. આજે એના પ્રશ્નો ખૂબ બુદ્ધિપૂર્વકના હોય તેવું લાગતું હતું.

'હું ગયેલો દીકરા ! છ મહિનાના ખોદકામ પછી મને રાજા અખેનાતેનનું ખાલી કૉફિન મળ્યું. જ્યારે નેફરટીટીનું કૉફિન મળ્યું જ નથી.'

'કોઈ લઈ ગયું હશે !' પોલે કહ્યું

'ના, એ શક્ય નથી. કારણ કે અખેનાતનનાં કૉફિનને મારી પહેલા કોઈએ હાથ પણ નહોતો લગાવ્યો. અમે જ્યારે કૉફિન ખોલ્યું ત્યારે એમાં ફક્ત માટી ભરેલી હતી.'

'એનો અર્થ શું થાય ?' આ વખતે મારાથી પુછાઈ ગયું.

'એ બંને જણ જીવે છે અને સંજીવની વનસ્પતિ ત્યાં ક્યાંક જ છે !' વાત પૂરી કરતા મિ. ડેવિસ બોલ્યા, 'મારે કાલે વહેલા જવાનું છે એટલે આપણે વાત અહીં જ અટકાવીએ. આ તો મિ. માઈકલે તમે લોકો અલ-અમર્ના જાવ છો એવું કહ્યું એટલે આટલું રહસ્ય બતાવ્યું. તો દોસ્તો, ફરી ક્યારેક મળીશું. આવજો !'

'આવજો !' મિ. ડેવિસને આવજો કહી અમે પોતપોતાની રૂમ પર આવ્યા. મારા રૂમમાં ઘૂસતાં જ મારો અસ્તવ્યસ્ત રૂમ જોઈ મારાથી બૂમ પડાઈ ગઈ. બાજુના રૂમમાંથી પોલ, અબાના તેમજ માતાદી દોડતા આવ્યા. રોબર્ટ સીધો બાથરૂમમાં ઘૂસ્યો હશે એટલે નહોતો આવ્યો.

'શું થયું ડીક ?' એ લોકોએ બહારથી જ પૂછ્યું.

મેં મારા રૂમ તરફ આંગળી કરી. પાછળની બારી તરફ ઈશારો કર્યો. બધા [illegible]ને એ જોઈ રહ્યા. મારા રૂમની પાછળની બારીનો કાચ તૂટેલો હતો.

[illegible]ં મારો સામાન બરાબર તપાસી લીધો. ઘૂસી આવનાર વ્યક્તિએ બધો જ [illegible] નાખ્યો હતો. બેગ્સની એકે એક વસ્તુ જમીન પર અસ્તવ્યસ્ત પડી [illegible]

'કેમ ડીક ! કાંઈ ચોરાઈ ગયું ?' અબાના બોલ્યો.

'એ જ તો નવાઈની વાત છે, અબાના !' મેં થોડીક મૂંઝવણ સાથે કહ્યું, 'એક પણ વસ્તુ નથી ગઈ. મને એ જ સમજાતું નથી કે ચોરને શું જોઈતું હશે ? એને કાંઈ પણ લેવું નહોતું તો પછી એણે મારી રૂમ શું કામ ફેંદી હશે ?'

'ડીક ! ચાલો આપણે હોટલના મૅનેજરને વાત કરીએ. તારા રૂમની બારીનો કાચ અત્યારે જ સરખો કરાવવો પડશે. રણમાં રાત ખૂબ ઠંડી હોય છે.' બધાની પાછળ આવીને ઊભા રહી ગયેલ માઈકલકાકા બોલ્યા.

અમે હોટલના મૅનેજરને મળ્યા. એમણે તરત જ કાચ બદલાવી આપ્યો. ઉપરાંત મારી રૂમ બદલી આપવાની તૈયારી પણ બતાવી. પરંતુ ખબર નહીં, કેમ, પણ આ રહસ્યથી મને હવે ડર નહોતો લાગતો. મારે એ ચોર ફરી વખત આવે તો એને મળવું હતું ! મેં રૂમ બદલવાની ના પાડી.

એ પછી અમે બધા રાતના મોડે સુધી મારા રૂમમાં જ બેઠા. આજનો દિવસ સવારથી જ ભેદભરમ લઈને જ ઊગ્યો હતો. અલ-અમર્ના શહેર જવાની અમારી ટિકિટ તારીખ ૨૯ જાન્યુઆરી રવિવારની હતી. એટલે હજુ એક દિવસ અમારે હોટલ મેના હાઉસમાં જ રહેવાનું હતું. રાત્રે છૂટા પડતી વખતે રોબર્ટે મારી જોડે મારા રૂમમાં રહેવાનું જ નક્કી કરી લીધું. એ રાત્રે અમે થોડીક ખલેલભરી ઊંઘ લીધી. એમ જ કહેવાય કે લગભગ જાગતા જ સૂતા !

'ધડ્ ...ધડ્ ... ધડ્ ...!!' સવારના સાત વાગ્યામાં જ અમારા બારણા પર કોઈએ જોરજોરથી હાથ ઠોકવાનું શરૂ કર્યું.

હું અને રોબર્ટ જાગીને એકબીજા સામે જોવા માંડ્યા.

'ડીક ! કોણ હશે ?' રોબર્ટે પૂછ્યું.

'અરે રોબર્ટ ! જે હોય તે ! આગળનો દરવાજો છે અને દિવસ ઊગી ચૂક્યો છે એટલે બીક કોની છે ?' એટલું કહી હું ઊભો થયો. મેં બારણું ખોલ્યું અને બહારનું દૃશ્ય જોતા જ મારી આંખો ચાર થઈ ગઈ. મારા મોં પરના ભાવો જોઈ રોબર્ટ પણ દોડીને મારી બાજુમાં આવીને ઊભો રહી ગયો. આશ્ચર્યથી એનાથી બૂમ પડાઈ ગઈ, 'જેક ! હેસ્લિંગ ! તમે ?!'

'હા ! અમે !' બોલી જેક અને હેસ્લિંગ અમને ભેટી પડ્યા.

'તમે તમારા આવવાની જાણ કેમ ન કરી ? તમને કઈ રીતે ખબર પડી કે અમે હોટલ મેના હાઉસમાં જ રોકાયા છીએ ?' એ બંને બેઠા પછી રોબર્ટે પૂછ્યું.

'છેક છેલ્લે સુધી અમારો ફ્રેન્ચ ગવર્નમેન્ટ સાથે કાચા સોનાનો સોદો નક્કી નહોતો થતો. દસ દિવસ પહેલા સોદો નક્કી થયો એટલે માલ સ્ટીમરમાં ચડાવી અમે લોકો તરત જ નીકળી પડ્યા. એ વખતે તમારા જણાવ્યા પ્રમાણે તમે નીકળી જ ગયા હશો. છતાં અમે અમારા આવવાનો એક તાર તો બીરા બંદરે મોકલી જ આપેલો. એલેક્ષાન્ડ્રા ઊતરીને વાયા ટાન્ટા થઈ અમે અહીં પહોંચ્યા. દમનહુર અને ટાન્ટા સ્ટેશનો વચ્ચે પાટાનું કામ ચાલતું હોવાથી અમારી ટ્રેનને દમનહુર સ્ટેશને લાંબો સમય પડ્યા રહેવું પડ્યું. નહીંતર અમે લોકો કાલે રાત્રે અગિયાર વાગ્યે જ

પહોંચી જાત. અને મારા ભાઈ રોબર્ટ ! તમે લોકો મેના હાઉસમાં રોકાવાના છો એવું ડીકે જ તારમાં લખ્યું હતું. ખરું ડીક ?' જેક બોલ્યો.

'હા ! એ વાત સાચી છે.' મેં કહ્યું, 'પરંતુ તમે આટલી વહેલી સવારમાં અમારો રૂમ શોધી કઈ રીતે લીધો ? રિસેપ્શન પર પૂછ્યું હશે, બરાબર ?'

'નહીં તો ! અમે રિસેપ્શન પર પૂછવા જતા હતા ત્યારે જ ત્યાં બાજુમાં ઊભેલા એક માણસે અમને પૂછ્યું કે કોને શોધો છો ? મેં તારું નામ કહ્યું તો એ અમને છેક અહીં સુધી મૂકી ગયો. પણ તને નવાઈ લાગશે ડીક, એ માણસે પોતાનો પૂરો ચહેરો ઢંકાઈ જાય તેમ કપડું ઢાંકી રાખ્યું હતું. બોલ ! અમે એની આંખો સિવાય બીજું કંઈ ન જોઈ શક્યા !' હેસ્લિંગ બોલ્યો.

હું અને રોબર્ટ એક બીજા સામે જોઈ ચૂપ થઈ ગયા. અમને અચાનક આમ સ્તબ્ધ જેવા થઈ ગયેલા જોઈ હેસ્લિંગે પૂછ્યું, 'કેમ ડીક ? શું થયું ? તમે બંને આમ અચાનક ચૂપ કેમ થઈ ગયા ?' એ થોડો ગૂંચવાયો.

'હેસ્લિંગ ! તું અમારી સાથે ફક્ત બે મિનિટ માટે બહાર આવીશ. અમે એ માણસને જોવા માંગીએ છીએ.' મેં કહ્યું.

એ પછી અમે બધા ઝડપથી નીચે ગયા. રિસેપ્શન કાઉન્ટર ખાલી હતું. આજુબાજુ અને બહાર પણ કોઈ જ નહોતું. થોડી વાર ચારે તરફ જોયા પછી અમે પાછા ફર્યા. હવે એ વિચિત્ર અને ભેદી માણસ અમને અકળાવી રહ્યો હતો.

અમે મારા રૂમમાં પાછા ફર્યા પછી રૂમમાં જ થોડો નાસ્તો મંગાવી લીધો. એટલી વારમાં જેક તથા હેસ્લિંગ નાહીને તૈયાર થઈ ગયા. માઈકલકાકા, તેમજ પોલ, અબાના અને માતાદીને પણ મેં મારી રૂમમાં બોલાવી લીધા. ફ્વાઝી થોડી વાર પછી આવ્યો. બધા નાસ્તામાં મશગૂલ હતા એ વખતે મેં માઈકલકાકાને પેલા ભેદી માણસ અંગેની વાત કરી. માઈકલકાકા પણ વિચારમાં પડી ગયા.

'ડીક ! તારી વાત તો સાચી છે.' હોકલીને હોઠના ખૂણામાં દબાવીને માઈકલકાકા બોલ્યા, 'પરંતુ મને લાગે છે કે એ ચોરને કે ભેદી માણસ જે હોય તે, તેને તારી પાસેથી કંઈક જોઈએ છે પરંતુ શું જોઈએ છે એ નથી સમજી શકાતું. બીજું, એને તમારા નામ સહિત તમારી અંગેની બધી જ ખબર છે ! અને ત્રીજું, એ તમને કોઈને ઈજા કે નુકસાન પહોંચાડવા નથી માંગતો. એટલે આ બાબતે વધારે ચિંતા કરવા જેવું કશું જ મને નથી લાગતું.'

માઈકલકાકાની વાતથી મને ઘણી નિરાંત થઈ કારણ કે મને એમની વાત સાચી લાગતી હતી. જો એ ભેદી વ્યક્તિને અમારું નુકસાન જ કરવું હોત તો એ પાઉન્ડ્સ ભરેલો થેલો પાછો શું કામ આપી જાય ? અરે, દોડીને અમારી ટ્રેનના ડબ્બામાં શું કામ મૂકી જાય ? જે હોય તે, અમારે બહુ ચિંતા કરવા જેવું નહોતું લાગતું. છતાં સાવચેત રહેવું એવું અમે નક્કી કરી લીધું.

એ દિવસે અમે કેરોનું પ્રખ્યાત મ્યુઝિયમ જોવા જવાનું નક્કી કર્યું. આમેય ફ્વાઝી ત્યાં કામ કરતો હતો એટલે એની પણ ઇચ્છા હતી કે અમે એ જોઈએ.

એમાંય એક દિવસનો સમય મળ્યો હતો એટલે બધાએ ત્યાં જવાનું નક્કી કરી જ નાખ્યું.

બરાબર બપોરે ૨ વાગ્યે હોટલની કાર અમને લેવા માટે આવી ગઈ. અમે બધા તૈયાર થઈ કારમાં બેસી ગયા. કારનો ડ્રાઈવર હજુ તો ગાડી ચાલુ કરે એ પહેલા જ માઈકલકાકા બોલી ઊઠ્યા, 'થોડી વાર ઊભી રાખજો, મારે ઊતરી જવું છે.'

અમને નવાઈ લાગી, પણ માઈકલકાકા કંઈ પણ કરે એ બરાબર વિચારીને જ કરતા હોય એવો અમને બધાને વિશ્વાસ હતો. એટલે અમે વધારે પૂછપરછ કરી જ નહીં. અબાના પણ કાકાની જોડે જ રહેવાનું નક્કી કરી ઊતરી ગયો.

અમે મ્યુઝિયમ પહોંચ્યા. ૧૯૦૦ની સાલમાં બનેલું મ્યુઝિયમ આ પાંચ વરસમાં જ દુનિયા આખીના પ્રવાસીઓનું આકર્ષણ બની ગયું હતું. અમે બપોર પછીનો સમય એટલે પસંદ કર્યો હતો કે બપોર પછી પ્રવાસીઓની ભીડ ઓછી હોય એવું અમને ફ્વાઝીનું સૂચન હતું. મ્યુઝિયમમાં વરસોથી કામ કરતો હોવાના કારણે એને આ બધી બાબતોની બરાબર ખબર હોય એ સમજી શકાય તેવું હતું.

અમે મ્યુઝિયમ પહોંચ્યા ત્યારે ફ્વાઝીના કહેવા પ્રમાણે થોડાક માણસો જ દેખાતા હતા. ટિકિટ લઈ અમે અંદર પ્રવેશ્યા.

'ડીક ! તમે જો સવારે આવ્યા હોત તો એટલી બધી ભીડ હોય કે બરાબર ચાલી પણ ન શકાય. અરે ! એકાદ જગ્યાએ થોડી વાર ઊભા રહી નિરાંતે જોઈ પણ ન શકાય !' ફ્વાઝી બોલ્યો.

એ જ વખતે મમી-વિભાગના મેનેજરનું ધ્યાન ફ્વાઝી તરફ ગયું. એમણે ત્યાંથી જ બૂમ પાડી, 'હેય ! ફ્વાઝી ! તારા મિત્રોને પછી અહીં લઈ આવજે !' ફ્વાઝીએ માથું હલાવીને હા પાડી.

અમે લોકો ઝવેરાતોના વિભાગ તરફ વળ્યા. ઈજિપ્તના પ્રાચીન રાજવીઓની સંપત્તિ જોઈને અમે બધા છક થઈ ગયા. થોડાક હીરા મળવાથી પણ અમારી પેઢીઓ સમૃદ્ધ થઈ જાય એટલી સંપત્તિ અમારી પાસે આવી ગઈ હતી. તો પછી આ બધું તો કેટલું હશે ? અમારી બુદ્ધિ બહેર મારી ગઈ. નીલમ, હીરા, માણેક તથા અઢળક સોનું જોઈ અમે છક થઈ ગયા.

'ડીક, રોબર્ટ ! આ બધું તો હજું અધૂરું છે. અમુક રાજવીઓની કબર તો મળી જ નથી !' ફ્વાઝી બોલ્યો, 'અઢારમા વંશના રાજા અખેનાતનના વંશજ તુતાનખામુનની કબર આજ સુધી મળી નથી. એનો ખજાનો તો આનાથી પણ વધારે હશે, કારણ કે એ વરસો ઈજિપ્તના ઈતિહાસમાં સુવર્ણમય સમયના હતા. પરંતુ એ અંગે કંઈપણ ભાળ હજુ સુધી મળી શકી નથી.'*

પ્રાચીનકાળના એ દુર્લભ ખજાનાને જોઈ અમે લોકો અંજાઈ ગયા હતા. ઝવેરાતનો વિભાગ જોઈ અમે ફ્વાઝી જોડે મમી-વિભાગમાં ગયા. ત્યાંના મેનેજરે

* તુતાનખામુનની કબર ૧૯૨૨માં હાવર્ડ કાર્ટરે શોધી કાઢી હતી.

અમને ઘણા રાજવંશના મમી બતાવ્યાં અને અઢારમા વંશ માટે મ્યુઝિયમમાં રાખેલી ખાલી જગ્યા તરફ ઈશારો કર્યો. પછી બોલ્યા, 'આ બંને ખાલી જગ્યા છે અઢારમા વંશના રાજા અખેનાતન તથા તેની સુંદર રાણી નેફરટીટીના મમી માટેની ! પરંતુ મને લાગે છે કે એ કાયમ માટે ખાલી જ રહેશે !' એટલું બોલીને એ અટકી ગયા.

'કેમ ? ખાલી જ શા માટે રહેશે ?' મારાથી પુછાઈ ગયું.

'કારણ કે...' મેનેજર બે ક્ષણ અટક્યા પછી બોલ્યા, 'મને પૂરી ખાતરી નથી, પરંતુ... પરંતુ... મારી જાણ પ્રમાણે એ લોકો... અમર બની ગયા છે ! એ લોકો કદાચ મર્યા જ નહીં હોય ! તો પછી એમના મમી કઈ રીતે મળે ?' અટકતા અટકતા એમણે કહી જ દીધું.

અમે એકબીજા સામે જોઈ રહ્યા. મિ. ડેવિસની વાત અમારા કાનમાં પડઘાવા લાગી. અબીરાને શોધવા જતાં અમે કોઈ બીજા રહસ્યમાં ઊંડા ઊતરતા જતા હોઈએ એવું લાગતું હતું. હવે અમને કોઈને મ્યુઝિયમ જોવામાં જરાપણ રસ રહ્યો નહોતો. અમે હોટલ મેના હાઉસ પાછા ફર્યા.

ç

૮. અલ-અમર્નાં સ્ટેશન

મ્યુઝિયમથી હોટલ મેના હાઉસ પહોંચ્યા ત્યાં સુધી અમારામાંથી કોઈ કંઈ ન બોલ્યું. અમારું એક મન અબીરાને મળવા ઉતાવળું થઈ રહ્યું હતું, અને સાથોસાથ અલ-અમર્નાને ખૂંદી, અખેનાતનના રહસ્યના મૂળ સુધી પહોંચવાની તાલાવેલી પણ જાગી હતી. અને જાગે જ ને ? ડગલે ને પગલે કોઈક એવો અનુભવ થતો હતો જે અલ-અમર્ના સાથે કે પિરામિડ સાથે અમને જોડી દેતો હોય.

હોટલ પર પહોંચી બધા પોતપોતાના રૂમમાં ગયા. મારો રૂમ બહારથી ખુલ્લો જ હતો. બારણું ફક્ત એમ જ બંધ કરેલું હતું. મેં હળવેથી બારણું ખોલ્યું. માઈકલકાકા અને અબાના મારા રૂમની બારી પાસે સંતાઈને બેઠા હતા. અને ખૂબ ધ્યાનથી બહારના બગીચા તરફ જોઈ રહ્યા હતા. બારણું ખૂલવાનો અવાજ આવવાથી માઈકલકાકા મારા તરફ ફર્યા અને હોઠ પર આંગળી ધરી મને ચૂપ રહેવા ઈશારો કર્યો. મને નવાઈ લાગી. હું એકદમ ધીરેથી એમની બાજુમાં નીચે બેસી ગયો.

'શું છે માઈકલકાકા ?' મેં ખૂબ ધીમા અવાજે કાકાની બાજુમાં બેસતા પૂછ્યું, 'કેમ તમે અને અબાના આમ બારીની બાજુમાં લપાઈને બેઠા છો ?'

'ડીક ! પેલા ભેદી માણસને અબાનાએ સામે બગીચામાં બેઠેલો જોયો. એ આ રૂમ તરફ જ જોઈ રહ્યો હતો. હું અને અબાના બારીની પાછળ લપાઈને એને જોતા રહ્યા હતા. બે ક્ષણ પહેલાં જ એ ઊભો થઈ તારી બારીની બહાર રહેલા ઝાડ નજીક આવ્યો છે.'

'પરંતુ કાકા, તમે આમ લપાઈને શું કામ બેઠા છો ? એનાથી આપણે ક્યાં સંતાવાનું છે ?' મેં ધીમેથી કહ્યું.

'ડીક ! તું આમ લપાઈને જ રહેજે ! ઊંચો ન થઈશ. એ માણસ જો ઝાડ પર ચડીને આવશે તો થોડીવારમાં જ આ બારીમાં ડોકાશે.' સાવ દબાયેલા અવાજે માઈકલકાકા બોલ્યા.

'પણ કાકા, આપણે બારીમાં જ ઊભા રહીએ તો એ માણસ અહીં આવવાની હિંમત નહીં કરે !' મેં કહ્યું.

માઈકલકાકા બે ક્ષણ મારી સામે જોઈ રહ્યા, પછી ખૂબ ધીમા અવાજે બોલ્યા, 'એની પાસે બંદૂક છે ડીક ! અને આપણે કંઈ પણ ધમાલ થાય એવું નથી કરવું !'

હવે મને પરિસ્થિતિની ગંભીરતા સમજાઈ. હું સાવ ચૂપ થઈ, બારીની બાજુમાં લપાઈને બેસી ગયો. રૂમમાં શાંતિ છવાઈ ગઈ. બારીને અડીને જ રહેલી ડાળી હલવાનો અવાજ આવ્યો. કાકા અને અબાના પાસે પોતાનો બચાવ કરવાનું કંઈ પણ હતું જ નહીં. મારી રિવૉલ્વર પણ સામાનમાં જ હતી. આવનાર વ્યક્તિ જો અચાનક હુમલો કરે તો શું કરવું એ અંગે હું વિચાર કરતો હતો. એ જ વખતે કપડાની બુકાનીથી પૂરો ચહેરો ઢાંકેલો એક માણસ બારીમાં ડોકાયો !

'અરે એય ડીક ! માઈકલકાકા અને અબાના ક્યાં ગયા હોઈ શકે તેનો ખ્યાલ છે તને ?' એમ જોરથી બોલતો પોલ અમારા રૂમમાં બરાબર એ સમયે જ પ્રવેશ્યો. એની સાથે જ પેલો માણસ ઝાડની ડાળી પર થઈ સડસડાટ નીચે ઊતરી બગીચાના બીજા છેડા તરફ ભાગી ગયો. અમે એને ભાગતો જોઈ રહ્યા. એની કમર પર લટકતી રિવૉલ્વર સ્પષ્ટ દેખાતી હતી. પોલ પણ એમ જ પૂતળાની માફક બારણામાં ઊભો રહી ગયો.

'ડીક ! આ પેલો જ માણસ હતો ને જે આપણો પીછો કરી રહ્યો છે, બરાબર ?' પોલ બોલ્યો.

'હા પોલ, લાગે છે તો એવું જ ! તું જરાક વાર મોડો આવ્યો હોત તો કદાચ એનો બરાબર પરિચય થઈ જાય ! પણ ખેર ! જે થયું તે યોગ્ય જ થયું હશે.'

એ પછી થોડી વાર અમે એમ જ બારી પાસે ચૂપચાપ ઊભા રહ્યા.

'માઈકલકાકા ! ચાલો આપણે મૅનેજરને મળી આવીએ. મારે રૂમ બદલી નાખવી છે.' મેં કહ્યું.

'હા ડીક ! તારી વાત સાચી છે.' માઈકલકાકા બોલ્યા, 'આપણે એક રાત માટે કોઈ જોખમ નથી લેવું.'

અમે બંને મૅનેજરને મળવા ગયા. રોબર્ટ અને માઈકલકાકાના રૂમની બરાબર વચ્ચેનો એક રૂમ આજે જ સવારે ખાલી પડેલો. એ જ મને મળી ગયો. અમે બધાએ થઈ દસેક મિનિટમાં મારો બધો જ સામાન ત્યાં ફેરવી નાખ્યો. ખબર નહીં કેમ પણ મને આજે હવે એ અજાણ્યા માણસને મળવાની જરાપણ ઇચ્છા નહોતી રહી, કદાચ એની કમરે લટકતી બંદૂક જોઈને પણ વધારે જોખમ લેવાનું મને હિતાવહ નહોતું લાગતું.

જમ્યા પછી મોડે સુધી અમે મારી નવી રૂમમાં બેસીને વાતો કરી.

એ રાત્રે પણ અમને બરાબર ઊંઘ ન આવી.

સવારે વહેલા ઊઠી અમે કેરો રેલવે સ્ટેશને પહોંચ્યા. આ વખતે અમારો સામાન બરાબર તપાસીને પછી જ અમે ગાડીમાં મૂકેલો. છેક સ્ટેશન સુધી અને ગાડીમાં બેઠા ત્યાં સુધી અમે સાવચેત હતા. પરંતુ ટ્રેન ઊપડી ત્યાં સુધી ચહેરો ઢાંકેલો એ માણસ ક્યાંય દેખાયો નહીં.

'હાશ ! ડીક ! માંડ છૂટ્યા એ બુકાનીવાળાથી, નહીં ?' પોલ સીટ પર પગ લાંબા કરતા બોલ્યો.

'ના પોલ ! તને ને મને ખબર પણ ન પડે એ રીતે એ માણસ આ જ ટ્રેનના

કોઈ ડબ્બામાં ચડી ગયો હોઈ શકે. આપણે સાવચેત રહેવું જ પડશે !' મેં કહ્યું, 'બરાબરને ?'

'હા, ડીક ! એ વિચાર તો મને આવ્યો જ નહીં !' બોલતી વખતે પોલના મોં પર ચિંતાના ભાવો હતા.

એ પછી અમે ખાસ્સી વાર સુધી ચૂપ જ રહ્યા. વાસ્તા સ્ટેશન પર ગાડી પહોંચી કે તરત જ અમે બધા દોડતા દરેક ડબ્બા પર નજર નાખી આવ્યા. ક્યાંય પેલો માણસ ન દેખાયો. અમને સૌને થોડીક હાશ થઈ, કારણ કે અમે નાહક કોઈ જ પ્રકારની ઉપાધી લેવા નહોતા માંગતા. બ્રિટિશ સરકારના કાયદાઓ એટલા કડક હતા કે કોર્ટ-કચેરીની ઝંઝટમાં દિવસો નીકળી જાય એ અમને જરાય પસંદ નહોતું. અમારે તો જેમ બને તેમ જલદી અબીરાને મળવું હતું.

'હાશ ડીક ! પેલો તો લગભગ ગયો લાગે છે !' મારી સામેની સીટમાં પગ લાંબા કરીને બેસતા પોલ બોલ્યો. એ જ વખતે ટ્રેને ઊપડવાની નિશાનીરૂપ પ્રથમ સિસોટી મારી.

'નહીં રે પોલ ! એ એકાદ ડબ્બાના બાથરૂમમાં ભરાઈ રહ્યો હોય તો આપણને કેમ ખબર પડે ? એટલે સાવચેતી તો રાખવાની જ !' મેં કહ્યું. પછી આજુબાજુ નજર કરીને પૂછ્યું, 'અચ્છા પોલ ! અબાના ક્યાં ? માતાદી, ફ્વાઝી અને માઈકલકાકા ઉપરની સીટ પર સૂઈ ગયા છે. રોબર્ટ, જેક અને હેસ્લિંગ કંઈક રમી રહ્યા છે. પરંતુ અબાના દેખાતો નથી. એણે તને કંઈ કહેલું ?' ટ્રેનની બીજી સિસોટી વાગી એટલે મને થોડીક ચિંતા થઈ.

'નહીં તો ! એણે તો અમને કંઈ પણ જાણ નથી કરી. અમને તો એમ કે એ હજુ કોઈક ડબ્બામાં તપાસ કરતો હશે.' અમારી વાત સાંભળીને રોબર્ટ બોલ્યો.

બરાબર એ જ વખતે ગાડીએ ત્રીજી સિસોટી મારી. પ્લેટફૉર્મ પરના માણસે ટ્રેન છૂટવાનો બેલ વગાડ્યો. મને હવે થોડીક ચિંતા વધી. હું ઊભો થઈને દરવાજા તરફ દોડ્યો. ટ્રેને ધીમે ધીમે ખસવાનું શરૂ કરી દીધું હતું. વરાળ એન્જિને એક તીણી સિસોટી વગાડી. દરવાજા પાસે પહોંચી મેં જે દૃશ્ય જોયું તેનાથી હું હસીને બેવડ વળી ગયો. મને ગાંડાની માફક હસતો જોઈને પોલ, રોબર્ટ, જેક અને હેસ્લિંગ પણ મારી બાજુમાં આવી ગયા. એ લોકો પણ બહારનું દૃશ્ય જોઈ હસી પડ્યા. અબાના માથા પર કોઈ ઈજિપ્તના માણસ પાસેથી ખજૂરનું આખું વાડિયું (ખજૂર સાચવવા માટે એના જ પાનમાંથી બનાવેલ સૂંડલો) ખરીદીને માથે મૂકીને દોડતો આવતો હતો. એના એક હાથે એણે માથા પરનો સૂંડલો પકડેલો હતો અને બીજા હાથે ઠંડા પાણીની મશક પકડી હતી. અમારા ડબ્બાના બારણાથી થોડે જ દૂર એના માથા પરથી સૂંડલો પડી ગયો અને એના પર પડ્યો અબાના ! થોડું હસી લીધા પછી હું ઝડપથી નીચે ઊતર્યો. અબાનાનો હાથ પકડીને ઊભો કર્યો. અમે બંને જણાએ સાથે ઊંચકીને ખજૂરનું વાડિયું ડબ્બામાં ચડાવ્યું. પોલે ઝડપથી તે અંદર લઈ લીધું તેમજ અબાનાના હાથમાંથી પાણીની નાની મશક પણ એણે લઈ લીધી. પછી અમે બંને પણ ખૂબ જ ધીમે ચાલતી ટ્રેનમાં ચડી ગયા.

ઊંઘમાંથી ઊઠી ગયેલ માઈકલકાકા ડબ્બાના બારણા પાસે આવીને ઊભા રહી ગયા હતા. એમના મોં પર સહેજ ચિંતા દેખાતી હતી.

'કેમ માઈકલકાકા ? શું થયું ?' મેં પૂછ્યું.

'કંઈ નહીં બેટા !' ડબ્બાના બારણાની બહાર નજર નાખતા માઈકલકાકા બોલ્યા, 'હવે પછી ચાલતી ટ્રેનમાં ચડવું પડે એવું ક્યારેય ન કરવું. ઠીક ! નાઈલ નદીને સમાંતર આવેલી આ રેલવે લાઈન પરના મોટા ભાગના સ્ટેશનના પ્લેટફૉર્મની લંબાઈ ખૂબ જ ઓછી છે. જો એકાદ ક્ષણ પણ તમે મોડા પડ્યા હોત તો એકાદ જણ દોડતા દોડતા ચોક્કસ નીચે પડી જાત ! એટલે હવે ભવિષ્યમાં પણ આ વાત યાદ રાખવી કે આવા કોઈ પણ ચાલતા વાહનમાં ચડવું એ ક્યારેક જિંદગી માટે પણ જોખમી સાબિત થઈ શકે. બરાબર ?'

'બરાબર માઈકલકાકા !' મેં પાછળ નીચે જોતા કહ્યું. એમની વાત સાવ સાચી હતી. જો અમે થોડાક જ મોડા પડ્યા હોત તો હું અથવા અબાના ટ્રેન નીચે આવી જાત ! મને એ કલ્પના માત્રથી જ પરસેવો વળી ગયો. ફર્સ્ટક્લાસનો ડબ્બો એન્જિનની બરાબર પાછળ હોવાના કારણે અમને ટૂંકું પ્લેટફૉર્મ ખરેખર ભારે પડી જાત. બસ, એ જ વખતે મેં મનોમન નક્કી કરી લીધું કે હવે પછી ક્યારેય કોઈ પણ ચાલતા વાહનમાં ચડવું નહીં ! વાસ્તા સ્ટેશનનું પ્લેટફૉર્મ ખરેખર સાવ નાનું હતું !

એ પછી થોડી વાર અમે બધાએ આડીઅવળી વાતો કરી. માતાદીએ એટલી વારમાં ખજૂર ધોઈ નાખી હતી. બધાએ પેટ ભરીને ખજૂર ખાધી. દુનિયામાં સૌથી વધારે ખજૂર પેદા કરતા દેશમાં જ ખજૂર ખાવાની મજા પડી ગઈ. એ પછી અમે બધા આડા પડ્યા. ફર્સ્ટક્લાસનો ડબ્બો હોવાથી વધારે ધમાલ કે વધારે પડતા મુસાફરોની અવરજવર પણ નહોતી એટલે અમને બધાને ઊંઘ પણ તરત આવી ગઈ. ત્રણ કલાક પછી મિન્યા સ્ટેશન આવ્યું ત્યારે બધા ઊઠ્યા. એ પછી બરાબર બે કલાકે અલ-અમર્ના સ્ટેશન આવ્યું.

અમે અલ-અમર્ના સ્ટેશન ઊતર્યા ત્યારે સાંજના પાંચ વાગ્યા હતા. અમે સૌ પ્રથમ તો નીચે ઊતરીને બ્લેક કૉફી ખરીદી. કૉફી પીને અમે સ્ટેશનની બહાર નીકળવા દરવાજા પાસે પહોંચ્યા. સ્ટેશનના દરવાજા પાસે જ અમને ત્યાંના ચોકીદારે અટકાવ્યા.

'તમે લોકો બહાર નહીં જઈ શકો !' ચોકીદાર બોલ્યો.

'કેમ ? અમે કેમ નહીં જઈ શકીએ ?' મેં પૂછ્યું.

'અલ-અમર્ના અહીંથી ઘણું દૂર પૂર્વ રણમાં આવેલું છે. આખો રસ્તો સાપ તેમજ વીંછીથી ભરેલો છે. અહીંનો નિયમ છે કે જો તમારા માટે ગધેડાઓની વ્યવસ્થા પહેલાથી ન થઈ હોય તો તમને સ્ટેશનની બહાર ન જવા દેવા !' એ માણસ ઘણા વિવેક સાથે બોલતો હતો.

અમે ફ્વાઝી સામે જોયું. એ તો આ બધું જાણતો હતો, તો શું એ ભૂલી ગયો હશે ? કે પછી... પ્રથમ વખત મને ફ્વાઝીના ઈરાદા માટે શંકા જાગી. અમે એને ખખડાવ્યો પણ ખરો. એ તો અલ-અમર્ના આ પહેલા આવી જ ગયો હતો. તો એણે આ બધું અમને કેમ ન કહ્યું. ખેર ! હવે શું થાય ?

'પરંતુ એ ગધેડા હવે અમારે કાઢવા ક્યાંથી ? કોણ ભાડે આપે ?' માઈકલકાકા બોલ્યા.

'અત્યારે હવે એ શક્ય નથી. આ આજના દિવસની છેલ્લી ટ્રેન હતી. એટલે અલ-અમર્ના ગામમાંથી આવતા ગધેડાવાળા બધા જ પાછા જતા રહ્યા છે. હવે તો કાલે સવારે જ મેળ પડે ત્યાં સુધી તમે લોકો રેસ્ટરૂમમાં આરામ કરો ! ફર્સ્ટક્લાસનો રેસ્ટરૂમ પ્લેટફૉર્મના સામેના છેડે છે. આમેય આજે તો ફક્ત એક જ ગધેડાવાળો આવેલો.' એ માણસે કહ્યું.

'આજે એક જ ગધેડાવાળો આવેલો ? એમ ? તો એને કોણે ભાડે કરી લીધો ? જો એ મળી જાય તો બીજા ગધેડાવાળાઓને સંદેશો તો આપી શકે. એવું ન થઈ શકે ? પછી બીજા આવીને અમને લઈ જાય !' આ વખતે પોલ બોલ્યો.

'ના સાહેબ ! એ રણની રાતમાં શક્ય જ નથી. આમેય અલ-અમર્ના અહીંથી લગભગ ત્રણ કલાકની મુસાફરી પછી આવે. રાતમાં કોઈ એવું જોખમ ન લે ! અને આમેય પેલો માણસ તો જુઓ સામે દૂરના રસ્તા પર પહોંચી ગયો છે. જુઓ ! એને તમે કઈ રીતે રોકી શકશો ?'

અમે એણે બતાવેલી દિશામાં જોયું. માથે પૂરું કપડું ઢાંકેલો એક માણસ ઈજિપ્તના સ્થાનિક માણસ જોડે જઈ રહ્યો હતો. અમે એકબીજા સામે જોઈ રહ્યા. પછી ધીમે ધીમે સામાન રેસ્ટરૂમમાં ફેરવ્યો.*



* એ વખતે તેલ-અલ-અમર્ના (અલ-અમના)માં આવો નિયમ હતો. જો ગધેડાનું વાહન તૈયાર ન હોય તો સ્ટેશન નહીં છોડવાનું ! આવો જ નિયમ નાઈલ નદીમાં હોડી દ્વારા આવતા મુસાફરો માટે પણ હતો !

૯. રણની મુસાફરી

'ફ્વાઝી, તેં અમને કેમ જાણ ન કરી ? ગધેડાની સવારી જો આ રણપ્રદેશની મુસાફરીમાં ફરજિયાત હોય તો તેં અમને શા માટે વાત ન કરી ?' મેં ફ્વાઝીને પૂછ્યું.

'આ રણપ્રદેશમાં ઊંટને બદલે ગધેડાનો ઉપયોગ થાય છે એ સાંભળીને મને તો હસવું જ આવે છે !' ફ્વાઝી જવાબ આપે એ પહેલા જ પોલ બોલી ઊઠ્યો.

ફ્વાઝી થોડોક ગભરાઈ ગયેલો લાગ્યો. થોડાક ગભરાટ સાથે એણે જવાબ આપ્યો, 'હું ખરેખર ભૂલી ગયેલો. નહીંતર મારો બીજો શું ઈરાદો હોય ? મને માફ કરી દો !'

મેં એની આંખમાં જોયું. એ સાચું બોલતો હોય તેવું લાગતું હતું. એ પછી અમે એને એ અંગે વધારે કંઈ પણ પૂછ્યું નહીં. લગભગ નિર્જન જેવા અલ-અમર્નાં સ્ટેશન પર આંટા મારવાનો કંટાળો આવતો હતો. એની કેન્ટીન પણ રાત્રે નવ વાગ્યે બંધ થઈ જતી હતી. એ પહેલા જ અમે સાંજનું ભોજન પતાવી દીધું. પછી રેસ્ટરૂમમાં લાંબા થયા. ખબર નહીં કેમ પણ મને ઊંઘ જ નહોતી આવતી. ન સમજી શકાય તેવો ઉચાટ થઈ રહ્યો હતો. હું ઊભો થઈ પ્લેટફૉર્મ પર આંટા મારવા લાગ્યો. બાર વાગ્યે મુખ્ય કાર્યાલય સામેની લાઈટ સિવાયની બાકીની બધી જ લાઈટ્સ ચોકીદારે બંધ કરી. એ થોડાક ભાગને બાદ કરતા બાકીના સંપૂર્ણ પ્લેટફૉર્મ પર અંધારું છવાઈ ગયું.

'ડીક ! મને માફ કરીશ ને ? મારો તમને લોકોને હેરાન કરવાનો કોઈ જ ઈરાદો નહોતો. હું ખરેખર ભૂલી ગયેલો. ન્કુન્કુલુદેવના સોગંદ !' અંધારામાં મારી પાછળથી ફ્વાઝીનો અવાજ આવ્યો.

'અરે ! ફ્વાઝી ! દોસ્ત, એ ભૂલી જા હવે ! મને ખાતરી જ છે કે એમાં તારો કોઈ ઈરાદો નહીં જ હોય !' મેં કહ્યું. હવે મને પણ ફ્વાઝી નિર્દોષ લાગતો હતો. એને થઈ રહેલો પસ્તાવો જ એની સાબિતી હતી.

'જા ! તું તારે જઈને સૂઈ જા ફ્વાઝી !' મેં કહ્યું, 'હું થોડી વાર આંટા મારું છું.'

ફ્વાઝીને શાંતિ થઈ હોય તેવું લાગ્યું. એ રેસ્ટરૂમ તરફ ગયો. હું પ્લેટફૉર્મ પર આગળ વધ્યો.

પ્લેટફૉર્મ પરના મુખ્ય કાર્યાલય પાસે પહોંચી હું થોડી વાર ચોકીદાર પાસે બેઠો. એણે નાના તાપણા જેવું સળગાવ્યું હતું. રણમાં રાત ખરેખર ખૂબ જ ઠંડી

હોય છે. ચોકીદાર સાથે વાતચીત કરતી વખતે જ મને ખ્યાલ આવ્યો કે અલ-અમર્નાં સ્ટેશન પર તો ટ્રેન સાંજના સમયે જ આવે છે. અમારે તો કાલે સવારે નીકળવાનો વિચાર હતો. સવારમાં ટ્રેન ન હોય તો ગધેડાવાળા પણ શા માટે આવે ? અને એ લોકો ન આવે તો અમે કઈ રીતે સાંજ પહેલા સ્ટેશન છોડી શકીએ ? ચોકીદારે જણાવ્યું કે એનાથી બની શકશે તો એ અલ-અમર્નાં ગામમાં કોઈને કહેવડાવશે. પરંતુ એની વાત પરથી લાગતું હતું કે એ મને ઠાલું આશ્વાસન જ આપી રહ્યો હતો. જે સ્ટેશન પર માંડ એકાદ મુસાફર રોજ ઊતરતો હોય ત્યાં એ કોના જોડે કહેવડાવી શકે ? મને એની વાત પર જરા પણ વિશ્વાસ નહોતો આવતો.

ઉચાટભર્યા જીવે હું પાછો આવીને સૂતો.

સવારે બધા વહેલા ઊઠી ગયા. અમે દરેક જણ વારાફરતી દરવાજા સુધી આંટો મારી આવ્યા. સવારના આઠ વાગવા આવ્યા છતાં એક પણ ગધેડાવાળો દેખાતો નહોતો. સવારે છ વાગ્યે ચોકીદાર પણ બદલી ગયો હતો. મેં નવા ચોકીદારને પૂછ્યું તો એણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે સાંજ સુધી ગધેડાની સવારી મળવાની કોઈ જ શક્યતા નહોતી. અમે બધા નિરાશ થઈ ગયા. અમારા મનમાં એમ હતું કે જો જલદી અબીરા મળી જાય તો સારું. બિચારો એ ત્રણ ત્રણ વરસથી કઈ રીતે આમ ભટકતો રહ્યો હશે ? વહાણવટાનો વ્યવસાય કરવા છતાં ક્યારેય સમુદ્રની મુસાફરી ન કરતો અબીરા એ દિવસે જ તોફાની દરિયામાં શું કામ ડર્બનથી કેપટાઉન જવા નીકળ્યો હશે ? પોર્ટ એલિઝાબેથ પાસે એની સ્ટીમર સાથે એ ગરકાવ થઈ ગયો પછી અહીંયા કઈ રીતે પહોંચ્યો હશે ? અને ખરેખર જે વ્યક્તિ માટે અમે જઈ રહ્યા હતા એ અબીરા જ હશે કે બીજું કોઈ ? જો એ માણસ અબીરા જ હોય તો અમારો ધક્કો લેખે લાગે, નહીંતર ખાલી ધક્કો જ ગણવાનો ને ? જો એ અબીરા જ હોય તો અમારા મનને ગજબની શાંતિ અને સંતોષ મળે એ વાતમાં પણ કોઈ શંકા નહોતી. એક દોસ્ત માટે માણસે જે કરવું જોઈએ તે કર્યાનો સંતોષ અમારી બધી જફાઓ ભુલાવી દે તેમ હતું. પણ તકલીફ એ હતી કે અલ-અમર્નાં પહોંચવું કઈ રીતે ?

'ડીક ! અબાના ! માઈકલકાકા ત્યાં જુઓ તો ? ધૂળના વાદળ જેવું શું છે ? મને તો એમાં ગધેડા જેવું પણ કંઈક દેખાય છે ?' એની કાયમની આદત પ્રમાણે દૂરબીન લઈ આજુબાજુ ડાફોળિયા મારી રહેલા હેસ્લિંગના શબ્દોએ અમને બધાને ઊભા કરી દીધા. પોલે થોડી વાર આંખો ફાડીને અલ-અમર્નાં તરફની દિશામાં જોયું, પછી બોલ્યો, 'અલ્યા હેસ્લિંગ ! બે દિવસથી આપણે ગધેડાના એટલા બધા વિચારો કરીએ છીએ કે તને હવે ધૂળમાં પણ ગધેડા દેખાવા માંડ્યા લાગે છે ! મને તો ભઈ કંઈ દેખાતું નથી !'

પરંતુ આગળની મુસાફરીના અનુભવ પરથી મને વિશ્વાસ હતો કે હેસ્લિંગે બરાબર જોયું હોય તો જ એ બોલ્યો હોય. મેં એની પાસેથી દૂરબીન લઈ આંખે લગાવ્યું. ધ્યાનથી જોયું તો દૂર અલ-અમર્નાંની દિશામાંથી થોડાક ગધેડા ધૂળ તથા રેતી ઉડાડતા આવી રહ્યા હતા. એમાંના એક ગધેડા પર એક વ્યક્તિ બેઠેલી હોય

એવું લાગતું હતું. એનું મોં દેખાતું નહોતું, કારણ કે એણે પૂરો ચહેરો ઢંકાઈ જાય તેમ કપડું વીટેલું હતું !

મેં કંઈ પણ બોલ્યા વિના દૂરબીન પોલને આપ્યું. એના પછી બધાએ વારાફરતી જોયું. છેલ્લે ચોકીદારે પણ જોયું. જોતાવેંત એ બોલી ઊઠ્યો, 'મને વિશ્વાસ જ નથી આવતો ! મારી આટલાં વરસની નોકરીમાં સવારે ટ્રેન ન હોય ત્યારે આટલા ગધેડા લઈને કોઈને સ્ટેશન તરફ આવતા જોયું જ નથી ! નસીબદાર છો તમે ! લગભગ તો તમને સવારી મળી જ જશે !'

ચોકીદારની વાતથી અમને સૌને આનંદ થયો. પણ મારા મનમાં ઊંડે ઊંડે એક શંકા ઊઠતી હતી કે આવું બન્યું શી રીતે ? અને ગધેડા પર બેસીને માથે કપડું ઢાંકીને આવી રહેલો એ માણસ હશે કોણ ? વિચાર કરતાં કરતાં જ અમે અમારો સામાન રેસ્ટરૂમમાંથી કાઢીને દરવાજા પાસે લાવી દીધો. ચોકીદારે પણ અમને મદદ કરી. મેં એને દસ પાઉન્ડની બક્ષિસ આપી. એના ચહેરા પર ખુશીની રેખાઓ આવી ગઈ. મારી નજીક આવીને એ બોલ્યો, 'સર ! અહીંયા ભાગ્યે જ કોઈ મુસાફર આવે છે. અને જો કોઈ આવે તો પણ એ થોડાક શિલિંગ્સ જ ભેટમાં આપે છે. પાઉન્ડ તો ભાગ્યે જ કોઈ આપે ! તમે મને ખુશ કરી દીધો છે.' એના ચહેરા પરની ખુશી મને પણ ખુશ કરી દેતી હતી. એ દોડતો પોતાની ઑફિસમાં ગયો. પછી પાછો આવી મારા હાથમાં થોડાક મેલા સફેદ રંગનાં બીજ પકડાવી બોલ્યો, 'સર ! આ બીજ તમારી પાસે હંમેશા રાખજો. ઈજિપ્તમાં હો ત્યાં સુધી તો જરૂર રાખજો ! અહીંના વીંછી મોટા અને જીવલેણ હોય છે. એક વખત રણનો વીંછી કરડે તો અડધા કલાકમાં માણસ બેભાન થઈ જાય અથવા મરી જાય ! આ બીજ થોડાક પાણી સાથે ઘસીને વીંછીના ડંખ પર લગાડી દેશો તો બધું ઝેર ચૂસી લેશે. પછી આપોઆપ ઊખડી જશે. અને એક બીજ તમે અનેક વખત વાપરી શકશો. હા, વીંછીનું ઝેર ઊતરી ગયા પછી માણસનું શરીર ઠંડામાંથી ગરમ થઈ જતું હોય છે. એ વખતે આવતો તાવ પછી એકાદ દિવસ રહેશે, પરંતુ ઝેર તો સંપૂર્ણપણે ઊતરી જશે !'

એણે વાત પૂરી કરી એ જ વખતે ગધેડા લઈ પેલો પૂરા ચહેરા પર કપડું ઢાંકેલો માણસ સ્ટેશનની બહાર આવી પહોંચ્યો. દરવાજા પાસે આવી એણે ચહેરા પરથી કપડું હટાવી લીધું. અમને એ માણસ સામાન્ય ઈજિપ્શિયન જેવો જ લાગ્યો. તો શું આ માણસ અમારો પીછો કરી રહ્યો હતો ? અમે ગૂંચવાતા હતા.

'તમારામાંથી મિ. ડીક કોણ છે ?' એ જોરથી બોલ્યો.

અમે બધા સ્તબ્ધ થઈ ગયા. એ માણસ, જે અમારા માટે સાવ જ અજાણ્યો હતો અને બિલકુલ અજાણ્યા પ્રદેશનો હતો એ મારું નામ કઈ રીતે જાણે ? આશ્ચર્ય અને આઘાતથી અમે કંઈ બોલી ન શક્યા.

'અરે ભાઈ ! તમે સૌ પૂતળા જેવા કેમ બની ગયા છો ? તમે મને એટલું કહી શકશો કે તમારામાંથી કોઈનું નામ ડીક છે કે નહીં ?' એ જરાક અકળાઈને બોલ્યો.

'તો શું તમે જ અમારો પીછો કરતા હતા ? છેક સુએઝ બંદરથી તમે જ અમારી પાછળ આવતા હતા ?' પોલ બોલ્યો.

'સુએઝ બંદર ? પીછો ? તમે લોકો આ શું કહો છો તે મારી તો સમજણમાં જ નથી આવતું.' એ હવે બરાબરનો અકળાયો હતો, 'જુઓ ભાઈ હું તો અલ-અમર્નાથી બહાર ક્યાંય કોઈ દિવસ ગયો જ નથી. રોજ અહીં આવતા રડ્યા-ખડ્યા મુસાફરો માટે ગધેડા લાવવા અને ફેરી કરવી એ મારું કામ છે. બીજું હું કોઈનો પીછો શું કામ કરું એ મને જ સમજાતું નથી. અને હા, આ તો આજે વહેલી સવારે ચહેરા પર બુકાની જેવું કપડું વીંટાળેલ એક માણસ મારી પાસે આવ્યો હતો. એણે કહેલું કે તમે આઠેક જણ ગઈકાલ સાંજથી આ સ્ટેશન પર આવી ગયા છો અને ગધેડાની સવારી માટે રાહ જુઓ છો. એટલે એના કહેવાથી હું આવ્યો છું. નહીંતર સાંજ પહેલા હું ક્યારેય સ્ટેશન પર આવતો નથી !'

'એ બુકાની બાંધેલ માણસે તમને મારું નામ દઈને અહીં મોકલ્યા ? હું જ છું ડીક ! એમણે તમને બીજું શું કહ્યું ?' મેં પૂછ્યું.

'બીજું કંઈ નહીં ! બસ આટલું જ. તમે એટલે કે ડીક અને તમારા બીજા સાત સાથીઓ સ્ટેશન પર ગઈકાલથી ગધેડાની સવારી માટે રાહ જોઈ રહ્યા છો એવું એણે કહ્યું. અરે એણે તો મને આઠ પાઉન્ડ પણ આપી દીધા છે ! બાકીના આઠ પાઉન્ડ મારે તમને અલ-અમર્ના ઉતાર્યા પછી લેવાના છે.' એ માણસ બોલ્યો. પછી જાણે કે કાંઈક મોટો ભેદ ખોલતો હોય તેમ મારી નજીક આવીને ધીમેથી બોલ્યો, 'મિ. ડીક એક વાત કહું ? મને તો એ માણસ ખૂબ ભેદી અને ખૂંખાર લાગતો હતો. જોકે મેં એનો ચહેરો તો નથી જોયો પણ આંખો પરથી તો એવું જ લાગે ! એણે પોતાનો ચહેરો મારી સાથે વાત કરતી વખતે પણ ઢાંકી રાખ્યો હતો !'

'એમ તો તમે પણ અહીં સુધી આવતી વખતે તમારો ચહેરો એ રીતે જ ઢાંકી રાખેલો હતો ને ?' મારાથી પુછાઈ ગયું.

'અરે તો ગધેડાના પગથી ઊડતી ધૂળથી બચવા માટે ! બાકી હું તો કાંઈ એવું વીંટતો નથી. ચાલો જલદી કરો. સામાન જલદીથી ગધેડા પર લાદી દો. જો થોડી વધારે વાર થશે તો ગરમી ખૂબ વધી જશે !' એ માણસે અમને રણની વિષમતા અંગે સજાગ કરતા કહ્યું.

અમે ફટાફટ અમારો સામાન ગધેડા પર લાદી દીધો. આફ્રિકાના પ્રવાસ દરમિયાન ઓકાપી પર પ્રવાસ કર્યા પછી આજે ગધેડા પર એવી જ સવારી કરી રહ્યા હતા. આના પહેલા ક્યારેય અમે ગધેડા પર સવારી કરી હોય તેવું મને યાદ નથી.

માતાદી આટલાં વરસમાં ખાઈ ખાઈને એટલો જાડો થઈ ગયો હતો કે એનો ગધેડો ચાલવામાં પાછળ રહી જતો હતો. અમે સૌથી મજબૂત ગધેડા પર માતાદીને બેસાડ્યો. આ બધું જોઈને પોલને ખૂબ જ હસવુ આવતું હતું.

'ડીક ! પેલા માણસે આપણા વતી ગધેડાના ભાડાના આઠ પાઉન્ડ આપી દીધા એ વાત મને વિચિત્ર લાગે છે. તારું એ અંગે શું માનવું છે ?' મારી બાજુના ગધેડા પર બેઠેલા માઈકલકાકાએ મને પૂછ્યું.

'કાકા ! મને પણ આ વાત વિચિત્ર લાગે છે. જો એ માણસ આપણા અડધા પૈસા આપી દેતો હોય તો એ આપણને અલ-અમર્નાં બોલાવી રહ્યો છે એવો જ એનો અર્થ થાય. તમારું મન શું કહે છે ?' મેં કહ્યું.

'ડીક ! આપણે કોઈ જાળમાં તો નથી ફસાઈ રહ્યાને ? આમ તો આ ગધેડાવાળો સાદો ગામડિયો જ લાગે છે. એ આપણને ક્યાંય ફસાવી દે તેવું તો નથી જ લાગતું. પણ પેલો બુકાનીવાળો માણસ આપણને શું કામ મદદ કરી રહ્યો છે એ નથી સમજાતું.' માઈકલકાકા બોલ્યા.

'કાકા ! હવે તો જે હોય તે અને જે થાય તે ! અત્યારે તો અલ-અમર્નાં પહોંચી જઈએ.' હું બોલ્યો.

'હા ડીક ! એ બરાબર છે.' કાકાએ ગધેડા પર બેઠાં બેઠાં જ હોકલી સળગાવી.

ગધેડાવાળો પેલો માણસ વારંવાર ઉપર આકાશ તરફ અને દક્ષિણ-પૂર્વ દિશા તરફ જોયા કરતો હતો. એના ચહેરા પર ઉતાવળના અને થોડીક ચિંતાના ભાવ હતા.

'અરે ભાઈ ! તારું નામ શું છે ?' માઈકલકાકાએ એને પૂછ્યું.

'અબ્દુલ !' ગધેડાવાળાએ જવાબ આપ્યો.

'તું કેમ ચિંતામાં દેખાય છે ? ઉતાવળમાં પણ લાગે છે. તારે બીજી કોઈ જગ્યાએ ફેરી માટે જવાનું છે કે શું ?' કાકાએ પૂછ્યું.

'નહીં તો ! બીજે ક્યાંય જવાનું નથી, પરંતુ ફેબ્રુઆરીની શરૂઆતથી જ અહીં ગરમી પડવાનું શરૂ થઈ જાય છે. ઉપરાંત અત્યારે રેતીની ડમરીઓની પણ બીક રહે છે. મોટાભાગની ડમરીઓ રાતા સમુદ્ર તરફના પૂર્વ રણ તરફથી આવે છે. એટલે હું વારંવાર એ તરફ જોઈ રહ્યો છું.' અબ્દુલ બોલ્યો.

અમને પણ એની ઉતાવળ વાજબી લાગી. રણની ડમરીઓ ખૂબ ભયાનક હોય છે એવું મેં ઘણી બધી જગ્યાએ વાંચ્યું હતું. આખે આખા કાફલાઓ દટાઈ જાય એટલી રેતી ઊડે અને થોડી જ વારમાં જમીનનો નકશો બદલાઈ જાય એવી એ ડમરીઓમાં સપડાવું એના કરતા થોડીક વધારે ઝડપ રાખવી સારી.

'અબ્દુલ ! અલ-અમર્નાં નાનકડા શહેર જેવું છે કે પછી ગામડું છે ?' મેં અબ્દુલને પૂછ્યું.

મારો સવાલ સાંભળીને અબ્દુલ ખડખડાટ હસી પડ્યો. પછી બોલ્યો, 'મિ. ડીક ! અલ-અમર્નાં ગામડું પણ નથી અને શહેર પણ નથી !'

'તો પછી ? '

'બસ ! એ થોડાક ખંડેરોનું સ્થળ માત્ર છે. જ્યાં જૂનું અમર્નાં શહેર હતું ત્યાં ગામ છે. જૂના રાજાના ઉત્તર તરફના મહેલો જ્યાં હતા એ ખંડેરો પાસે અમારા

થોડાંક ઘર છે. બસ ! બાકી તો પૂર્વમાં જ્યાં પણ નજર જાય ત્યાં સુધી ફક્ત રેતી જ રેતી છે !' અબ્દુલ બોલ્યો.

'તો પછી ત્યાં મકાનો, દુકાનો વગેરે કાંઈ પણ નથી ?' અમારી આગળના ગધેડા પર બેઠેલો પોલ બોલ્યો.

'નહીં તો ! પીવાનું પાણી પણ અમે દર ત્રીજા દિવસે નાઈલ નદીના એક ફાંટા સુધી જઈ લઈ આવીએ છીએ. પાણી લાવતા પણ એક આખો દિવસ જતો રહે છે.'

'તો પછી તમે એવા રણમાં જીવો છો કઈ રીતે ? ત્યાં શું કામ રહો છો અને ખાવા-પીવાનું શું કરો છો ?' મેં પૂછ્યું. મને અબ્દુલની વાત સાંભળી નવાઈ લાગતી હતી.

'અમારે ખજૂરની મોટી વાડી છે. અમે દસેક કુટુંબના લગભગ ૧૫૦ માણસો બાજુબાજુમાં રહીએ છીએ. ઈજિપ્તમાં મળતી સૌથી સારી ખજૂર અમારે ત્યાં થાય છે. આ ખજૂર પાકે ત્યારે અલ-અમર્નાં સ્ટેશન સુધી અમે લઈ જઈએ. પછી કેરોના વેપારીઓ આવીને ખરીદી જાય છે. બાકીના સમયમાં અમે આ ગધેડાની ફેરી કરીએ !'

'અરે ડીક ! માઈકલકાકા ! જુઓ, જલદી ત્યાં જુઓ !' સૌથી આગળના મજબૂત ગધેડા પર બેઠેલા માતાદીએ બૂમ પાડી.

અમે બધાએ એ દિશા તરફ જોયું. અબ્દુલના ચહેરાના ભાવો ફરી ગયા. એનો શ્વાસ અધ્ધર થઈ ગયો હોય તેવું લાગ્યું. એ આજુબાજુ નજર કરવા લાગ્યો. પછી સાવ ઢીલા અવાજે બોલ્યો, 'આંધી ! રેતીનું તોફાન !'

અમે બધા પણ બેબાકળા બની એની બાજુમાં ઊભા રહી ગયા. કાયમ રણમાં જ વસતો એ માણસ આટલો ગભરાઈ જતો હોય તો અમને ડર લાગે એ તો સાવ સ્વાભાવિક જ હતું.

'અબ્દુલ ! હવે શું કરશું ?' જેકે પૂછ્યું.

'એક કામ કરીએ ! સામે થોરના થોડાક ઝુંડ દેખાય છે. એની પાછળ જતા રહીએ ! તમારી પાસે તંબુ કે એવું કંઈ છે ?' દૂર રહેલ થોરના ઝુંડ તરફ આંગળી ચિંધી એણે કહ્યું.

'તંબુ તો નથી, પરંતુ રણમાં ખુલ્લામાં પણ સૂઈ શકાય તે માટે સૂવાની ખાસ પથારીઓ અમે લીધી છે, ચાલશે ?' મેં પૂછ્યું.

'ચાલશે, હવે જલદી ચાલો ! આટલે દૂર લાગતું એ વાદળ ફક્ત થોડીક જ વારમાં અહીં પહોંચી જશે. જલદી કરો !' લગભગ દોડતા દોડતા જ અબ્દુલ બોલ્યો. એણે નીચે ઊતરી એના ગધેડાની દોરી હાથમાં પકડી લીધી હતી. અમે એને અનુસરીને એની પાછળ દોડતા હતા.

'અને હા ! ગધેડા પર બેસતા નહીં. નીચે ઊતરી એની દોરી કડક હાથે પકડી રાખજો. રણપ્રદેશના ગધેડાને આવી રહેલી આંધીની જાણ થઈ જાય છે. જો

એની દોરી બરાબર નહીં પકડો તો એ ભાગી જશે !' થોરના ઝુંડની પાસે પહોંચતા અબ્દુલે બૂમ પાડી.

અમે બધા થોરની પાછળ ભરાઈ ગયા. ગધેડાની દોરીઓ અમે થોરના ઝુંડના થડ સાથે બાંધી દીધી. પછી સામાનમાંથી સૂવાની બેગ્સ કાઢીને અમે એમાં ભરાઈ ગયા. અબ્દુલે એક ગધેડાને નીચે બેસાડી દીધું પછી એની બાજુમાં પોતાની પાસેના મોટા કપડાથી શરીર ઢાંકીને સૂઈ ગયો. હજુ આટલું જ અમે કરી રહ્યા ત્યાં જ ભયાનક સૂસવાટા સાથે પવન અને રેતીની આંધી આવી પહોંચી. મુલાયમ લાગતી રેતી ફૂંકાતા પવન સાથે ચામડી પર અથડાઈને પીડા ઉત્પન્ન કરતી હતી. આંખો તો ખોલાય એવું હતું જ નહીં. અમે મોં પાસે હાથ ધરીને માંડ શ્વાસ લેતા હતા. અબ્દુલે થોરના ઝુંડની આડશ શોધી હતી એટલે રેતી અમારી પર પથરાતી નહોતી. થોર ન હોત તો અમે ચોક્કસ રેતીના એકાદ ઢગલા નીચે દટાઈ જ ગયા હોત.

રેતીનું એ તોફાન લગભગ એકાદ કલાક ચાલ્યું હશે. પવન પડી ગયો અને ઊડતી રેતી ઓછી થઈ પછી અમે હળવેથી આંખો ખોલી. જોયું તો થોરના ઝુંડની બીજી તરફ રેતીનો થોર જેટલી ઊંચાઈનો ઢગલો થઈ ગયો હતો. ચારે તરફના રણની સિકલ જ બદલાઈ ગઈ હતી. જ્યાં રસ્તો હતો ત્યાં પણ મોટા ઢૂંવા બની ગયા હતા.

કપડાં ખંખેરીને ઊભા થતા અબ્દુલ પણ જાણે રસ્તો શોધી રહ્યો હોય તેમ ડાફોળિયા મારી રહ્યો હતો. ઘડીક એ થોરના ઝુંડ તરફ જોઈ રહ્યો હતો, તો ઘડી વાર પાછળ તેમજ આગળની ક્ષિતિજ તરફ. સૂરજ તરફ જોવાનો હવે અર્થ નહોતો કારણ કે એ તો બરાબર ઉપર આવી ગયો હતો.

'કેમ અબ્દુલ ! રસ્તો ભુલાઈ ગયો ? કે પછી કાંઈ બીજી ચિંતા છે ?' ગધેડાની દોરી છોડતાં માઈકલકાકા બોલ્યા.

'હં...હા !... હેં... બસ એમ જ ! માળું, રસ્તો આટલો બધો તો ક્યારેય નથી બદલાયો, અને જાન્યુઆરી મહિનાની છેલ્લી તારીખોમાં આટલી ખરાબ આંધી પણ ક્યારેય નથી આવતી. આપણે થોર તરફથી પૂર્વમાં જવાનું છે. અને આમેય થોડાક દૂર જઈશું પછી તો પથ્થરનો બનેલો પાકો રસ્તો મળી જશે. એટલે કોઈ જ જાતની ચિંતા નથી. ચાલો, ત્યારે આગળ વધીએ ?' અબ્દુલ બોલ્યો. એની ગેંગેફેંફે પરથી લાગતું હતું કે એને રસ્તાની ખાતરી રહી જ નથી. રેતીના ઢૂંવાઓ એવી વિચિત્ર રીતે ચારે તરફ ગોઠવાઈ ગયા હતા કે જૂનો રસ્તો મળવો બિલકુલ શક્ય નહોતું. છતાં અમારે અબ્દુલની પાછળ ગયા વિના છૂટકો જ નહોતો ! છેલ્લે તો એ અહીંનો વતની હતો !

'ડીક ! માઈકલકાકા ! જુઓ ! જલદી ! જેક હજુ કેમ ઊંધા માથે સૂતો છે ? એને બોલાવું છું તો બોલતો પણ નથી. તમે અહીં આવો !' હેસ્લિંગ બૂમ પાડી ઊઠ્યો.

અમે જોયું તો જેક સાચ્ચે જ રેતીમાં માથું ખૂંપી જાય તેમ પડ્યો હતો. એના હાથમાં ગધેડાની દોરી એમ જ કચકાવીને પકડેલી હતી.

મેં જેકને સીધો કર્યો. એના મોં સામે જોતા જ મારી રાડ ફાટી ગઈ. થોરના મૂળની ખૂબ જ નજીક સૂતેલા જેકના ગાલ પર મોટો વીંછી ચોંટ્યો હતો. જેકના ચહેરાનું વજન આવતા એ અધમૂઓ થઈ ગયો હતો. પણ એનો ડંખ હજુ પણ જેકના ગાલની ચામડીમાં ખૂંચેલો હતો. જેક બેભાન થઈ ગયો હતો. એણે કદાચ બૂમ પાડી હશે, પરંતુ પવનના ભયંકર સૂસવાટાઓમાં અમને એનો અવાજ નહીં સંભળાયો હોય. એની ચહેરાની ચામડી થોડીક ભૂરી પડી ગઈ હતી. માતાદીએ વીંછીને ખેંચીને દૂર ફેંકી દીધો. જેકના હાથની મુઠ્ઠી એટલી જોરથી બંધ થઈ ગઈ હતી કે ગધેડાની દોરી અમારે કાપવી પડી. એના મોંમાંથી ફીણ નીકળી રહ્યા હતા. ગળામાંથી ઘર્...ઘર્... અવાજ આવી રહ્યો હતો.

અમે સૌ થોડી વાર સ્તબ્ધ થઈ ગયા. બપોરના બાર વાગવા આવ્યા હતા. જોરદાર ગરમી લાગતી હતી. એટલા તાપમાં પણ જેકના હાથપગ ઠંડા હતા. સાવ ઠંડા, જાણે કે બરફમાંથી ન કાઢ્યા હોય !

અમે એકબીજા સામે જોયું. હવે શું કરવું ? એ સવાલ દરેકના ચહેરા પર હતો. અમે સૂવા માટેની બેગ્સને થોરના ઝુંડ સાથે બાંધી છાંયા જેવું બનાવ્યું. જેકના મોં પરથી ફીણ લૂછ્યા. બરાબર એ સમયે જ એના મોંમાંથી લોહીનો કોગળો નીકળી ગયો. પોલ રડવા લાગ્યો. અમે પણ ચિંતામાં પડી ગયા. અબ્દુલ આજુબાજુ થોડે સુધી જઈ આવ્યો. રસ્તાની ખાતરી કરવા માટે થોડી રખડપટ્ટી કરીને એ પાછો આવ્યો.

'કેમ અબ્દુલ ! રસ્તો મળી ગયો ?' માઈકલકાકાએ પૂછ્યું.

અબ્દુલ બે ક્ષણ એમ જ ઊભો રહ્યો. પછી એણે માથું હલાવીને ના પાડી. અમે સૌ સ્થિર થઈ ગયા.

૧૦. રસ્તો ભૂલ્યા !

જેકને છાંયામાં સૂવડાવ્યા પછી મારી પાસેના પેલાં બીજ મને યાદ આવ્યા. જે અલ-અમર્ના સ્ટેશનના ચોકીદારે મને આપેલાં. એમાંથી એક બીજને મેં એક નાનકડા પથ્થર પર ઘસીને જેકના ગાલ પર વીંછીના ડંખના નિશાન પર લગાવી દીધું. મેલા સફેદ રંગનું એ બીજ ધીમે ધીમે ભૂરા રંગનું થવા લાગ્યું. જેકના ગાલનો રંગ ફરીથી ગુલાબી થવા માંડ્યો, પરંતુ એના હાથ-પગ ખૂબ જ ઠંડા હતા.

'ઠીક ! જલદી, રેતીમાં જેકના માપનો ખાડો ગાળી નાખીએ. પછી એને માથું બહાર રહે તેમ બાકીનું શરીર રેતીથી ઢાંકી દઈએ ! જલદી કરો !' અબાના બોલ્યો. એ વૈદકશાસ્ત્રનો નિષ્ણાત હતો, પણ રેતીના રણમાં બિચારો સાવ લાચાર હતો. અહીં ભાગ્યે જ કોઈ ઔષધ મળે તેમ હતું. આસપાસ ક્યાંય જંગલ હોત તો એણે થોડીવારમાં જ જેકને સારો કરી નાખ્યો હોત. એ તો સારું હતું કે પેલા ચોકીદારે મને બીજ આપ્યાં હતાં. નહીંતર શું થાત ? અમે ખાડો ગાળી અબાનાની સલાહ પ્રમાણે જેકનું સંપૂર્ણ ધડ રેતીથી ઢાંકી દીધું. ફક્ત એનું માથું જ જમીનથી બહાર રાખ્યું.

અમે સૌ આટલી સારવારથી વિશેષ કશું જ કરી શકીએ તેમ નહોતા. લગભગ બીજો એકાદ કલાક એમ જ પસાર થઈ ગયો. જેકના મોં પર હવે રાહત લાગતી હતી. એનો શ્વાસ પણ બરાબર ચાલતો હતો. જેકના ગાલ પર લાગેલું પેલું બીજ સંપૂર્ણપણે જાંબલી જેવા ભૂરા રંગનું બની ગયું હતું.

તડકો વધતો જતો હતો. અમે સૌ ફક્ત બે-ત્રણ કલાકની મુસાફરીમાં ચાલે તેટલું પાણી લઈને જ નીકળ્યા હતા. અમારી પાસેની બે ચામડાની મશક સાંજ સુધીમાં ખૂટી જાય તેમ હતું. અમે સાચવીને પાણી પીતા હતા. એક ગ્લાસની તરસ લાગી હોય તો બેચાર ઘૂંટડા જ પીતા હતા.

બીજો અડધો કલાક પસાર થયો. જેકના ગાલ પર લાગેલું બીજ અચાનક એની મેળે જ ઊખડી ગયું. મેં સાચવીને એ મારા ખિસ્સામાં પાછું મૂકી દીધું. પેલા ચોકીદારના કહેવા પ્રમાણે એનો અર્થ એવો થાય કે હવે જેકનાં શરીરમાં જરાપણ ઝેર નથી રહ્યું. અને થયું પણ એવું જ ! બીજ ઊખડી ગયા પછી પાંચેક મિનિટમાં જ જેકે આંખ ખોલી. ચારે તરફ જોયું. મારી સામે જોઈને હસ્યો પછી બોલ્યો, 'ઠીક ! રેતીની આંધી જતી રહી ?'

'હા જેક ! મારા ભાઈ ! બધી જ આંધીઓ જતી રહી !' અમે બધા લગભગ એક સાથે બોલી ઊઠ્યા. બધાનો અવાજ ભીનો થઈ ગયો હતો.

'મને ગરમી થાય છે. રેતીમાંથી બહાર કાઢોને ! અને હા ! મને જમણા ગાલ પર થોડોક દુઃખાવો પણ થાય છે.' જેક બોલ્યો.

અબાનાની મંજૂરી પછી અમે એને બહાર કાઢ્યો. હવે એના હાથપગ ઠંડા નહોતા રહ્યા. પણ ધીરે ધીરે ગરમ થઈ રહ્યા હતા. અમે એને પાણી આપ્યું. એને થોડીક રાહત થઈ પછી અમે થોર સાથે બાંધેલી સૂવાની બૅગ્સ છોડી નાખી. બધો સામાન ગધેડાઓ પર ફરીથી વ્યવસ્થિત ગોઠવી અમે લોકોએ ચાલવાની તૈયારી કરી.

આ વખતે અબ્દુલ સૌથી આગળ ચાલે એવું નક્કી થયું. કારણ કે રેતીના તોફાન પછી અલ-અમર્ના જવાનો માર્ગ એ જ બતાવી શકે તેમ હતો. અબ્દુલનો ગધેડો આગળ ચાલ્યો. અમે એની પાછળ ચાલ્યા. આ વખતે અબ્દુલ સવારની જેમ વિશ્વાસથી ચાલતો નહોતો. મને લાગતું હતું કે એ કદાચ રસ્તા અંગે ગૂંચવાઈ રહ્યો હતો. વારંવાર અટકીને પછી એ આગળ-પાછળ તેમજ આજુબાજુ જોઈ લેતો હતો. તડકો પણ એટલો બધો લાગતો હતો કે અમે બધા અકળાઈ ગયા હતા. જેક પણ હવે થોડોક વધારે ઢીલો દેખાતો હતો. કદાચ થોડુંઘણું ઝેર એના શરીરમાં રહી પણ ગયું હોય.

'કેમ અબ્દુલ તું ગૂંચવાતો હોય એવું લાગે છે. અને હવે તો એક કલાકથી વધારે સમય થઈ ગયો. આટલી વારમાં તો આપણે અલ-અમર્ના પહોંચી ગયા હોવા હોઈએ. ક્યાંક ખોટા રસ્તે તો આપણે નથી જઈ રહ્યા ને ? અને મારા ખ્યાલ પ્રમાણે આપણે ઉત્તર પશ્ચિમને બદલે દક્ષિણ તરફ તો નથી જઈ રહ્યા ને ?' માઈકલકાકા બોલ્યા.

અમને બધાને પણ હવે એવું લાગતું હતું કે અબ્દુલ ક્યાંક ગૂંચવાઈ રહ્યો છે. માઈકલકાકાએ પૂછ્યું એટલે અબ્દુલે એનો ગધેડો ઊભો રાખ્યો, આજુબાજુ જોયું. મશકમાંથી થોડું પાણી પી પછી એણે માઈકલકાકા સામે જોઈને કહ્યું, 'માફ કરજો પણ મને એવી બીક છે કે કદાચ આપણે રસ્તો ભૂલી ગયા છીએ !'

અમે બધા એકબીજા સામે જોવા માંડ્યા. અફાટ રણમાં હવે તો અલ-અમર્ના સ્ટેશન કઈ દિશામાં રહી ગયું એનો પણ ખ્યાલ આવે તેમ નહોતું.

'અલ્યા અબ્દુલ ! તું તો રોજ ફેરી કરવા આવતો હોય છે. તું વળી કઈ રીતે રસ્તો ભૂલી જઈ શકે ?' માઈકલકાકાએ અબ્દુલને કહ્યું.

'અં...અં...! મૂળ વાત એમ છે ને કે !' અબ્દુલ અચાનક ગેંગેંફેંફેં કરવા માંડ્યો, 'મિ. માઈકલ વાત એમ છે કે...' એ અટકી ગયો. કદાચ આગળ બોલતા ગભરાતો પણ હોય.

'શું વાત છે ? તું કાંઈક બોલે તો ખબર પડે !' માઈકલકાકા પણ અધીરા થઈ ગયા.

'હાં તો મિ. માઈકલ ! મૂળ વાત એમ છે કે... હું ક્યારેય આ ફેરી માટે આવતો નથી. અને આ ગધેડા પણ મારા નથી !'

'તો ?' અમે બધા એક સાથે બોલી ઊઠ્યા.

'વાત એમ છે કે... અલ-અમર્નામાં ખજૂરની વાડીમાં હું મજૂર છું. મારા માલિકે મને આજે આ ગધેડાને ચરાવવા તેમજ પાણી પીવડાવવા મોકલ્યો એ વખતે મને બુકાનીવાળો પેલો માણસ મળી ગયો. એણે મારા હાથમાં આઠ પાઉન્ડ રોકડા મૂકીને તમને સૌને લેવા આવવાની વાત કરી. એટલે મને થયું કે હમણા બે-ત્રણ કલાકમાં જ પાછો આવી જઈશ. માલિકને તો મારે છેક સાંજે આ ગધેડા સોંપવાના હતા એટલે હું જ નીકળી પડ્યો. નહીંતર માલિકનો એક ખાસ માણસ જ આ કામ કરે છે. હું તો ક્યારેય અલ-અમર્નાની બહાર પણ નથી નીકળ્યો. હવે શું થશે ? જો સાંજે પાંચ વાગ્યા સુધીમાં હું નહીં જાઉં તો માલિક મને ખૂબ ખિજાશે ! ઓ બાપારે ! ...મને વળી ક્યાં વધારે કમાવાનો લોભ લાગ્યો રે...' એટલું કહેતા તો એણે મોટે મોટેથી રડવાનું શરૂ કરી દીધું. અમે માંડ એને છાનો રાખ્યો.

'અબ્દુલ ! એક કામ કર મારા ભાઈ !' માઈકલકાકા બોલ્યા, 'અમે બધા તો સાવ અજાણ્યા છીએ. તું તારું મન કહે એમ આગળ ચાલ. અને હા ! તું કહેતો હતો ને કે ખજૂરની મોટી વાડીમાં તું કામ કરે છે ? તો દૂરથી તારી ખજૂરની વાડી જોઈને તને ખ્યાલ આવી જ જશે ને ?'

માઈકલકાકાની વાત સાંભળી અબ્દુલના ચહેરા પર થોડી શાંતિ દેખાઈ. એને એવું લાગ્યું હશે કે કદાચ એ પોતાની વાડી શોધી કાઢી શકશે. એણે થોડાક જુસ્સા સાથે આગળ ચાલવાનું શરૂ કરી દીધું. અમે બધા એની પાછળ ચાલ્યા. એ વખતે જ મારું ધ્યાન જેક પર પડ્યું. એ એના ગધેડા પર સાવ નમી ગયો હતો. એમ કહીએ કે લગભગ બેભાન જેવો જ થઈ ગયો હતો. હું મારા ગધેડાને થોડો ઝડપથી હાંકીને એની પાસે પહોંચ્યો. નમી પડેલા જેકની આંખો બંધ હતી. મેં એના ગાલ પર હાથ મૂક્યો. એને ઘણો બધો તાવ હતો.

'માઈકલકાકા ! જેકને ખૂબ જ તાવ છે. શું કરીશું ?' મેં પૂછ્યું.

અમે બધા ફરીથી થોડી વાર માટે ઊભા રહી ગયા. કાકાએ જેકને પરાણે ઉઠાડી પાણી પીવડાવ્યું. પછી અમારી પાસે બચેલા પાણીમાંથી થોડુંક લઈ એમાં એક કપડું ભીનું કર્યું. ત્યારબાદ એમણે એ કપડું જેકના શરીર પર તેમજ માથે વીંટાળી દીધું. એનાથી જેકને થોડી રાહત થઈ. એ ભારે આંખોથી અમારી સામે જોઈને હસ્યો.

એ પછી અમે સૌ આગળ ચાલ્યા. દૂરથી ખજૂરનાં ઝુંડ જોઈને અબ્દુલ ખુશ થઈ જતો. પણ નજીક ગયા પછી એ જંગલી ખજૂરનાં ઝુંડ છે એવી ખબર પડતાં જ એ ઢીલો થઈ જતો. હવે એ અમારી સાથે વધારે વાત નહોતો કરતો અને હસતો પણ નહોતો. કદાચ એને શરમ આવતી હશે, અથવા તો માલિકની બીક એને ઢીલો બનાવી દેતી હશે. જે હોય તે, ધીમે ધીમે એ પોતે જ સમજી ગયો હતો કે હવે અમને કોઈની મદદ નહીં મળે તો આ રણમાંથી બહાર નીકળવું એ દિવસોના દિવસો સુધી શક્ય જ નહોતું. અને અમારી પાસે પાણી હવે ફક્ત એકાદ-બે ટંક પીવા મળે એટલું જ બચ્યું હતું. સૂકો નાસ્તો અને ખોરાક અમારા સામાનમાં ઘણા હતાં પરંતુ પાણીનો પ્રશ્ન અમારા મનને મૂંઝવતો હતો.

ધીમે ધીમે અમે સૌ શાંત થઈ ગયા. સાંજ સુધી એમ જ ચાલતા રહ્યા. આંધી પૂરી થયાં પછી અમે લગભગ આઠેક માઈલ જેટલું ચાલ્યા હઈશું. હવે તો ગધેડા પણ ચાલીને અમારો ભાર ઉપાડીને થાકી ગયા હોય એવું લાગતું હતું. વચ્ચે વચ્ચે અમે જેકનું કપડું પાણીથી ભીનું કરી દેતા હતા. અબ્દુલ હવે નીચું જોઈને જ ચાલતો હતો. એના માલિક કદાચ હવે એને અલ-અમર્નામાંથી કાઢી મૂકશે એવી બીક એના મોં પર સ્પષ્ટ દેખાઈ રહી હતી. ગધેડાના ચાલવાનો અવાજ, રણના પવનના સૂસવાટા અને જેકના કણસવા સિવાય આજુબાજુમાં ક્યાંયથી બીજો કોઈ અવાજ સંભળાતો નહોતો.

'મિ. માઈકલ ! ત્યાં જુઓ !' અબ્દુલની પાછળ ચાલી રહેલા માતાદીએ દૂર દક્ષિણ તરફ દેખાઈ રહેલા થોડાક ખંડેરો તરફ ઈશારો કર્યો.

અમે બધા ઊભા રહી ગયા. એ ખંડેરોને બાદ કરતા આજુબાજુ માઈલો સુધી ફક્ત રેતી જ નજરે પડતી હતી. મેં માઈકલકાકા સામે જોયું. કદાચ માઈકલકાકા પણ એ જ વિચારતા હતા જે હું વિચારી રહ્યો હતો. હું કંઈપણ કહું એ પહેલા જ માઈકલકાકા બોલ્યા, 'જુઓ ભાઈઓ ! આ પૂર્વનું રણ, પશ્ચિમમાં આવેલા સહરાના રણ કરતા પણ વધારે ખતરનાક છે. રાત્રે એટલી ઠંડી પડશે કે આપણા બધાના શરીર ઠરી જશે. પેલા ખંડેરોમાં કંઈક આશ્રયસ્થાન મળવાની શક્યતાઓ છે જ ! ઉપરાંત ત્યાંથી પાણી વ્યવસ્થા જો થઈ જશે તો આપણને પાણીની તંગી નહીં રહે. એટલે મારું કહેવું છે કે હવે આપણે આમ દક્ષિણ-પૂર્વમાં જવાને બદલે દક્ષિણ દિશા તરફ આવેલા ખંડેરોમાં પહોંચી જઈએ ! બરાબર છે ?'

અમે બધાએ માથું હલાવીને સંમતિ આપી. દક્ષિણ-પૂર્વ દિશા છોડી અમે સૌ દક્ષિણ તરફ વળ્યા. આ વખતે અબ્દુલ બધાથી પાછળ ચાલતો હતો. બપોરે સૂર્ય નમ્યો ત્યારે એક વાર બરાબર પશ્ચિમ દિશા નક્કી કરી પાછા ફરી જવાની મને ક્ષણ વાર માટે ઈચ્છા થઈ આવેલી. પણ અમે લોકો ખાસ્સા આગળ વધી ચૂક્યા હતા. ઉપરાંત દક્ષિણ તરફ પણ ખાસ્સું ચાલી ચૂક્યા હતા. એટલે સાંજ પહેલા સ્ટેશન પર પાછા ફરવું એ પણ શક્ય નહોતું. એટલે પછી આગળ ચાલતા રહેવું એ જ મને વધારે યોગ્ય લાગેલું. એ ઉપરાંત કદાચ અબ્દુલને રસ્તો મળી પણ જાય એવી આશા પણ હતી જ !

જેકના કણસવાનો અવાજ હવે વધતો જતો હતો. એની આંખો પણ માંડ માંડ ખૂલી રહેતી હતી. એ એના ગધેડા પર બેઠો નહોતો પણ રીતસર નમી જ ગયેલો હતો. અમારી પાસે પૂરતું પાણી ન હોવા છતાં અમે એને વીંટાળેલું કપડું વારંવાર ભીનું કરી રહ્યા હતા. ભીના કપડાને કારણે એનો તાવ સહેજ કાબૂમાં રહેતો હોય એવું લાગતું હતું.

બીજા અર્ધાએક કલાકની મુસાફરી પછી અમે એ ખંડેરો સુધી પહોંચ્યા ત્યારે અંધારું ઘણું જ થઈ ચૂક્યું હતું. એ ખંડેરના પથ્થરો ખાસ્સા ઊંચા હતા. પગથિયાં ચડી અમે ઉપર પહોંચ્યા. ગધેડાઓને છુટ્ટા મૂક્યા જેથી કરીને એ આજુબાજુના છૂટાછવાયા ખજૂરીનાં ઝુંડોમાંથી ચરી શકે. જેકને અમે એ ઊંચા અને વિશાળ ઓટલા

પર સૂવડાવ્યો. એનો તાવ હવે ખૂબ જ વધી ગયો હતો. એ આંખ પણ ખોલી શકતો નહોતો. અમે કંઈ પણ પૂછીએ તો એ ફક્ત અસ્પષ્ટ લવારો જ કરતો હતો.

માતાદી, અબાના અને ફુવાઝીએ ભેગા મળી સાવ અંધારું થઈ જાય એ પહેલા ઝડપથી આજુબાજુના ખજૂરીનાં ઝુંડોમાંથી સૂકાં ડાળખાં વગેરે શોધીને ઢગલો કરી દીધો હતો. એ પછી ત્રણ પથ્થર ગોઠવી એમણે અમારા બધા માટે સાંજની રસોઈ બનાવી. બધાએ ભોજન લીધું, ફક્ત જેક કંઈ ન લઈ શક્યો અને અબ્દુલે પણ સાવ થોડું ખાધું. એની જમવાની ઈચ્છા જ મરી ગઈ હતી ! જમીને અમે સૌ સૂવા પડ્યા. અબ્દુલે ઓટલા ઉપર સૂવાની અનિચ્છા દર્શાવી. એણે કહ્યું કે એ એના એક ગધેડા પર નમીને સૂઈ જશે. અલ-અમર્નામાં એ ઘણી વાર એમ સૂતો હતો. એની વાત પરથી મને લાગતું હતું એ એના ગધેડા ક્યાંક જતા રહેશે તો – એવી બીકના કારણે ગધેડા પર સૂવા માંગતો હતો. જે હોય તે ! એને એમ કરવાની અમે રજા આપી. બાકીના અમે બધાં ઓટલા પર સૂતા.

ઓટલા પર સૂતા સૂતા ઘણા વખતે મેં તારાઓથી મઢેલું ખુલ્લું આકાશ જોયું. બેન્ગ્વુલુ સરોવર પર અમે તરાપા પર પડ્યા પડ્યા આવું દશ્ય જોયેલું. એ પછી આવું આકાશ જોવાનો આ બીજો મોકો મળ્યો હતો. એ અદ્ભુત દશ્ય જોઈને મારું મન આનંદથી ભરાઈ ગયું. તારા અમને મળેલ હીરા જેવા ચમકતા હતા. થાક ખૂબ જ લાગ્યો હતો. મારી આંખ ઘેરાતી હતી. પોપચાં વજનદાર થઈ ગયાં હતાં.

* * *

'હેય ડીક ! હેય રોબર્ટ ! અરે એ હેસ્લિંગ ! જુઓ જુઓ મારું ઓકાપી મારા ગાલ પર પગ રાખીને ઊભું છે. કોઈ એને દૂર કરો ! જલદી !' અચાનક જ જેકે જોરથી બૂમ પાડી. અમે બધા ઊંઘમાંથી સફાળા બેઠા થઈ ગયા. જોયું તો જેકનો તાવ ખૂબ જ વધી ગયો હતો. એ અર્ધ-બેભાન અવસ્થામાં જ બકબક કરી રહ્યો હતો. વીંછીના ડંખ પછી આટલો બધો તાવ ભાગ્યે જ આવે પરંતુ કદાચ આજના દિવસની રઝળપાટ અને તડકો એ બંનેના લીધે એના શરીરમાંથી પાણી ઘટ્યું હશે. જે હોય તે ! હવે એનો તાવ ઉતારવો જ પડે. એ જ વખતે મને યાદ આવ્યું કે હેસ્લિંગના ધૂની વૈદ્યકાકાએ મને સહદેવી નામની એક ભારતીય વનસ્પતિ આપેલી હતી. એનાથી ગમે તેવો તાવ ઊતરી જશે એવું એમણે કહેલું. મેં તરત જ ઓશીકા તરીકે મૂકેલો મારો થેલો ખોલીને એમાંથી સહદેવી વનસ્પતિ બહાર કાઢી.

મેં સહદેવી વનસ્પતિ તો મારા હાથમાં લીધી પણ એનાથી તાવ કઈ રીતે ઉતારવો એની મને ખબર નહોતી. મેં હેસ્લિંગના વૈદ્યકાકાને એ તો નહોતું પૂછ્યું કે આ વનસ્પતિથી તાવ કઈ રીતે ઉતારવો ? અને એ પણ પોતાની ધૂનમાં આવું કંઈપણ કહ્યા વગર જ ચાલતા થઈ ગયેલા. હું મૂંઝાયો.

'માઈકલકાકા ! મારી પાસે તાવ ઉતારવા માટેની આ વનસ્પતિ તો છે. પણ એનાથી તાવ કઈ રીતે ઉતારવો એ મને ખબર નથી, શું કરવું ?' મેં મારી મૂંઝવણ રજૂ કરી.

'જો ડીક ! મોટાભાગની જડીબુટ્ટી કે વનસ્પતિને ઘસીને પીવડાવવાથી એની અસર આવતી હોય છે. આપણે પણ એવું કરી જોઈએ.' માઈકલકાકા બોલ્યા.

મને પણ એમની વાત સાચી લાગી. તાપણાના પ્રકાશમાં સૌથી ચોખ્ખો પથ્થર પસંદ કરી હાથેથી સાફ કર્યો. પાણી માટે મેં પોલને મારા ગધેડા પર બાંધેલી મશક લાવવા કહ્યું. પોલ ઓટલો ઊતરીને નીચે ગયો. બે ક્ષણમાં જ પોલે મોટેથી બૂમ પાડી, 'ડીક ! માઈકલકાકા ! જલદી આવો !'

અમે તાપણાના પ્રકાશની નજીક હોવાથી ઓટલા નીચેનું કંઈપણ દેખાતું નહોતું. અમને ધ્રાસ્કો પડ્યો. અલ-અમર્નાના રણમાં સાપ તેમજ વીંછી પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. જેક તો હજુ વીંછીના ડંખની અસરમાંથી મુક્ત પણ નહોતો થયો. ત્યાં જ પોલે બૂમ પાડી. બધા કૂદકો મારીને નીચે ઊતરી ગયા. સહદેવી વનસ્પતિને જેકની બાજુમાં એનાં ઓઢવાનાં કપડાં નીચે મૂકી હું પણ ભાગ્યો. સફાળા દોડવાથી મારો થેલો મારા જ પગની અડફેટે આવી ગયો. એમાંની બધી જ વસ્તુઓ ઓટલાની પાછળની તરફની રેતી પર વેરવિખેર થઈ ગઈ. પરંતુ એ વખતે એ બધું એકઠું કરવાનો સમય નહોતો.

'શું છે પોલ ? શું થયું ? કાંઈ કરડ્યું ?' મારાથી પુછાઈ ગયું.

'ના ડીક ! કંઈ કરડ્યું નથી અને મને કાંઈ જ થયું નથી.' પોલે કહ્યું.

'તો ? તો પછી તેં બૂમ શું કામ પાડી ?'

'અબ્દુલ તેમજ એના ગધેડા ગાયબ થઈ ગયા છે. પાણીની મશક પણ એમની સાથે જ જતી રહી છે !' પોલે કહ્યું.

અમે સૌ રણની રેતીની જેમ ઠરી ગયા. હવે ? આવતી કાલ સુધી ચાલે તેટલું પાણી અમે માંડ બચાવ્યું હતું. એ પણ જતું રહ્યું. આવતી કાલે શું થશે ? અને મુખ્ય વાત તો એ કે અબ્દુલ ક્યાં જતો રહ્યો હશે ?

અમે થોડેક સુધી આજુબાજુ જોયું, પણ કોઈ ન દેખાયું. વધારે દૂર જવાની અમારી હિંમત નહોતી. સાવ અજાણ્યા રણપ્રદેશમાં રાત્રે ભટકીને કોઈ જાતનું જોખમ લેવું એટલે મોતને આમંત્રણ આપવા જેવું હતું. અમે ઓટલા પર પાછા ફર્યા. હવે જેકનો તાવ શી રીતે ઉતારવો એ અવઢવ થઈ ગઈ. અમારી પાસે પીવાનું પાણી તો હવે એક ઘૂંટડો પણ નહોતું તો પછી દવા કઈ રીતે બનાવવી ?

નિરાશ થઈ મેં જેકના માથે હાથ મૂક્યો. મને ખૂબ જ નવાઈ લાગી ! આનંદથી મારાથી બૂમ જ પડાઈ જાત. જેકનો તાવ સાવ ઊતરી ગયો હતો.



૧૧. જેક ગૂમ થયો

જેક નસકોરાં બોલાવતો હતો.

માઈકલકાકા મારી સામે નવાઈથી જોઈ રહ્યા હતા.

જેકને નિરાંતની ઊંઘમાં સરી ગયેલો જોઈને અમને આનંદ અને આશ્ચર્ય બંને થતાં હતાં. એવું તો શું બન્યું કે જેકને સંપૂર્ણ રાહત થઈ ગઈ ? માઈકલકાકાએ મને આંખોથી આવું શાથી થયું એવું પૂછ્યું. મેં ખભા હલાવીને મને કાંઈ જ ખબર નથી એવું જણાવ્યું.*

'માઈકલકાકા ! તમને શું લાગે છે ? અબ્દુલ શું કામ ભાગી ગયો હશે ?' હેસ્લિંગ બોલ્યો, 'કે પછી એનો પહેલેથી જ ભાગી જવાનો ઈરાદો હશે ? એટલે જ એ આપણા બધાથી દૂર નીચે ગધેડા પર સૂતો હશે ?'

હેસ્લિંગના સવાલથી મારા મનમાં એક સવાલ ઉદ્ભવ્યો. માઈકલકાકા સામે જોઈને હું બોલ્યો, 'કાકા ! કદાચ એવું બને કે પેલા બુકાનીવાળા માણસની જ આ ચાલ હોય ? જુઓ અબ્દુલને મોકલનાર પણ એ જ હતો. એણે જ અબ્દુલને કહી દીધું હોય કે આ બધાને રણપ્રદેશમાં સાવ અજાણી અને દૂરની જગ્યાએ છોડી દેવા અને પછી પાછા આવતા રહેવું. એટલે જ એ સાંજથી જ કંઈ બોલતો પણ નહોતો. નહીંતર રણપ્રદેશનો માણસ આમ એક ડમરીના આવવાથી રસ્તો ભૂલી જાય ?'

અમે બધા વિચારમાં પડી ગયા. આવું જ કાંઈક બન્યું હોઈ શકે તેવો અમને વિશ્વાસ આવતો જતો હતો. ખેર ! જે હોય તે ! રાત ઘણી જ વીતી ચૂકી હતી. આખા દિવસની રઝળપાટ પછીનો થાક હવે સૂઈ જ જવું પડશે તેવું કહી રહ્યો હતો. તાપણું બરાબર તેજ કરી અમે સૂઈ ગયા.

સવારે ઊઠ્યા ત્યારે દિવસ ઘણો ગરમ થઈ ચૂક્યો હતો. તાપણું ઠરીને રાખ થઈ ગયું હતું. રણની અસહ્ય ઠંડીની જગ્યાએ હમણાથી જ થોડીક ગરમી લાગતી હતી. ગરમ પવન પણ ફૂંકાવા લાગ્યો હતો. બપોર થવાને થોડીક જ વાર હતી. પોલ અને માતાદી પાણીની શોધ માટે આજુબાજુ જોઈ આવ્યા, પરંતુ ક્યાંયથી પાણી ન મળ્યું. પાણી વિના રણપ્રદેશની વચ્ચે એકાદ દિવસ કાઢવો એ પણ મોત સામે ઝઝૂમવા બરાબર હોય છે.

'ડીક ! પાણી વિના શું કરીશું ? અને હા ! સવારથી જ ફ્વાઝી કેમ દેખાતો નથી ? હું ઊઠ્યો ત્યારથી જોઈ રહ્યો છું કે ફ્વાઝી ગાયબ છે.' રોબર્ટ બોલ્યો. પછી બધા તરફ ફરીને એણે પૂછ્યું, 'તમે કોઈએ ફ્વાઝીને જોયો છે ?'

* સાદહેતી વનસ્પતિ તાવના દર્દીની બાજુમાં મૂકવાથી પણ અસર કરે છે.

બધાએ માથું ધુણાવીને ના પાડી. અમને સૌને રોબર્ટે કહ્યું ત્યારે જ ખબર પડી કે ફ્વાઝી ક્યાંય દેખાતો નહોતો. ક્યાં ગયો હશે ? એ વિચાર અમને પરેશાન કરે એ પહેલા જ જેકે આંખ ખોલીને પાણી માંગ્યું. અમે એકબીજા સામે જોવા લાગ્યા. પાણી તો બિલકુલ નહોતું. અમે જેકને વાતોએ વળગાડવાની કોશિશ શરૂ કરી.

'ડીક ! હું અને અબાના, અબ્દુલ જે રસ્તે ગયો હશે એનાં પગલાંની દિશા જોઈ આવીએ. પછી આપણે પણ એ તરફ ચાલવાનું શરૂ કરી દઈએ. જો એમનાં પગલાંના બરાબર નિશાન મળી જાય તો એ જ રસ્તે જરૂર અલ-અમર્ના પહોંચી જવાશે.' હેસ્લિંગ બોલ્યો. અબાના અને એ ગધેડાઓનાં પગલાં જોઈ ચાલવા લાગ્યા. થોડી વારમાં જ એ બંને પાછા ફર્યા.

'કેમ શું થયું ?' મેં પૂછ્યું.

'ડીક ! રણમાં વહેલી સવારથી જ ફૂંકાતા પવને રણને જાણે કે એના પર કોઈ ચાલ્યું જ નથી એવું બનાવી નાખ્યું છે. આમેય હવે સૂરજ ઉપર આવી ગયો છે. પવને પણ જોર પકડી લીધું છે. અહીં ખંડેરોની આડશ હોવાના કારણે રેતીમાં પગલાંની છાપ સચવાઈ રહી છે. બીજું થોડેક દૂર જતાં પથરાળ જમીન આવે છે. જે થોડાક માઈલ સુધી ફેલાયેલી છે. ત્યાં સુધી માંડ માંડ અમે ગયા. એ પછી ગધેડાનાં પગલાંની છાપ ન મળી શકી !' પોલ બોલ્યો.

'અરે ડીક ! તારો થેલો અહીં ખંડેરની પાછળ નીચે કેમ પડ્યો છે ? અને આટલી બધી જાડી લાકડીઓ તારા થેલામાં રાખીને તું શું કામ ફરે છે ?' ખંડેરની પાછળની તરફથી આવી પહોંચેલા ફ્વાઝીએ કહ્યું.

હું ચમક્યો. મારા થેલામાં તો મેં લાકડીઓ લીધી નહોતી. તો આટલી બધી લાકડીઓ મારા થેલામાં આવી કઈ રીતે. હા, મારો થેલો રાત્રે ખંડેરની પાછળ પડી ગયો હતો એ સાચું. રાત હોવાથી હું ખંડેરની પાછળનાં અંધારામાં વસ્તુઓ શોધવા નહોતો માંગતો એટલે મેં એ બધું એમ જ પડ્યું રહેવા દીધેલું. પણ લાકડીઓ એમાં કઈ રીતે આવી ? હું દોડતો નીચે ઊતરીને ખંડેરની પાછળના ભાગમાં પહોંચ્યો. જોયું તો મારા થેલાનો સામાન વેરવિખેર પડ્યો હતો. ત્રીસેક જેટલી જાડી અને એકાદ ફૂટ લાંબી લાકડીઓ પડી હતી. મેં એક લાકડી ઉપાડીને મારા હાથમા લીધી. મને એ વજનદાર અને ભારે લાગી. 'પાણી !' હું બૂમ પાડી ઊઠ્યો. આ તો હેસ્લિંગના ધૂની વૈદ્યકાકાએ આપેલી વનસ્પતિ હતી ! જે રણપ્રદેશમાં રાત્રે જમીન પર મૂકી દેવાથી રાત્રિ-ભેજનું એક એક ટીપું શોષી લઈ શકે. હું જેકના તાવની ચિંતામાં એ ભૂલી ગયો હતો તો કુદરતી રીતે જ થેલો ખૂલી જવાથી એ રેતી પર પથરાઈ ગઈ હતી ! મારા આનંદનો પાર ન રહ્યો.

'ફ્વાઝી ! જલદી ! આપણી ખાલી મશક લઈ આવ !' હું એકદમ ખુશીમાં આવી ગયો હતો.

ફ્વાઝી તેમજ પોલ ખાલી મશક લઈને નીચે આવ્યા. ધ્યાનથી હું એક પછી એક મૂળિયું ઉઠાવીને મશકમાં રાખી દબાવતો ગયો. એક મૂળિયામાંથી લગભગ

એકાદ ગ્લાસથી સહેજ ઓછું પાણી નીકળતું હતું. અમારી અડધી મશક ભરાઈ જાય એટલું પાણી મળી ગયું, અને એ પણ એકદમ શુદ્ધ ! અમારો એક દિવસ હવે આટલા પાણીનો મદદથી આરામથી નીકળી જાય તેમ હતું. અમારા સૌના ચહેરા પર આનંદ છવાઈ ગયો. રણમાં પાણી વગર તરફડીને મરવું પડે એવી દહેશત વચ્ચે આટલું બધું પાણી મળી આવે તેને અમે લોકો એક ચમત્કારથી જરા પણ ઓછું નહોતા માનતા ! ધૂની વૈદ્યકાકાના એ ઉપકાર બદલ અમે સૌ હેસ્લિંગને ભેટી પડ્યા ! એમની કેવી દૂરંદેશી કે રણપ્રદેશમાં ઉપયોગમાં આવી શકે એવી જ વનસ્પતિ અમને આપી ! મેં થેલાની બીજી વસ્તુઓ સાથે આ મૂળિયા પણ બરાબર જાળવીને લઈ લીધા.

સૌ પહેલા અમે જેકને પાણી પીવડાવ્યું. પછી ફ્વાઝી સામે જોઈ મેં પૂછ્યું, 'અલ્યા ફ્વાઝી ! તું સવારનો ક્યાં ગૂમ થઈ ગયો હતો ? આ બપોર થયા ત્યાં સુધી શું આજુબાજુ ક્યાંય રખડવા ગયો હતો ? લગભગ ત્રણેક કલાકથી તું ગાયબ હતો !'

'અરે હા ડીક ! આ પાણી મળી ગયું એની ખુશીમાં એક અન્ય વાત કરવાનું તો હું ભૂલી જ ગયો ! સવારે વહેલો ઊઠીને હું આજુબાજુના ખંડેરો જોવા ગયો હતો. તને તો ખબર છે ને કે મને અક્કાડીન ક્યુનિફોર્મ ભાષા આવડે છે ? હું આજુબાજુના ખંડેરોના હાયરોગ્લાઈફિક્સ (પ્રાચીન ઈજિપ્તની લિપી) વાંચી રહ્યો હતો ત્યારે જ મને એવું લાગ્યું કે કદાચ આપણે ભૂલા નથી પડ્યા, પરંતુ સાચા અલ-અમર્નાના ખંડેરો પર બેઠા છીએ !' ફ્વાઝી બોલ્યો.

'શું વાત કરે છે ? તો પછી અબ્દુલવાળું અલ-અમર્ના ?' મારાથી પુછાઈ ગયું.

'કદાચ ઉત્તરના મહેલોથી થોડાક માઈલ પશ્ચિમમાં બનેલા ખંડેરોને લોકોએ અલ-અમર્ના નામ આપી દીધું હોય એવું બની શકે. બાકી, હું આ બાબતમાં ખોટો તો ન જ હોઉં, જુઓ આ સાબિતી !' ફ્વાઝીએ એના હાથમાં પકડી રાખેલ એક લંબચોરસ પથ્થરની ઈંટ જેવું કાંઈક બતાવ્યું.

'એ શું છે ? તારી વાતની સાબિતી આને કઈ રીતે ગણવાની ?' નવાઈ સાથે મેં પૂછ્યું.

'આ તાલાટાટ છે !' ફ્વાઝી બોલ્યો. મારા ચહેરા પર મૂંઝવણ જોઈ એ હસી પડ્યો, પછી આગળ બોલ્યો, 'તાલાટાટ એટલે કોઈ પણ જાતની ઈમારત બનાવવા માટેની એક ખાસ ઈંટ ! અખેનાતન રાજાના વખતમાં અલ-અમર્નાની લગભગ બધી જ ઈમારત બાંધવા માટે આનો ઉપયોગ થયેલો. એ વખતે આ દરેક ઈંટ પર કંઈ ને કંઈ લખવામાં આવતું. અખેનાતનના વખતની બધી જ વાત આ નાનાં-નાનાં ચોસલાંઓ પર લખાયેલી છે. અને હા ! આ તાલાટાટ મળવી ખૂબ જ નસીબની વાત છે. હું પ્રથમ વખત અલ-અમર્ના આવ્યો ત્યારે મને અબીરા મળેલો. હકીકતમાં હું એ વખતે પણ મ્યુઝિયમ માટે એકાદ તાલાટાટ મળી જાય તો શોધવા માટે જ અલ-અમર્ના આવેલો. પરંતુ તે દિવસે હું પેલા અબ્દુલવાળા અલ-અમર્ના પહોંચી ગયેલો, એટલે એકપણ તાલાટાટ મેળવી શક્યો નહીં.'

'એટલે ? ફ્વાઝી, તારા કહેવા પ્રમાણે તને અબીરા અબ્દુલના ગામમાં મળેલો. એનો અર્થ એવો જ કરવાનોને કે અબીરા અહીં નહીં મળે ? તો પછી આપણે વહેલી તકે અબ્દુલવાળા અલ-અમર્ના તરફ ગમે તેમ કરીને મુસાફરી કરવી જોઈએ. આપણે સાચું અલ-અમર્ના શોધવા માટે નહીં પરંતુ અબીરાને શોધવા માટે આવ્યા છીએ.' પોલ બોલી ઊઠ્યો.

અમને પણ પોલની વાત સાચી લાગી. અમારે જે દિશામાં અબ્દુલ અને તેના ગધેડા ગયા હતા એ દિશા પકડીને ચાલવાનું શરૂ કરી દેવું જોઈએ. ભલે અમને પછી એમના પગલાનો સહારો ન મળે પરંતુ એ દિશા તો પકડી રાખી શકાય. થોડીક મથામણના અંતે અમે પાછા ફરવાનું નક્કી કર્યું. અમારો પાણીનો પ્રશ્ન હલ થઈ ગયો હતો એટલે હવે રણની મુસાફરીનો પણ જરાય વાંધો નહોતો. પરંતુ ફ્વાઝી અમને જવાની ના પાડતો હતો. એનો આગ્રહ હતો કે એક વાર અમે અહીંના ખંડેરો ધ્યાનથી જોઈ લઈએ. એ આટલાં વરસથી ઈજિપ્ત મ્યુઝિયમમાં હોવા છતાં પૂર્વ રણમાં અલ-અમર્નાનાં ખંડેરો અને તાલાટાટ વિશે પ્રથમ વખત જ જાણી રહ્યો હતો. પરંતુ અમને એ બધામાં કોઈ જ રસ નહોતો.

'ડીક ! રોબર્ટ ! મિ. માઈકલ, મહેરબાની કરીને આજ સાંજ સુધી રોકાઈ જાવ. મારું મન કહે છે કે આપણે લોકો ઈજિપ્તના ઈતિહાસના એક એવા ખંડેર પર ઊભા છીએ જે ભવિષ્યમાં નવો જ ઈતિહાસ બની જશે. કાલ સવારે આપણે ચોક્કસ નીકળી જઈશું. આજ સાંજ સુધીમાં આપણે આ ચારથી પાંચ માઈલમાં પથરાયેલા ખંડેરો જોઈ નાખીએ. આમેય જેકની તબિયત આજના દિવસમાં રણની મુસાફરી કરી શકે એટલી સારી નથી જ. એ નાહક વધારે માંદો પડી જશે. એ કરતા એને આજનો દિવસ આરામ પણ થઈ શકશે. સાચું ને અબાના ?' એણે અબાનાને પૂછ્યું.

અમે બધાએ અબાના સામે જોયું. એણે પણ ફ્વાઝીની વાત બરાબર હોય તેમ માથું ધુણાવ્યું. ઘડીક તો અમને બાકીના બધાને થયું કે અબાના ફ્વાઝીનો પિતરાઈ થતો હોવાના કારણે તો એની વાતમાં સંમતિ નથી આપતો ને ? પરંતુ જેકનો ધીમો કણસવાનો અવાજ આવતા જ અમે ચૂપ થઈ ગયા. જેકને આજે તાવ નહોતો પરંતુ એ ઢીલો તો જરૂર પડી ગયો હતો. અમે લોકોએ અબાનાને જેક પાસે બેસાડી ખંડેરો જોવા જવાનું નક્કી કર્યું.

તડકો વધતો જતો હતો. અમારે બને એટલું જલદી રવાના થવું એવું નક્કી થયું. અમે પાણી સંગ્રહ કરતા મૂળિયાં અબાનાને આપી દીધાં. કદાચ એ સાંજે અમે ન આવી શકીએ તો એ લોકો પાણી એકઠું કરી શકે. અમે અમારી પાસેની નાની મશકમાં થોડુંક પાણી ભરી લીધું. અબાના તથા જેક પાસે વધારે પાણી રહેવા દીધું. અને આમેય જેકને વારંવાર પાણી પીવડાવ્યાં કરવું એ એની તબિયત જોતા જરૂરી પણ હતું.

અમે લોકો ચાલતા થયા. હજુ માંડ બે માઈલ જેટલા દૂર ગયા હઈશું ત્યાં જ પાછળથી અબાનાની બૂમ સંભળાઈ. એ અમને ઊભા રહેવા કહેતો હોય તેમ લાગ્યું. અમે ઊભા રહી ગયા. અમને ધ્રાસ્કો પડ્યો. જેકને કાંઈ થયું હશે ? એનો તાવ વધી ગયો હશે ? કેટલાયે વિચારો અમારા મનમાં દોડવા લાગ્યા. અમે અબાનાની સામે દોડવાનું શરૂ કર્યું. અમારી પાસે પહોંચતા જ અબાના ફસડાઈ પડ્યો.

'શું થયું અબાના ? કેમ અચાનક તારે અમારી પાછળ દોડતા આવવું પડ્યું ? શું જેકને કાંઈ થઈ ગયું ?' મેં બે-ત્રણ પ્રશ્નો એકસાથે પૂછી નાખ્યા.

આટલે સુધી ઝડપથી દોડવાના કારણે અબાનાને બરાબરનો શ્વાસ ચડી ગયો હતો. એ બોલી શકે એવી એની પરિસ્થિતિ જ નહોતી. એણે ફક્ત માથું હલાવીને હા પાડી. એનો અર્થ એવો જ કે નક્કી જેકને કાંઈક થઈ ગયું છે.

'જેકને તાવ વધી ગયો છે ?' હેસ્લિંગ બોલ્યો.

અબાનાએ માથું હલાવીને ના પાડી.

'તો ? એને લોહીની ઊલટી કે એવું કાંઈ ?...' હું એથી વધારે ખરાબ ધારણા કરવા નહોતો માંગતો.

'નહીં ડીક ! એવું કાંઈ નથી !' અબાના હાંફતા હાંફતા બોલ્યો.

'તો પછી ? છે શું એ કહેને ?' મારાથી સહેજ અધિરાઈથી બોલાઈ ગયું.

'જેક ગૂમ થઈ ગયો છે !' અબાના બોલ્યો.

અમારા પર જાણે વીજળી પડી ! માન્યામાં ન આવે એવી આ વાત હતી. હજુ અમારામાંથી એકાદ જણ ગૂમ થઈ જાય તો સમજી શકાય તેવી વાત હતી, પણ ખંડેરના ઓટલા પર સૂતેલો જેક કઈ રીતે ગૂમ થઈ જાય ?

'અબાના, તું સાચું બોલે છે ને ? તારી કહેવામાં કાંઈ ભૂલ તો નથી થતી ને ? ફરી વખત કહે તો.' મેં કહ્યું.

'ના ડીક ! મારી ભૂલ નથી થતી.' હવે અબાના બરાબર સ્વસ્થ થઈને બોલી શકતો હતો, 'જેક ખરેખર ગૂમ થઈ ગયો છે. મને પહેલા થોડુંક પાણી પીવા આપો !'

અબાનાએ થોડું પાણી પીધું. બરાબર સ્વસ્થ થયો પછી બોલ્યો, 'તમે લોકો ચાલતા થયા પછી જેક ઊભો થયો અને ખંડેરના ઓટલા પરથી ઊતરી આજુબાજુ ધીમે ધીમે આંટા મારતો હતો. આજે એને ઘણું જ સારું લાગતું હતું. કદાચ આપણે લોકોને અબ્દુલવાળા અલ-અમર્ના પાછા જવાનું થાય તો ગધેડાનાં પગલાંના નિશાન કામ લાગે તેવો મને વિચાર આવ્યો. એટલે હું જેકને દૂર ન જવું તેવી સલાહ આપીને પેલી પથરાળ જમીન તરફ જોવા ગયો. પાછો ફર્યો ત્યારે જેક ત્યાં નહોતો. મેં એના નામની ઘણી જ બૂમો પાડી અને આજુબાજુ પણ જોઈ આવ્યો, પરંતુ જેક ક્યાંય ન દેખાયો એટલે હું દોડતો તમારી પાછળ આવ્યો !'

અમે થોડી વાર એમ જ વિચારતા ઊભા રહ્યા. પછી ખંડેરના ઓટલા તરફ પાછા ફર્યા. વળતી વખતે બધા ચૂપ હતા. ફક્ત પોલ થોડી વાર પછી બોલી ઊઠ્યો, 'અબાના ! તેં કદાચ બરાબર જોયું જ નહીં હોય ! જેક ત્યાં જ હશે !'

અમને બધાને પોલનું એ વાક્ય ગમી ગયું. અમારું મન પણ એમ જ ઈચ્છતું હતું કે જેક ત્યાં જ હોય. અમે બની શકે તેટલી ઝડપથી દોડતા હતા. તડકો વધારે તેજ બન્યો હતો એટલે પરસેવો થતો હતો અને ગળે શોષ પણ પડતો હતો.

ઝડપભેર અમે ખંડેર પાસે પહોંચ્યા. જોયું તો ઓટલા પર કોઈ નહોતું. આજુબાજુ પણ ક્યાંય કોઈ નહોતું.

જેક ખરેખર ગાયબ થઈ ગયો હતો !



૧૨. માતાદી પણ ગાયબ થયો !

દોડવાના કારણે અમે બધા ખૂબ થાકી ગયા હતા.

ઓટલા પર બેસી અમે સૌએ થોડું થોડું પાણી પીધું. ત્યારબાદ આખું રણ ગાજી ઊઠે એવી રીતે અમે જેકના નામની બૂમો પાડી, પરંતુ વ્યર્થ. રણમાં તો પડઘા પણ ન પડ્યા. અમે એકબીજા સામે જોવા લાગ્યા. શું બોલવું એ પણ નહોતું સૂઝતું.

'માઈકલકાકા ! જેક ક્યાં જતો રહ્યો હશે ?' રડમસ અવાજે પોલે પૂછ્યું.

'કેમ કહી શકાય પોલ ! આપણે હજુ થોડે દૂર સુધી જોઈ આવીએ. અત્યંત નબળાઈના કારણે કદાચ આજુબાજુના રેતીના એકાદ ઢૂંવા પાછળ પડીને બેભાન થઈ ગયો હોય તો આપણને ખબર પણ ન પડે. થોડે દૂર પેલું ખજૂરીનું ઝુંડ છે એની પાછળ પણ જોઈ આવીએ. ચાલો, બધા ઊઠો. દરેક જણ જુદી જુદી દિશામાં તપાસ શરૂ કરી દો. હા ! આ ખંડેર અને ઓટલો દેખાય એટલા દૂર જ જવાનું. એનાથી વધારે દૂર નહીં, બરાબર ?' માઈકલકાકા બોલ્યા.

અમે સૌ સંમત થયા પછી જેકની શોધમાં નીકળી પડ્યા. સૂરજ નમવા આવ્યો ત્યાં સુધી અમે સૌ આજુબાજુના રેતીના ઢૂંવાઓની પાછળ, ખજૂરીઓના ઝુંડમાં તેમજ છૂટક છૂટક દેખાતા ખંડેરોમાં જેકને શોધતા રહ્યા. એ બપોરે કોઈએ ભોજન પણ ન લીધું.

સાંજ પડવા આવી ત્યાં સુધીમાં અમે આજુબાજુનો સારો એવો વિસ્તાર ફેંદી નાખ્યો, પણ જેકનો કોઈ જ પત્તો ન મળ્યો. હવે મને મનોમન ફ્વાઝી પર ખીજ ચડી રહી હતી. એના કહેવાથી જ અમે ખંડેરો જોવા જવાનું નક્કી કરેલું. જો એણે ખંડેરો જોવાનો દુરાગ્રહ ન રાખ્યો હોત તો અત્યારે અમે અબ્દુલવાળા અલ-અમર્ના પહોંચી ગયા હોત અને અબીરા પણ મળી ગયો હોત. પણ એ બધું બોલવાથી ફ્વાઝીને દુઃખ થાય, ઉપરાંત એનો કોઈ ફાયદો પણ નહોતો. એટલે હું કંઈપણ બોલ્યા વિના બધા ઝાંખરાઓ પાછળ જોઈ રહ્યો હતો.

થાકીહારીને લગભગ સાંજના પાંચેક વાગ્યે બધા ઓટલા પર પાછા ફર્યા. દરેકના ચહેરા પર હતાશા છવાઈ ગઈ હતી. આટલા તો અમે લોકો ક્યારેય નિરાશ નહોતા થયા. બોલી શકવાની પણ તાકાત હવે અમારામાં નહોતી રહી. સૂર્યે આથમવાને હજુ એકાદ કલાકની વાર હતી. ફ્વાઝી, અબાના અને માતાદી આજુબાજુનાં ઝાંખરા તેમજ ખજૂરીનાં ઝુંડોમાંથી સૂકાં પાંદડાં તેમજ લાકડાં એકઠાં કરી લાવ્યાં. માતાદીએ ટોસ્ટ સાથે સૂકી માછલીનો સૂપ બનાવી નાખ્યો. સાવ થોડુંક જ ભોજન બનાવેલું તો પણ વધી પડ્યું. આજે અમારામાંથી કોઈને જમવાનો મૂડ

નહોતો. જેમતેમ જમી લીધા પછી અમે ફરીથી થોડે દૂર દેખાતા ખંડેરો વધારે એક વખત જોઈ લેવાનું વિચારી રહ્યા હતા. અચાનક ફ્વાઝી ઊભો થયો. અમે બેઠાં હતા એ ઓટલા પર રાખેલો સામાન ખસેડી એ એક ખૂણામાં મૂકવા મંડ્યો. અમને નવાઈ લાગી. ફ્વાઝી આવી મહેનત શું કામ કરી રહ્યો હતો એ સમજાયું નહીં. ફ્વાઝીએ પોતાના થેલામાંથી એક પથ્થર કાઢ્યો. પછી વાંકો વળીને નીચે ફર્શ પર કોતરાયેલ હાયરોગ્લાયફિક્સ (પ્રાચીન ઈજિપ્તની લિપી) વાંચવા માંડ્યો. થોડી વાર એ નીચે જોતો, ત્યારબાદ એના થેલામાંથી કાઢેલા પથ્થર પર જોઈ લેતો હતો. એની આવી કસરત અમને નવાઈ પમાડતી હતી. અમે બધા એને આવું કરતા જોઈ રહ્યા. થોડી વાર પછી પોલથી ન રહેવાયું એટલે એણે ફ્વાઝીને પૂછી જ લીધું, 'અલ્યા ફ્વાઝી ! આ તું શાની ધમાલ કરી રહ્યો છે ? અને આ તારા હાથમાં પથ્થર શેનો છે ? એના પર તું વારંવાર શું જુએ છે ?'

'પોલ !' ફ્વાઝી વાંકો વાંકો જ બોલ્યો, 'આ રોઝેટા સ્ટોનની નકલ છે. ઈજિપ્તની પ્રાચીન ભાષાનું લેટિન તેમજ ગ્રીક ભાષામાં રૂપાંતર કઈ રીતે કરવું એ આના પર લખેલું છે. ૧૭૯૯ની સાલમાં નેપોલિયનના એક સૈનિકને મૂળ રોઝેટા સ્ટોન મળેલો. ઈજિપ્તનાં ઘણાં રહસ્યો આ રોઝેટા સ્ટોનથી જ ખૂલી શક્યાં છે. હું એની મદદથી આ લિપીના મને ન સમજાતા શબ્દો ઉકેલવાની કોશિશ કરી રહ્યો છું.'

'પણ મારા ભાઈ ! અત્યારે જેકની ચિંતા કરવાને બદલે તું આ બધું લઈને કાં બેઠો ?' મારાથી બોલાઈ ગયું.

પરંતુ એ જાણે સંભળાયું જ ન હોય તેમ ફ્વાઝી એનું કામ કરતો રહ્યો.

ધીરે ધીરે અંધારું વધવા માંડ્યું. મેં યાદ કરીને પેલા પાણી સંગ્રહતા મૂળિયાં રેતીમાં છૂટાં છૂટાં મૂકી દીધાં. અબાનાએ તાપણું સળગાવ્યું. એમાંથી થોડાંક સળગતાં લાકડાં લઈ ફ્વાઝીએ પોતાનું કામ શરૂ રાખ્યું. અચાનક જ ફ્વાઝીને ઓટલા પરનાં લખાણોમાં ખોવાઈ ગયેલો જોઈ અમને હવે થોડીક નવાઈ લાગતી હતી. એ ઊભો થઈને વિશાળ ઓટલાના ચારે ખૂણા પર આવેલા તૂટેલા સ્તંભોને વારંવાર અડકી જોતો હતો. ચારખૂણિયાં એ સ્તંભો વિશાળ હતાં પરંતુ લગભગ સંપૂર્ણપણે તૂટી ગયાં હતાં. એના પર થોડુંઘણું લખાણ જે બચી ગયું હતું એને વાંચવાનો પ્રયાસ ફ્વાઝી કરી રહ્યો હતો. અંધારું વધી ગયું. થાકીને ફ્વાઝી તાપણાની બાજુમાં આવીને લાંબો થઈ સૂઈ ગયો.

આજનો દિવસ અમારા બધા માટે થકવી દે તેવો હતો. અમે થોડા હતાશ પણ થઈ ગયા હતા. જેક ગૂમ થઈ ગયો હતો અને એ ક્યાં ગયો હતો એ પણ સમજાતું નહોતું. આખા દિવસની દોડાદોડી અને રખડપટ્ટીથી અમારા પગ પણ દુઃખતા હતા. અમને કોઈને કંઈ સૂઝતું નહોતું.

આખી મુસાફરીમાં પ્રથમ વખત અમે બધા જાગતાં પડ્યા હતા છતાં કોઈ કંઈ બોલતું નહોતું. એક ફ્વાઝી થોડી-થોડીવારે તાપણાની નજીક જઈ રોઝેટા

સ્ટોનમાંથી કંઈક વાંચવાની કે ઉકેલવાની કોશિશ કરી રહ્યો હતો. ફ્વાઝી આમેય ઈજિપ્તના મ્યુઝિયમનો માણસ હતો એટલે એને ખંડેરો અને પ્રાચીન લિપીમાં ખૂબ રસ હોય તે સમજી શકાય એવું હતું. પરંતુ અમને હવે ફ્વાઝીના સમીસાંજથી ચાલી રહેલા કામમાં વધારે દિલચસ્પી નહોતી રહી. રાતની ઠંડક વધતી જતી હતી. અમે સૂવા માટેની બેગ્સમાં ભરાઈને આડા પડ્યા હતા. પડ્યાં પડ્યાં મને ઊંઘ આવી જ ગઈ હશે કારણ કે અચાનક મને લાગ્યું કે કોઈ મને હલબલાવી રહ્યું છે.

'ડીક ! એય ડીક ! ઊઠ તો ! જલદી ઊભો થા !' ફ્વાઝી મને ઢંઢોળતો હતો.

'અલ્યા ફ્વાઝી ! શું છે ? આમ અડધી રાત્રે તું શું કામ હેરાન કરી રહ્યો છે ? ખૂબ થાક લાગ્યો છે. જા તું પણ સૂઈ જા. બાકીનું સવારે વાંચી લેજે !' મેં અર્ધી ઊંઘમાં જ કહ્યું.

'અરે ડીક ! ઊભો થા જલદી. તું ઊઠ તો ખરો !' ફ્વાઝી ખરા ઝનૂનથી મને ઢંઢોળી રહ્યો હતો.

'તું પણ ફ્વાઝી ! નિરાંતે ઊંઘવા પણ નથી દેતો.' આંખો ચોળતાં હું બોલ્યો, 'બોલ શું છે ?' બેઠાં થતાં મેં પૂછ્યું.

'ડીક ! એક રહસ્ય હાથ લાગ્યું છે.' ફ્વાઝી ધીમેથી બોલ્યો.

'શેનું રહસ્ય ?' બરાબર સ્વસ્થ થતાં હું બોલ્યો.

'ડીક !' મારી એકદમ નજીક બેસતા ફ્વાઝી બોલ્યો, 'આપણે જે જગ્યાએ બેઠાં છીએ એ ગ્રેટ ટેમ્પલ ઑફ આતેન તરીકે ઓળખાતું રાજા અખેનાતનનું બનાવેલું સૂર્યમંદિર છે !'

'ઓહો ! ફ્વાઝી ! એ તો તું સવારે પણ કહી શક્યો હોત. એ બધી પુરાતત્ત્વની વાતો તમારા મ્યુઝિયમવાળાઓને રોમાંચ પમાડે ! અમને નહીં. હવે સૂઈ જા ! સવારે બાકીનું બધું કહેજે !' મેં મારો કંટાળો સ્પષ્ટ વ્યક્ત કર્યો.

'અરે ડીક ! તું સાંભળ તો ખરો ! હું એમ કહું છું કે અહીં લખેલ લખાણો પરથી સ્પષ્ટ થાય છે કે જો આ એ જ સૂર્યમંદિર હોય તો એ રાજા અખેનાતનની રોયલવાડી, નોર્થપેલેસ અને રોયલકબરો સાથે જમીનની નીચેથી જોડાયેલું હશે ! ઉપરાંત આ મંદિર તો છેક થીબીસ (લુક્સર) સાથે પણ જોડાયેલું હતું. એટલે આ મંદિરની નીચે મોટા ખંડો હશે, જે ઈજિપ્તના અઢારમા વંશના શાસન દરમિયાન પૂજાવિધિમાં વપરાતા હતા ! આપણે કદાચ પેલી આંધી પછી દક્ષિણ-પૂર્વમાં અને પછી પૂરેપૂરા દક્ષિણમાં વળી ગયા એટલે અલ-અમર્ના તરીકે ઓળખાતા ગામડામાં પહોંચવાને બદલે પ્રાચીન અલ-અમર્ના શહેરમાં આવી પહોંચ્યા છીએ !'

'એટલે ? તું એમ કહેવા માંગે છે કે આ ઓટલા નીચે કે એની આજુબાજુની જમીનમાં નીચે ક્યાંક એ રસ્તો હોવો જોઈએ ? અને જેક એવા જ કોઈ દરવાજામાં દાખલ થઈ ગયો હોવો જોઈએ ?' હવે મને સમજાયું કે ફ્વાઝી શું કહેવા માંગતો હતો. મારી ઊંઘ સંપૂર્ણપણે ઊડી ગઈ !

'હા ડીક ! એ જ તો હું કહેવા માંગું છું. અને એમ જો ખરેખર હોય તો જેક કોઈક ગુપ્ત દરવાજા દ્વારા આ મંદિરના ભૂગર્ભમાં પહોંચી ગયો હોય એવું બની શકે ! તું માની શકે છે મારી વાત ?'

મને ફ્વાઝીની વાત સાચી લાગી, કારણ કે માંદા જેક માટે વધારે દૂર જવાનું અને થોડીક મિનિટોમાં ક્યાંક ગાયબ થઈ જવાનું શક્ય જ નહોતું. આજુબાજુમાં આંટા મારતા મારતા એનો હાથ કે પગ કોઈક ભેદી કળ પર પડી ગયો હશે. અને એ મંદિરની નીચેની જગ્યામાં પહોંચી ગયો હશે.

મારો બધો જ થાક ક્યાંય ગૂમ થઈ ગયો. મેં મારા સાથીદારોને ઉઠાડીને માંડીને વાત કરી. વાત સાંભળતાની સાથે જ બધાની આંખોમાંથી ઊંઘ અને થાક ગાયબ થઈ ગયા. દરેકને ફ્વાઝીની વાત બરાબર છે એવું લાગતું હતું. એનો અર્થ એ જ કે અમારે હવે એ છૂપો દરવાજો શોધવા માટે લાગી પડવાનું હતું.

અમે સૌએ રાત માટે એકઠાં કરેલાં લાકડાંમાંથી મોટાં મોટાં લાકડાં લઈ બરાબર સળગાવ્યાં. પછી દરેકે આવું મોટું સળગતું લાકડું પોતાના હાથમાં લીધું. ત્યારબાદ ઓટલાની આજુબાજુની દીવાલનો એકે એક ઈંચ અમે ધ્યાનથી જોવાનું શરૂ કર્યું.

સવારના લગભગ ચાર વાગ્યા સુધી અમે ચારે તરફની દીવાલોને બરાબર તપાસી લીધી. અમારામાંથી એક જણ સળગતું લાકડું મશાલની જેમ પકડે અને બીજો દીવાલ પર પથ્થર ઠપકારતો જાય એ રીતે એ વિશાળ ઓટલાની ચારે બાજુ બરાબર જોઈ નાખી. અત્યંત ઠંડી પણ આજ અમને રોકે તેમ નહોતું, કારણ કે ફ્વાઝીની વાત અમને એકદમ બરાબર લાગતી હતી. સવારના પાંચ વાગ્યા. હવે અમારા બધાના શરીર ફરી એક વાર થાકની ફરિયાદ કરવા લાગ્યા હતા. આમ જોઈએ તો લગભગ છેલ્લા વીસેક કલાકથી અમે કોઈએ જરા પણ આરામ નહોતો કર્યો. થાકની સાથે હવે કંટાળો પણ આવતો હતો. ફ્વાઝીની વાત સાચી લાગતી હતી પણ હવે અમારે આગળ શોધ ચલાવતા પહેલા થોડોક આરામ અનિવાર્ય હતો. અમે લોકો ઓટલા પર પાછા ફર્યા. તાપણામાં વધારે લાકડાં-ઝાંખરાં નાખ્યાં. એ પછી થોડીવારમાં જ બધા સૂઈ ગયા.

ઊઠ્યા ત્યારે સૂર્ય ખાસ્સો ઊંચે ચડી ગયો હતો. આગલી રાતે રેતીમાં છૂટા છૂટા મૂકેલાં મૂળિયાં એકઠાં કરીને પાણી કાઢી લીધું. રણમાં આવ્યા પછી પ્રથમ વખત અમે આકાશમાં ગીધ ઊડતાં જોયા. થોડી વાર તો અમારા આઠ-નવ જણ સિવાય અન્ય કોઈ જીવને આ રણમાં જોઈને આનંદ થયો, પરંતુ એ આનંદ ફક્ત બે ક્ષણ જ રહ્યો. એ પછી એક ન સમજાય તેવો ધ્રાસ્કો પડ્યો. ગીધ મોટા ભાગે જ્યાં કોઈ મૃતદેહ પડ્યો હોય ત્યાં જ મંડરાતા હોય છે. તો પછી ગીધના આકાશમાં ઊડવાનો શો અર્થ કરવાનો ? જોકે મારું મન કોઈ પણ અર્થઘટન કરવાની ના પાડતું હતું.

કૉફી પીને અમે ફરીથી કામે લાગ્યા. આ વખતે ફરીથી ઓટલાની પાછળના ભાગમાં આવેલ એકે એક પથ્થરને તપાસવાનું અમે શરૂ કર્યું. ફ્વાઝીએ દરેક પથ્થર

પરનું લખાણ વાંચીને ઉકેલવાની કોશિશ શરૂ કરી. વચ્ચે વચ્ચે એ રોઝેટા સ્ટોન લઈને વાંચવા બેસી જતો હતો. આવી મહેનત અમે બધાએ બપોર સુધી કરી. સૂરજ બરાબર માથા પર આવ્યો. આજે થોડીક વધારે ગરમી હતી.

'ઠીક ! માઈકલકાકા ! મને લાગે છે કે હું ખોટો છું !' ફ્વાઝી બોલ્યો. એ ઓટલાની નીચેની તરફ આવેલ એક પથ્થર ધ્યાનથી વાંચતો હતો.

અમે બધા એની સામે જોઈ રહ્યા.

'જુઓ ! અહીંયા મોટા પથ્થર પર લખ્યું છે કે આ ઓટલો એ ભગવાન આતેનના મંદિરની પહેલા આવતો ઓટલો છે. એનો અર્થ એ થાય કે આ મંદિર નથી ! પરંતુ મંદિર અહીં આજુબાજુમાં ક્યાંક હોવું જોઈએ. ગ્રેટ ટેમ્પલ ઑફ આતેન લગભગ અર્ધા માઈલમાં ફેલાયેલું હતું. એટલે આપણે આ ઓટલાની આજુબાજુ ક્યાંક તપાસ કરવી જોઈએ !' ફ્વાઝી બોલ્યો.

અમને હવે બરાબરની દાઝ ચડી. જો કાલે રાતે જ ફ્વાઝીએ બરાબર વાંચ્યું હોત તો આ ઓટલાને તપાસવાની ગદ્ધામજૂરી તો અમારે ન કરવી પડી હોત ને ! પરંતુ એમાં ફ્વાઝીનો પણ શો વાંક ? એણે તો જેકને શોધી કાઢવા માટે જે રસ્તો પ્રથમ સૂઝ્યો એ બતાવ્યો હતો. એમાં એનો કોઈ ખરાબ આશય તો હતો જ નહીં. એટલે જ અમે કોઈએ એને કાંઈ ન કહ્યું. પરંતુ એની વાતનો સ્વીકાર કરી કઈ દિશામાં તપાસની પહેલ કરવી એ અંગે અમે સૌ વિચારવા લાગ્યા. હવે ચોવીસ કલાક થઈ ગયા હતા. અમને જેકની ચિંતા થતી હતી.

તડકો વધી રહ્યો હતો. ફેબ્રુઆરીની શરૂઆતથી જ રણમાં તડકો તેજ થવા માંડ્યો હતો. ગરમી ઘણી લાગતી હતી. ખુલ્લા ઓટલા પર બેસી રહેવા કરતા ક્યાંક છાંયો મળે તો સારું એવું અમને સૌને લાગતું હતું.

'ઠીક ! ત્યાં થોડે દૂર ખજૂરીનું નાનકડું ઝુંડ છે એની નીચે ભરાઈ જઈએ તો ? આમેય કાલે ત્યાંથી આપણે સૂકાં ડાળખાં અને ઝાંખરાં તાપણું સળગાવવા માટે એકઠાં કરી જ લીધાં છે ! એટલે ત્યાં ઝાંખરાં પણ નહીં નડે !' માતાદી બોલ્યો.

અમને એનું સૂચન યોગ્ય લાગ્યું. અમે સૌ ઊભા થયા. ખજૂરીના ઝુંડ પાસે જઈ મેં ફરી એક વાર આકાશ સામે જોઈ લીધું. પેલા ગીધ હવે ખૂબ દૂર જતા રહ્યા હતા. ખબર નહીં શું કામ, પણ ગીધને જતા રહેલાં જોઈ મને ખૂબ જ શાંતિ થઈ.

ખજૂરીના એ ઝુંડ નીચે ઓટલાના પ્રમાણમાં ઘણી જ ઓછી ગરમી હતી. છાંયડામાં બેસતાં જ સવારથી પ્રથમ વખત રાહતનો અનુભવ થયો. એ આખા જ ઝુંડની વચ્ચે એક મોટી ખજૂરી હતી. એના પર બરાબર તૈયાર થઈ ગયેલ ખજૂરનું ઝૂમખું હતું. બીજી બધી ખજૂર કાચી હતી. આ ઝૂમખું જોઈને માતાદી ઊઠ્યો. અમને પણ ખજૂરમાં રસ પડ્યો હતો. માતાદી બરાબર એ ખજૂરી નીચે જઈને ઊભો રહ્યો. સહેજ કૂદે તો તરત જ એ ઝૂમખું એના હાથમાં આવી જાય તેમ હતું. માતાદીએ એક કૂદકો માર્યો. એના હાથમાં પાકેલ ખજૂરનું ઝૂમખું આવી ગયું.

એ જ વખતે ક...ર...ડ...ડ...ડ ! એવો અવાજ થયો. અમે સૌ અમારી જગ્યાએથી ઊભા થઈ ગયા. માતાદીના પગ પાસેની જમીન ખસી ગઈ. મોટો એક પથ્થર બાજુમાં ખસી ગયો અને એક દાદર જેવો માર્ગ ખુલ્લો થઈ ગયો ! અમને દૂર જ રહેવાનો ઈશારો કરી માતાદી ખજૂરનું ઝૂમખું હાથમાં પકડીને જાળવીને અંદર ઊતર્યો. હજુ અમે કોઈ વધારે નજીક જઈએ એ પહેલાં જ એ માર્ગ એની મેળે બંધ થઈ ગયો. માતાદી જમીનમાં જ રહી ગયો ! કદાચ જેક પણ ગઈકાલે આમ જ જમીનમાં બંધ થઈ ગયો હશે ? અમે એકબીજા સામે જોવા લાગ્યા. હવે શું કરવું ? માતાદીની પાછળ અંદર જવું ? કે માતાદીને બહાર કાઢવો ? આ માર્ગ ક્યાં લઈ જતો હશે ? કદાચ અંદરના દાદર પર એવી કોઈ કળ હોવી જોઈએ જેનાથી વ્યક્તિ ત્યાં સુધી ઊતરે એટલે ઉપરનું દ્વાર એની મેળે જ બંધ થઈ જાય. એ જ કળ દ્વારા બહાર પણ નીકળી શકાય ને ? તો પછી જેક કે માતાદીએ એવી યુક્તિ કેમ ન અજમાવી ? માતાદીએ તરત જ બહાર આવી અમને જણાવવું જોઈએ. કદાચ અંદર અંધકાર જ એટલો હોઈ શકે કે કાંઈ સૂઝે જ નહીં ! ખેર જે હોય તે ! હવે અમારે અંદર જવું કે પછી માતાદી બહાર આવે એટલી વાટ જોવી એની અવઢવમાં અમે લોકો ત્યાં જ ઊભા રહી ગયા.

'ઠીક ! આપણે થોડી વાર રાહ જોઈએ ! માતાદી બહાર આવે એવી વાટ જોઈશું તો આપણા માટે એ વધારે યોગ્ય ગણાશે !' માઈકલકાકા બોલ્યા. અમને એમની વાત યોગ્ય લાગી. અમે બધા થોડી વાર ત્યાં જ બેઠાં.

બે-ત્રણ કલાક એમ જ પસાર થઈ ગયા. એ પછી હવે અમારે કોઈએ અંદર જવું એવું નક્કી કરી હું પાણીની અર્ધી મશક તેમજ થોડોક નાસ્તો તેમજ ટોર્ચ લઈ, બંદૂક ખભે ભરાવીને તૈયાર થયો. બધાને કાંઈ પણ થાય તો તૈયાર રહેવા જણાવી માતાદી કૂદ્યો હતો તે જગ્યાએ પહોંચ્યો. મેં એક... બે... ત્રણ... એમ બેત્રણ કૂદકા માર્યા પરંતુ જમીન ન ખસી ! એ પછી અમે બધાએ પણ કૂદકા મારી જોયા, પરંતુ વ્યર્થ. અમે એ ભાગની જમીન પરની માટી અને રેતી ખસેડી નાખી. પરંતુ નીચેનો પથ્થર ટસનો મસ ન થયો. કેટલાયે હાથી જેટલા વજનનો એ પથ્થર ખસેડવાનું અમારું કોઈનું ગજું નહોતું. અમે ગભરાઈ ગયા. ખૂબ કૂદકા માર્યા તો પણ કાંઈ કરતા કાંઈ ન થયું. થાકી-હારીને અમે ઓટલા પર જઈને બેઠા. કાલે જેક જતો રહ્યો હતો, આજે માતાદી પણ ગયો. અમે થોડા ગમગીન થઈ ગયા. અમને એમ હતું કે ફરીથી અમારામાંથી કોઈ એ જગ્યા પર કૂદકો મારશે તો પેલો પથ્થર હટી જશે અને માતાદીને બહાર કાઢી લઈશું, પણ એવું ન થયું. બિચારો માતાદી ! એ પણ અજાણી જગ્યામાં ફસાઈ ગયો હતો.

સાંજ ધીમે ધીમે રાત બની રહી હતી. ઢીલા ઢફ થઈ ગયેલા અમે સૌ સૂકાં ઝાંખરાં અને લાકડાં એકઠાં કરવા લાગ્યા. ફક્ત ફ્વાઝી હજુ રોઝેટા સ્ટોન લઈને વાંચતો હતો. અમે હવે થોડાક મૂંઝાઈ રહ્યા હતા કે માતાદી ઊતરી ગયો એ પછી પેલો માર્ગ કેમ ન ખૂલ્યો ? શું એનું બીજું કાંઈ રહસ્ય હશે જે અમને ન સમજાતું હોય ? હવે જેક અને માતાદી અંદર શુ કરતા હશે ? પાણી તેમજ ખોરાક વગર

માંદા જેકની શી દશા થઈ હશે ? છેલ્લા ચારેક વરસથી સુવર્ણનો વેપાર કરતો જેક આવી ભોંયરામાં પુરાઈ જવાની યાતના કઈ રીતે સહન કરતો હશે ?

અમે સૌ સૂવા ગયા પરંતુ આજે દરેક જણને ખૂબ જ ચિંતા થઈ રહી હતી. પેલા બંને જણ એ અંધારિયા ભોંયરામાં શું કરતા હશે ? એમના ખાવા-પીવાનું શું થયું હશે ? એ લોકોને કાંઈ થયું તો નહીં હોય ને ? ભોંયરામાં તો સાપ અને વીંછી પણ હોય. બસ ! હું વધારે વિચારો કરવા નહોતો માંગતો, પરંતુ એ બંને જણની ચિંતા મને વિચારો કરવા મજબૂર કરી રહી હતી.

રાત જામતી જતી હતી. તાપણું હોવાને લીધે ઠંડી વધારે નહોતી લાગતી. પરંતુ સૂસવાટા મારતો પવન ક્યારેક સૂવાની બેગ્સની અંદર પણ અમને ધ્રુજાવી દેતો હતો.



૧૩. આતેન દેવના મંદિરમાં

મને ઊંઘ જ નહોતી આવતી. પડ્યો પડ્યો હું પડખા ઘસતો હતો.

ફ્વાઝી આગલી રાતની માફક જ રોઝેટા સ્ટોન લઈને તાપણાના પ્રકાશમાં પેલા તૂટેલા થાંભલાના બાકી રહેલા ભાગ પરનું લખાણ વાંચવા મથામણ કરી રહ્યો હતો. થાંભલા પરનું લખાણ ખૂબ નીચે હોવાના કારણે એ આડો પડીને એ ઉકેલવાની કોશિશ કરતો હતો.

મને વારંવાર એક જ વિચાર આવતો હતો કે : માતાદી કૂદ્યો ત્યારે પેલો પથ્થર ખસી ગયો તો અમારા કૂદવાથી કેમ ન ખસ્યો ? શું એ પથ્થરના ખસવાને અમારા કૂદવા સાથે સંબંધ હતો કે પછી બીજી કોઈ વસ્તુ સાથે ? જો કૂદવા સાથે જ સંબંધ હોય તો અમે કૂદ્યા ત્યારે પણ એ ખસવો જોઈએ. પરંતુ તેવું નહોતું બન્યું. તો પછી ? બીજું શું હોઈ શકે ? ખજૂરની લૂમને અડકવાથી એ ખૂલતું હશે ? કદાચ એવું હોય તો ખજૂરની લૂમ કાયમ એ જ જગ્યાએ થોડી રહી શકે ? અને એવી ચીજને કોઈ ભેદી દ્વારની કળ તરીકે થોડું રાખે ? તો પછી એવું શું હશે ? અને માતાદી બહાર કેમ ન આવી શક્યો ? કોઈએ એને રોક્યો હશે ? કે પછી કંઈ થયું હશે ? એ ક્યાંય પટકાયો હોય એવું પણ બની શકે, કારણ કે જ્યારે પેલો પથ્થર બંધ થવા લાગ્યો ત્યારે એણે બૂમ નહોતી પાડી. નહીંતર તો એ બૂમ પાડે ને ? જેકનું શું થયું હશે ? એ અને માતાદી મળી ગયા હશે ?


આવા તો અનેક વિચારો મને સૂવા દે તેમ નહોતા. હું બેઠો થયો. પાણી પીધું. પાણી પીતા વ્હેંત પેલાં મૂળિયાં યાદ આવી ગયાં. ઓટલાની નીચે ઊતરી હું એ નીચે રેતીમાં એ મૂળિયાં છૂટાં છૂટાં મૂકી આવ્યો. પછી પાછો આવીને ફ્વાઝીની બાજુમાં બેઠો.

'કાં ફ્વાઝી ? કાંઈ મેળ પડે છે ?' મેં પૂછ્યું.

'હા ઠીક ! લાગે છે કે કંઈક મેળ તો પડી જ જશે. જો આ વચ્ચેનો સ્તંભ છે એ ચારેક ફૂટ જેટલો છે અને બાકીના બધા સાવ નીચા છે. પરંતુ મોટા સ્તંભ પરનું લખાણ મને સમજાતું નથી. રોઝેટા સ્ટોન વાપરવો થોડો અઘરો છે. મને જો આ બે સંજ્ઞા સમજાઈ જાય તો આપણે આ આખું લખાણ વાંચી શકીએ. આમ તો આ લખાણ આતેન દેવને અનુલક્ષીને લખાયેલું છે.'


'કેમ ફ્વાઝી, એ તું શાના પરથી કહી શકે કે આ લખાણ આતેનદેવને માટે લખાયું છે ?' મેં પૂછ્યું.

'જો ડીક ! આ રીતે લખેલું લખાણ આતેન શબ્દ બતાવે છે.' ફ્વાઝીએ મને પ્રાચીન ઈજિપ્ત લિપીની સંજ્ઞા બતાવી. જે નીચે મુજબ હતી :



મને રોમાંચ થઈ ગયો અને આટલી તકલીફો અને વિચારો વચ્ચે પણ ફ્વાઝી માટે માન થઈ ગયું. બે રાતથી એ જે મહેનત કરી રહ્યો હતો એની પણ મેં મનોમન પ્રશંસા કરી લીધી. ફ્વાઝી એના કામમાં ખોવાઈ ગયો હતો અને હું એની તરફ ફરીને પડ્યો પડ્યો ઝોકા ખાઈ રહ્યો હતો.

'ડીક ! એ ડીક ! ઊઠ ! મને પેલી બે-ત્રણ નિશાની (સંજ્ઞા) સમજાઈ ગઈ. અને પેલા દ્વારનું ખૂલવાનું રહસ્ય પણ મળી ગયું !' ફ્વાઝીએ મને બરાબર હલબલાવી નાખ્યો. હું આંખો ચોળતો ઊઠ્યો. ફ્વાઝીએ મને પેલા થાંભલા પર કોતરાયેલી લિપી બતાવી.



હું ફ્વાઝીએ બતાવેલ નિશાનીઓ જોઈ રહ્યો. મને એમાં કશી જ ગતાગમ પડતી નહોતી. સાચી રીતે કહું તો આ પહેલા ક્યારેય મેં આવી નિશાનીઓ જોઈ પણ નહોતી. એ નિશાનીઓની આસપાસ પણ ઘણી બધી નિશાનીઓ હતી, પરંતુ આટલી સંજ્ઞાઓ જુદી જ અને મોટા સ્વરૂપમાં ઉપસાવેલી હતી. મને એ નિશાનીઓ જોવાની મજા પડી પરંતુ સમજ કશી જ ન પડી એટલે કંટાળીને મેં કહ્યું, 'અલ્યા

ફ્વાઝી ! આ એકેય નિશાની મારા મગજમાં ઊતરે એમ નથી ! હવે તું જ મને સમજાવ કે તને આમાંથી શું સમજાય છે ? અને આ લખાણ પેલા દ્વારના ખૂલવા માટેનું રહસ્ય કઈ રીતે સમજાવે છે ?'

ફ્વાઝી મારી પાસે આવ્યો. એણે તાપણાનો પ્રકાશ થોડો વધારે તેજ કર્યો. પછી મને કહ્યું, 'જો ડીક ! આ ત્રણ લાઈનની સૌથી ઉપરના ખાનામાં એક, બે અને ત્રણ પક્ષીઓ દોરેલાં છે. જે બતાવે છે કે આ હરોળોને એક, બે અને ત્રીજા ક્રમમાં વાંચવાની છે. પ્રથમ હરોળ કહે છે કેઃ 'બરાબર બપોરના સમયે', બીજી હરોળ કહે છે કેઃ 'ભગવાન આતેનનું દ્વાર' જ્યારે ત્રીજી હરોળ કહે છે કે 'ખૂલશે !' તને સમજાયું ડીક, આનો અર્થ શું થાય ?'

ફ્વાઝીની વાત સાંભળી હું વિચારમાં પડી ગયો. હવે મને આખું જ રહસ્ય સમજાતું જતું હતું. હું ઉત્તેજીત થઈને બોલી ઊઠ્યો, 'ઓ ફ્વાઝી ! આનો અર્થ એવો તો નથી થતો ને કે એ પથ્થર દરરોજ બપોરના બાર વાગ્યે જ ખૂલશે ? કારણ કે જેક બરાબર બપોરના સમયે ગૂમ થયો હતો અને માતાદી પણ એ જ સમયે જમીનમાં જતો રહ્યો ! હંમ્ ... મ્ ...મ્ ...! હવે સમજાયું ! એ પથ્થરને કોઈના કૂદકા મારવા સાથે કોઈ જ સંબંધ નથી ! પરંતુ કોઈ ભેદી રચનાથી એ પથ્થર બરાબર બપોરના બાર વાગ્યે ખૂલી જાય છે.' મને ફ્વાઝી માટે ફરી એક વાર માન થઈ આવ્યું.

'ફ્વાઝી, આપણે માની લઈએ કે એ પથ્થર બપોરના જ ખૂલી જાય છે. પરંતુ એવી રચના શા માટે કરી હશે ?' મેં પૂછ્યું.

'જો ડીક ! રાજા અખેનાતન સૂર્યદેવ એટલે કે આતેનના પૂજારી અને ભક્ત હતા. એમના રાજ્યમાં એમણે કાયદો કરેલો કે રાજા સિવાય આતેન દેવની અન્ય કોઈ વ્યક્તિ પૂજા ન કરી શકે અને ભગવાનને અર્ઘ્ય પણ ન આપી શકે ! પૂજારીઓની એકહથ્થુ સત્તા તોડી પાડવા કદાચ એમણે આમ કર્યું હોઈ શકે. એ જે હોય તે ! પરંતુ એના કારણે બરાબર બપોરે માથા પર આવતા સૂર્યદેવ(આતેન)ને પૂજાવિધિની સામગ્રી તેમજ બલિ ચડાવવા માટે મંદિરના સૌથી ઉપરના ભાગમાંથી એ બહાર આવતા હશે. આતેનનું મંદિર તો ખૂબ જ વિશાળ હતું એટલે એની ટોચના પથ્થરો ખૂબ મોટા હોય એ સ્વાભાવિક હતું. એટલે મારા માનવા પ્રમાણે રોજે રોજ એ પથ્થર બરાબર બપોરે એની મેળે જ ખૂલી જાય એવી રચના કરેલી હશે. પાછા નીચે ઊતરતી વખતે એકાદ પગથિયા નીચે એવી કળ રાખેલી હશે કે પગ અડકતાં કે ફક્ત માણસનું વજન એના પર પડવાથી જ પેલો પથ્થર આપમેળે બંધ થઈ જાય !'

ફ્વાઝીની વાત મારા ગળે ઊતરી ગઈ. હવે અમને બંનેને ઊંઘ આવે તેમ નહોતું. હવે તો ક્યારે બપોર થાય તેની વાટ જોવાની હતી. હું અને ક્વાઝી પડ્યા પડ્યા વાતો કરતા રહ્યા. અમને એમ હતું કે કદાચ સવાર સુધી જાગતા જ રહીશું, પરંતુ એમ છતાં અમને ઊંઘ તો આવી જ ગઈ હશે. કારણ કે માઈકલકાકા મને

ઢંઢોળીને ઉઠાડતા હતા કે, 'ડીક ! ઊઠ ! તું અને ફ્વાઝી બે જ જણ ક્યારના ઊઠતા નથી. બાકી બધા જ ઊઠી ગયા છે.'

હું અને ફ્વાઝી ઊઠ્યા. કૉફી પીને અમે માઈકલકાકા તથા અન્ય સહુને રાતની વાત કરી અને પેલું લખાણ પણ બતાવ્યું. દરેક જણ નવાઈથી અમારી વાત સાંભળી રહ્યું. બસ, હવે ફક્ત બપોર થવાની રાહ જોવાની હતી ! અમે બધાએ અમારો સામાન પેક કરી લીધો. જેક તેમજ માતાદીનો સામાન દરેકે થોડો થોડો વહેંચી લીધો જેથી કોઈ એક જણને વધારે ભાર ન થાય. મેં પેલા મૂળિયાં, તાવ ઉતારતી વનસ્પતિ તથા અન્ય ચીજો સાચવીને લઈ લીધી. મારા સામાનમાં એક લાઈટર હતું તેમજ ગઈ મુસાફરી વખતે સાથે લીધેલા ચકમકના પથ્થરો પણ હતા. કદાચ ભોંયરામાં વધારે પડતું અંધારું હોય તો આ બધી વસ્તુઓ કામ આવે. સૂર્ય માથા પર આવવાને હવે થોડીક જ વાર હતી. હું ઝડપથી ઊભો થઈ આજુબાજુમાં જઈ સૂકાં પાંદડા તેમજ ખજૂરીની સૂકી સળીઓ લઈ આવ્યો. ચકમકના પથ્થરમાંથી ઝરતા તણખા ઝીલવા માટે એ ખૂબ કામ લાગે. એ પછી અમે કઈ રીતે એ પથ્થરમાં દાખલ થવું એ નક્કી કરી લીધું. જો કોઈ બાકી રહી જાય તો એણે એ પછીના દિવસે આવી જવું એ પણ નક્કી થયું. પાણીની ભરેલી મશક છેલ્લી વ્યક્તિ પાસે જ રાખવી. માઈકલકાકા છેલ્લા રહેશે એવી એમની વાત અમે સૌએ સ્વીકારી લીધી.

બપોરના બાર વાગવા આવ્યા. અમે લોકો ખજૂરીના ઝુંડની વચ્ચેની ખુલ્લી જગ્યાની આસપાસ ઊભા રહી ગયા. ફ્વાઝીએ એક સળગતું લાકડું મશાલની જેમ પકડેલું હતું. અમે બધા ખૂબ તેજ પ્રકાશમાં હતા એટલે કદાચ ભોંયરાની અંદર અમારી આંખ ઘડીક કંઈ ન જોઈ શકે એવું પણ બને. એ વખતે આવી મશાલ ખરેખર કામ આવી શકે. અમે એક બીજા સામે જોતા હતા. મોં પર જાણે કે તાળા વાગી ગયા હોય તેમ બધા ચૂપ બની ગયા હતા. જો થોડાક વધારે નજીક ઊભા રહીએ તો એકબીજા હૃદયના ધબકારા સાંભળી શકાય એવી ઝડપથી અને જોરથી અમારાં હૃદય ધબકતાં હતાં. બધાનાં મોં પર ઉચાટ અને થોડીક બીક સ્પષ્ટ દેખાતાં હતાં. એક માઈકલકાકા સૌથી છેલ્લે સાવ શાંત ઊભા હતા.

સૂર્ય બરાબર માથા પર આવ્યો. અમે શાંત બની ગયા. વચ્ચેની ખજૂરીનો પડછાયો બરાબર એના થડ પર પડ્યો. ક...ર...ડ...ડ...ડ ! એવો અવાજ થયો. અમારા હૃદયના ધબકારા ખૂબ ઝડપી બની ગયા. પેલો મોટો પથ્થર એની જગ્યાએથી ખસ્યો. બે જણ એક સાથે ઊતરી શકે એટલી જગ્યા થઈ ગઈ. આખી જ પ્રણાલી એવી સરસ રીતે ગોઠવાયેલી હતી કે પથ્થરના ખસવાની સાથે જ એટલી જમીન ઊંચી થઈ જાય અને બહારની ધૂળ જરા પણ અંદર ન પડે ! કેવું અદ્ભુત ! તો જ નીચેથી દાદરો ચડી રહેલ રાજા અખેનાતન પર ધૂળ કે કચરો નહીં પડતા હોય ને ? આ રચના કરનારની બુદ્ધિ પર મને માન થઈ આવ્યું.

પથ્થર પૂરો ખૂલીને બાજુમાં ગોઠવાઈ ગયો. જમીનમાં બે જણ દાખલ થઈ શકે એટલી જગ્યા થઈ ગઈ. ફ્વાઝીએ અમને સૌને બાજુમાં ઊભા રહેવાનું કહ્યું.

પછી પોતે મશાલ જેવું સળગતું લાકડું હાથમાં લઈ એ જગ્યાની નજીક ગયો. ખુલ્લી થયેલી જગ્યામાં એણે પેલી મશાલ નમાવી, પછી પોતે પણ અંદર જોવા વાંકો વળ્યો. એ વખતે અમે એને પાછળથી પકડી રાખ્યો જેથી ભોંયરાની અંદર જોતી વખતે એનું સંતુલન સચવાઈ રહે. ફ્વાઝીએ થોડી વાર સુધી ધ્યાનથી ભોંયરાનું નિરીક્ષણ કર્યું. પછી એ ઊભો થઈ ગયો. અમારી સામે જોઈ એણે કહ્યું, 'બધા ધ્યાનથી સાંભળો ! નીચે ઊતરવાનો દાદરો એલબાસ્ટરનો બનેલો છે. ફક્ત સાતમું પગથિયું લાકડાનું બનેલું છે. મને લાગે છે કે એ પગથિયા નીચે જ આ પથ્થર બંધ કરવાની કળ હશે ! એના પર પગ પડ્યા પછી પેલો પથ્થર બંધ થઈ જતો હશે. એટલે આપણે જો સાતમા પગથિયાં પર પગ ન મૂકીએ તો આ પથ્થર બંધ નહીં થાય !'

'તો પછી જો કોઈ એ પગથિયા પર પગ ન મૂકે તો એ ખુલ્લો જ રહે ?' પોલે પૂછ્યું. અમારા મનમાં પણ એવો સવાલ ઉદ્ભવેલો.

'ના ! એ હંમેશા ખુલ્લો ન રહે. મને લાગે છે કે એની રચના જ એવી થઈ હશે કે જો કોઈ દાદરો ન ઊતરે તો પણ એ વખતમાં પૂજાવિધિમાં જેટલો સમય વપરાતો હોય એટલો સમય પૂરો થયે એ પથ્થર આપોઆપ બંધ થઈ જ જાય ! રાજા અખેનાતન ઘણી વખત સૂર્ય સાથે વાત કરવામાં કલાકો ગાળતાં. એ વખતે એ પોતે એકલા જ રહેવાનું પસંદ કરતા. એટલે આ પથ્થર એની મેળે બંધ થઈ રાજાને એકાંત આપતો જ હશે.' ફ્વાઝીએ કહ્યું.

'તો પછી રાજા અખેનાતન એને પછી કઈ રીતે ખોલતા હશે ?' પોલે પૂછ્યું.

એના પ્રશ્નની સાથે જ અમારા મનમાં ચમકારો થયો. કદાચ આ પથ્થરને ખોલવાની બીજી કોઈ કળ અહીં આજુબાજુમાં જ ક્યાંક હોવી જોઈએ. એ શોધી કાઢીએ તો આ પથ્થર અમે બહારથી પણ ખોલી શકીએ ! પરંતુ કદાચ હવે એ માટેનો સમય અમારી પાસે નહોતો.

'ડીક ! રોબર્ટ ! પોલ ! ચાલો બધા, ઝડપથી આમાં દાખલ થઈ જાવ. મારી ધારણા પ્રમાણે હવે આપણી પાસે ફક્ત ચાલીસેક મિનિટ જેટલો સમય બચ્યો હોવો જોઈએ. કારણ કે રાજા અખેનાતન લગભગ એકાદ કલાક આતેન દેવ(સૂરજ)ની પૂજા કરતા હતા. એ પછી આ દ્વાર આપોઆપ બંધ થઈ જાય એવી જ રચના હોવી જોઈએ ! હા, અને બધા ખૂબ જ ધ્યાનથી ઊતરજો. સાતમા ક્રમના લાકડાના પગથિયાં પર પગ ન પડી જાય તે જોજો ! નહીંતર આ પથ્થર તરત જ બંધ થઈ જશે. હું અને મિ. માઈકલ સૌથી છેલ્લા ઊતરીએ છીએ !' ફ્વાઝીએ અમને ઝડપ કરવા કહ્યું.

અમે એક પછી એક ધ્યાનથી એ ભોંયરામાં ઊતર્યા. એલબાસ્ટરનાં પગથિયાં અંધારામાં પણ દેખાતાં હતાં. અમારે ફક્ત સાતમા પગથિયાં પર પગ નહોતો મૂકવાનો. બરાબર સાચવીને અમે ઊતરી ગયા, સૌથી છેલ્લે માઈકલકાકા ઊતર્યા.

'તમે સૌ પેલી મશાલ સળગતી જ રાખજો ! હું સાતમા પગથિયા પર પગ મૂકવાનો છું !' માઈકલકાકા છઠ્ઠા પગથિયા પર પહોંચીને બોલ્યા. અમે સૌ ખૂબ નીચેનાં પગથિયાં પર ઊભા ઊભા એમને જોઈ રહ્યા હતા.

ધડકતા હૃદયે અમે મશાલ પકડીને ઊભા રહ્યા. કાકાએ સાતમા પગથિયા પર પગ મૂક્યો. પછી એ આઠમા પગથિયા પર આવ્યા. એ જ સમયે ભોંયરાના મુખ પાસે કોઈ દેખાયું. એક બુકાની બાંધેલો ચહેરો જરાક ડોકાયો. એ વખતે જ પેલો ક...ર...ડ...ડ...ડ એવો અવાજ થયો. અમારી ધારણા પ્રમાણે જ પેલો પથ્થર ઝડપથી બંધ થઈ ગયો. ઉચ્ચાલનની એ અદ્‌ભુત રચના જોઈ મને ૩ હજાર વરસ પહેલાના એ ઈજનેરો માટે માન થઈ ગયું. પથ્થર એટલો ઝડપથી બંધ થઈ ગયો કે ઉપર જવાનો વિચાર પણ ન આવે. સૌથી નવાઈની વાત તો એ હતી કે પ્રથમ છ પગથિયાં પણ બાજુની દીવાલમાં જતા રહ્યા હતા ! કદાચ પથ્થરનું વજન અને દાદરનું વજન એ બંને એકબીજાના આધારે ફરતાં કર્યાં હશે ? એ જે હોય તે ! પરંતુ આ કારણથી જ કદાચ જેક તેમજ માતાદી બહાર નહીં નીકળી શક્યા હોય એવી હવે અમને ખાતરી થઈ ગઈ.

પથ્થર બંધ થતા વ્હેંત ભોંયરામાં થોડી વારમાં અંધારું છવાઈ ગયું. અમે જ્યાં ઊભા હતા ત્યાં જ ઊભા રહી ગયા.

'ડીક એ કોણ હતું ? પેલો બુકાનીવાળો માણસ તો નહોતો ને ?' માઈકલકાકાએ મને પૂછ્યું.

'કાકા ! મને લાગે છે કે કદાચ એ જ હતો ! પણ એ થોડોક મોડો પડ્યો, નહીંતર આજે આપણી મુલાકાત થઈ જાત ! પરંતુ એ કઈ રીતે પહોંચ્યો હશે ? અબ્દુલ એને લાવ્યો હશે ?'

અલ-અમર્ના આમેય ભેદી જગ્યા ગણાય છે. અમને જ્યારથી અલ-અમર્ના આવ્યા હતા ત્યારથી ડગલે ને પગલે આવા વિચિત્ર અનુભવો જ થતાં હતા. એક રહસ્ય હજુ તો માંડ થોડુંક ખૂલે ત્યાં જ બીજા રહસ્યનું ઝાળું અમને એનામાં ફસાવી જ ચૂક્યું હોય ! હજુ તો માંડ અમે પથ્થર ખૂલવાના રહસ્ય સુધી પહોંચ્યા ત્યાં જ ફરીથી પેલો બુકાનીવાળો ચહેરો દેખાયો હતો. એ કોણ હતો એ તો હજુ અમે જાણતા જ નહોતા. એ અબ્દુલવાળા અલ-અમર્નાથી અહીં સુધી કઈ રીતે પહોંચ્યો હશે ? ખેર ! હવે એની ચિંતા તો એ ફરી મળે ત્યારે જ કરવી એવું મનોમન નક્કી કરી મેં એ વિચાર પડતો મૂક્યો.

અમારી લાકડાની મશાલ ઠરી ગઈ હતી. અમારી આંખોને ભોંયરાના અંધારાથી ટેવાતા થોડીક વાર લાગી. હું મારા સામાનમાંથી ટોર્ચ કાઢવા જતો હતો ત્યાં જ ભોંયરામાં એક છેડા તરફથી થોડોક પ્રકાશ પડતો હોય તેવું લાગ્યું. એકદમ સાચવીને એક પછી એક પગથિયું ઊતરતા અમે લોકો એ છેડા તરફ આગળ વધ્યા. જેમ જેમ અમે એ પ્રકાશ તરફ જતા ગયાં તેમ તેમ આજુબાજુનું ભોંયરું મોટું થવા લાગ્યું. દાદરો પૂરો થયો ત્યારે અમે એક વિશાળ ખંડના દરવાજા પાસે આવીને ઊભા રહી ગયાં હતા. એ ખંડ એટલો વિશાળ હતો કે લગભગ એકાદ હજારથી વધારે માણસો એમાં એકસાથે સમાઈ શકે. એની દીવાલો પરના હાયરોગ્લાઈફિક્સ જોઈ ફ્વાઝી તો ગાંડા જેવો થઈ ગયો. રોઝેટા સ્ટોન કાઢીને એ તો માંડ્યો વાંચવા. આખા ખંડમાં કોઈ બારી નહોતી પરંતુ છતની રચના એવી હતી કે એમાંથી

ઠેકઠેકાણેથી પ્રકાશ પડતો હતો. કદાચ આ ખંડ ઉપરથી કે બહારથી કોઈ ખંડેરનો બહાર દેખાતો થોડોક ભાગ જ હશે ! એક દીવાલ પર ભગવાન સૂર્યની પૂજા કરી એને અર્ઘ્ય આપતા રાજા અખેનાતનનું ચિત્ર હતું. બાજુમાં તેમની રાણી નેફરટીટી અને એક દીકરી પણ ઊભેલાં હતાં. એનું ચિત્ર જોઈ, એ વખતના અદ્‌ભુત રંગો જોઈ અમે છક થઈ ગયા :



'ડીક આ ચિત્ર અને આજુબાજુનું લખાણ વાંચીને હવે કોઈ જ શંકા નથી રહી કે આપણે ભગવાન આતેનના મંદિરમાં જ છીએ !' ફ્વાઝી આ બધું જોઈને ખૂબ ખુશ થઈ ગયો હતો. એ મ્યુઝિયમનો માણસ હતો એટલે એને તો આ બધું ખજાનો હાથ લાગ્યાં જેવું લાગતું હતું !

'ડીક ! તેં જોયું ?' રોબર્ટ બોલ્યો, 'સૂર્યનાં કિરણો હાથ બનીને બધાને આશીર્વાદ આપે છે અને બીજું, પૂજા કરતી વખતે દરેક જણે પગમાં ચપ્પલ પહેરી રાખ્યાં છે !'

રોબર્ટે કહ્યું ત્યારે અમારું એ બે વસ્તુ તરફ ધ્યાન ગયું. રોબર્ટની અદ્‌ભુત નિરીક્ષણ શક્તિ જોઈ અમને આનંદ થયો. અમે રોબર્ટને શાબાશી આપી.

એ વિશાળ ખંડ પૂરો થાય એ પછી તરત જ એક વિશાળ રસ્તો શરૂ થતો હતો. અમે ખંડ પસાર કરીને એ રસ્તા સુધી પહોંચ્યા. એ જ વખતે એ રસ્તા તરફથી કંઈક વિચિત્ર અવાજ આવ્યો. મેં હોઠ પર આંગળી મૂકીને સૌને ચૂપ થઈ જવા કહ્યું. અમે બધા એ રસ્તો શરૂ થતો હતો ત્યાં જ ઊભા રહી ધ્યાનથી સાંભળવા લાગ્યા. અવાજ સાંભળી અમને અમારા કાન પર વિશ્વાસ નહોતો આવતો ! ફ્વાઝીએ રોઝેટા સ્ટોનની નકલ પોતાના સામાનમાં મૂકી દીધી. એ પણ અમારી બાજુમાં ઊભો રહી ગયો અને ધ્યાનથી સાંભળવા લાગ્યો. અમે થોડાક આગળ વધ્યા. અવાજ હવે બિલકુલ સ્પષ્ટ આવી રહ્યો હતો.

માઈકલકાકા પણ હવે આગળ જઈ ધ્યાનથી સાંભળવા લાગ્યા. પછી મારી સામે જોઈ બોલ્યા, 'ઠીક ! આ તો ખળખળ વહેતા પાણીનો અવાજ લાગે છે. તું માને છે કે આ રણમાં પાણીનું ઝરણું હોય ? કે પછી કોઈ જોખમ હશે ? ઘણી વખત આગંતુકને ફસાવી દેવા માટે પણ આવી રચના થતી હોય છે. અવાજ તો મને વહેતા પાણીનો જ લાગે છે. તમે બધા બરાબર સાંભળી જુઓ તો !'

અમે બધાએ બરાબર કાન માંડ્યા. થોડી વાર સાંભળ્યા પછી અમને ખાતરી થઈ ગઈ કે એ અવાજ ઝડપથી વહેતા પાણીનો જ હતો. રણમાં પાણી ! અને એ પણ આમ ભૂગર્ભમાં ! અમને હજુ વિશ્વાસ નહોતો બેસતો, પણ અવાજ હવે બિલકુલ સ્પષ્ટ સંભળાતો હતો. અમે થોડીક ક્ષણ વિચાર કર્યો. મેં મારા સામાનમાંથી ટોર્ચ કાઢી. ત્યાર પછી સાચવીને હું એ બારણામાં દાખલ થયો.

❑



૧૪. ફસાયા ?

હું એકદમ સાવચેત હતો.

ઘણી વખત આવી રીતે બહારથી પ્રવેશ કરનાર વ્યક્તિ જો ધ્યાન ન રાખે તો ઊંડી ખાઈમાં પડી જાય એવું પણ બનતું હોય છે. પહેલું પગલું નીચે મૂકતા પહેલા મેં ટોર્ચ શરૂ કરી. આમ તો અમે ટોર્ચનો ભાગ્યે જ ઉપયોગ કરતા હતા, કારણ કે એના સેલ આવા રણપ્રદેશમાં ક્યાંયથી મળવા એ અશક્ય જ હતું. એટલે જ અમે લાકડાની સળગતી મશાલ વાપરતા હતાં, પરંતુ અહીં જોખમ વધારે હોવાથી મેં ટોર્ચ શરૂ કરી. મારી ધારણા બિલકુલ સાચી હતી. પ્રથમ બે ફૂટ સુધી નીચે જમીન જ નહોતી અને એ જગ્યામાં ખળખળાટ વહેતું પાણી હતું. એની ઊંડાઈ કેટલી હશે એ ખબર નહોતી પડતી. એ પછી આ ખંડ જેવડો જ બીજો એક વિશાળ ખંડ હતો. એમાં પથ્થરનાં મોટાં મોટાં ટેબલ હતાં. લગભગ સોળેક ટેબલ એકબીજાથી સરખાં અંતરે રાખેલાં હતાં. એટલાં બધાં ટેબલ્સનું શું મહત્ત્વ હશે એ તો ફ્વાઝી અંદર આવે પછી સમજાય. મેં બૂમ પાડી એ લોકોને અંદર બોલાવ્યા.

'માઈકલકાકા ! અબાના ! ફ્વાઝી ! ચાલો બધા આવી જાઓ. પ્રથમ બે ફૂટની નાનકડી ખાઈ જેવું છે. એટલે ધ્યાન રાખજો ! હું ટોર્ચ શરૂ રાખું છું.' મેં કહ્યું.

મેં ટોર્ચ પકડી રાખી. બધા એક પછી એક દાખલ થયા. ફ્વાઝી અને માઈકલકાકા સૌથી છેલ્લા અંદર આવ્યા. ફ્વાઝીએ અંદર આવતા વ્હેંત દીવાલ પરનું લખાણ વાંચવાનું શરૂ કર્યું. એ વાંચતો હતો એટલી વારમાં અમે પૂરા ખંડમાં આંટો માર્યો. અમારી નવાઈ વચ્ચે ખંડના બરાબર બીજા ખૂણેથી દાખલ થતો પાણીનો પ્રવાહ નાના નાના ફાંટાઓમાં વહેંચાઈ જતો હતો. દરેક ટેબલ પાસેથી એક ફાંટો પસાર થતો હતો. અમે દાખલ થયા એ દરવાજા પાસે એક પ્રવાહ બની બાજુની દીવાલમાં જતો રહેતો હતો.

'કાં ફ્વાઝી ! કંઈ જાણવા મળ્યું ?' મેં પૂછ્યું; 'નહીં તો પછી આપણે કાંઈ આ બધી જગ્યાઓ વિશે જ્ઞાન મેળવવા તો નથી જ આવ્યા. એટલે આગળ વધીએ. આપણું ધ્યેય આપણા ખોવાઈ ગયેલા ત્રણેય દોસ્તોને શોધી કાઢવાનું છે !'

'હા ઠીક ! આ ખંડ એ વખતનો બલિદાન ખંડ(Offering Room) છે. પ્રસાદ તેમજ અર્ઘ્યની સામગ્રી આ ખંડમાં રાખવામાં આવતી હશે. બલિદાનના પશુ તેમજ સામગ્રીને તૈયાર કરવા તેમજ શુદ્ધ કરવા માટે આ બધાં ટેબલ વપરાતાં હશે.

એટલે જ કદાચ દરેકની બાજુમાંથી પાણીનો એક એક ફાંટો અથવા નાનકડી નહેર પસાર થાય છે !' અમને ફ્વાઝીની વાત બરાબર લાગી. જો આ વખતે અમારી જોડે ફ્વાઝી ન હોત તો એ વખતનાં ઘણાં રહસ્યોથી અમે અજાણ જ રહી જાત !

ખંડમાં પાણીની હાજરીથી અમને એક વાતનો ખૂબ સંતોષ થયો કે જેક તેમજ માતાદીને પાણીની તકલીફ તો નહીં જ પડી હોય. પણ એ સાથે જ બીજો વિચાર આવ્યો કે એ બંને ગયા ક્યાં હશે ? અમે આ બીજા ખંડમાં આવી ચૂક્યા તો પણ એ લોકો ન મળ્યા. તો પછી એ લોકો ક્યાં ગયા હશે ?

અમે લોકો એ ખંડ પસાર કરી એના છેડા પર આવેલા દરવાજા પાસે પહોંચ્યા. એ દરવાજો પસાર થઈ જાય એ પછી એક નાનકડા ચોક જેવું હતું. નવાઈની વાત તો એ હતી કે આ ચોક તેમજ આગળના બંને ખંડોમાં એક પણ બારી નહોતી. પ્રકાશ છતમાંથી જ આવે એવી રચના કરેલી હતી. એ પ્રકાશ પણ સીધો નહોતો આવતો, કોઈક કાણાંઓમાંથી પરાવર્તીત પ્રકાશ જ પડતો હતો. આવી રચનાને કારણે અંદર હાજર માણસો પર સીધો તડકો ન પડવા છતાં ખંડમાં પૂરતો પ્રકાશ રહેતો હતો.

એ ચોક જેવી જગ્યા પણ પૂરી પ્રકાશિત હતી. અમે કદાચ બહારથી આ જગ્યા પર ચાલી પણ ગયા હઈશું. પરંતુ એકાદ મામૂલી ખંડેર ગણી અમે આ જગ્યાઓ પર જરાપણ ધ્યાન કેન્દ્રિત નહીં કર્યું હોય. એ જગ્યા આગળના બંને ખંડો કરતા ઘણી નાની હતી. અમે આ ચોકમાં આવી તો ગયા પરંતુ અચાનક હેસ્લિંગ બોલી ઊઠ્યો, 'ડીક ! માઈકલકાકા ! જુઓ તો ખરા ! આ ખંડમાંથી હવે આગળ જવા માટે કોઈ દ્વાર જ નથી !'

એ સાથે જ અમારું સૌનું ધ્યાન એ હકીકત પર ગયું. અમે જોયું તો એ ખંડમાંથી બહાર જવાનો જે રસ્તો હતો એ પથ્થર અને ધૂળથી પુરાઈ ગયો હતો. અરે ! વરસોથી કે સદીઓથી એ બંધ જ રહ્યો હશે એવું લાગતું હતું, કારણ કે એમાંથી ખજૂરીનાં મૂળિયાં પણ દેખાતાં હતાં.

મેં માઈકલકાકા તેમજ રોબર્ટ સામે જોયું. ફરી એક ભુલભુલામણી શરૂ થઈ. એ સમયના રાજવીઓ સામાન્ય જનતાથી કેટલું બધું છુપાવતા હશે ? કારણ, સામાન્ય જનતાને આવવા-જવાનો રસ્તો તો બંધ થઈ ગયો હતો, છતાં જેક તેમજ માતાદી ગાયબ હતા. એનો અર્થ એ જ કરવાનો કે એ બંધ રસ્તા સિવાય પણ અન્ય કોઈ માર્ગ એ ચોકમાંથી બહાર જવા માટેનો હશે જ ! રાજા અખેનાતન એ રસ્તાનો ઉપયોગ કરીને સામાન્ય જનતાની સામે આવ્યા વિના જ કોઈ અન્ય જગ્યાએ પહોંચી જતા હશે ? ક્યાં અને કઈ રીતે ? બીજા કયા રસ્તાનો એ ઉપયોગ કરતા હશે એ અમારે શોધવાનું હતું.

'માઈકલકાકા ! રોબર્ટ ! અબાના ! સાંભળો !' મેં કહ્યું, 'હવે પછીનો રસ્તો કંઈક એવો હશે કે આપણે અચાનક જ આ ખંડમાંથી બીજે પહોંચી જઈએ ! એવું

હોય તો જ માતાદી અને જેક આ ખંડમાંથી નીકળી શક્યા હોય ને ? એટલે એવો કોઈ રસ્તો મળી આવે તો દરેક જણે કાંઈ પણ વિચાર્યા વગર જ આગળની વ્યક્તિ પાછળ જતા રહેવું. બરાબર ?'

'પરંતુ ડીક ! ધારો કે માતાદી અને જેક પેલી નાનકડી ખાઈમાં પડી ગયા હોય તો ?' પોલે પ્રશ્ન કર્યો

ખંડમાં શાંતિ છવાઈ ગઈ. પોલની વાત પણ સાચી હતી. એવું બનવું પણ શક્ય હતું. કદાચ એવું બન્યું પણ હોઈ શકે. અમને સૌને ધ્રાસ્કો પડ્યો. બધા ચૂપ થઈ ગયા. અમારું મન એવું કાંઈ માનવાની ના પાડતું હતું, તો પણ કદાચ એવું બન્યું હોય તો ? એવો ધાસ્કો પણ અમને પીડતો જ હતો. કંઈ પણ બોલ્યા વિના અમે પેલા ખંડેરના ઓટલાની માફક જ આ ચોકની ચારે તરફની દીવાલો તપાસવાનું શરૂ કર્યું. ઘણી વાર તપાસ કરી પરંતુ ન તો કોઈ ગુપ્ત દ્વાર મળ્યું કે ન તો એવી કોઈ ઘટના બની. અમે થાકીને નીચે બેઠા. બધાએ પાણી પીધું. કોફીની તલપ લાગી હતી, પરંતુ બનાવવી કઈ રીતે ? મારા થેલામાં થોડી ચોકલેટ્સ હતી. એ અમે બધાએ વહેંચીને ખાધી. પોલની વાત હવે બધાને સાચી લાગવા માંડી હતી. કદાચ જેક અને માતાદી પ્રથમ ખંડમાંથી બીજા ખંડમાં પ્રવેશતી વખતે પેલી નહેરમાં પડી ગયા હોય એવું પણ બને. એ વાત અશક્ય પણ નહોતી જ. કારણ કે એ બંને ખંડ વચ્ચેનો ફક્ત નહેરનો ભાગ જ અંધારિયો હતો. અમારે બધાએ એ જગ્યાએ ટોર્ચનો ઉપયોગ કરવો જ પડેલો. અમે બધા પોલની સામે જોઈ રહ્યા. એના તર્ક ઘણી વખત અમને વિચારવા માટેનો નવો રસ્તો બતાવતા હતા.

'માઈકલકાકા ! હવે શું કરીશું ?' મેં માઈકલકાકાને પૂછ્યું.

'જો ડીક ! માતાદી અને જેક આ ત્રણ ખંડમાંથી એકેયમાં નથી. એનો એક અર્થ એવો પણ થાય કે આ બધા ખંડમાંથી બહાર ક્યાંય જવાનો રસ્તો હશે જ. હું નથી માનતો કે પાણીનો આટલો અવાજ આવતો હોય અને માતાદી કે જેક એમ જ આગળ પગલું મૂકી દે. એટલે મારા માનવા મુજબ એ લોકો પાણીમાં નહીં જ પડી ગયા હોય, પરંતુ એમને અહીંથી બહાર જવાનો રસ્તો કાં તો અકસ્માતે જ જડી ગયો હોય અથવા તો પેલા બહારના મોટા પથ્થરની માફક અમુક સમયે એની મેળે જ કોઈ ભેદી દ્વાર ખૂલતું હોય. એટલે હું કહું છું કે આપણે થોડી વાર રાહ જોઈએ. જો કોઈ દ્વાર આપોઆપ નહીં ખૂલે તો પછી કંઈક નવું પગલું ભરશું !'

અમને માઈકલકાકાની દલીલ વધારે યોગ્ય લાગી. મેં ટોર્ચ કરેલી એ પાણીનો અવાજ સાંભળીને જ કરેલી. એટલે પાણીના વહેવાનો આટલો બધો અવાજ આવતો હોય અને માતાદી તેમજ જેક એમ જ ચાલી જાય અને પછી પડી જાય એવું માનવાને પણ કોઈ કારણ નહોતું. તો પછી ? કંઈ પણ ન સૂઝતા અમે એ છેલ્લા ચોક જેવા ખંડમાં લાંબા થયા !

'અરે ડીક ! માઈકલકાકા ! આ જુઓ તો !' પોતાની જૂની આદત પ્રમાણે આ ખંડમાં પણ બાયનોક્યુલર આંખે લગાવીને ઊંચી છત અને દીવાલો પરનું લખાણ વાંચી રહેલ હેસ્લિંગ બોલી ઊઠ્યો.

મેં બાયનોક્યુલર આંખે લગાવ્યું. હેસ્લિંગે બતાવ્યું એ જગ્યાએ ધ્યાનથી જોયું. ખંડમાંથી બહાર જવાનો જે રસ્તો ધૂળ તેમજ પથ્થરથી પુરાઈ ગયો હતો એની બરાબર બાજુમાં ઉપર ખજૂરીનું એક મૂળિયું લટકતું હતું. ખૂબ ધ્યાનથી જોયું તો પણ મને ત્યાં એ મૂળિયા સિવાય કંઈપણ ન દેખાયું. કંટાળીને મેં બાયનોક્યુલર પાછું આપતા કહ્યું, 'દોસ્ત હેસ્લિંગ ! મને તો એ જગ્યાએ ફક્ત ખજૂરીનું મૂળિયું લટકતું દેખાય છે.'

'અરે ડીક ! એમ નહીં ! ફરી વખત ધ્યાનથી જો !' મારી આંખો પર બાયનોક્યુલર ફરીથી લગાવતાં હેસ્લિંગ બોલી ઊઠ્યો.

મેં ફરી એક વખત ધારીને જોયું. આ વખતે પણ હું કંટાળીને બાયનોક્યુલર પાછું આપવા જતો હતો ત્યાં જ મારા મગજમાં ચમકારો થયો. દીવાલમાંથી લટકતા એ મૂળિયાની નીચે એક સુંવાળો બ્લેક ગ્રેનાઈટનો પથ્થર હતો. એને છોડીને બાકીના બધા જ પથ્થર સાદા પથ્થર જેવા હતા. હું તરત જ બેઠો થઈ ગયો. એ પથ્થર પાસે જઈને મેં એ ગ્રેનાઈટના ચોસલાને ધક્કો મારી જોયો. એ એની જગ્યાએ જ ફરી ગયું. એની પાછળના પોલાણમાં લોખંડની એક કળ જેવું હતું. મેં એ કળ દબાવી એની સાથે જ અમારી સામેની દીવાલ ધીમે ધીમે ખસવા માંડી. સામે જ એક વિશાળ સુરંગ જેવું ભોંયરું ખૂલી ગયું.

'માઈકલકાકા ! તો શું જેક અને માતાદીને પણ આ કળ મળી ગઈ હશે ? એ લોકો પણ આના ઉપયોગથી જ આગળ વધી શક્યા હશે ?' પોલે સવાલ કર્યો.

'કદાચ એવું ન પણ હોય પોલ ! અમુક સમયે એની મેળે પણ એ દીવાલ ખસતી હોવી જોઈએ. પરંતુ આપણે એવા સમયની રાહ જોવાની જરૂર નથી. હવે જલદી બધા ચાલો. નહીંતર કદાચ એ દીવાલ ફરીથી એની મૂળ જગ્યાએ આવી જશે !' માઈકલકાકાએ અમને સૌને ઝડપ કરવાનો ઈશારો કર્યો.

અમે લોકો ઝડપથી એ ભોંયરામાં દાખલ થઈ ગયા. વિશાળ એ ભોંયરામાં એક સાથે ચાર માણસ બાજુબાજુમાં ચાલી શકે એટલી જગ્યા હતી. થોડા થોડા અંતરે પરાવર્તિત પ્રકાશ પણ ઉપરની છતમાંથી આવતો હતો, તાજી હવા પણ બાજુની દીવાલમાંથી અમુક અંતરે આવી જતી હતી. નાનકડું ઝરણું અમારા રસ્તાને બરાબર અડકીને વહેતું હતું. આજથી સાડાત્રણ હજાર વરસ પહેલાના ઈજનેરોની બુદ્ધિ અને એમની રચેલી આ સુરંગ તથા અન્ય ઈમારતો, એ બધા માટે અમે જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી હતી.

અમે લોકો ઝડપથી ચાલતા હતા. લગભગ એકાદ માઈલથી વધારે ચાલ્યા પછી ફરીથી અમે એક વિશાળ ખંડની વચ્ચે આવી પહોંચ્યા. અહીંથી બે ભૂગર્ભ રસ્તા જુદા પડતા હતા. હવે અમે મૂંઝાયા. બેમાંથી કયા રસ્તે જવું એ શી રીતે નક્કી કરવું ? અને સૌથી મોટી મૂંઝવણ તો એ હતી કે જેક તેમજ માતાદી આ બે રસ્તામાંથી કયા રસ્તે ગયા હશે ? બંને એક જ રસ્તે ગયા હશે કે જુદા જુદા ? માઈકલકાકા અને મારા દોસ્તો સમક્ષ મેં મારી મૂંઝવણ રજૂ કરી. કોઈ પાસે આનો

જવાબ નહોતો. અમે આગળનો રસ્તો ધ્યાનથી જોઈ કાઢ્યો. પરંતુ નીચે પથ્થર હોવાના કારણે કોઈનાં પગલાં દેખાય તેમ હતું જ નહીં.

'કાકા ! આપણે એક કામ કરીએ, રોયલવાડી અથવા તો અખેનાતનની કબર સુધી પહોંચી જઈએ. એ જગ્યાઓમાંથી બહાર જવાનો રસ્તો મળવાનો સંભવ વધારે છે. કારણ કે મોટાભાગના રાજવીઓ મહેલ તરફ જતા રસ્તાઓ એમના જીવનકાળના અંત તરફ બુરાવી નાખતા. સલામતીનાં કારણોસર પણ ઘણા એવું કરતા. એટલે નેફરટીટીના મહેલ તરફ જવાને બદલે આપણે અખેનાતનની કબર સુધી પહોંચવા પ્રયત્ન કરીએ.' મેં સૂચન કર્યું.

'અરે વાહ ડીક ! તને વળી રોયલવાડી, નેફરટીટીનો મહેલ આ બધા વિશે આટલું ઊંડું જ્ઞાન ક્યાંથી આવી ગયું ? શું આવતા પહેલાં તેં આ બધો અભ્યાસ કરેલો ?' આશ્ચર્યથી પોલ બોલ્યો.

'ના પોલ ! મેં તો કાંઈ એટલો ગહન અભ્યાસ કરેલો નથી. આ તો બે દિવસ પહેલાની રાત્રે ફ્વાઝીએ મને આ બધું સમજાવેલું.' મેં કહ્યું. પોલે ફ્વાઝી સામે જોયું. ફ્વાઝીએ માથું હલાવી સંમતિ પૂરી.

એ પછી અમે થોડી વાર એમ જ બેઠા. અચાનક ફ્વાઝી ઊભો થયો અને ઉપરથી આવતા પરાવર્તિત પ્રકાશ તરફ જોવા લાગ્યો. થોડીક વાર એણે ઓરડામાં ચારે તરફ આંટા માર્યા. પછી જાણે ઊંડા વિચારોમાં પડી ગયો હોય તેમ ઊભો રહ્યો. પોતાના ખભા પરથી થેલો ઉતારી એણે એક કાગળ બહાર કાઢીને જમીન પર પાથર્યો. કંઈ પણ બોલ્યા વગર એ આ બધું કરી રહ્યો હતો. પણ એને આટલો પરિશ્રમ કરતો જોઈ હેસ્લિંગ બોલી ઊઠ્યો, 'ફ્વાઝી, તું શું કરે છે ? કાંઈ મૂંઝવણમાં છે કે કંઈક શોધી રહ્યો છે ?'


'તારી વાત સાચી છે હેસ્લિંગ ! હું ઉત્તર દિશા શોધી રહ્યો છું ! જો સાચી ઉત્તર દિશા મળી જાય તો આ રસ્તાના બંને ફાંટાઓમાંથી કયો રસ્તો કઈ બાજુ જાય છે એની ભાળ મળી જાય !'

'એ કઈ રીતે ?' અમે બધા ફ્વાઝીની પાસે પહોંચી ગયા. અમને પણ એમની વાતમાં રસ પડ્યો હતો.

'જુઓ ! આ નકશો ધ્યાનથી જુઓ !' ફ્વાઝીએ જમીન પર એક નકશો પાથરીને અમને બતાવ્યો.

ફ્વાઝીએ નકશો બતાવતા કહ્યું, 'ભગવાન આતેનના મંદિરમાંથી આવતો રસ્તો આ જગ્યાએથી બે ફાંટામાં વહેંચાઈ જાય છે. એક ફાંટો રાણી નેફરટીટીના મહેલ તરફ જાય છે અને બીજો ફાંટો રોયલવાડી તેમજ રાજા અખેનાતનની કબર સુધી લઈ જાય છે. આપણે એ જ નક્કી કરવાનું છે કે આપણી સામેના બે રસ્તાઓમાંથી કયો રસ્તો રોયલવાડી લઈ જશે !'

મને હવે ચમકારો થયો કે ઉત્તર દિશા નક્કી કરવા માટે ફ્વાઝીને શું જોઈએ છે ! ગયા વખતની મુસાફરીનું હોકાયંત્ર (કંપાસ) મારા સામાનમાંથી કાઢી મેં ફ્વાઝીને આપ્યું. હોકાયંત્ર જોઈને ફ્વાઝી ખુશ થઈ ગયો. એણે ઝડપથી ઉત્તર દિશા



નક્કી કરી. પછી બોલ્યો, 'હાં તો ઠીક ! રોબર્ટ ! મિ. માઈકલ ! આપણે જમણી તરફના ફાંટામાં જ આગળ વધીશું તો રોયલવાડી પહોંચીશું. ડાબી તરફનો ફાંટો રાણી નેફરટીટીના મહેલ સુધી જાય છે. એ કદાચ છેડા તરફથી બંધ હોવાની કે એની અંદર જોખમ હોવાની શક્યતાઓ રહેલી છે. એટલે આપણે ઝડપથી ચાલીને રોયલ વાડી પહોંચવાની કોશિશ કરવી પડશે.'

'ફ્વાઝી, ઝડપથી શું કામ ?' પોલે પૂછ્યું.

'બે કારણથી ઝડપ કરવી પડશે', ફ્વાઝી બોલ્યો, 'એક તો સાંજ પડવાને હવે વધારે વખત નથી, અને બીજું: રોયલ વાડી એ પોતે જ એક ભુલભુલામણી છે ! એટલે રાત પડતા પહેલા એનો થોડોઘણો ભાગ જોઈ લેવાય તો વધારે સારું !'

'ફ્વાઝી તું એ જગ્યાએ જઈ આવ્યો છે ?' રોબર્ટે પૂછ્યું.

'ના ભાઈ ના ! હું તો ક્યારેય ત્યાં નથી ગયો પરંતુ થોડાં વરસ પહેલાં એલેસાંદ્રો બાર્સાંતી નામના પુરાતત્ત્વશાસ્ત્રી, જેમણે આ જગ્યા ૧૮૯૧માં શોધી છે એ ઈજિપ્શ્યન મ્યુઝિયમમાં આવેલા એમણે મને આ બધી વાતો કરી હતી. ઉપરાંત એમણે મને રાજા અખેનાતનના રોયલ ટુમ્બ (રોયલ કબર)નો નકશો પણ આપેલ છે. જે આપણને એ જગ્યા પર કામ આવશે.' ફ્વાઝીએ કહ્યું.

'ફ્વાઝી તો શું રોયલવાડી એ રણનો ભાગ નથી ?' રોબર્ટે ફરી પ્રશ્ન કર્યો.

'ના ! રોયલવાડીથી ઊંચી અને દુર્ગમ પર્વતમાળા શરૂ થઈ જાય છે. રોયલવાડીથી અખેનાતનની કબર લગભગ ચાર માઈલ દૂર છે અને એ રસ્તો ખૂબ જ જોખમી અને તકલીફ પડે તેવો છે.' ફ્વાઝીએ જવાબ આપ્યો.

'એટલે આપણે અહીંથી બહાર નીકળવાના છીએ એ ભાગ રણમાં નથી એમ જ ને ?' રોબર્ટે ફરી પૂછ્યું.

'બરાબર ! એ જગ્યાથી પર્વતમાળા શરૂ થાય છે !' ફ્વાઝીએ કહ્યું, પછી એણે નીચે પાથરેલ નકશો સમેટી લીધો અને થેલો ખભે ચડાવ્યો.

'અરે ફ્વાઝી ! રાજા અખેનાતનની કબરનો નકશો તો બતાવ !' પોલ બોલ્યો.

'નહીં પોલ ! આપણે પાંચેક માઈલ આ ભૂગર્ભ રસ્તામાં જ કાઢવા પડશે, અને ત્યારબાદ રોયલવાડીથી રોયલકબર સુધીના બીજા ચાર માઈલ. આમ જોઈએ તો આટલું અંતર કાપતા પાંચેક કલાક તો લાગે જ ! અને હવે એટલા સમયમાં રાત થઈ જ જાય ! એક વાત યાદ રાખજો ! આ ભોંયરું રાતે બિલકુલ અંધારિયું થઈ જશે ! અને પછી આપણે સાપ, વીંછી કે અન્ય કોઈ આફતને જોઈ નહીં શકીએ. એટલે હવે આ જમણી તરફના રસ્તા પર આપણે સૌ દોડવાનું જ શરૂ કરી દઈએ.' ફ્વાઝીના ચહેરા પર રાત પડી જાય તે પહેલા આ રસ્તામાંથી નીકળી જવાની ઉતાવળ સ્પષ્ટ દેખાતી હતી.

એ પછી એક પણ વધારે સવાલ કરવાને બદલે અમે લોકોએ ઝડપથી ચાલવાનું, એમ જ કહીએ કે દોડવાનું શરૂ કરી દીધું. ભોંયરામાં અમારી બાજુમાં જ ઝરણું વહેતું હતું તો પણ તરસ લાગે તો અમે મશકમાંથી જ પાણી પીતા હતા. અજાણ્યા એ પાણીનો વિશ્વાસ કરતા જીવ નહોતો ચાલતો. વધારે વાતો પણ કર્યા વિના અમે સૌ બને તેટલી ઝડપથી ચાલતા હતા.

એવી જ રીતે અમે લગભગ ત્રણેક કલાક ચાલ્યા હઈશું. ભોંયરાની છતમાંથી આવતો પ્રકાશ હવે ઝાંખો થવા લાગ્યો હતો. ભોંયરાના આખા જ રસ્તે કોઈ તકલીફ કે આફત ન નડી. બસ ફક્ત એક વખત એક કોબ્રા જેવા સાપે થોડી વાર અમારો રસ્તો રોકેલો, પરંતુ એ ફક્ત થોડીક જ વાર. પછી એ બાજુની દીવાલમાં આવેલ એક કાણામાં જતો રહેલો. એક વખત રસ્તામાં ટોળે વળેલા ઉંદરડાઓએ અમને ઘડીભર અટકાવી દીધા હતા. બાકી આખો જ રસ્તો અમે નિર્વિઘ્ને પસાર કરી શક્યા. હવે ભોંયરાનો છેડો આવી રહ્યો હોય તેવું લાગતું હતું, કારણ કે દૂર દેખાતા રસ્તાના વણાંક પાસે અજવાળું દેખાતું હતું. અને બીજું, ભોંયરાની છત નીચી આવી ગઈ હતી. અમે ઝડપથી આગળ વધ્યા. ભોંયરાના છેડા પાસે પગથિયાં દેખાતાં હતાં. અમે ત્યાં પહોંચી પગથિયાં ચડી ઉપર પહોંચ્યા. નવાઈ લાગે તેવી રચના હતી. બે મોટા પથ્થરની બરાબર વચ્ચે કોઈને શંકા પણ ન જાય તેવી જગ્યાએ પગથિયાં ખૂલતાં હતાં. અમે પગથિયાં ચડી બહાર નીકળ્યા. ચારે તરફ પહાડી પ્રદેશ છવાયેલો હતો. અમારાથી થોડે નીચે એક રસ્તો પૂર્વ તરફ જતો હતો.

સાંકડી ખીણમાંથી જતો એ રસ્તો જ કદાચ રોયલ કબર સુધી જતો હશે. એનો અર્થ એવો જ કે અમે ખરેખર રોયલવાડી જ નીકળ્યા હતા.

'જેક ! માતાદી ! અબીરા...આ...આ...આ !' પોલે મોટેથી બૂમ પાડી. આજુબાજુ મોટા પહાડો હોવાથી પોલનો અવાજ કેટલીય વાર પડઘાયો. એ પછી અમે થોડી વાર ચૂપ થઈ ગયા. કદાચ માતાદી, અબીરા કે જેક આજુબાજુમાં હોય તો સામો જવાબ આપે એવું બને. અમે એમ જ ઊભા રહી સાંભળવા લાગ્યા.

પરંતુ અમારી નિરાશા વચ્ચે કોઈએ જવાબ ન આપ્યો. અબાના થોડીક ઊંચી જમીન પર ચડી દૂર સુધી દેખાતા ખીણમાં દાખલ થવાના રસ્તા પર નજર માંડી ઊભો રહ્યો. એ કંઈક ધ્યાનથી જોઈ રહ્યો હોય તેવું લાગતું હતું.

'મિ. માઈકલ ત્યાં જુઓ તો જરા !' અબાનાએ અમને દૂર ઊડતા ધૂળના વાદળ તરફ આંગળી લાંબી કરીને બતાવ્યું.

અમે જોયું તો ધૂળના ઊડતા વાદળ જેવું કંઈક અમારી તરફ આવી રહ્યું હતું. અમે નીચે ઊતરી ખીણમાં જતાં રસ્તા પર ઊભા રહ્યા.

ધીરે ધીરે પેલું વાદળ નજીક આવ્યું. એ ધૂળમાં ઝડપભેર આવી રહેલાં પાંચથી છ ઘોડેસવારો નજરે પડ્યા. દરેક ઘોડેસવારે ચહેરા પર બુકાની બાંધી હતી. અમે એકબીજા સામે જોયું. અમારી બંદૂકો તૈયાર કરી. પછી ચૂપચાપ ઊભા રહી ગયા. કોણ હશે એ માણસો ? દુશ્મન હશે કે દોસ્ત ? અમારા હૃદય જોરથી ધબકતાં હતાં.



૧૫. રોયલવાડી

ધૂળ ઉડાડતા ઘોડેસવારો અમારી સામે આવીને ઊભા રહી ગયા.

એમના હાથમાં પણ બંદૂકો હતી. અમે પણ તૈયાર ઊભા હતા. જોકે અમારો ઈરાદો કોઈ જોરે લડાઈ કરવાનો કે કોઈ ખૂનખરાબો કરવાનો જરા પણ નહોતો. અમે તો અબીરા, જેક અને માતાદી મળે એટલે પાછા જતા રહેવામાં જ રાજી હતા. અમે એવું નક્કી કર્યું હતું કે જ્યાં સુધી એ લોકો કંઈ ધમાલ ન કરે ત્યાં સુધી આપણે કોઈ આવેશભર્યું પગલું ન ભરવું. એટલે અમે લોકો શાંત ઊભા હતા. જોકે કેવી પરિસ્થિતિ ઊભી થશે એ વિચારતાં થોડોક થડકાટ પણ થતો જ હતો.

ઘોડેસવારો અમારી સામે લાઇનમાં એવી રીતે ઊભા રહી ગયા જાણે કે અમને ઘેરી લેવા માંગતા હોય. એમણે બધાએ ધૂળથી બચવા માટે ચહેરા ઢાંકી રાખ્યા હતા. અમારી સામે આવ્યા બાદ એક માણસને બાદ કરી બાકીના સૌએ બુકાની છોડી નાખી. છેડે ઊભેલ એક માણસે બુકાની બાંધેલી જ રાખી હતી.

'તમે લોકો રોયલ કબર તરફથી આવો છો કે એ બાજુ જઈ રહ્યા છો ?' એમાંના એકે કરડાકીભર્યા અવાજે અમારી સામે જોઈને પૂછ્યું. એમને અંગ્રેજી બરાબર આવડતું હતું એ જોઈ મને નવાઈ લાગી.

'અમે એ બાજુ જવાનો વિચાર કરી રહ્યા છીએ !' મેં જવાબ આપ્યો. પછી સામે પૂછી પણ લીધું, 'અત્યારે ત્યાં જઈ શકાશે ? રાત પડવાને હવે થોડી જ વાર છે. ત્યાં જવાનું આ સમયે સલામત કહેવાય ?'

પેલો માણસ જવાબ આપવાને બદલે બેચાર ક્ષણ મારી સામે જોઈ રહ્યો. થોડી વાર એમ જ આંખોથી અમારો તાગ લીધા પછી બોલ્યો, 'ના ! અત્યારે આ સમયે ત્યાં ન જશો. ત્યાં કોઈ રાત રોકાઈ શકતું નથી. કારણ કે...! હા, તો તમારે ત્યાં શું કામ જવું છે ?' એણે પોતાની વાત વચ્ચેથી જ છોડીને મને આગળ સવાલ કર્યો.

'અમારા ત્રણ સાથીઓ ખોવાયા છે. અમે એમને શોધવા નીકળ્યા છીએ.' મેં જવાબ આપ્યો. પછી આગળ પૂછ્યું, 'તમે લોકો કોણ છો ? અહીં શું કરો છો ? તમે આ પ્રદેશમાં કોઈ અજાણ્યા માણસોને જોયા ?'

ફરી એક વખત એ માણસ કરડાકી ભરી નજરે થોડી વાર સુધી મારો તાગ લેતો રહ્યો. પછી બોલ્યો, 'હું અહીંની ભટકતી જાતિ બેની અમરાનનો સરદાર છું. મારું નામ કાદશમાન છે. રોયલ કબરનો ખજાનો હજુ કોઈને પણ મળ્યો નથી. એટલે વારંવાર માણસો કબર લૂંટવા માટે આવે છે. અમારા પ્રદેશનો ખજાનો અજાણ્યા

માણસો લૂંટી ન જાય એ માટે અમે આ ખીણના નાકા પાસે જ ચોકી કરીએ છીએ. તમને લોકોને અંદર આવતા તો નથી જોયા. પરંતુ તમારો અવાજ સાંભળ્યો અને એના ઘણા બધા પડઘા સાંભળ્યા એટલે અમે જલદીથી આવી પહોંચ્યા. તમે લોકો કયા રસ્તે અહીંયા આવ્યા એ બતાવશો જરા ?' એ માણસનો પ્રશ્ન બતાવતો હતો કે એમને અમે લોકો આવ્યા એ ભૂગર્ભમાર્ગની ખબર નહોતી. એવું કઈ રીતે બને? અમને સૌને આ બાબતની નવાઈ લાગી, પરંતુ કદાચ આટલી ઊંચાઈ પર પથ્થરોની વચ્ચે આવેલા પગથિયાં કોઈની નજરે ન પણ ચડ્યા હોય એવું પણ બની શકે !

એ લોકોને અમે જ્યાંથી આવ્યા હતા એ જગ્યા તરફ આંગળી ચીંધી. પેલા માણસને ખરેખર નવાઈ લાગી હોય એવું લાગ્યું. એણે પોતાના ચાર સાથીદારોને એ જગ્યાએ જઈ તપાસ કરવા માટે મોકલ્યા. એ લોકોએ અમે બતાવેલી જગ્યાએ જઈ કાદશમાનને ત્યાં પગથિયાં અને ભૂગર્ભમાર્ગ હોવાનું જણાવ્યું. કાદશમાને એમને થોડેક સુધી અંદર જઈ તપાસ કરવાનો આદેશ આપ્યો. એ લોકો અંદર ઊતર્યા.

અમે બધા ચૂપચાપ ઊભા હતા. આમ જોઈએ તો અત્યારે અમે લોકો સંખ્યામાં વધારે હતા, પરંતુ અમારે કોઈ પણ જાતનો ઝઘડો નહોતો જોઈતો. થોડીક ક્ષણો એમ જ પસાર થઈ ગઈ, પરંતુ પેલા લોકો પાછા ન ફર્યા. કાદશમાને એની સાથેના છેલ્લા સાથીદારને ઉપર મોકલ્યો. એ ત્યાં પહોંચ્યો અને ત્યાંથી જ એણે બૂમ પાડી, 'સરદાર ! અહીં તો કોઈ ભોંયરું કે પગથિયાં નથી અને આપણા સાથીદારો પણ નથી !'

એ સાંભળી કાદશમાન ઢીલોઢફ થઈ ગયો. લાચાર નજરે એણે અમારી સામે જોયું. પછી એણે પોતાના સાથીદારને નીચે બોલાવી લીધો. અમારી સાથે કાંઈપણ બોલ્યા વિના એ બંને જણ પાછા જવા તૈયાર થયા. એમણે એમના ઘોડા વાળ્યા. અચાનક મને વિચાર આવ્યો કે જો આ માણસને હવે સાથે રાખીએ તો બે ફાયદા ચોખ્ખા થાયઃ એક તો અહીંના બીજા કોઈ સ્થાનિક લોકો સાથે માથાફોડી ન કરવી પડે, અને બીજું બાકીના સાથીઓના ઘોડાનો લાભ અમને મળી શકે !

'કાદશમાન, જો તમે ઈચ્છો તો અમારી સાથે જોડાઈ શકો.' મેં કહ્યું, 'અમે અમારા સાથીઓને શોધવા જઈ રહ્યા છીએ. જો સાથોસાથ ખજાનો કે એવું કાંઈ મળશે તો જરૂર તમારો ભાગ પણ રહેશે ! આમ પણ રાજા અખેનાતનની કબર તો હજુ પૂરી ખોદાઈ પણ નથી જ ને !'

કાદશમાને મારી સામે જોયું. રાત પડવા આવી હતી. આમેય હવે એ લઘુમતીમાં હતો અને ગુંડો તો નહોતો, એટલે એની બીક રાખવાની અમારે કોઈ જ જરૂર નહોતી. પોતાના દેશનો ખજાનો પરદેશીઓ લૂંટી જાય એ ઘણાને ન ગમે એ સ્વાભાવિક હતું.* એટલે કાદશમાન અને એના મિત્રોએ આવું જૂથ રચ્યું હોય એવું બની શકે !

---

* એ સમયે જે કોઈ ખજાનો કે કિંમતી વસ્તુઓ ખોદી કાઢે એ એનો અમુક ભાગ પોતાની જોડે પોતાના દેશમાં લઈ જઈ શકતું.

એ બંનેએ અમારી સાથે રહેવાનું સ્વીકારી લીધું. એ પછી અમે અમારો પરિચય કરાવ્યો તેમજ અમારા ઈજિપ્ત પ્રવાસનું કારણ પણ એમને કહ્યું. ત્યારબાદ હું અને રોબર્ટ, હેસ્લિંગ અને અબાના, ફ્વાઝી અને પોલ એમ બબ્બેની જોડીમાં ત્રણ ઘોડા પર સવાર થઈ ગયા. માઈકલકાકા ચોથા ઘોડા પર એકલા જ બેઠા. બાકીના બંને બેની અમરાન પાસે પોતાના ઘોડા હતા જ. એ પછી અમે બધાએ ઢળતી સાંજના આછા પ્રકાશમાં રોયલવાડીથી રોયલ કબરો તરફ પ્રયાણ કર્યું.

અમારી ચાલવાની ઝડપ કરતા લગભગ ત્રણ ગણી ઝડપે ઘોડા દોડતા હતા એટલે અમે લોકોએ અંધારું વધારે જામે એ પહેલા જ પાંચેક માઈલનું અંતર કાપી નાખ્યું. હવે અમે 'વેલી ઑફ કિંગ્ઝ' અથવા તો 'રોયલ કબરોની જગ્યા' તરીકે ઓળખાતી પર્વતની કરાડ પાસે આવીને ઊભા રહી ગયા. હવે પછીનો રસ્તો ખૂબ જ સાંકડો અને ગમે ત્યારે નીચે ખીણમાં પડી જવાય એવો લાગતો હતો.

'આપણે લોકો અહીં જ અટકી જઈએ !' કાદશમાન બોલ્યો.

'કેમ અહીંયા ? હવે તો આપણે રાજા અખેનાતનની રોયલ કબરથી બસ થોડાક જ દૂર છીએ. આપણે એ જગ્યાની અંદર જો પહોંચી જઈએ તો રાત સારી રીતે પસાર કરી શકીએ !' મેં કહ્યું. ફ્વાઝીએ પણ મારી વાતમાં સૂર પુરાવ્યો.

'નહીં ! એવું નથી કરવું. કારણ કે...!' કાદશમાને ફરી એક વાર વાત આ જ રીતે અધૂરી છોડી.

'શું કારણ કે ? તમે વાત પૂરી કરો તો ખબર પડે ! થોડી વાર પહેલાં પણ તમે ત્યાં રાત રોકાવાની ના પાડતા હતા. એની પાછળનું રહસ્ય શું છે એ જણાવશો ? અને તમારો આ સાથી હજુ શા માટે બુકાની બાંધેલી રાખે છે એ પણ કહેશો ? અને તમને આટલું સરસ અંગ્રેજી શી રીતે આવડે છે ?' મેં કહ્યું.

'વાત એમ છે કે...' કાદશમાન અટક્યો, 'વાત એમ છે કે ત્યાં કોઈ રાત રોકાઈ શકતું નથી !'

'કેમ ? કોઈ રાત રોકાય તો શું થાય ? તમે જણાવો તો ખબર પડે ને !' મને હવે અકળામણ થતી હતી.

કાદશમાન કંઈ બોલ્યો નહીં. એ ઘોડા પરથી નીચે ઊતર્યો, એના સાથીદારની પાસે ગયો અને એની બુકાની ખેંચી કાઢી. અમે એ માણસનો ચહેરો જોઈ ઠરી ગયા.

એની આંખોને બાદ કરતા લગભગ પૂરો ચહેરો દાઝેલો અને વિકૃત હતો. અરે ! જોઈ જ ન શકાય તેવો હતો. એની સરખામણીમાં ફ્વાઝીનો હાથ અને ચહેરો તો જરાપણ દાઝેલા ન લાગે ! એ માણસે તરત જ બુકાની ફરીથી બાંધી લીધી. એની સામે જોઈને કાદશમાન બોલ્યો, 'ત્યાં રાત રોકાઈએ તો આવું થાય !'

અમે હજુ એ વિકૃત ચહેરો જોવાના આઘાતમાંથી બહાર નહોતા આવ્યા એટલે થોડી વાર કંઈ બોલી ન શક્યા. ફ્વાઝી સૌથી પહેલો સ્વસ્થ થઈ ગયો અને એણે જ પૂછ્યું, 'પરંતુ આવું થાય કઈ રીતે ? તમે ગયા છો ત્યાં કોઈ વાર ?'

'ના ! હું ક્યારેય એ કબરમાં નથી ગયો. પણ મારો આ સાથી જેનું નામ સાદી છે એ ત્યાં આજથી લગભગ પાંચેક વરસ પહેલાં એટલે કે ૧૯૦૦માં એક રાત રોકાયેલો.'

'કાદશમાન, હવે અમને પૂરી વાત કરો. ચાલો ! તમારી વાત માનીને આ ખુલ્લી જગ્યામાં આવેલ સપાટ ચટ્ટાનો પર આપણે રાત ગુજારીશું બસ ! પરંતુ આપણે અહીં રોકાઈએ પછી તો તમે સંપૂર્ણ વાત કરશોને ?' મેં કહ્યું.

કાદશમાને સંમતિપૂર્વક માથું હલાવ્યું.

અમે લોકોએ એ જગ્યાએ સપાટ ચટ્ટાનો પર રાતવાસો કરવાનું નક્કી કર્યું. આ જગ્યા રણથી દૂર હોવાના કારણે રાત ખૂબ ઠંડી હોવાની સંભાવના નહિવત્ હતી. અમે લોકોએ ચટ્ટાન સાફ કરી પાથરણાં પાથરી દીધાં. અબાના અને ફ્વાઝીએ સાદી સાથે મળીને રસોઈ બનાવી નાખી. હું બેઠો બેઠો વિચાર કરતો હતો. અચાનક મારા મનમાં ધ્રાસ્કો પડ્યો કે ખરેખર રાજા અખેનાતનની કબરમાં આવું કાંઈક બનતું હશે તો માતાદી તેમજ જેકનું શું થયું હશે ? અને ધારો કે એ લોકો આ જગ્યાને બદલે રાણી નેફરટીટીના મહેલમાં પહોંચી ગયા હશે તો અમે ફરીથી કઈ રીતે મળી શકીશું ? આટલા દિવસોની અંદર પ્રથમ વખત મારા મનમાં એક ન સમજાય તેવા ઉદ્વેગે સ્થાન લઈ લીધું હતું. પરંતુ એનો કોઈ ઉપાય પણ અત્યારે નહોતો. કાલનો દિવસ ઊગે એટલી રાહ અમારે જોવાની જ હતી.

તાપણાના પ્રકાશમાં રાતનું ભોજન લઈ અમે લોકોએ ત્યાં જ જમાવી. કાદશમાન હવે જરાય કરડાકીભર્યો નહોતો રહ્યો. સાદીનો અવાજ અસ્પષ્ટ નીકળતો હતો એટલે એના બદલે એણે જ વાત શરૂ કરી: 'વાત એમ છે કે આજથી પાંચેક વરસ પહેલાં અમારી આ ટોળકીનું અસ્તિત્વ જ નહોતું. એ વખતે સાદી એલેસાંદ્રો બાર્સાંતી નામના એક પરદેશી જોડે એ જગ્યા શોધવા ગયેલી ટુકડીનો સભ્ય હતો. ૧૮૯૧માં એ લોકો અહીં આવેલા. એલેસાંદ્રો તો પાછો જતો રહેલો. એ પછી એ આઠેક વરસ પછી ફરી એક વાર આવેલો. એ વખતે પણ એ સાદીને લઈ ફારો અખેનાતનની કબરમાં ગયેલો. ત્યારબાદ એને કેરોના મ્યુઝિયમમાં કંઈક કામ હતું. એટલે એ જલદી જતો રહ્યો. એ પછી સાદી બેત્રણ વખત એના સાથીદારોને લઈ ફારો અખેનાતનની કબરમાં ગયેલો. પરંતુ એ લોકોને શરૂઆતના થોડાંક પગથિયાં અને એક અર્ધી બનેલી ગુફા સિવાય કંઈ પણ મળેલું નહીં. પરંતુ સાદીને છેલ્લી ખેપ દરમિયાન એક ભેદી કળની ખબર પડી ગયેલી. એ એણે એના સાથીદારોને જાણ નહોતી કરી. ૧૯૦૦માં કંટાળીને એના સાથીદારો છૂટા પડી ગયા. સાદી તો એ જ તકની રાહ જોઈ રહ્યો હતો. એ વરસે એ એકલો જ ફારોની કબર સુધી આવ્યો.' કાદશમાને થોડીક વાર અટકીને સાદી સામે જોયું. સાદી તો નીચું જોઈને એક સળીથી પથ્થરની ચટ્ટાન પરની નાની તિરાડને ખોતરી રહ્યો હતો. જાણે કે એ અત્યારે ફરી એક વાર એ રાતને જોઈ ન રહ્યો હોય તેમ વિચારોમાં ખોવાઈ ગયો હતો.

કાદશમાને ફરીથી વાત શરૂ કરી, 'હાં તો સાદી એકલો જ જઈને એ ભેદી કળનો ઉપયોગ કરવા માંગતો હતો. સાદી એકલો જ એ અર્ધી બનેલી ગુફા સુધી પહોંચ્યો. એ પહોંચ્યો ત્યારે સાંજના ચારેક વાગ્યા હશે. બરાબરને સાદી ?' એણે સાદીને પૂછ્યું. સાદીએ માથું હલાવી હા પાડી.

'સાદીએ અંદર જઈ એણે જોયેલી કળ દબાવી. એ સાથે જ એના દાખલ થવાનું દ્વાર બંધ થઈ ગયું, પરંતુ અંદર જવાનું એક દ્વાર ખૂલી ગયું. સાદીને બીક લાગી. છતના થોડાંક કાણાંઓમાંથી આવતા પ્રકાશના લીધે એ અંદરનું થોડું થોડું જોઈ શકતો હતો. એ પેલા દ્વાર મારફત અંદર પ્રવેશ્યો. એક વિશાળ પરસાળ જેવી લાંબી જગ્યામાં એણે ઘૂસતા વ્હેંત જમણી તરફ આવતા ઓરડામાં ડોકિયું કર્યું. એ સાથે જ સાદીની આંખો ફાટી રહી ! એ ઓરડામાં ફારો અખેનાતનની દીકરી મિકેતાતેનનું મમી સચવાઈને પડેલું હતું ! બીજા ઓરડામા ફક્ત હીરા અને ઝવેરાત જ ભરેલું હતું. વચ્ચેથી ફક્ત ચાલવાનો રસ્તો જ હતો. સાદીએ પોતાની પાસેનો કોથળો ત્યાં મૂક્યો. પછી પેલું ઝવેરાત એમાં ભરવા હાથ લંબાવ્યો ત્યાં જ એને લાગ્યું કે બાજુના ખંડમાં કોઈ જોરજોરથી હસી રહ્યું છે ! ગભરાઈને સાદી બહાર ભાગ્યો. એનો શણનો કોથળો પણ ત્યાં જ પડ્યો રહ્યો. ઝડપથી બહાર નીકળતી વખતે એણે કોઈ એવી જગ્યાએ હાથ કે પગ દઈ દીધો કે જેના કારણે એ પરસાળ જેવી જગ્યાનું દ્વાર પાછું બંધ થઈ ગયું અને બીજી તરફની ગુફાનું દ્વાર ખૂલી ગયું. પોતે એકલો હોવાના કારણે કોઈના હસવાના ભણકારા જ સાંભળ્યા હોઈ શકે એવું સાદીને લાગ્યું. એટલે એ ફરીથી ગુફામાં ગયો, કારણ કે બહાર જવાનું દ્વાર તો બંધ જ હતું. હજુ તો એ ખોલવાની તરકીબ પણ એણે શોધવાની હતી.' કાદશમાને થોડીક વાર અટકીને પાણી પીધું.

એને પાણી પીતો જોઈ મને પેલાં મૂળિયાં યાદ આવી ગયાં. મેં તરત જ ઊભા થઈ મારા સામાનમાંથી એને બહાર કાઢી ચટ્ટાન પર છૂટાં છૂટાં ગોઠવી દીધાં. એટલી વાર વાત અટકેલી રહી એ મને જરા પણ ન ગમ્યું, પરંતુ શું થાય ? બીજા દિવસની પાણીની જરૂરિયાત પણ ઊભી જ હતી ! કદાચ આ દુર્ગમ પહાડીઓમાં પાણી ન મળ્યું તો ? મને મૂળિયાં ગોઠવતો જોઈને કાદશમાન તેમજ સાદીને નવાઈ લાગતી હતી પરંતુ એ લોકો કંઈ પણ બોલ્યા નહીં. હું પાછો આવીને બેઠો એટલે કાદશમાને ફરીથી વાત શરૂ કરી: 'હાં તો હું ક્યાં હતો ? હા, યાદ આવ્યું ! સાદી મૂળ ગુફા સુધી હવે પહોંચી શકે તેમ નહોતો કારણ કે ગમે તે કારણસર પેલી કળ હવે બીજી વાર કામ નહોતી કરતી. એ બાજુના ખૂલેલા દ્વારમાં દાખલ થયો. એ ગુફામાં અંધારું ખૂબ જ હતું. એક લાકડાના સ્તંભ જેવી કોઈ વસ્તુને એનો હાથ અડક્યો. સાદીએ એ શું છે એ જોવા માટે દિવાસળી સળગાવી અને જાણે કે કોઈએ હજારો મશાલ એના ચહેરા પર ધરી દીધી હોય એવું એને લાગ્યું. એ ભાગ્યો. એનો ચહેરો અને વાળ બળી ગયા. એ ભાગ્યો એ વખતે એનો પગ કે હાથ ફરીથી દીવાલની કોઈ ખાસ જગ્યાએ અડકી ગયા હશે. એટલે બહારનો દરવાજો ખૂલી ગયો. સાદી દોડીને બહાર આવી ગયો અને પછી બેભાન થઈ ગયો. એ તો સારું

થયું કે એ દિવસે બાજુનાં ગામડાંના ચરવાહા (ઢોર ચારનાર) ત્યાંથી પસાર થઈ રહ્યા હતા, એટલે એમણે એને ગામના વૈદ્ય પાસે પહોંચાડી દીધો. એટલે સાદી બચી ગયો, પરંતુ એ વિકૃત બની ગયો છે. એ સારો થયો પછી મારી પાસે આવીને એણે જોયેલા ખજાનાની વાત મને કરી. બસ, એ દિવસથી અમે થોડાક મિત્રો એ ખજાનો કોઈ પરદેશીઓ ન લઈ જાય એ માટે ચોકી કરીએ છીએ. અમે સૌ કેરોની સ્કૂલમાં જોડે ભણેલા. એ વખતથી અંગ્રેજી શીખ્યા છીએ. હવે અમારી ઈચ્છા એવી છે કે કોઈ પણ રીતે અમે એકાદ દિવસ એ ખજાના સુધી પહોંચીએ અને એ મેળવીએ, પણ હિંમત ચાલતી નથી. જો એ ખજાનાનો થોડો ભાગ મળે તો અમારી ભટકતી જાતિ માટે એક સરસ ગામ વિકસાવવાની અમારી ઈચ્છા છે. પરંતુ હવે તો સાદીના આવા ભયંકર અનુભવ પછી કોઈ વ્યક્તિ રોયલ કબરની આસપાસ નથી ફરકતી. અમે પણ નહીં. આ તો તમે લોકો મળ્યા છો એટલે, બાકી એ ભુલભુલામણી તરફ જવામાં પણ અમને બીક લાગે છે. હવે તો ચરવાહા પણ ત્યાં નથી જતાં. અમે બંને કાલે તમે ફારો અખેનાતનની કબરમાં જશો ત્યારે બહાર રહીશું. તમે બહાર આવશો પછી જ તમારી સાથે જોડાઈ જઈશું !'

કાદશમાને વાત પૂરી કરી. અમે લોકો આખી ઘટનાથી અચંબામાં પડી ગયા. કોણે સાદીના મોં પર આગ લગાડી દીધી હશે ? કોણ એ ઓરડાઓમાં હસતું હશે ?

અચાનક મને મિ. થિઓડોર ડેવિસની વાત યાદ આવી ગઈ. તો શું ફારો (રાજા) અખેનાતન અને રાણી નેફરટીટી જીવતાં હશે ? એમને મળેલ સંજીવની વનસ્પતિ શું ખરેખર હશે ? એ લોકો જીવતા હોય તો ત્રણ હજાર વરસથી આવી જગ્યામાં શું કામ રહે ? લોકો સામે ન આવી જાય ? અને ધારો કે જીવતા હોય તો હવે તેમને કેવું લાગતું હશે ?

રાત વધતી જતી હતી. સવાલો પૂરા થાય તેવું લાગતું નહોતું. થાક અને વાતાવરણની સરસ ઠંડક બંને ભેગા થયા હતા. અમે પડ્યા ભેગા જ સૂઈ ગયા હઈશું. કારણ કે મને બાકીનું રાતનું કંઈ પણ યાદ નથી !

❑

૧૬. અબીરા મળ્યો !

ખુલ્લામાં સૂતા હોવાથી અમારી ઊંઘ વહેલી પૂરી થઈ ગઈ.

સૂરજ ઊગતાં પહેલા અમે બધા તૈયાર થઈ ગયા. ફ્વાઝીએ તેમજ અબાનાએ સરસ કોફી બનાવી નાખી. અમે કોફી સાથે ડ્રાય ટોસ્ટ્સનો નાસ્તો પતાવ્યો. મેં પેલા મૂળિયા નીચોવીને પાણી કાઢી લીધું. રણમાં મળે એનાથી લગભગ અડધું પાણી જ અહીં મળ્યું. કદાચ પર્વતાળ પ્રદેશમાં રણ જેટલી ઝાકળ નહીં પડતી હોય. પરંતુ આ પહાડીઓમાં ક્યાંકથી તો એકાદ ઝરણું મળી જવાની શક્યતા હતી જ. એટલે રણપ્રદેશ જેવી પાણીની ચિંતા અહીંયા નહોતી.

સૂરજ ઊગવાની હવે તૈયારી થઈ ગઈ હતી. અમે લોકોએ ચાલવાનું શરૂ કર્યું. ગઈકાલ સાંજની માફક જ અમે ઘોડા પર ગોઠવાઈ ગયા હતા. ઘોડા પણ પાણીદાર અને અરબી ઓલાદના હતા. કદાચ કાદશમાન અને એની ટોળકીએ કોઈ આરબ સોદાગરો પાસેથી ઘોડા ખરીદ્યા હોય તેવું બની શકે.



અમે ઊભા હતા ત્યાંથી રોયલ કબરનું દૃશ્ય

અમારો રસ્તો હવે ખૂબ જ જોખમભર્યો હતો. પહાડીની ધાર પર ખૂબ જ નાનકડી કેડી પરથી અમારે પસાર થવાનું હતું. ઘોડાનો પગ જો જરાપણ લપસે તો અમે સીધા જ નીચે પડીએ એવો ખરાબ એ માર્ગ હતો. એક વાર તો ફ્વાઝી અને પોલ ખીણમાં ગબડી પડતા માંડ બચ્યા. લગભગ ત્રણ કલાકને અંતે અમે એ પાંચ માઈલનું અંતર પૂરું કર્યું. ખીણના છેડા પર અમે પહોંચ્યા ત્યારે બરાબર સામે જ ફારો અખેનાતનની કબરનું પ્રવેશદ્વાર પર્વતના પડખામાં કોરાયેલું દૂરથી દેખાયું. આખો જ વિસ્તાર પહાડી અને ભેંકાર હતો. ખબર નહીં શું કામ, પણ અમારા ધબકારા થોડાક ઝડપી ચાલવા લાગ્યા !

કાદશમાન અને સાદી ઘોડા પરથી ઊતરી ગયા, કારણ કે એ પ્રવેશદ્વાર સુધી પહોંચવા માટે અમારે ઘણું નીચે ઊતરવું પડે તેમ હતું. અમે લોકોએ પણ ઘોડા પરથી ઊતરીને એ લોકોની પાછળ ચાલવાનું શરૂ કરી દીધું. અમે એક હાથે ઘોડાની લગામ પકડી રાખતાં અને બીજા હાથે શિલાઓનો ટેકો લેતા હતા. જો જરાકેય ચૂક્યા તો હાડકા ભાંગી જ જાય એવો ઢાળ હતો. જોકે સાદી ઘણી બધી વાર અહીં આવી ગયેલો હતો એટલે એને ઓછામાં ઓછી તકલીફ પડે તેવી કેડીની જાણ હતી. અમને પર્વતની ઉપરથી નીચે સુધી ઊતરતા બીજો અર્ધા કલાક જેવો સમય થયો. હવે અમે એક વખતના મહાન રાજવી અને ઈજિપ્તમાં સૌ પ્રથમ વખત એકેશ્વરવાદની સ્થાપના કરનાર ફારો અખેનાતની રોયલ કબરની બરાબર સામે ઊભા હતા.

અમને બધાને એ વાતનું આશ્ચર્ય થતું હતું કે ગુફા ખુલ્લી હતી ! જોકે ફ્વાઝી તેમજ સાદી બંનેના કહેવા પ્રમાણે અખેનાતન સૂર્યપૂજક હતા. એટલે એમણે એમની સંપૂર્ણ ગુફાની રચના એવી રીતે કરાવેલી હતી કે સવારના સૂર્યનાં કિરણો એની મેળે જ રોયલ કબરના દરેક ખંડમાં પડે. અને એ માટે ઘણા ગુપ્ત દરવાજાઓ એની મેળે જ ખૂલી જાય ! કદાચ એ રચના પ્રમાણે આ મુખ્ય દ્વાર ખૂલી ગયું હશે ! એ વિચારતાં જ મારા મનમાં ઝબકારો થયો. મારાથી બોલાઈ ગયું, 'તો પછી ફ્વાઝી એનો અર્થ એવો ખરો કે બરાબર બપોરના બાર વાગ્યે જ્યારે સૂરજ એ પહાડીની ઉપર આવી જશે ત્યારે એ દ્વાર બંધ થઈ જાશે ?'


બધા ચૂપ થઈ મારી વાત સાંભળી રહ્યા. સાદીએ આ પહેલા ઘણી વખત એ ગુફાને બંધ પણ જોયેલી અને ખુલ્લી પણ જોયેલી. એટલે એ તરત મારી વાતમાં સંમત થઈ ગયો. બાકીના દરેકને પણ એ બરાબર લાગ્યું. કારણ કે જો સૂરજના પ્રકાશ માટે જ એ રચના કરવામાં આવી હોય તો સૂરજ જતો રહે એ પછી દ્વાર ખુલ્લા રહે તેવી કોઈ જરૂરિયાત નહોતી. દરેકે મારી વાતમાં સંમતિસૂચક માથું હલાવ્યું.

'તો પછી ફ્વાઝી, માઈકલકાકા, રોબર્ટ, અબાના ! આપણે હવે ઝડપ કરવી જોઈએ. આપણી પાસે ત્રણેક કલાક છે. જો આપણે એટલા વખતમાં રોયલ કબરમાંથી બહાર આવી જઈએ તો આપણને પછીથી એની ભુલભુલામણી અને વિચિત્ર કળો હેરાન નહીં કરે, બરાબર ?' મારા આ સૂચન સામે પણ કોઈને વાંધો નહોતો.

અમે ઝડપથી એ રોયલ કબરનાં દ્વાર સુધી પહોંચ્યાં. સાદી અને કાદશમાન ત્યાં બાજુમાં આવેલી પથ્થરની પાળી પર બેસી ગયા. એ લોકો અમારી જોડે અંદર નહોતા આવવાના. એ બંનેને બીક લાગતી હતી. મેં સાદીને પેલી ભેદી કળ વિશે પૂછી લીધું. થોડીક વાર તો એ ખચકાયો, પરંતુ એ પછી એણે જણાવી દીધું કે ગુફામાં પગથિયાં ઊતરો ત્યારબાદ લગભગ છેલ્લેથી બીજા પગથિયાની બાજુની દીવાલમાં એક કાળા ગ્રેનાઈટનો પથ્થર છે. એના પર મશાલ લગાડવા માટે દીવાલમાંથી બહાર આવતો હોય તેવો પથ્થર લગાડેલો છે. એ પણ ગ્રેનાઈટનો જ છે. એ પથ્થર પર કંઈક વજન મૂકવાથી એ નમી જાય છે.

મેં સાદીની વાત બરાબર યાદ રાખી લીધી. એ પછી ફરી એક વાર સાદીએ મને યાદ દેવડાવ્યું કે એ કળ નમાવતા જ ફારો અખેનાતન તેમજ એની દીકરીની કબર તરફનું દ્વાર ખૂલી જશે પરંતુ આ મુખ્ય દ્વાર બંધ થઈ જશે. એ પછી કઈ રીતે ખોલવું એ સાદીને ખબર નહોતી.

અમે અંદર જવાની તૈયારી કરી લીધી. અમારો સામાન તપાસી લીધો. બંદૂકો હાથમાં લઈ લીધી, કારણ કે સવારથી ખુલ્લા આ દરવાજામાં બીજું કોઈ અંદર પહોંચી ગયું હોય તો સારું પડે. એ ઉપરાંત આ નિર્જન પ્રદેશમાં કોઈ જંગલી જાનવર સામે મળે તો પણ રક્ષણ કરી શકાય. પાણીની મશક મેં અબાનાને પકડાવી. અચાનક મને યાદ આવી ગયું કે અંદર અંધારું ઘોર થઈ જતું હોય તો શા માટે ફારો અખેનાતનની કબરનો નકશો અહીં બહાર જ ન જોઈ લેવો ? મેં ફ્વાઝીને આ વાત કરી. ફ્વાઝી પણ સંમત થયો. એણે એના થેલામાંથી એલેસાંદ્રોએ આપેલ નકશો કાઢી જમીન પર પાથર્યો.



સાદીએ જે ખજાનો જોયો હતો એ મિકેતાતેનની પ્રથમ ચેમ્બરમાં એના મમીની બાજુમાં જ જોયો હતો. એટલે અમે નક્કી કર્યું કે અમારે સીધા અંદર જઈ

ઉત્તર પશ્ચિમની લૉબીમાં જ સીધું આગળ વધવું અને અમારા સાથીઓને જોરજોરથી બૂમો પાડતા જવી. ખજાનો ન મળે તો પણ બરાબર બપોર થાય તે પહેલા આ ભુલભુલામણીમાંથી બહાર નીકળી જ જવું. અમારું ધ્યેય અમારા સાથીઓને શોધવાનું હતું. એટલે કોઈએ પણ લાલચમાં આવી પોતાનો જીવ જોખમમાં પડે તેટલો વખત અંદર ન રોકાવું એવી તાકીદ અમે દરેક જણને કરી.

'તો પછી માઈકલકાકા ! અંદર જઈને બૂમો પાડવાની હોય તો અહીં પ્રવેશદ્વાર પાસે ઊભા રહીને બૂમો પાડીએ એ વધારે સારું નહીં ?' પોલ બોલ્યો.

અમને પોલની વાત સાચી લાગી. અમે બધાએ બાજુબાજુમાં ઊભા રહી જોરથી બૂમો પાડી, 'જેક !! અબીરા !! માતાદી...!!ઈ...ઈ...ઈ...'

પહાડી વિસ્તાર હોવાથી કેટલીયે વાર સુધી અમારા અવાજના પડઘા પડ્યા, પણ એ સાથે જ ગુફાનું મુખ્ય પ્રવેશદ્વાર એની મેળે બંધ થઈ ગયું. અમે હતપ્રભ જેવા ઊભા રહી એકબીજાનું મોઢું જોવા લાગ્યા ! આવું તો અમે ધાર્યું જ નહોતું. હવે ?

અમે ફરીથી બૂમો પાડી જોઈ. અમારો સાદ બેસી જાય એટલી બૂમો અમે પાડી છતાં પણ એ તોતિંગ દરવાજો ન જ ખૂલ્યો. હવે અમે સૌ એની નજીક ગયા. હાથેથી ધક્કો મારીને એ દરવાજો ખોલવાનો અમારો પ્રયાસ પણ નાકામિયાબ રહ્યો. દરવાજાની બંને તરફના સ્તંભ પર પથ્થરમાં ફારો અખેનાતનની પ્રતીમા ઉપસાવેલી દેખાતી હતી, પરંતુ ક્યાંય કોઈ કળ કે દરવાજો ખોલવાની અન્ય રચના નજરે નહોતી ચડતી.

મૂંઝાઈને અમે સાદી અને કાદશમાન બેઠા હતા ત્યાં જઈને બેસી ગયા. તો શું આ દરવાજો ફક્ત સૂર્યકિરણથી જ ખૂલતો બંધ થતો હોય તેવું નહીં હોય ? કે પછી કોઈ અંદર હોય અને અમારો અવાજ સાંભળીને દરવાજાની સાદીએ કહેલી કળ એણે દબાવી દીધી હોય એવું બન્યું હોઈ શકે ? મારા મનમાં ઘણા બધા વિચારો દોડી રહ્યા હતા.

'ડીક ! રોબર્ટ, અબાના ! તમને કોઈને પાણીનો અવાજ સંભળાય છે ? સામેની પહાડી પાસેથી અવાજ આવતો હોય તેવું લાગે છે. જરાક તપાસ કરી લેવી છે ?' માઈકલકાકા બોલ્યા.

અમે હા પાડી. અમારી બરાબર સામે દક્ષિણ-પશ્ચિમ દિશામાં બે પહાડી વચ્ચેની સાંકડી ખીણ તરફથી આવતા એ અવાજ તરફ અમે ચાલ્યા. કાદશમાન અને સાદી ત્યાં જ બેઠા. ખીણનો વળાંક પસાર કરતાં જ અમે નવાઈમાં ડૂબી ગયા. બે પહાડીની વચ્ચેની જગ્યામાં એક નાનકડું સરોવર હતું. ઉપરથી એક સુંદર ઝરણું નીચે સરોવરમાં નાનકડાં ધોધના સ્વરૂપે પડતું હતું. આજુબાજુ ખજૂરીના ઝુંડનાં ઝુંડ હતાં. નવાઈની વાત તો એ હતી કે સરોવરમાંથી બહાર નીકળતું પાણી ક્યાંથી જતું હતું એ ખબર નહોતી પડતી.

'માઈકલકાકા ! ડીક !' પોલ બોલ્યો, 'આ સરોવરમાં પાણી તો ઉપરથી પડતાં ઝરણા દ્વારા આવે છે એ સમજાયું પણ સરોવરમાંથી પાણી બહાર કઈ જગ્યાએથી જાય છે ?'

એના મનમાં પણ એ જ સવાલ ઊઠ્યો હતો. અમે બધાએ સરોવરના કાંઠે આંટો માર્યો. દરેક કાંઠે ધ્યાનથી જોયું પરંતુ પાણીનો બહાર જવાનો માર્ગ દેખાયો નહીં.

'કદાચ આ પાણી ભૂગર્ભમાર્ગે બહાર જતું હશે. અરે હા ! આપણે આવ્યા એ પૂરા રસ્તે એક ઝરણું આપણી બાજુમાંથી વહેતું હતું એ યાદ આવ્યું ? હવે સમજાય છે કે કેવી અદ્ભુત રચના કરવામાં આવી છે ? ભૂગર્ભ રસ્તે ક્યારેય રાજવીકુટુંબનું કોઈ મુસાફરી કરે ત્યારે પાણીની તંગી ન પડે અને ગરમીના દિવસોમાં આખા જ માર્ગ પર ઠંડક રહે ! વાહ !' માઈકલકાકા બોલી ઊઠ્યા.

અમને એમની વાત સાચી લાગી. પાણી પી, થોડી પાકી ખજૂર ખાઈને અમે પાછા ફર્યા.

આમ જોઈએ તો અમે હવે ખરેખર મૂંઝાઈ ગયા હતા. રોયલ કબરનો દરવાજો કઈ રીતે ખોલવો એ એક મોટી સમસ્યા હતી. અમે બીજો અર્ધો કલાક એમ જ આંટા માર્યા. અચાનક મને યાદ આવ્યું કે મારી પાસે ઈજિપ્તના કોઈ પણ પિરામિડને ખોલવાનું તાવીજ હતું. ચાંચિયાઓના સરદારે મને ગર્દાફી બંદરે ઊતરતી વખતે આપેલું. પ્રાચિન ઈજિપ્તમાં લગભગ દરેક પિરામિડ અને ગુફાના ભેદી દરવાજાઓમાં એક સરખી યાંત્રિક રચના જ કરવામાં આવતી ! એટલે એવું બની શકે કે આ તાવીજમાં રહેલી હાથીદાંતની કળ ફારો અખેનાતનની ગુફા પણ ખોલી આપે !

હું ઝડપથી ગુફાના દરવાજા પાસે પહોંચ્યો. ગુફાના દરવાજાને બરાબર ધ્યાનથી જોયો, પરંતુ દરવાજો ખોલવાની કોઈ કળ કે રચના નજરે ન પડી. મારા હાથમાં ચાંચિયાના સરદારે આપેલ પેલી તિલસ્મી ચાવી હતી, પરંતુ એને અજમાવવી કઈ રીતે એનો ખ્યાલ નહોતો આવતો. મેં બધાને આ કળની વાત કરી. મારી વાતથી દરેકનાં મોં પર ઉત્સાહ વ્યાપી ગયો. અમે સૌએ સાથે મળીને પથ્થરના એ તોતિંગ દરવાજાને ધ્યાનથી તપાસવાનું શરૂ કરી દીધું. બધાના સહિયારા પ્રયત્ન પછી પણ કોઈ કળ જડી નહીં. અચાનક મારું ધ્યાન બાજુના સ્તંભ પર કોતરેલ ફારો અખેનાતનની પ્રતીમા તરફ ગયું. જમણા સ્તંભ પર કોતરેલી પ્રતીમાના જમણા હાથને અડકીને આતેન(સૂર્ય)નું કિરણ હતું. એ સૂર્યકિરણનો છેડો હાથ જેવો બનાવેલો હતો. ફારોના હાથ અને સૂર્યકિરણના હાથની વચ્ચેની ખાલી જગ્યામાં એક આડી તિરાડ જેવું હતું. મેં પેલું તાવીજ એમાં ભરાવીને દબાવ્યું. એ બરાબર એ તિરાડમાં બેસી ગયું. અમારા બધાના આશ્ચર્ય વચ્ચે પેલો તોતિંગ દરવાજો એક ધીમા અવાજ સાથે ખૂલી ગયો !

'હુર્રે ...રે ...રે ...!!' હેસ્લિંગ, પોલ અને હું એક સાથે બૂમ પાડી ઊઠ્યા. મેં દરવાજામાંથી એ તિલસ્મી ચાવી પાછી ખેંચી લીધી. અમે સૌ દોડતા ગુફામાં પ્રવેશી ગયા. ગુફામાં થોડે સુધી હજુ તડકો પડતો હતો. પરંતુ એ પછી સંપૂર્ણ અંધારું હતું. પગથિયાં ઊતરતી વખતે અમે તડકામાંથી અંધારામાં પ્રવેશ્યા. એ ક્ષણે જ જાણે કે આંધળા બની ગયા ! અમને કાંઈ જ દેખાતું નહોતું. તડકામાંથી અંધારામાં જઈએ ત્યારે થોડીક ક્ષણો આવું થતું હોય છે. અમે જ્યાં ઊભા હતા ત્યાં જ ઊભા રહી ગયા.

'અબાના ! મિ. માઈકલ ! ડીક ! તમે લોકો આવ્યા છો ?' અંધારી ગુફામાંથી એક પડઘાતો અવાજ આવ્યો.

અમે ચમકી ગયા. ફારો અખેનાતનની ગુફામાંથી અમારું નામ કોણ બોલ્યું હશે ? અમને હજુ કંઈ પણ દેખાતું નહોતું. અમે એમ જ ઊભા રહ્યા.

'અબાના ! મિ. માઈકલ ! ડીક ! તમે અહીં શું કામ આવ્યા છો ?' ફરીથી ગુફાના ઊંડાણમાંથી અવાજ આવ્યો. અમે થોડાક ગભરાયા હતા, ત્યાંથી આગળ વધવાની ઈચ્છા નહોતી થતી. અમારી પાછળ આ વખતે બીતાં બીતાં પ્રવેશેલા કાદશમાન અને સાદી આ ભેદી અવાજ સાંભળતા જ ગુફાની બહાર ભાગી ગયા. જોકે અમે ભાગવા નહોતા માંગતા પરંતુ આગળ પણ નહોતા વધતા. અમારી આંખ ટેવાય ત્યાં સુધી અમે ત્યાં જ ઊભા રહેવા માંગતા હતા.

'અબાના ! એ અબાના ! તું અબાના જ છે ને ?!' ફરીથી ગુફામાંથી અવાજ આવ્યો.

અમારી આંખ હવે થોડી થોડી ટેવાતી જતી હતી. અમને ગુફાના પ્રથમ પગથિયાની હાર જ્યાં પૂરી થતી હતી એ જગ્યા પાસે એક સફેદ ઓળો દેખાયો. ઢાળમાં ઊતરતાં પગથિયાં હોવાથી એ સફેદ ઓળો લગભગ વીસેક ફૂટ નીચે હતો. અમે એને હજુ સ્પષ્ટ જોઈ નહોતા શકતા. અમે બે પગથિયાં પાછાં ચડી ગયાં.

બેચાર ક્ષણ એમ જ પસાર થઈ. હવે અમને ગુફાની અંદરનું બધું ઘણું સ્પષ્ટ દેખાતું હતું. જોકે સાવ નીચે પેલા ઓળા પાસે હજુ અંધારું લાગતું હતું. અમે થોડાં વધારે પગથિયાં નીચે ઊતર્યા. હવે અમને પેલા ઓળાનો ચહેરો પણ દેખાયો. અમારાથી લગભગ એક અવાજે બૂમ પડાઈ ગઈ, 'અબીરા !'

અબીરા દોડીને બાકીનાં પગથિયાં ચડી ગયો. અમે એને ભેટી પડ્યા.

'અબીરા ! તું અહીંયા ? તું અહીં પહોંચ્યો કઈ રીતે ? તું મજામાં તો છે ને ? તું આ ગુફામાં ક્યારથી છો ? તને બીક લાગેલી ?' અમે બધા ધડાધડ સવાલો પૂછવા માંડ્યા ! થોડીવારે અમને સમજાયું કે અબીરા તો એક જ વસ્તુ કરી રહ્યો છે. અબાનાને વળગીને રડવાનું ! એ ખૂબ જ રડ્યો. ખાસ્સી વાર સુધી રડ્યો. અમે પણ બધા ઢીલા પડી ગયા. કેટલાં વરસ અબીરા આ અજાણ્યા પ્રદેશમાં ઠોકરો ખાતો રહ્યો હતો, એ વાતની અમને પણ વેદના થતી હતી.

અમે બધા અબીરાને ભેટીને એને મળવાની ખુશી વ્યક્ત કરી રહ્યા હતા. એ જ વખતે બપોરના બાર વાગી ગયા. ગુફાનુ દ્વાર ધીમે ધીમે એની મેળે જ બંધ થઈ ગયું. એકદમ અંધારું થવાથી અમે ચમકી ગયા, પરંતુ હવે તો દોડીને બહાર નીકળી શકાય એમ પણ નહોતું રહ્યું. અબીરાને મળવાની ખુશીમાં અમે એ ભૂલી જ ગયા હતા કે બહાર નીકળવાની કળ અમને ખબર જ નહોતી. બહાર રહી ગયેલ કાદશમાન અને સાદી પણ અમને કાંઈ કામ લાગી શકે એમ નહોતા, કારણ કે પેલું તાવીજ તો મારી પાસે હતું !

ગુફામાં સંપૂર્ણ અંધારું છવાઈ ગયું.

❑

૧૭. રોયલ કબરમાં

'ડીક ! તારી પાસે ટોર્ચ છે ?' અબીરાએ પૂછ્યું.

મેં મારા સામાનમાંથી ટોર્ચ કાઢીને એને આપી. પછી પૂછ્યું, 'અબીરા ! તું અહીં કેવી રીતે આવ્યો એ તો કહે ! તારી સ્ટીમરનું શું થયું, તું અહીં ઈજિપ્તમાં કઈ રીતે પહોંચી ગયો એ જણાવ !'

'ડીક ! એ બધું હું પછી કહીશ.' અબીરા હવે ઘણો જ સ્વસ્થ થઈ ગયો હતો. એ અમને કંઈક નવું બતાવવા માંગતો હોય તેવું લાગ્યું.

'અબીરા, એટલું તો કહે કે અમે બહારથી બૂમ પાડી ત્યારે ગુફાનો મુખ્ય દરવાજો તેં બંધ કરી દીધો હતો ?' પોલે પૂછ્યું.

અબીરાએ હા પાડી. અમે અમારા બાકીના પ્રશ્નો પડતા મૂક્યા. અને અબીરા હવે શું કરે છે એ જોવા માગતા હતા. ટોર્ચ લઈ અબીરા દાદરાના છેલ્લેથી બીજા પગથિયા પાસે પહોંચ્યો. એ પગથિયાની બાજુની દીવાલમાં એક કાળા ગ્રેનાઈટનો પથ્થર હતો. એ પથ્થર પર મશાલ લગાડવા માટેનો દીવાલમાંથી બહાર આવતો બીજો એક પથ્થર હતો. એ બીજા પથ્થર પર અબીરાએ નીચેની તરફ જોર લગાવ્યું. અબીરા આ બધું એવી સહજતાથી કરતો હતો કે જાણે છેલ્લા થોડા દિવસથી એ આ ગુફામાં જ ન રહેતો હોય !

પથ્થર નીચે નમતાં જ ફારો અખેનાતનની કબર તરફની લોબીનો દરવાજો ખૂલી ગયો. અમે એમાં આગળ વધ્યા. લોબીમાં જમણી તરફ આવેલ પ્રથમ દરવાજામાં અમે પ્રવેશ્યા. અંદરનું દૃશ્ય જોઈને અમે નવાઈ પામી ગયા. ફારો અખેનાતનની પુત્રીનું મમી એ કમરામાં અલબાસ્ટર(એક પ્રકારનો અર્ધ પારદર્શક આરસ)ના ટેબલ પર રાખેલું હતું. અમે શાંત થઈ ગયા. સાડા ત્રણ હજાર વરસથી સૂતેલી એ કુંવરી ખૂબ શાંત લાગતી હતી. જાણે કે હજુ ગઈ કાલે જ સૂતી હોય, એવા ભાવ એના ચહેરા પર હતા. અમે થોડી વાર એમ જ એને જોતા રહ્યા.

અબીરા એ કમરાની બાજુના બીજા બે કમરામાં લઈ ગયો. અમારી ટોર્ચનો પ્રકાશ પડતાં જ જાણે કે સેંકડો ટોર્ચ એકસાથે સળગી ઊઠી હોય તેવું લાગ્યું. આખો કમરો સોનાનાં અદ્ભુત ઘરેણાં, શિલ્પો અને ઝવેરાતોથી ભરેલો હતો. વચ્ચેથી ફક્ત ત્રીજા કમરામાં જવાનો રસ્તો જ હતો. અમે સૌ જાણે કે બોલવાનું જ ભૂલી ગયા હતા. આટલો બધો અદ્ભુત ખજાનો કોઈ જુએ તો બોલવાનું ભૂલી જ જાય ને ! અમારી પણ એ જ દશા થઈ હતી. કોંગોમાંથી અમને મળેલ ખજાનો

તો આનો હજારમો ભાગ પણ નહીં હોય. એ ખંડમાં બરાબર વચ્ચે નીચે શણનો એક ખાલી કોથળો પડ્યો હતો. કદાચ એ સાદીનો હોઈ શકે !

અમે ત્રીજા કમરામાં પહોંચ્યા. એ કમરામાં જીવન જરૂરિયાતની બધી જ વસ્તુઓ રાખેલી હતી. ઈજિપ્તના લોકો એવું માનતા હતા કે આ બધી વસ્તુઓ મૃતાત્માને બીજી દુનિયામાં કામ લાગશે એટલે રોજબરોજની જરૂરિયાતની ચીજો એ લોકો મમીની જોડે જ મૂકી રાખતા.

અમે એ ત્રણે કમરામાંથી બહાર નીકળ્યા. રાજા અખેનાતનની કબર તરફ જતી લૉબીમાં વચ્ચે એક ખંડ બીજો હતો. ખબર નહીં શું કામ, પરંતુ એ ખંડ બિલકુલ ખાલી હતો. કદાચ એ જમાનામાં એ ખંડમાં પૂજારી અને બીજા લોકો પ્રાર્થના માટે ઊભા રહેતા હશે. જોકે આખો ખંડ ખાલી નહોતો. એમાં બે ગંદા કોથળા પડ્યા હતા.

'અબીરા, આ કોથળા શેના છે ?' મેં પૂછ્યું.

'અરે ! ડીક ! એ તો મારા કોથળા છે. મારાં જૂનાં કપડાં, થોડાંક પાથરણાં અને એવા બધા ગાભા અંદર છે. એ બધું તો છે જે આટલાં વરસથી મારું કહી શકાય એવું છે.' અબીરા આગળ ન બોલી શક્યો. એની આંખમાં આંસુ આવી ગયા. મને ફ્વાઝીના શબ્દો યાદ આવી ગયા. બીરા બંદરમાં એણે અબીરાનું વર્ણન કર્યું હતું એ વખતે કહેલું કે એ હંમેશા બે કોથળા લઈને ફર્યા કરતો હતો. અમે સૌ ગળગળા થઈ ગયા. બિચારા અબીરાએ આટલાં વરસો કેવી રીતે પસાર કર્યા હશે ? મેં અબીરાનો હાથ પકડી લીધો. પછી કહ્યું, 'ભૂલી જા મારા ભાઈ એ બધું. જો ! અમે બધા આવી ગયા છીએ ને !'

'ડીક ! એ તો હું જોઈ જ રહ્યો છું, નહીંતર મારી જેવા માણસ માટે પોતાના કામધંધા છોડીને અહીં સુધી કોણ આવે ? મને તો એવું હતું કે મારી આખી જિંદગી હવે આ ખંડેરોમાં જ પસાર થઈ જશે !' અબીરા ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો.

અમે થોડીક વાર એમ જ ઊભા રહ્યા. પછી એ કમરો-પસાર કરીને આગળ ચાલ્યા. હવે અમે ફારો અખેનાતનની રોયલ કબર તરફ આગળ વધ્યા. મારી ટોર્ચ હવે ઝાંખી થવા માંડી હતી. સેલ થોડી વારમાં જ ખતમ થઈ જશે એવું લાગતું હતું.

'માઈકલકાકા ! અબાના ! રોબર્ટ ! હેસ્લિંગ ! તમારી કોઈની પાસે ટોર્ચ છે ?' મેં પૂછ્યું. બધાએ ના પાડી. આ વખતે જંગલમાંથી પસાર થવાનું નહોતું એટલે અમે કાંઈ વધારે તૈયારી નહોતી કરી. હવે ?

'અબીરા ! આપણે બહાર નીકળી જઈએ તો ? ટોર્ચ હવે હમણાં બંધ થઈ જશે !' મેં કહ્યું.

'ના ડીક ! હવે નહીં નીકળાય, કારણ કે આ લૉબીમાં આવવાની કળ દાબતાં જ મુખ્ય દરવાજો બંધ થઈ જાય છે. પછી એ બીજા દિવસે સવારે સૂરજ ઊગવાની સાથે જ ખૂલી શકે છે. એટલે તો મારે ઘણી બધી વખત અહીં રાત ગાળવી પડી છે !' અબીરાએ જવાબ આપ્યો.

'અહીં એટલે ? આ રોયલ કબરમાં ?' મને આશ્ચર્ય થયું.

'હા, અહીં જ ! ડીક ! આ કબરમાં જ ! મોટે ભાગે તો હું બપોરે બહાર નીકળી જતો. સામેના નાના તળાવ પાસેથી ખજૂર ખાઈને દિવસ કાઢતો, પરંતુ ક્યારેક અંદર પણ ફસાઈ જતો.' અબીરા બોલ્યો. એના બોલવામાં ઘણું દુઃખ હતું.

'કેમ ?'

'જો ડીક ! અહીંથી બહાર જવા માટેનો દરવાજો કઈ રીતે ખૂલે છે તેની મને ખબર જ નથી. હા, ક્યારેક અંધારામાં અથડાતા-કુટાતા મારો પગ એવી કોઈ જગ્યાએ પડી જતો કે બહારનો દરવાજો આપોઆપ ખૂલી જતો. બાકી તો મારે આખી રાત અહીંયા જ કાઢવી પડતી.' અબીરા બોલ્યો.

'તો પછી અબીરા તને બીક નહોતી લાગતી ? બહાર બે જણ બેઠા છે જે આ ખીણની ચોકી કરે છે. એમાંના એકે તો અહીંયા હસવાના અવાજો સાંભળેલા છે. તને એવા અવાજો ક્યારેય નથી સંભળાયા ? તે અહીંયા કોઈ વ્યક્તિને જોઈ છે ખરી ?' પોલે પૂછ્યું.

'જો પોલ !...' અબીરા બે ક્ષણ ચૂપ થઈ ગયો. જાણે પોલને કંઈ પણ કહેવાની એની ઈચ્છા ન હોય તેવા ભાવ એના મોં પર આવી ગયા. પછી કંઈક વિચારીને એ બોલ્યો, 'મને પણ ઘણી વખત એવા અવાજો આ કબરમાં સંભળાયા છે. ઘણી વખત તો કોઈ પુરુષ અને સ્ત્રી જોર-જોરથી હસી રહ્યાં હોય તેવું લાગતું, પરંતુ એ રાત્રે જ બનતું. એ વખતે મારી પાસે ટોર્ચ કે એવું કંઈ ન હોવાથી મેં ક્યારેય કંઈ જોયું નથી. હા, એ અવાજ મોટેભાગે સામેની છેલ્લી કબરના ખંડમાંથી આવતો.' અબીરાએ ફારો અખેનાતનની કબર સામે આંગળી ચીંધી !

'તો પછી તું અહીંયા આવ્યો કઈ રીતે ? આટલા દિવસ તેં અહીં કાઢ્યા કઈ રીતે ?' મેં પૂછ્યું.

અબીરાએ મારી ટોર્ચના ઝાંખા પડી રહેલા પ્રકાશ સામે આંગળી લાંબી કરીને કહ્યું, 'મને લાગે છે કે એ અંગે આપણે પછી વાત કરીએ તો સારું. ટોર્ચ નકામી થઈ જાય તે પહેલા આપણે પેલો છેલ્લો ખંડ જોઈ લઈએ !' અબીરા બોલ્યો, 'કારણ કે એ મેં પણ આટલા દિવસમાં ક્યારેય નથી જોયો. હું પણ એ ખંડમાં ક્યારેય નથી ગયો !'

અમે આશ્ચર્યચકિત થઈ ગયા. અબીરા આ ગુફામાં જ ઘણા દિવસથી હોવા છતાં છેલ્લા કમરામાં કેમ નહીં ગયો હોય ? આખી જ રોયલ કબરમાંથી એણે રાજા (ફારો) અખેનાતનની કબર જ કેમ નહીં જોઈ હોય ?

'કેમ અબીરા ? તેં એ કબર કેમ નથી જોઈ ? કે પછી તું કોઈ કારણસર એ જોઈ નથી શક્યો ?' રોબર્ટે પૂછ્યું.

'વાત એમ છે કે રોબર્ટ ! આપણે જેવા આ ખાલી ખંડમાં આગળ વધીશું કે તરત જ ફારો અખેનાતનની કબરનો દરવાજો બંધ થઈ જશે. નીચેની ફર્શ પર એવી કાંઈક કળ રાખી છે કે ગમે ત્યાંથી ચાલો તો પણ એ છેલ્લા કમરા સુધી જવાતું જ નથી. પછી એ રસ્તો એની મેળે બીજા દિવસે સવારે સૂર્ય ઊગવાની સાથે

જ ખૂલી જાય છે. તમે જેવા એ વખતે પણ એ કમરાથી થોડાક દૂર પહોંચો કે તરત જ એ ખંડનું પથ્થરનું દ્વાર બંધ થઈ જાય છે. મને કોઈ પણ રીતે એ ખોલતા નથી આવડતું. એટલે હું એ ખંડથી દૂર જ રહું છું.' અબીરા બોલ્યો.

અમને નવાઈ લાગી. ઉપરાંત હવે તો થોડી બીક પણ લાગતી હતી. કારણ કે આ ભેદી ગુફામાં કોઈક કળ ધારો કે બંધ થઈ ગયા પછી ન ખૂલી શકી તો ? અમે ફસાઈ જઈએ. અને સાડા ત્રણ હજાર વરસ પછી બધી કળ બરાબર કામ કરે જ એવી આશા પણ કઈ રીતે રાખી શકાય. છતાં મને હવે ફારો અખેનાતનની ગુફા જોવાની પ્રબળ ઇચ્છા થઈ આવી હતી, કારણ કે મિ. થિઓડોર ડેવિસના શબ્દો વારંવાર મારા કાનમાં પડઘાતા હતા. એ ગુફામાં ક્યાંક સંજીવની છે ! અને ધારો કે એ ન પણ હોય, તો પણ એ શબ્દ જ એવો જાદુઈ હતો કે જાણે કે એ મને ફારોની રોયલ કબરમાં પ્રવેશવા માટે મજબૂર કરી રહ્યો હતો.

અમે સૌ એ ગુફા તરફ ચાલ્યા. જેમ જેમ રાજા (ફારો) અખેનાતનની કબરનું પ્રવેશદ્વાર નજીક આવતું ગયું એમ અમારા ધબકારા વધતા ગયા. અબીરાની વાત સાચી હોય તો હવે એ દ્વાર ગમે તે ક્ષણે બંધ થઈ જવું જોઈએ. અને બે જ ડગલાં પછી બન્યું પણ એમ જ ! જેવા અમે દ્વારથી વીસેક ફૂટ દૂર રહ્યા કે તરત જ જમણી બાજુની દીવાલમાંથી એક તોતિંગ પથ્થર સરકીને ગુફાની આડો ગોઠવાઈ ગયો. એક સળી પણ નાખી શકાય એવી તિરાડ પણ ન છૂટે એટલી સરસ રીતે એ બંધ થઈ ગયો. અમે ઊભા રહી ગયા.

મને ફરીથી પેલું તાવીજ અથવા તો તિલસ્મી ચાવી યાદ આવી ગઈ. ડાબી તરફની દીવાલમાં કોતરેલ આતેન (સૂર્ય) ભગવાનની ડિસ્કની બરાબર વચ્ચે બહાર હતી તેવી આડી તિરાડ હતી. મેં એ તાવીજ કાઢી એ તિરાડમાં ભરાવ્યું. પેલો પથ્થર પાછો ખસીને જમણી બાજુની દીવાલમાં પાછો જતો રહ્યો. અમે અચંબાથી જોઈ રહ્યા. પચાસ માણસો એક સાથે જોર કરે તો પણ ન હલાવી શકે એવો તોતિંગ પથ્થર એક નાનકડી હાથીદાંતની કળથી કેવો આસાનીથી ફરી જતો હતો ! અને એ પણ એની યાંત્રિક રચના કર્યાનાં ૩ હજાર વરસ પછી ! ફારો અખેનાતન અને એના ઇજનેરોનાં અમે મનોમન વખાણ કરી લીધાં.

જે ખંડમાં હજારો વરસથી કોઈ પ્રવેશ્યું નહોતું એમાં ધીમે પગલે અમે લોકો પ્રવેશ્યા. ખંડમાં સંપૂર્ણપણે અંધારું હતું. મેં ફરીથી મારા હાથમાં રહેલી ટોર્ચ સળગાવી, પરંતુ એના સેલ હવે લગભગ ખૂટી જવા આવ્યા હતા. મારા પગ પાસે થોડું અજવાળું કરવા સિવાય એ ટોર્ચ હવે ઝાઝી મદદ કરી શકે તેમ નહોતી.

'ડીક ! રોબર્ટ ! ત્યાં નજર નાખો તો ! ઉપર આ અજવાળું શેનું દેખાય છે ? ત્યાં જુઓ તો !' માઈકલકાકાએ છત તરફ આંગળી ચીંધી.

અમે સૌએ ઉપર જોયું. ઉપર પાછળની દીવાલ પર ઉપરના ભાગે એક ગોખલા જેવું કાણું ખુલ્લું હતું ! ફારાઓની કબરો લૂંટવા માટે ચોર-લૂંટારાઓ આવાં કાણાં કોતરી કાઢતાં. પરંતુ નવાઈની વાત તો એ હતી કે એકાદ ફૂટથી વધારે મોટું કાણું પડે જ નહીં એવી દરેક દીવાલના પથ્થરમાં રચના કરવામાં આવતી. એટલે

જ જો કોઈ આવે તો મુખ્ય દ્વારથી જ આવી શકે ! અહીંયા તો એમાં પણ એટલી ભુલભુલામણી રાખવામાં આવી હતી કે આ ગુફાઓ લૂંટાઈ જવામાંથી બચી ગઈ હતી ! દુનિયાને પણ આના વિશે હજુ કંઈ જ ખબર પડી નહોતી.

એ દીવાલ પરના એકાદ ફૂટના કાણામાં એક ઘુવડ બેઠું હતું. અમે સૌ શાંત હતા. અમારી આંખ થોડી ટેવાઈ જાય પછી બાકીની કબર ધ્યાનથી જોઈએ એવું અમે વિચારતા હતા.

'હા !... હા !... હા !... હા !... હી... હી... હી... હી...!' કબરની શાંતિને ચીરતો અટ્ટહાસ્યનો અવાજ આવ્યો. એકાદ-બે ક્ષણ અમે સૌ ખરેખર ડરી ગયા, પરંતુ બીજી જ ક્ષણે ખ્યાલ આવી ગયો કે એ અવાજ પેલા ઘુવડે કાઢ્યો હતો. ઘુવડ માણસ, સ્ત્રી કે બાળક જેવા લાગતા અવાજમાં હસી શકે છે. અમારી બીક ઓછી થઈ ગઈ. સાથોસાથ એ પણ સમજાઈ ગયું કે સાદીએ કોઈનો જોરજોરથી હસવાનો જે અવાજ સાંભળેલો તે કદાચ આવો જ હોઈ શકે ! અજાણી અને ભેદી જગ્યામાં આવો અવાજ અચાનક આવવાના કારણે એ ડરી ગયો હોય એવું બની શકે. પરંતુ એ કઈ રીતે દાઝી ગયો હશે ? એના મોં પર આગ કઈ રીતે અડકી હશે ? એ સવાલો મને મૂંઝવતા હતા. અબીરાએ પણ આવો જ અવાજ સાંભળ્યો હશે.

અમે થોડી વાર એ જગ્યાએ જ ઊભા રહ્યા એટલી વારમાં અમારી આંખો ટેવાઈ ગઈ. પેલા ગોખલામાંથી આવતો પ્રકાશ પણ હવે ગુફાને ઘણો જ પ્રકાશિત કરતો હતો. હવે ગુફાની લગભગ ચીજો અમને બરાબર દેખાતી હતી. ફારો અખેનાતન, જે પ્રાચીન મિસ્ર(ઈજિપ્ત)ના સમ્રાટ હતા, એની જાહોજલાલી જોઈને અમારી આંખો જ ફાટી રહી. પૂરી કબરની દીવાલો પર હાયરોગ્લાયફિક્સ લિપીમાં કંઈક લખેલું હતું. ફ્વાઝી રોઝેટા સ્ટોન કાઢીને એ વાંચવાની કોશિશ કરી રહ્યો હતો, પરંતુ દીવાલ પરના અપૂરતા પ્રકાશને કારણે એ બરાબર વાંચી નહોતો શકતો. કમરાની બરાબર વચ્ચે એક ગુલાબી ગ્રેનાઈટનું સાર્કોફેગસ (શબપેટી) પડ્યું હતું. આજે સાડાત્રણ હજાર વરસ પછી પણ એની ચમક આંખને આંજી દે તેવી હતી. શબપેટીની બાજુમાં ખૂબ જ કિંમતી ચીજો પડી હતી. જેમાંની દરેક સોનાના પતરાથી મઢેલી દેખાતી હતી. ચારે તરફની દીવાલને અડકીને અલબાસ્ટરના મોટા કૂંજા હતા. એના પર અદ્ભુત નકશીકામ કરેલું હતું. એ કૂંજાઓ ખોલીને અમે અમારી ટોર્ચના ઝાંખા પ્રકાશમાં જોયું તો અંદર મધ ભરેલું હતું. મને રોમાંચ થઈ આવ્યો. હજારો વરસ જૂનું મધ ! અને એ જ સોડમ સાથે !

રોબર્ટ મધમાં આંગળી બોળીને ચાખવા ગયો.

'નહીં રોબર્ટ !'ફ્વાઝીએ બૂમ પાડી, 'એ મોંમાં ન નાખીશ ! તું એ કૂંજાના તળિયે તો જો !'

અમે બધાએ કૂંજાના તળિયે જોયું. એમાં તળિયે બીજા કોઈ રંગનું પ્રવાહી દેખાતું હતું. રોબર્ટ બાઘા જેવો થઈ ગયો. એણે પોતાની આંગળી લૂંછી નાખી. પછી ફ્વાઝીને પૂછ્યું, 'કેમ ફ્વાઝી ? એ બીજું પ્રવાહી શું હોઈ શકે ? કોઈ ઝેર કે બીજું કાંઈક ?'

'હા ! એ કોઈ ઝેર હોઈ શકે કે તીવ્ર કોસ્ટિક પણ હોઈ શકે. રાજાઓની શાંતિમાં ભંગ કરનારને સજા કરવા માટે આવી તો ઘણી બધી યુક્તિઓ કરવામાં આવતી.' ફ્વાઝી બોલ્યો.

હવે કોઈ પણ વસ્તુને બને ત્યાં સુધી ન અડકવું એવું અમે નક્કી કરી લીધું.

ગુલાબી અને વિશાળ શબપેટીની બાજુમાં જ સંપૂર્ણ સોનાનો રથ અને એવા જ સોનાના બનેલા ઘોડા હતા. મૃત્યુ પછીની દુનિયામાં રાજા આ રથ પર સવારી કરી શકે એવો એનો હેતુ હોઈ શકે. શબપેટી અલબાસ્ટરના ટેબલ પર રાખેલી હતી. એ ટેબલની ચારે તરફ બબ્બે દેવીઓની આકૃતિ કંડારેલી હતી. એ દરેકની નીચે એમનાં નામ લખેલાં હતાં.

'ફ્વાઝી ! આ દેવીઓનાં ચિત્રો નીચે એમનાં નામ અને બીજું કંઈક લખેલું હોય એવું લાગે છે. તું એ વાંચી શકીશ ?' મેં ફ્વાઝીને કહ્યું.

ફ્વાઝીએ ધ્યાનથી એ લખાણ જોયું. અમારી ટોર્ચ હવે સાવ પીળો અને ઝાંખો પ્રકાશ જ આપતી હતી. માંડ માંડ દેખાતા શબ્દોને વાંચીને ફ્વાઝીએ અમને કહ્યું, 'આ બંને તરફ જેની આકૃતિ છે એ સેખમેટ દેવી છે ! એ પ્લેગની દેવી તરીકે ઓળખાય છે અને દુશ્મનો સામે એ રક્ષણ આપે છે. એવું કહેવાતું કે જે વસ્તી પર આ સેખમેટ દેવી ગુસ્સે થઈ જાય, એનો પ્લેગના રોગમાં સફાયો થઈ જાય !'

અમે સૌ ચૂપ થઈ ગયા.

'આ બીજી બંને બાજુઓ પર જેની આકૃતિ છે, એ પણ એક દેવી જ છે. એનું નામ છે સેલ્કેટ દેવી !' ફ્વાઝી આગળ બોલ્યો.

'એ દેવીનું શું મહત્ત્વ હોય છે, ફ્વાઝી ?' ઘણા વખતે પોલ બોલ્યો.

'હા, પોલ, અહીં તો નથી લખેલું, પરંતુ હું જાણું છું ત્યાં સુધી વીંછીનો ડંખ સારો કરવા અને મમીનાં અંગો સાચવવા માટે આ દેવીની સ્થાપના કરવામાં આવતી ! અરે પોલ, આ દેવીનું નામ લઈને ફક્ત ફૂંક મારવાથી જ ગમે તેવા ઝેરી વીંછીનું ઝેર ઊતરી જતું એમ પ્રાચીન ઈજિપ્તના લોકો માનતા !' ફ્વાઝી બોલ્યો.

ફ્વાઝી ઈજિપ્ત મ્યુઝિયમનો માણસ હતો એ અમારા માટે ખૂબ આશીર્વાદરૂપ હતું. કારણ કે ઈજિપ્તના પ્રાચીન ઈતિહાસ સાથે જ એનો રોજનો પનારો હતો. એટલે અમને તો આવા દરેક પ્રાચીન સ્થળ માટે સૌથી ઉત્તમ ભોમિયો જ મળી ગયો હતો !

'અરે ડીક ! માઈકલકાકા ! ફ્વાઝી ! પોલ ! અબાના ! અહીં જુઓ તો !' દરેક વસ્તુનું અત્યંત ધ્યાનથી નિરીક્ષણ કરવાની આદતથી મજબૂર હેસ્લિંગ પેલા સોનેરી રથને ધ્યાનથી જોઈ રહ્યો હતો. અમે એની નજીક પહોંચ્યા. જોયું તો એ રથની અંદરની જગ્યામાં અતિ કિંમતી લાગતાં હજારો રત્નો પડ્યા હતાં. માઈકલકાકાના કહેવા પ્રમાણે મોટા ભાગના પથ્થરો અકીક તેમજ નીલમ હતા. આ દરેક જણે અમારા પોશાકોમાં લઈ શકાય એટલા એ રત્નો લઈ લીધાં. અમારા લીધા પછી પણ એમાં એટલા બધા રત્નો પડ્યા રહ્યાં હતાં કે એવું જ લાગે કે જાણે એમાંથી એક પણ રત્ન ઓછું નથી થયું !

ટોર્ચ હવે ગમે ત્યારે બંધ થઈ જશે એવું લાગતું હતું.

'આપણે સૌ પ્રથમ ફારો (રાજા) અખેનાતનનાં દર્શન કરી લઈએ તો કેવું ? પછી ટોર્ચ વગર કઈ રીતે જોઈ શકાશે ?' મેં કહ્યું. બધા મારી વાતમાં સંમત થયા. અમે ફારો અખેનાતનના સાર્કોફેગસ (શબપેટી) પાસે ગયા. ગુલાબી ગ્રેનાઈટનું ઢાંકણ મેં તથા રોબર્ટે ધીમેથી ખસેડ્યું. ફ્વાઝીએ અંદર ટોર્ચ કરી. અમારી નવાઈ વચ્ચે એ સાવ ખાલી હતું. એમાં ફક્ત રણમાં હોય તેવી રેતી જ ભરી હતી !

ઝાંખા પ્રકાશમાં અમે એકબીજા સામે જોઈ રહ્યા. દરેકના મનમાં કદાચ મિ. થિઓડોર એમ. ડેવિસના શબ્દો જ ઘુમરાતા હતા. શું ફારો અખેનાતન અને એમની રાણી નેફરટીટી સાચ્ચે જ અમર બની ગયાં હશે ? પ્રજાને ભોળવવા માટે જ આ શબપેટી અહીંયા મૂકવાનું નાટક રચવામાં આવ્યું હશે ? એવું જો ખરેખર બન્યું હોય તો અહીંયા ક્યાંક જ સંજીવની વનસ્પતિ હોવી જોઈએ. જો હોય તો ક્યાં હોય ? અચાનક મને યાદ આવ્યું કે આ ખંડના જમણા ખૂણામાંથી એક બીજા ખંડમાં પણ જવાતું હતું. ક્યાંક એમાં તો આ વનસ્પતિ નહીં હોય ને ? મેં બધાને વાત કરી. બધાએ મારી વાતમાં સંમતિ દર્શાવી. અમે એ ખૂણા તરફ આગળ વધ્યા.

એ ખંડ પણ બંધ જ હતો. અમારી ટોર્ચ હવે એક પીળું બે ઈંચના કુંડાળા જેટલો જ પ્રકાશ આપતી હતી. એના સહારે મેં દીવાલમાં લગાવેલ કળની ફાંટ જોઈ. મારું તિલસ્મી તાવીજ એમાં ગોઠવતાં જ એ બરાબર બેસી ગયું અને એ કમરાનું પથ્થરનું દ્વાર ખૂલી ગયું. મેં કળ બહાર ખેંચી કાઢી. અમને નવાઈ લાગી કે તાવીજ બહાર કાઢતાં જ પેલો દરવાજો ફરીથી બંધ થઈ ગયો. તાવીજ પાછું એ ફાંટમાં લગાવતાં જ દરવાજો ફરીથી ખૂલી ગયો.

'ડીક ! તું એ તાવીજ એમ જ રહેવા દે ! તો જ એ દરવાજો ખુલ્લો રહેશે !' માઈકલકાકા બોલ્યા.

મને પણ એમની વાત બરાબર લાગી. તાવીજ એમ જ રહેવા દઈ અમે એ કમરામાં પ્રવેશ્યા. બરાબર એ જ વખતે અમારી ટોર્ચ અંતિમ લાલ ટપકા જેવો પ્રકાશ બતાવીને બંધ થઈ ગઈ. હવે ? આ કમરામાં તો પેલા છતમાં રહેલા ગોખલાનો પ્રકાશ પણ બિલકુલ નહોતો આવતો. હું અંધારામાં જ આગળ વધ્યો. મારો હાથ કોઈ લાકડાના ફર્નિચરને અડક્યો. મને યાદ આવ્યું કે મારી પાસે હેસ્લિંગના ધૂનીકાકાએ આપેલ લાકડાના એવા ટુકડા હતા કે જે એક વખત સળગાવ્યા પછી લગભગ એકાદ કલાક સુધી પ્રકાશ આપે. મને થયું કે એ લાકડાનો ઉપયોગ કરી લેવો જોઈએ. મારી પાસે લાઈટર તેમજ ચકમકના પથ્થરો તો હતા જ.

મેં સામાનમાંથી લાઈટર કાઢી એક વખત ઘસ્યું. એ ન સળગ્યું પણ એક ક્ષણ માટે ચમકારો થયો. હું બીજી વખત એ સળગાવવા જ જતો હતો ત્યાં જ ફ્વાઝીએ જોરથી બૂમ પાડી, 'નહીં કરતો ડીક ! લાઈટર ન સળગાવતો ! જો તો ખરો ! ***બિચુમેંન !***'

❑

૧૮. સંજીવની અને રોયલ કબરનો ખજાનો !

મારી આંગળીઓ અટકી ગઈ. કમરામાં અંધારું ઘોર હતું.

'બિચુમેન એટલે શું ફ્વાઝી ?' પોલે પૂછ્યું.

'બિચુમેન એટલે એક એવું ઝડપથી આગ પકડી લેતું મિશ્રાણ કે જેની નજીક આગ લઈ જતાં જ ભડકો થાય. ડીકના લાઈટરના પ્રથમ ચમકારામાં મેં સામે રહેલો લાકડાનો સ્તંભ જોયો. એની પર જે ચળકતો પદાર્થ હતો એ બિચુમેન જ હોઈ શકે. કારણ કે સંપૂર્ણ ગુફા કે પિરામિડની રક્ષા માટે એ ઉપાય હંમેશા અજમાવવામાં આવતો. જો કોઈ માણસ આ ગુફામાં ઘૂસે અને જેવો અગ્નિ કે મશાલ સળગાવવા જાય તેવો જ મોટો ભડકો થાય અને એ સળગી જાય !' ફ્વાઝી બોલ્યો.

'હવે મને સમજાય છે ! પેલા સાદીનો ચહેરો આવી જ રીતે દાઝી ગયો હશે! એણે પેલા સ્તંભ જેવા ભાગની બાજુમાં દિવાસળી કરી એટલે બિચુમેનને કારણે આગ લાગી ગઈ હશે. એ આગ આંખોની ખૂબ નજીક હોવાથી એમાં થયેલો ભડકો સાદીને સેંકડો મશાલો જેવો લાગ્યો હશે !' હું બોલ્યો. હવે આ ગુફાના ઘણાં રહસ્યો મને સમજાઈ રહ્યાં હતાં. આ બધી ગૂંચવાડાભરી વાતો જો ન સમજાય તો એ વહેમ બની જતો હોય છે.

હું એવો વિચાર કરતો જ હતો ત્યાં જ થોડી ગડગડાટી થઈ અને પેલા ગોખલા જેવા કાણામાંથી આવતો પ્રકાશ બંધ થઈ ગયો. હવે અમે ઊભા હતા ત્યાં પણ સંપૂર્ણ અંધારું થઈ ગયું હતું.

'ફ્વાઝી, પેલી ટોર્ચમાં સેલ આગળ પાછળ કરી જો તો ! કદાચ એ બે-પાંચ મિનિટ ચાલે પણ ખરી. તો પછી આપણે ઝડપથી છેલ્લો કમરો જોઈને બહાર નીકળી જઈએ !' રોબર્ટ બોલ્યો.

ફ્વાઝીએ એ મુજબ કરી જોયું અને ખરેખર ટોર્ચ શરૂ થઈ ગઈ ! ફ્વાઝીએ ટોર્ચનો પ્રકાશ પેલા કમરામાં ફેંક્યો. બારણાને બિલકુલ અડીને એક લાકડાનો રથ પડ્યો હતો. બિચુમેન લગાવેલ હોવાથી એ એકદમ ચળકતો હતો. એને બરાબર વચ્ચે શા માટે રાખેલો હશે ? અમે સૌ નવાઈમાં પડી ગયા. ચળકતાં સોનેરી પાંદડાંવાળો એક નાનકડો છોડ કમરાના છેડા પર અલબાસ્ટરના મોટા કૂંડામાં રાખેલો હતો. અમારી અને એ છોડ વચ્ચે ફક્ત પંદરેક ફૂટનું જ અંતર હતું. વચ્ચે ઘણું ફર્નિચર પડ્યું હતું. એ વનસ્પતિનાં પાંદડાંમાંથી એક આછો ભૂરો પ્રકાશ નીકળતો હોય તેવું લાગતું હતું. એની પાછળની દીવાલમાં એક મોટું ભોંયરું હતું.

અમે બધા એકબીજા સામે જોઈ રહ્યા. એવી રીતે જોઈ રહ્યા હતા કે જાણે અમારી બુદ્ધિ જ બહેર ન મારી ગઈ હોય ! પછી એક સાથે જ અમે બોલી ઊઠ્યા, 'સંજીવની !'

'માઈકલકાકા ! આપણે કૂંડા સહિત આખો છોડ લઈ ઝડપથી નીકળી જઈએ તો ? મને લાગે છે કે હવે વધારે સમય આ ગુફામાં ગાળવા જેવો નથી જ ! જુઓ, પેલો ઉપરનો ગોખલો તો બંધ થઈ ગયો છે ! પેલું ઘુવડ પણ કદાચ બહાર ઊડી ગયું હોય તેમ લાગે છે અને મને જમીનમાંથી ધીમી ધીમી ધ્રુજારી સંભળાતી હોય એવું લાગે છે. કદાચ ધરતીકંપ તો નહીં હોય ને ?' મેં કહ્યું.

'હું તારી વાત સાથે સંમત છું, ડીક ! દોસ્તો, આપણે હવે જલદી અહીંથી નીકળી જઈએ. અબાના, ફ્વાઝી તમે બંને જઈને સંજીવનીનો છોડ કૂંડા સહિત ઉપાડતા આવો. જલદી કરો !' માઈકલકાકા બોલ્યા.

અબાના અને ફ્વાઝીએ રસ્તામાં પડેલો લાકડાનો રથ ખસેડવા કોશિશ કરી. રથ જેવો સહેજ ખસ્યો કે બરાબર એ જ સમયે એ કમરાની પાછળ દેખાતા ભોંયરામાં ગડગડાટી થઈ. પેલો સંજીવનીનો છોડ અલબાસ્ટરના કૂંડા સહિત ધીરે ધીરે એની નીચેની જમીનમાં ઊતરી ગયો. અને એ સાથે જ એક મોટો ગોળ પથ્થર પેલા અંધારિયા ભોંયરામાંથી અમારી તરફ ધસી આવ્યો. એ તો સારું હતું કે રસ્તામાં ફર્નિચર પડેલું હતું, નહીંતર અમે જીવતા જ કચરાઈ જાત ! પરંતુ પથ્થરનું વજન જોતા એ અટકે તેમ નહોતું. રસ્તામાં આવતી દરેક વસ્તુને કચરીને એ સંજીવનીવાળા કમરાના દરવાજામાં ફસાઈ ગયો. એવી રીતે એ પથ્થર ફસાઈ ગયો હતો કે એ જગ્યાએ એક કમરો હશે એવી ખબર પણ ન પડે !

એ જ સમયે છતમાં ફરીથી ગડગડાટી થઈ.

'માઈકલકાકા ! ડીક ! અબીરા ! ભાગો ! ઉપર જુઓ !' હેસ્લિંગ બોલ્યો.

અમે ઉપર જોયું ! ફારો અખેનાતનના સાર્કોફેગસ(શબપેટી)ની બરાબર ઉપર જ એક મોટો પથ્થર ઝળૂંબતો હતો. કદાચ હમણાં જ પડશે એવું લાગતું હતું. હવે અમે ન ભાગીએ તો અમારામાંથી બેત્રણ જણને તો ચોક્કસ ઈજા થાય એવી શક્યતા હતી. અમે દોડ્યા. હજુ તો અમે દરવાજા સુધી પહોંચ્યા ત્યાં જ મોટો ધબાકો સંભળાયો. દોડતા દોડતા જ મેં પાછા ફરીને જોયું તો પેલો પથ્થર નીચે પડ્યો હતો અને ફારો અખેનાતનનું ગુલાબી ગ્રેનાઈટનું સાર્કોફેગસ (શબપેટી) ઠેકઠેકાણેથી તૂટી ગયું હતું.*

હવે અમને ગભરામણ થઈ આવી. છેલ્લાં ત્રણ હજાર વરસમાં જે બધું સલામત રહેલું એ અચાનક શાથી તૂટી જાય ? કદાચ સંજીવની કોઈના હાથમાં ન લાગી જાય એ માટે આવી રચના હશે ? જે હોય તે ! હવે તો ભાગ્યા સિવાય છૂટકો જ નહોતો. અમે રાજા અખેનાતનની કબરમાંથી બહાર લોબીમાં આવી ગયા. હજુ પેલા કમરામાંથી ભયંકર ગડગડાટીના અવાજો આવતા હતા. અમે દોડતા પેલા ખાલી કમરામાં આવી પહોંચ્યા.

* એ ગુલાબી ગ્રેનાઈટની શબપેટી સાંધીને ઈજિપ્તના મ્યુઝિયમમાં રાખવામાં આવી છે.

'ઠીક ! અબાના ! મારા આ કોથળા લેવડાવોને !' અબીરા બોલ્યો. અમે એકબીજા સામે જોયું, પરંતુ હવે વિચારવાનો કે દલીલનો સમય જ નહોતો. કદાચ અબીરાને આટલાં વરસમાં એના ગાભાઓ પ્રત્યે લગાવ થઈ ગયો હશે. અમે બબ્બે જણા વચ્ચે એક કોથળો એમ ઉપાડીને દોટ કાઢી. હવે આખી ગુફામાંથી જાણે ધરતીકંપ આવ્યો હોય તેવા ભયંકર અવાજો આવી રહ્યા હતા. અમે લૉબી પસાર કરીને ગુફાના મુખ્ય દ્વાર પાસે પહોંચ્યા. અમારા સારા નસીબે મુખ્ય દ્વાર ખુલ્લું હતું. ઝડપભેર અમે પગથિયાં ચડી ગયા. પાછળ જોવા પણ હવે ન રોકાઈ શકાય એવી બીક અમને લાગેલી. કદાચ અમારાથી કોઈ એવી કળ દબાઈ ગઈ હોઈ શકે કે જેના કારણે આખી ગુફા જ પડી જાય તો ? તો એ રોયલ કબર અમારી પણ કબર જ બની જાય. અમે બહાર આવ્યા ત્યારે ગુફામાંથી છેલ્લો ધડાકો સંભળાયો. બસ એ પછી મુખ્ય દ્વાર એની મેળે જ બંધ થઈ ગયું.

પરસેવો લૂછતા અમે બહાર પથ્થરની પાળી પર થાક ખાવા બેઠા. અમને બહાર નીકળેલા જોઈને દૂર આંટા મારી રહેલા સાદી અને કાદશમાન દોડતા આવી પહોંચ્યા. અમારા ચહેરા પરની બીક અને ભાવ જોઈ એ બંને કાંઈ બોલી ન શક્યા. અમે પણ શ્વાસ ઝડપથી ચાલવાને કારણે બોલી નહોતા શકતા.

'ઠીક ! હવે ભવિષ્યમાં તારા તાવીજની મદદથી ફરીથી આ ગુફામાં આંટો મારવા આવીશું, હો કે !' સૌ પ્રથમ પોલ બોલ્યો.

'અરે પોલ ! માઈકલકાકા ! રોબર્ટ !' હું બોલી પણ ન શક્યો. ગુફામાંથી ઝડપથી બહાર ભાગવાની ધમાલમાં હું એ તાવીજ કે તિલસ્મી ચાવી સંજીવનીવાળા કમરામાં જ ભૂલી ગયો હતો, 'અરે કાકા ! પોલ ! આખી દુનિયાને હાથ કરવાની ચાવી જ હું અંદર ભૂલતો આવ્યો. હવે ?' મેં કહ્યું.

બધા બે ઘડી ચૂપ થઈ ગયા. એ તાવીજ કે ચાવી ઈજિપ્તના કોઈ પણ પિરામિડને ખોલી આપતી હોય તો પ્રાચીન ઈજિપ્તનો સંપૂર્ણ ઈતિહાસ માનવજાતને મળી જાય. એ ચાવી ગમે તે ભોગે પાછી તો લેવી જ પડે.

'માઈકલકાકા ! આપણે કાલ સવાર સુધી અહીં બહાર જ રાતવાસો કરીએ. પછી કાલે સૂર્યના પહેલા કિરણ સાથે ગુફાનું મુખ્ય દ્વાર ખૂલી જાય એ પછી ફરીથી આપણે એમાં દાખલ થઈને એ ચાવી લેતા આવીશું.' મેં કહ્યું. આમેય સાંજ પડવા આવી હતી. અહીં પાકા ખજૂરની તેમજ મીઠા પાણીની વ્યવસ્થા હતી. દરેક જણે રાત રોકાવાની સંમતિ આપી. એ રાતે અમે બહારની પથ્થરની ઊંચી પાળી પર જ સૂઈ ગયા.

સવારે સૂર્ય ઊગતા પહેલાં અમે ઊઠીને તૈયાર થઈ ગયા. અબીરા અને અબાના ખજૂર લઈ આવ્યા તથા પાણીની મશક ભરી લાવ્યા. ઝટપટ નાસ્તો પતાવીને અમે સૂર્ય ઊગવાની વાટ જોવા માંડ્યા. સવારે બરાબર સાડા-સાત વાગ્યે સૂર્ય ઊગ્યો. અમે રોયલ કબરની સામે ઊભા રહી ગયા. ઘણી વાટ જોયા પછી

પણ એ દરવાજો ન ખૂલ્યો. બપોરના બાર વાગ્યા સુધી અમે વાટ જોઈ પણ દરવાજો ન ખૂલ્યો એટલે ન જ ખૂલ્યો.

બાર વાગ્યે માઈકલકાકાએ કહ્યું કે, 'ઠીક ! આપણો ઉદ્દેશ અબીરાને શોધવાનો હતો. અબીરા આપણને મળી ગયો છે. આપણું ધ્યેય પૂરું થયું છે. કદાચ હવે પછી એ ચાવી કોઈના હાથમાં ન જાય એવી કુદરતની ઈચ્છા હશે ! એવું પણ બને કે આટલા બધા પથ્થરો ભટકાવાથી એ તૂટી પણ ગઈ હોય ! અને લાકડા પર હાથીદાંત જડેલ હોવાથી થોડા વખતમાં જ ઉધઈથી કે જમીનના ભેજથી એ ખરાબ થઈ જ જશે, એટલે હવે સમય બગાડવા કરતા આપણે રોયલવાડી તરફ ચાલીએ. હજુ ત્યાંથી આપણે માતાદી અને જેકનો પત્તો લગાવવાનો પણ બાકી છે. એટલે હવે એ ચાવીનો વિચાર પડતો મૂકો.'

અમને એમની વાત સાચી લાગી. મારું મન થોડુંક ઉદાસ થઈ ગયું હતું. સંજીવની વનસ્પતિ અને પેલી તિલસ્મી ચાવી, બંને વસ્તુઓ કેટલી અદ્ભુત હતી ! આજે મારી પાસે એમાંથી એક પણ નહોતી, પરંતુ મારી એ ઉદાસી ફક્ત બેચાર ક્ષણ પૂરતી જ રહી. તરત જ મને થયું કે કુદરતે જે નિર્ણય લીધો હતો એ કદાચ યોગ્ય જ હતો. આવી વસ્તુઓ કોઈ ખરાબ માણસોના હાથમાં જતી રહી હોત તો ? એ કરતા ભલે એ ધરતીમાં જ પાછી ધરબાઈ ગઈ. આ વિચાર આવતાં જ હું સાવ હળવો થઈ ગયો. બધા સામે જોઈ હસ્યો, પછી ઊભા થતાં બોલ્યો, 'એમ વાત છે ! તો મૂકો બધું પડતું અને ચાલો ! વહેલી આવે રોયલવાડી !'

બધા હસી પડ્યા. રોયલવાડીથી આવતી વખતે જેમ બેઠા હતા તેમજ આ વખતે એક ઘોડા પર બે-બે જણાને બેસવું પડ્યું. અબીરા એના કોથળા સાથે એકલો જ ઘોડા પર બેઠો. કાદશમાન અને સાદી બંને એક ઘોડા પર બેઠા. બપોરનો સમય, ગરમી અને એક ઘોડા પર બબ્બે જણા હોવાથી અમે ધીમે ધીમે ચાલતા હતા જેથી ઘોડાને વધારે તકલીફ ન પડે !

આવતી વખતે જે રસ્તે લગભગ ત્રણેક કલાક થયેલા એ જ રસ્તા પર આજે પાંચેક કલાક જેટલો સમય લાગ્યો. અમે રોયલવાડીની પેલી સપાટ ચટ્ટાનો સુધી પહોંચ્યા ત્યારે દિવસ લગભગ આથમી જવા આવ્યો હતો. ફરી એક વખત એ જ ચટ્ટાનો પર રાતવાસો કરવાનું અમે નક્કી કરી લીધું.

ભોજન લઈ પાથરણા પાથરી અમે બેઠા. વચ્ચે તાપણું સળગાવ્યું. અબીરા એના કોથળા લઈ દૂર બેઠો હતો. કાદશમાન અને સાદી થોડા ઉદાસ લાગતા હતા. એના ચાર સાથીદારો હજુ ક્યાંય નહોતા દેખાતા. અમને એવું હતું કે કદાચ એ લોકો બીજા દિવસની સાંજે બહાર નીકળી ગયા હશે, પરંતુ એ લોકોની કોઈ નિશાની દેખાતી નહોતી. બીજું, એમના ગામને ખજાનાથી ફાયદો કરી દેવાની એ બંનેની ઈચ્છા પણ અધૂરી રહી ગઈ હતી.

'કાદશમાન ! સાદી !' મેં એ બંનેને પૂછ્યું, 'તમારા સાથીઓ હજુ આવ્યા નથી એટલે તમે ઉદાસ છો ?'

'નહીં ડીક ! એ લોકો પાછા આવી જશે એની મને ખાતરી છે. પરંતુ અમારા ગામ માટે અમે જે કરવા માંગતા હતા તે નહીં થઈ શકે. કારણ કે તમને તમારો સાથી તો મળી ગયો, પરંતુ આપણને કોઈને ખજાનો નથી મળ્યો. અમને લાગે છે કે આટલાં વરસ સુધી અમે કરેલી મહેનત એળે ગઈ !' એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. કાદશમાનને પોતાનું ગામ કેટલું વહાલું હતું એ દેખાઈ આવતું હતું.

'કાદશમાન !' મેં કાદશમાનના ખભે હાથ મૂક્યો, 'આ લઈ લો તમે બંને!' મારા ખિસ્સામાં ભરેલ નીલમ તેમજ બીજાં રત્નો કાઢી મેં એ બંને સામે મૂકી દીધાં. એ જોઈ દૂર બેઠેલાં અબીરા સિવાયના મારા સાથીઓએ પણ પોતાના ખિસ્સામાં ભરેલ રત્નો કાઢી એ લોકો સામે મૂકી દીધાં. અમને કોંગોની સફરમાંથી એટલા બધા હીરા મળ્યા હતા કે હવે અમને આ મુઠ્ઠીભર રત્નોની કાંઈ જ પડી નહોતી. પરંતુ, કાદશમાન અને સાદી તો આટલા બધાં રત્નો જોઈને ખુશખુશાલ થઈ ગયા. મારો હાથ પકડીને કાદશમાન થોડી વાર રડ્યો પણ ખરો. રડતા રડતાં અસ્પષ્ટ અવાજમાં એ બોલતો હતો કે, 'હવે ચોક્કસ, જો જો ને ચોક્કસ, મારા ગામમાં પીવાનું પાણી દૂર દૂરથી નહીં લાવવું પડે ! પાકો રસ્તો થઈ જશે. ડીક ! તારો ખૂબ ખૂબ આભાર ! તમારો સૌનો ખૂબ આભાર !' આવો તો કેટલોય લવારો એણે કર્યો.

એ શાંત થયો પછી હું દૂર બેઠેલા અબીરા તરફ ફર્યો. એના લઘરવઘર કપડાં જોઈ મને દયા આવી. માતાદીના સામાનમાંથી મેં એનો એક પોશાક કાઢી અબીરાને આપ્યો. અબીરાએ જૂનો પોશાક કાઢી, નવો પહેરી લીધો. પછી જૂનો પોશાક પોતાના કોથળામાં સાચવીને મૂકી દીધો ! એ જોઈ અમે બધા અબીરાની આજુબાજુ બેસી ગયા. પછી મેં કહ્યું, 'અબીરા ! તું અમને હવે તારી વાત કરીશ? પોર્ટ એલિઝાબેથ પાસે તારી સ્ટીમરને દરિયાઈ તોફાન નડ્યું હતું. એ પછી શું થયું એ તું વિગતવાર અમને કહીશ ?'

મારી વાત સાંભળી અબીરાની આંખમાં આંસુ આવી ગયાં. એ થોડીક વાર સાવ ચૂપ થઈ ગયો. પછી પોતાના બે હાથ વચ્ચે માથું પકડીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. અમે બધા ગમગીન થઈ ગયા. કેટલાં વરસ સુધી એ બિચારાએ યાતના ભોગવી હતી ! એ થોડી વાર સુધી રડતો જ રહ્યો. અમે પણ એને રડવા જ દીધો, જેથી એ હળવો થઈ જાય. પોલે અને હેસ્લિંગે એને ઊભા થઈને પાણી આપ્યું. પાણી પી અબીરા સ્વસ્થ થયો. પછી એણે પોતાની વાત કહેવાનું શરૂ કર્યું, જોકે હજુ એને અમારી ભાષા બોલતા ખૂબ તકલીફ પડતી હતી, 'હાં તો ભાઈઓ ! મારી સ્ટીમર લઈ હું નીકળ્યો ત્યારે જ થતું હતું કે આવા તોફાની દરિયામાં ન નીકળ્યો હોત તો સારું હતું. પોર્ટ એલિઝાબેથ પાસે દરિયો ખૂબ તોફાની બની ગયો હતો.

અમે લંગર નાખીને ઊભા તો રહ્યા પરંતુ કાંઠાથી ખૂબ જ નજીક હતા. એ વખતે ભયંકર તોફાનમાં એક બાર્જ અમારી સ્ટીમરના પડખામાં ભટકાયું. કદાચ એનો કપ્તાન બેબાકળો થઈ દિશા ભૂલી અચાનક અમારી બાજુમાં આવી ચડ્યો હશે. અમારી નાનકડી સ્ટીમરના પડખામાં મોટું ગાબડું પડી ગયું. કિનારો નજીક હોવાથી મારી સ્ટીમર પરના ખલાસીઓ લાઈફબોટ લઈને કૂદી પડ્યા. ફક્ત હું અને સ્ટીમરનો કેપ્ટન બે જ જણ બાકી રહ્યા. અને સાચી વાત કહું તો અમારી પાસે એક પણ લાઈફ બોટ બચી નહોતી ! મારી કંપનીનો કેપ્ટન બ્રિટિશ હતો. એ સ્ટીમર છોડવા તૈયાર જ નહોતો. એ કહેતો હતો કે એ સ્ટીમરની સાથે જ જળસમાધિ લઈ લેશે. હું પણ અવઢવ સાથે એની બાજુમાં ઊભો રહી ગયો. ધીમે ધીમે અમારી સ્ટીમર ડૂબવા લાગી. મને તરતા તો આવડતું નહોતું. અમારા કેપ્ટનને તરતા આવડતું હતું તો પણ એણે ડૂબવાનું પસંદ કર્યું. હું પણ ડૂબવા લાગ્યો. ઘણું બધું ખારું પાણી પી ગયો. ધીમે ધીમે મને લાગ્યું કે હું થોડીવારમાં જ ઊંઘી જઈશ ! મારી આંખ બંધ થઈ ત્યારે મારા હાથમાં એક તરતું પીપ આવી ગયું હોય એવું મને લાગેલું. બસ પછી કદાચ હું બેભાન થઈ ગયો હઈશ !' અબીરા અટક્યો. થોડી વાર માટે એ અકસ્માતના દિવસને યાદ કરતો હોય એમ વિચારોમાં ખોવાઈ ગયો.

'અબીરા ! આગળ બોલ ને ! અટકી કેમ ગયો ?' પોલ બોલ્યો.

'હા ! તો હું ભાનમાં આવ્યો ત્યારે એક જહાજ પર હોઉં એવું લાગ્યું. એક કેબિનમાં મને સૂવડાવવામાં આવ્યો હતો. મને વારે વારે ઉધરસ આવતી હતી અને છાતીમાં પણ દુઃખતું હતું. વહાણ કોનું હતું, ક્યાં જતું હતું એની મને કંઈ જ ખબર નહોતી. સાંજે એક ખલાસી આવી જમવાનું અને પાણી મારી બાજુમાં મૂકી ગયો. રાત્રે કેપ્ટન આવ્યા. પરંતુ એ લોકો કદાચ સ્પેનની ભાષા બોલતા હતા. એવા એકાદ બે વહાણો સાથે મારે એ પહેલા પનારો પડેલો એટલે મને એવું લાગ્યું. હું એ લોકો બોલે એ કંઈ પણ નહોતો સમજી શકતો અને એ લોકો મારું બોલવાનું નહોતા સમજતા. એ લોકોએ મને કઈ રીતે બચાવ્યો એ પણ હું સમજી નહોતો શક્યો. એ રાત્રે હું થોડું જમીને સૂઈ ગયો. બીજા દિવસે મને તાવ સાથે છાતીનો દુઃખાવો વધી ગયો. ઉધરસ પણ ખૂબ વધી હતી. કદાચ દરિયાનું ખારું પાણી ફેફસામાં જવાને કારણે એવું થયું હશે. ખલાસીઓ મારું ધ્યાન બરાબર રાખતા હતા, પરંતુ મારી તબિયત બગડતી જ જતી હતી. એ પછી ત્રણથી ચાર દિવસ પછી હું તાવના કારણે બેભાન થઈ ગયો. કેટલા દિવસ એમ જ રહ્યો હઈશ એ ખ્યાલ નથી, પરંતુ ભાન આવ્યું ત્યારે ખબર પડી કે આટલા દિવસો દરમિયાન ખલાસીઓએ મને ખૂબ જ સરસ રીતે સાચવેલો. એ પછી ધીમે ધીમે મારી તબિયત સુધરતી ગઈ. એકાદ અઠવાડિયામાં તો મારામાં ચાલવાની શક્તિ પણ આવી ગઈ. હું પ્રથમ વખત વહાણના તૂતક પર ગયો ત્યારે મને એક સફાઈ કામદાર મળ્યો. એ આપણી ભાષા

સમજતો હતો. એણે મને જણાવ્યું કે પીપના સહારે હું બેભાન હાલતમાં તરતો હતો ત્યારે મને બચાવી લેવામાં આવેલો. એ વહાણ ઈંગ્લેન્ડથી લોખંડનો કાચો માલ ભરી ઈજિપ્ત જઈ રહ્યું હતું. એને અર્ધો માલ ડર્બન ઉતારવાનો હોવાથી એ સુએઝના બદલે આ લાંબા રસ્તે આવેલું હતું. પાછા ફરતી વખતે એ ઈજિપ્તથી અલબાસ્ટર ભરી સુએઝ થઈને જતું રહેવાનું હતું. એ માણસે મને એ પણ કહ્યું કે કપ્તાન મને સુએઝ બંદરે ઉતારી દેવાના હતા. કારણ કે એક આફ્રિકન માણસને ઈંગ્લેન્ડ ઉતારવા કરતા આફ્રિકામાં જ કોઈક જગ્યાએ ઉતારી દેવો વધારે યોગ્ય હતું. આમ તો એ મને ઝાંઝીબાર બંદરે જ ઉતારી દેવા માંગતા હતા. પરંતુ ત્યારે હું બેભાન હાલતમાં હતો એટલે એમણે મારી સારવાર કરવા માટે મને સ્ટીમર પર જ રહેવા દીધેલો. સુએઝ બંદર પર એમણે મને આ બે શણના કોથળા, એમાં થોડાંક કપડાં ભરીને આપ્યા હતા. ઉપરાંત થોડાક પૈસા આપ્યા હતા. એ પછી કોઈક મને ટ્રેન દ્વારા કેરો લઈ આવ્યું. મને સૌથી મોટી તકલીફ ઈજિપ્તની ભાષા સમજવાની થતી હતી. અંગ્રેજી મને આવડતું નહીં એટલે ખૂબ મૂંઝાતો. એવામાં એક દિવસ કોઈ કારણ વગર બાઘા જેવો હું ટ્રેનમાં બેસી ગયો. ટિકિટ તો હતી નહીં. ટિકિટ તપાસવાવાળાએ મને અહીંથી નજીક જે સ્ટેશન છે ત્યાં ઉતારી મૂક્યો. બસ ત્યારથી હું એ મોટી નદી – નાઈલના કાંઠા પર મારા આ કોથળા લઈ ભટકતો રહેતો. તમારા બધાનાં નામ લઈને રડ્યા કરતો. ક્યારેક નાઈલ નદીમાં મગર જોઈ જતો ત્યારે એને મારી નાખવાનું ખુન્નસ ચડી આવતું. નદીના કાંઠે તડકો ખાતા મગરોને હું મોટા પથ્થર વડે મારી નાખતો. અહીંના લોકોને મગર માટે લાગણી હોય છે એટલે એ લોકો મને મારતા. એ વખતે હું તમારા નામ લઈને જોરથી બૂમો પાડતો અને રડતો. લોકોની પજવણીના કારણે હું આ બાજુ રણપ્રદેશમાં આવી પહોંચ્યો. એક મોડી સાંજે અહીંયા પહોંચ્યો ત્યારે સાત-આઠ ઘોડેસવારો આ જગ્યાએ બેસીને જમતા હતા. અંધારાને કારણે એ લોકો મને જોઈ નહીં શક્યા હોય. એ પછી હું સીધો જ પેલી કબર સુધી પહોંચી ગયો. પછી તો ક્યારેક કબરમાં તો ક્યારેક પેલા તળાવના કાંઠે એમ ભટકતો રહેતો. ખજૂર ખાઈ, પાણી પી મારા દિવસો પસાર કરતો. આ ગુફા તરફ આવતા લોકોને ડર લાગતો, એટલે મને કોઈ પજવતું નહીં! બસ, એ પછીનું તો તમે જાણો જ છો. મને તો એમ હતું કે હું એ ગુફામાં જ મરી જઈશ અને તમને બધાને ક્યારેય નહીં મળી શકું !' વાત પૂરી કરતા અબીરા ફરી એક વખત રડી પડ્યો. આટલી વાત પણ એ માંડ અમારી ભાષામાં કરી શક્યો તો પછી આટલો બધો વખત એણે ઈજિપ્તના લોકોની વચ્ચે કઈ રીતે વિતાવ્યો હશે? અને અમારી ભાષા પણ એ તૂટક તૂટક આટલાં વરસે શીખ્યો હતો.

અમે એના વાંસા પર હાથ ફેરવતાં ખાસ્સી વાર સુધી બેઠા રહ્યા. હવે ધીમે ધીમે અંધારું વધી રહ્યું હતું. અબીરાની વાતથી અમે ગમગીન થઈ ગયા હતા.

બિચારાએ આટલો વખત કેટલી તકલીફ ભોગવી ! અમારી આંખોમાં પણ પાણી આવી ગયાં હતાં. થોડોક સમય એમ જ સાવ શાંતિનો પસાર થયો.

અચાનક કાદશમાન ઊભો થઈ ગયો. આંખ તાણીને દક્ષિણ-પશ્ચિમ દિશા તરફ જોવા લાગ્યો. સાદી પણ એની બાજુમાં જઈ ઊભો રહી ગયો. અમને બધાને નવાઈ લાગી. અમે પણ ઊભા થઈ એ દિશામાં જોવા લાગ્યા. એ દિશા તરફથી ત્રણ મશાલો આવી રહી હતી.

અમને નવાઈ એ વાતની લાગતી હતી કે સાંજ પછી આ તરફ આવવાની કોઈ હિંમત કરતું નહીં, તો પછી અત્યારે આ કોણ હશે ? ઘણા બધા માણસો આ બાજુ આવી રહ્યા હતા એ જોઈ કાદશમાન પણ મૂંઝવણ અનુભવતો હતો. એના સાથીદારો આજે ઓછા હતા એની પણ એને મૂંઝવણ થતી હોય એવું કદાચ હોઈ શકે ! મશાલો ધીમે ધીમે અમારી નજીક આવતી ગઈ. રાતના અંધારામાં એનો પ્રકાશ હવે વધારે ને વધારે સ્પષ્ટ થતો જતો હતો. વાતાવરણ સાવ શાંત હતું. ક્યારેક દૂરથી કોઈ શિયાળની લાળી સંભળાઈ જતી હતી. અમે બધાએ અમારી બંદૂકો તૈયાર કરી લીધી.



૧૯. જેક તથા માતાદી મળ્યા

મશાલો વધારે નજીક આવી.

અમારા ધબકારા થોડાક વધારે ઝડપથી ચાલતા હતા. અમે થોડા ચિંતામાં એટલે હતા કે ઈજિપ્તમાં ડગલે ને પગલે અમારા માટે એકાદ મુશ્કેલી રાહ જોઈને ઊભી હોય તેવું અત્યાર સુધી લાગ્યું હતું. જોઈએ આ વખતે શું થાય છે તે.

'અરે ડીક ! માઈકલકાકા ! આપણે તાપણું ન ઠારી નાખવું જોઈએ ?, નહીંતર તો એ લોકો આપણને જોઈ જશે.' પોલ બોલી ઊઠ્યો.

બે ક્ષણ અમને પણ એની વાત બરાબર લાગી, પરંતુ માઈકલકાકા બીજું જ કાંઈક વિચારતા હતા. એ બોલ્યા, 'ના પોલ ! એક તો આપણે એમ સાવ કારણ વગર ડર રાખવાની કોઈ જ જરૂર નથી. અને બીજું એ લોકો જો ભૂલા પડ્યા હોય તો ભલેને અહીંયા રાત વિતાવતા ! આપણી તાપણી સળગતી હશે તો એ લોકો એ જોઈને આ બાજુ આવી શકશે.' અમને પણ કાકાની વાત સાચી લાગી. અમે મનમાંથી ડર કાઢી નાખ્યો, છતાં દરેકે સાવચેત રહેવું એવું નક્કી કરી લીધું.

મશાલો પાછળ ચાલતાં પ્રાણીઓ પણ હવે સ્પષ્ટ દેખાતાં હતાં. ચાલ પરથી તો લાગતું હતું કે એ ઘોડા નહીં પણ ગધેડા હોઈ શકે. એના પર બેઠેલાં માણસો પણ હવે ચહેરા સિવાય પૂરેપૂરા દેખાતા હતા. અમને ખાતરી થતી જતી હતી કે એ લોકો અમારા તરફ જ આવી રહ્યા હતા. અમે લોકો એ રીતે ઊભા હતા કે તાપણું સહેજ અમારાથી પાછળ રહે. એના કારણે આવતા લોકો અમારો ચહેરો ન જોઈ શકે, પરંતુ અમે તેમને બરાબર જોઈ શકીએ.

આવી રહેલા માણસો હવે લગભગ સોએક ફૂટ દૂર રહ્યા હશે. એ બધાં ગધેડા પર બેસીને આવી રહ્યા હતા. આગળના ત્રણ જણાએ મશાલો ઊંચી પકડેલી એટલે એમના ચહેરા પણ નહોતા દેખાતા. ફક્ત મશાલ પકડેલા હાથ જ દેખાતા હતા. પાછળ આવતા માણસોના ચહેરા ક્યારેક દેખાઈ જતા હતા.

'માતાદી ! મારો ભાઈ માતાદી !' અચાનક અબીરાએ બૂમ પાડી. ગાંડાની જેમ બૂમો પાડતો અબીરા એ લોકો સામે દોડ્યો.

'અબીરા ! તું અહીંયા ક્યાંથી, અરે અબીરા ! તને કેટલા વખતે જોયો !' સામેથી બે જણાઃ કદાચ માતાદીની સાથે જેક પણ હતો, એ લોકો અબીરાની સામે દોડ્યા. અબીરા વારાફરતી માતાદી અને જેકને ભેટ્યો. એ બધા નજીક આવ્યા.

અમે જોયું તો માતાદી પણ રડતો હતો. જેક હજુ થોડો નબળો દેખાતો હતો. કાદશમાન અને સાદી ખુશ થઈ ગયા હતા, કારણ કે એમની ટોળકીના પેલા ચાર સભ્યો પણ પાછા આવી ગયા હતા.

અમે બધા વારાફરતી માતાદી તેમજ જેકને મળ્યા. એ લોકો આ રીતે આમ અચાનક આવી ગયા એની અપાર ખુશી અમને થતી હતી. અમારો સૌનો આનંદ ક્યાંય સમાતો નહોતો. કાદશમાન અને સાદી પણ પહેલાની માફક જ ખુશ થઈ ગયા હતા. અમે એ લોકોને રત્નો આપ્યાં હતાં એ વાત કદાચ એમણે એમના સાથીઓને કરી જ હશે, કારણ કે એમના સાથીઓ પણ ખૂબ જ ખુશ દેખાતા હતા. એમની આંખોમાં અમારા માટે હવે નફરત નહોતી રહી.

'અરે જેક ! માતાદી ! તમે લોકો અહીં પહોંચ્યા કઈ રીતે ? તમે આવી ગયા તે સારું જ થયું. પરંતુ તમે આ કાદશમાનના માણસોને મળ્યા કઈ જગ્યાએ ? મને તો આ સમજાતું જ નથી !' પોલ બોલ્યો. હકીકતે અમારા બધાની દશા પણ પોલના જેવી જ હતી. બે દિવસથી જાણે કે કોઈ જાદુઈ નગરીમાં ફસાઈ ગયા હોઈએ એવું લાગતું હતું. દરેક કલાકે કાંઈક નવું બનતું હતું.

'જેક ! માતાદી ! તમે કહો તો ખરા, તમે લોકો પેલા ભોંયરામાં ક્યાં ખોવાઈ ગયા હતા ? કાદશમાનના માણસો તમને ક્યાં મળ્યા ?' મને પણ આ બધું જાણવાની તાલાવેલી થઈ હતી.

'હાં તો ડીક હું કહું છું.' માતાદી બોલ્યો, 'એ દિવસે બપોરે હું પેલા મંદિરની બાજુની જમીનમાં ઊતરી ગયો ત્યારે જ મને સમજાઈ ગયું હતું કે એકાદ પગથિયા પર પગ મૂક્યા પછી ઉપરનો પથ્થર બંધ થઈ જાય છે. કારણ કે ઊતરતી વખતે એક પગથિયા પર મેં પગ મૂક્યો ત્યારે એક ખાસ અવાજ આવ્યો હતો અને એ સાથે જ પેલો પથ્થર બંધ થઈ ગયો હતો. હું અંદર ઊતર્યો ત્યારે ખજૂરની લૂમ મારા હાથમાં રહી ગયેલી. નીચે એક મોટા ખંડમાંથી હું પાણીની નાનકડી ખાઈ પસાર કરીને બીજા કમરામાં ગયો. એ ખંડમાં ઘણાં બધાં ટેબલ રાખેલાં હતાં. દરેક ટેબલ પાસેથી પાણીની એક નાનકડી નહેર પસાર થતી હતી. એમાંના એક ટેબલ પર જેક સૂતો હતો. એ ખૂબ નબળો થઈ ગયો હતો. પાણી તો એ પેલી નહેરમાંથી પી લેતો હતો, પરંતુ ખોરાક વગર એણે ચોવીસ કલાક કાઢ્યા હતા. મેં એને ખજૂર ખાવા આપી ત્યારે એને થોડું સારું લાગ્યું. એ પછી એ રાત અમે બંનેએ એ કમરામાં જ વિતાવી. સવારે ફરીથી પેલા પથ્થર નીચે આવ્યા, પરંતુ ઉપરનાં છ પગથિયાં જ ગાયબ હતા. એટલે અમે ટેબલવાળા ખંડમાં પાછા આવ્યા. અમે બંને સવારનું અજવાળું હોવાથી દીવાલો ફંફોસતા હતા. એ વખતે જ મને કાળા ગ્રેનાઈટના એક પથ્થર પાછળ છુપાયેલી કળ મળી. અમે એ દબાવી અને દીવાલમાં એક જગ્યા થઈ ગઈ અને રસ્તો દેખાયો. હું અને જેક ધીમે ધીમે એ રસ્તે આગળ વધ્યા. એ રસ્તા પર જમણી તરફ એવો જ બીજો પથ્થર હતો જેની પાછળની કળ દબાવતાં જ એ કમરામાં પાછા જવાનો રસ્તો બંધ થઈ ગયો. અમારે પાછળ તો જવું નહોતું એટલે ધીમે ધીમે આગળ વધ્યા.'

'પરંતુ માતાદી ! અમે લોકો એ દિવસે બપોરે જ ભગવાન આતેનનાં મંદિરમાં ઊતર્યા હતા. થોડીક વાટ જોઈ હોત તો ? અને જેક ! તું પણ આમ જ ઊતરી ગયો હતો ?' પોલ બોલ્યો.

'હા પોલ !' જેક બોલ્યો. એના અવાજમાં હજુ સહેજ થાક વરતાતો હતો, 'અબાના પેલી પથરાળ જમીન તરફ અબ્દુલનું પગેરું શોધવા ગયો એટલી વારમાં મને થયું કે હું આજુબાજુ થોડો આંટો મારી લઉં. બપોરના બાર વાગવા આવ્યા હતા. પાકેલ ખજૂરની લૂમ બાજુના ખજૂરીનાં ઝુંડમાં જોઈ હું એ લેવા ગયો. એ જ સમયે પેલો પથ્થર ખસી ગયો અને જમીનમાં દાદરો દેખાયો. હું અંદર ઊતરી ગયો. અને પછીની વાત તો માતાદીએ તમને કરી જ છે !' જેકે વાત પૂરી કરી.

'માતાદી ! આગળ બોલ, પછી શું થયું ?' મેં માતાદીને કહ્યું.

'ઠીક ! હું અને જેક ધીમે ધીમે આગળ વધ્યા. એક મોટા ખંડમાં પહોંચ્યા પછી બે રસ્તા આવ્યા. અમે ડાબા હાથ પરના રસ્તા પર આગળ વધ્યા.'

'અરે ! એ રસ્તો તો રાણી નેફરટીટીના મહેલ તરફ જતો હતો. તમારે જમણા હાથના રસ્તા પર આગળ વધવાનું હતું !' પોલ બોલી ઊઠ્યો. અમે બધા હસી પડ્યા.

'અમને ખબર નહોતી ને પોલ ! અને તું બહાર હતો !' માતાદીએ પણ હળવાશથી કહ્યું, 'પછી અમે બંને આગળ વધતા રહ્યા. લગભગ પાંચેક કલાક જેટલું ચાલ્યા. એ પછી રસ્તો બંધ હતો. અમે બંને મૂંઝાઈ ગયા. અને પાછા ફર્યા.'

'માતાદી ! જો જમણી તરફના રસ્તા તરફ આવી ગયા હોત તો અમે મળી જાત ! અમે બરાબર એ જ વખતે એ રસ્તા પર થઈ આ બાજુ આવતા હતા !' પોલ ખૂબ ઉત્તેજીત થઈ ગયો હતો, પણ એ બોલતો હતો એનાથી અમને હસવું આવી જતું હતું.

'અમને પણ ફરીથી એ ખંડમાં આવ્યા ત્યારે એવો વિચાર આવેલો. પરંતુ પછી બીક લાગી કે પાછા ત્રણચાર કલાક ચાલીએ અને ફરીથી રસ્તો બંધ નીકળે તો ? એ કરતા પાછા જઈને પેલા આરસના ટેબલ પર આરામ તો કરી શકાય ! અને એ જગ્યા પર બીજું કાંઈ જોખમ નહોતું એટલી તો અમને ખાતરી હતી, એટલે અમે પાછા ફરી ગયા. લગભગ સાવ અંધારું થવા આવ્યું ત્યારે અમે ત્યાં પહોંચ્યા અને આરસના ટેબલ પર સૂઈ ગયા.' માતાદી થોડી વાર અટક્યો.

'હેં માતાદી ! એ ખંડમાં સાંજ પડી ગઈ એ પછી અંધારું થઈ ગયું હતું ?' પોલે પૂછ્યું.

'હા પોલ !' માતાદી બોલ્યો, 'ઘોર અંધારું થઈ ગયું હતું. મેં અને જેકે બચેલી ખજૂર ખાઈ લીધી. પાણી પીને જેક જલદી સૂઈ ગયો. એને હજુ વીંછીના ઝેરની થોડીક અસર હતી. અને દિવસ દરમિયાન એટલું બધું પગપાળા ચાલવાના કારણે એ થાકી પણ ગયો હતો. જેકના ટેબલની બાજુના ટેબલ પર જ હું સૂતો હતો. મને ઊંઘ આવવાની તૈયારી જ હતી ત્યાં જ મેં અમારા કમરામાં કોઈના જોરજોરથી બોલવાનો અવાજ સાંભળ્યો. મને થોડીક બીક લાગી, કારણ કે પાછા

ફર્યા પછી પેલા ભોંયરાનો રસ્તો બંધ કરતા અમે ભૂલી ગયા હતા. મને ખાતરી હતી કે એ રસ્તે જ કોઈક અમારા કમરા સુધી પહોંચી ગયું હતું.'

'પછી માતાદી ! પછી શું થયું ?' પોલ બોલ્યો.

'હું ચૂપચાપ અવાજ ન થાય તેવી રીતે પડ્યો રહ્યો. થોડી વાર પછી ત્રણથી ચાર જણ વાત કરતા હોય તેવું લાગ્યું. એમાંના એક જણે દિવાસળી કરી. મને ખાતરી થઈ ગઈ કે એ લોકો પણ અમારી માફક જ આ ભોંયરામાં ફસાઈ ગયા હશે. દિવાસળીના પ્રકાશમાં એ લોકોનું ધ્યાન અમારા તરફ પડ્યું એટલે મેં એમને કહ્યું કે અમે પણ અહીં ફસાઈ ગયા છીએ અને બીજા દિવસે ત્યાંથી કઈ રીતે નીકળવું એનું રહસ્ય જાણીએ છીએ. એના લીધે એ લોકોને કદાચ મારી વાત પર વિશ્વાસ આવ્યો હશે. અમે એ પછી થોડી વાર સુધી વાતો કરી અને પછી એ લોકો પણ એક એક ટેબલ શોધીને સૂઈ ગયા. સવારે ઊઠ્યા પછી મેં એમને બધી વાત કરી. એમણે કહ્યું કે એ લોકો કાદશમાન નામના બેની અમરાનના માણસો હતા. આગલા દિવસે રોયલવાડી નામની જગ્યા પાસે એક આવું જ ભોંયરું જોવા ઊતર્યા પછી એમાં ફસાઈ ગયા હતા. બહાર જવાનો રસ્તો ત્યાંથી ન મળતા એ ચારેય જણ ચાલતા ચાલતા અમે સૂતા હતા એ ખંડ સુધી પહોંચી ગયા હતા. એમની વાત પરથી તમે લોકો જ એ રોયલવાડી પહોંચ્યા હશો એવું અમને લાગ્યું હતું. એ પછી મેં એમને બહાર નીકળવાનો માર્ગ કદાચ બપોરે ખૂલે છે એ સમજાવ્યું. અમે પ્રથમ ખંડમાં બપોરની વાટ જોતા બેઠા. એ લોકો પાસે થોડા પિસ્તા અને ખારેક હતા એ અમે બધાએ ખાઈ લીધા. બરાબર બપોરના બાર વાગ્યે અમે પેલા ખજૂરીવાળા દાદર પાસે જઈને ઊભા રહ્યા. મેં બધાને સમજાવી દીધું કે લાકડાના પગથિયા પર પગ નહીં મૂકવાનો. બધાએ એ બરાબર યાદ રાખી લીધું હતું. એ પછી અમે બરાબર બપોર થવાની રાહ જોતા બેઠાં.' માતાદી પાણી પીવા અટક્યો. પછી ઊભો થઈ દૂર અંધારામાં ગધેડા ઊભા રાખ્યા હતા ત્યાં ગયો. થોડીવારે પાછો આવીને અમારી વચ્ચે બેસી ગયો.

અબાના અને સાદીએ તાપણામાં થોડા સૂકાં લાકડાં ઉમેર્યાં. ફ્વાઝી આ બધી વાતો સાંભળતાં સાંભળતાં પણ પેલી ગુફામાંથી ઉઠાવેલ એક પથ્થર પરનું હાયરોગ્લાઈફિક્સ વાંચવાની કોશિશ કરી રહ્યો હતો. જેક લાંબો થઈને પાથરણા પર સૂતો હતો. હેસ્લિંગ વાત સાંભળતો હતો અને રાતના સમયે પણ એ દૂરબીન લઈ આકાશ સામે અને ચારે તરફ ડાફોળિયા માર્યા કરતો હતો. જોકે એની આ ટેવ અમને ઘણી વખત ખૂબ કામ લાગી હતી.

'પછી માતાદી ! આગળ બોલને !' પોલની ઉત્કંઠા આજે હદ બહાર વધી ગઈ હતી.

'પછી બરાબર બાર વાગ્યા ત્યારે પેલો પથ્થર એની મેળે હટી ગયો. બરાબર બપોરે એ કઈ રીતે થતું હતું એ મને નથી સમજાતું પરંતુ એ પથ્થર બરાબર બપોરે ખસી ગયો.'

'પછી ?' પોલ એક પળ પણ રાહ જોવા તૈયાર નહોતો.

'પથ્થર ખસ્યો કે તરત જ એક બુકાની બાંધેલો ચહેરો દેખાયો !' માતાદી બોલ્યો.

'બુકાની બાંધેલો ચહેરો ?' અમે બધા લગભગ એક સાથે જ બોલી ઊઠ્યા.

'હા ! બુકાની બાંધેલો ચહેરો ! અને એ એ જ વ્યક્તિનો કે જે છેક ગર્દાફી બંદરથી આપણો પીછો કરી રહ્યો હતો, એનો !'

'તારી વાત સાચી છે માતાદી. અમે પણ જ્યારે એ ભોંયરામાં ઊતર્યા એ વખતે પેલો પથ્થર બંધ થવાની થોડી ક્ષણો પહેલાં એ જ માણસને ત્યાં જોયેલો !' મેં કહ્યું, 'પછી શું થયું ?'

'પછી ધ્યાનથી અમે છ જણ બહાર નીકળ્યા. પેલા લાકડાના પગથિયા પર પગ મૂક્યા વગર જ અમે બહાર નીકળી ગયા. અમે બહાર નીકળ્યા પછી બરાબર પોણા કલાક પછી એ પથ્થર એની મેળે જ બંધ થઈ ગયો. બહાર આવ્યા પછી એ બુકાનીવાળા માણસ ઉપરાંત અમે એક બીજી વ્યક્તિને જોઈ. એના વિશે પછી કહું, 'પહેલા વાત પૂરી કરી લઉં !' માતાદી બોલ્યો.

'બીજી વ્યક્તિ ? કઈ બીજી વ્યક્તિ ? અરે યાર માતાદી ! આમેય ઘણા બધા રહસ્યોથી હવે તો હું થાકી ગયો છું ! ત્યાં જ તું વધુ એક રહસ્ય ઊભું કરી રહ્યો છે !' પોલ બોલ્યો. એ સાંભળી જેક અને હેસ્લિંગ જોરથી હસી પડ્યા.

'કંઈ વાંધો નહીં માતાદી ! તું તારે આગળ બોલ ! પણ છેલ્લે બધાં રહસ્યો ખોલી જરૂર નાખજે !' માઈકલકાકા હસતા હસતા બોલ્યા. ઘણા વખતે એ આજે નિરાંતે એમની વાંકી હોકલી પી રહ્યા હતા.

'અમે બહાર નીકળ્યા પછી પેલા બુકાનીવાળા માણસે તારું નામ લઈ એને તારી પાછળ અંદર જવું છે એવું કહ્યું. એના કહેવા પ્રમાણે તું આગલા દિવસે આ ભોંયરામાં ઊતર્યો હતો. બરાબર ઠીક ?' માતાદીએ મને ઉદ્દેશીને કહ્યું.

'હા ! બરાબર છે ! પણ એ માણસ મારું નામ જાણે છે કઈ રીતે એ નથી સમજાતું !' મને પણ એ વાત હોટલ મેના હાઉસથી લઈ આજ સુધી નહોતી સમજાઈ.

'પરંતુ કાદશમાનના માણસોએ એને તમે લોકો રોયલવાડી પહોંચી ગયા છો એમ કહ્યું એટલે એણે ભોંયરામાં જવાનું એ દિવસ પૂરતું મૂલતવી રાખ્યું. અને નક્કી કર્યું કે જો બીજા દિવસે એટલે કે આજના દિવસે બપોર સુધીમાં તમે લોકો એ રસ્તે બહાર ન નીકળો તો તમને શોધવા અંદર ઊતરવું. એટલે અમે લોકોએ ગઈકાલની રાત આપણે જ્યાં રહ્યા હતા એ ખંડેરના ઓટલા પર જ વિતાવી. આજે બપોર સુધીમાં એને તથા અમને એક નવો વિચાર આવ્યો કે જો તમે લોકો ભૂગર્ભ માર્ગે પાછા ન ફરો તો ભોંયરાઓની ભુલભુલામણીમાં ઊતરવાને બદલે અમારે સૌને જમીન માર્ગે જ રોયલવાડી આવવા નીકળી પડવું.' માતાદીની વાત હવે અમારા મગજમાં પેદા થયેલા ઘણા કોયડાનો હલ બતાવતી હતી.

'પણ માતાદી !' પોલના મનમાં ફરીથી પ્રશ્ન ઉદ્ભવ્યો હતો, 'અલ્યા તમે તો રાણી નેફરટીટીના મહેલના રસ્તે અર્ધા રસ્તા સુધી જ ગયા છો. અને એ પણ

ભોંયરામાં જ ! તો પછી તમને રોયલવાડીનો રસ્તો ક્યાંથી ખબર હોય ? શું એ બુકાનીવાળાને એ રસ્તાની ખબર હતી ?'

'ના પોલ, ના !' માતાદી ખડખડાટ હસી પડ્યો, 'અલ્યા પોલ ! અમને નહોતી ખબર, એ બુકાનીવાળાને પણ નહોતી ખબર, પરંતુ આ કાદશમાનનાં માણસોને તો ખબર હતી જ ને !'

'હા...આ...આ...! એ તો હું ભૂલી જ ગયો. તો બરાબર, ચાલ હવે આગળ બોલ !' પોલ પોતે પણ હસી પડ્યો.

'બપોરના બાર વાગ્યે પેલો પથ્થર ખસ્યો, ભૂગર્ભમાર્ગ ખૂલ્યો પરંતુ તમે લોકો પથ્થર બંધ થઈ ગયો તો પણ ન આવ્યા, એટલે બધાએ નક્કી કર્યું કે ગધેડાઓ દ્વારા જ રોયલવાડી આવવા માટે જમીન રસ્તે ચાલી નીકળવું. એ પ્રમાણે અમે નીકળી પડ્યા અને અત્યારે તમારી સામે આવી ગયા છીએ !' માતાદીએ વાત પૂરી કરી.

'માતાદી ! જેક ! શું તમે એ બુકાનીવાળાને એનું નામ પણ ન પૂછ્યું ? એનો ચહેરો જોયો ? પેલી બીજી વ્યક્તિ કોણ હતી એ પણ કહેશો ?' મેં કહ્યું.

'હા ઠીક ! એ માણસને જેટલી વખત એનું નામ તથા અન્ય વિગતો પૂછી ત્યારે એણે એવું જ કહ્યું કે એ બધું ઠીકને જ – એટલે કે તને કહેશે ! અને પેલી બીજી વ્યક્તિને તો મળીશ એટલે તારું મન પ્રફુલ્લિત થઈ જાશે !' માતાદી હસતા હસતા બોલ્યો.

'તો પછી બતાવી દે ને યાર ! આમ લાંબું લાંબું શું કરે છે ? એ લોકો કોણ છે અને ક્યાં છે ?' મારી ઈંતેજારી પોલની માફક હવે હદ વટાવતી જતી હતી.

માતાદી થોડી વાર સુધી મારી સામે જોઈ રહ્યો. પછી હળવેથી બોલ્યો, 'તારે એમને મળવું જ છે ને ઠીક ? એ લોકો અહીંયા જ છે !'

અમારી આખી જ ટોળકી પર જાણે હિમ પડ્યું હોય તેમ બધા ઠરી ગયા. પછી એકસાથે બોલી ઊઠ્યા, 'અહીંયા એટલે ? તારો મતલબ કે આપણી વચ્ચે ?'

માતાદી એ જ શાંતિથી બોલ્યો, 'હા ! અહીં જ ! આપણી વચ્ચે જ !'

અમે સૌ બોલતા જરૂર બંધ થઈ ગયા હતા, પરંતુ એ માણસો કોણ હશે એ જાણવાની તાલાવેલી ખૂબ લાગી હતી.



૨૦. ભેદ ખૂલ્યો !

'અરે માતાદી ! તું પણ આમ રહસ્યોમાં જ અમને ફસાવી રહ્યો છે. હવે વધારે રાહ જોવડાવ્યા વિના એ લોકોને બોલાવને !' મેં અકળાઈને કહ્યું. જેક આ બધું જોઈને ધીમું ધીમું હસતો હતો.

માતાદી હસ્યો. પછી ફરી એક વખત ઊઠીને એ દૂર અંધારામાં જ્યાં ગધેડા બાંધી રાખ્યા હતા ત્યાં ગયો. પાછો ફર્યો ત્યારે એની સાથે એક માણસ હતો. એ માણસે પોતાનો ચહેરો બંને હાથથી છુપાવી રાખ્યો હતો. એણે સફેદ કપડાં પહેર્યાં હતાં. અમારી બરાબર સામે આવીને એ ઊભો રહ્યો. પછી એણે ચહેરા પરથી હાથ લઈ લીધા. એનો ચહેરો જોઈ અમે સૌ આશ્ચર્યમાં પડી ગયા. પછી લગભગ એક સાથે જ બોલી ઊઠ્યા, 'અબ્દુલ ! તું ?'

માથું નીચું કરી અબ્દુલે હા પાડી.

'અરે ભાઈ ! અમને અંતરિયાળ રણમાં છોડીને તું રાતોરાત ક્યાં ભાગી ગયો હતો ? કે પછી પેલા બુકાનીવાળા સાથે મળીને આમ રણમાં જ અમને છોડી દેવાની તમારી બંનેની યોજના હતી ?' માઈકલકાકા બોલ્યા.

'નહીં, નહીં ! તમને હેરાન કરવાનો કે રણમાં એકલા છોડી દેવાનો મારો જરા પણ ઈરાદો નહોતો.' અબ્દુલ બોલ્યો, 'મૂળ વાત એમ છે કે હું મારા માનીતા ગધેડા પર સૂઈ ગયો હતો. મને એમ હતું કે થોડી વાર ગધેડા પર સૂઈ લઉં, પછી એ બધા ગધેડાને નીચે બેસાડી હું પણ નીચે જમીન પર સૂઈ જઈશ. એટલા માટે એ ગધેડાની સાથે મેં બાકીના બધા ગધેડાની દોરી બાંધી દીધી હતી. હવે તમને તો ખબર જ હશે કે આ ચારપગા પાલતુ પ્રાણીઓને રાત્રે પોતાનું ઘર, જગ્યા એ યાદ આવતું હોય છે ! એવું જ બન્યું હશે. મારા ઊંઘી ગયા પછી જ્યારે કોઈ હાંકવાવાળું નહોતું જાગતું ત્યારે આ ગધેડાઓ એમની મેળે જ અલ-અમર્ના ગામ તરફ ચાલવા લાગ્યા. હું આખા દિવસનો બરાબર થાકેલો એટલે મારી ઊંઘ એકદમ ન ઊડી. પરંતુ ખાસ્સી વાર પછી એક ગધેડું જોરથી ભૂંક્યું એટલે હું ઊઠી ગયો. જોયું તો હું રણની વચ્ચોવચ્ચ હતો. એ પછી પાછા પણ કઈ રીતે ફરવું ? રાતે તો મને રસ્તો પણ ન જડે !' અબ્દુલ બોલ્યો.

'તને દિવસે પણ રસ્તો નહોતો જડ્યો તો પછી રાતે તો કઈ રીતે જડે ?!' રોબર્ટ બોલ્યો. અમે બધા હસી પડ્યા.

'ચાલ હવે આગળ બોલ, પછી શું થયું ?' મેં કહ્યું.

'પછી તો હું એમ જ બેઠો રહ્યો. ગધેડા એમની મેળે જ રસ્તો નક્કી કરી ચાલતા રહ્યા. અને લગભગ મધરાત વીતી ગયા પછી મારા માલિકની ખજૂરની વાડીએ પહોંચી ગયા. એ બપોર પછી મારા માલિક બહારગામ કોઈ કામથી ગયા હતા એટલે બીજા દિવસે આવવાના હતા. એના લીધે મારી પર કોઈએ ગુસ્સો ન કર્યો. બીજા દિવસે પેલો બુકાનીવાળો માણસ મને મળ્યો. મેં એને માંડીને બધી વાત કરી. એણે મને એ જ દિવસે તમારી પાસે આવવા ખૂબ જ આગ્રહ કરેલો, પરંતુ મારા માલિકની મરજી અને મંજૂરી વિના મારે હવે બહાર નહોતું જવું. બે દિવસ પછી મારા માલિક આવ્યા ત્યારે તેમની રજા લઈ આપણે રોકાયા હતા એ ખંડેર તરફ આવવા અમે નીકળી પડ્યા. પેલા બુકાનીવાળા માણસે મારા માલિક સાથે વાત કરી દસ જેટલા ગધેડા ભાડે કરી લીધા. અને એ પણ અગાઉથી જ પૂરું ભાડું ચૂકવીને ! પછી ગધેડા જોડે લઈ એ માણસ સાથે હું પેલા ખંડેર તરફ આવવા નીકળ્યો. મને એ ખંડેરો તરફ જવાનો રસ્તો જેવો તેવો યાદ હતો. સવારથી અમે ખૂબ ઝડપથી ચાલતા હતા, છતાં પણ અમે છેક બપોરના સમયે ખંડેર સુધી પહોંચ્યા. અમે દૂરથી મિ. માઈકલને પેલા ભોંયરામાં ઊતરતા પણ જોયા. અમે દોડીને એ જગ્યા સુધી આવ્યા ત્યાં સુધીમાં તમે સૌ પેલા ભોંયરામાં ઊતરી ગયા હતા. પેલા બુકાનીવાળા માણસે દોડીને તમારી પાછળ આવવાની કોશિશ કરી હતી, પરંતુ ઝડપભેર બંધ થતો પથ્થર અને ગાયબ થયેલ પગથિયા જોઈ એ ઉપર જ રહી ગયો. બસ, બાકીનું બધું તમે જાણો જ છો !' અબ્દુલે વાત પૂરી કરી. અમને એની વાતમાં સચ્ચાઈ લાગતી હતી.

'માતાદી ! હવે પેલા બુકાનીવાળા માણસને બોલાવ. ઘણા દિવસથી એ અમારો પીછો કરી રહ્યો હતો. અમારે જોવું છે કે એ કોણ છે ?' મને એ માણસ વિશે જાણવાની આતુરતા થઈ આવી હતી.

પરંતુ માતાદી એને બોલાવે એ પહેલાં જ એ માણસ એની પાછળ આવીને ઊભો રહી ગયો. માતાદીએ એને બુકાની છોડવા માટે કહ્યું. મેં પણ કહ્યું. એ થોડી વાર માટે મારી સામે જોઈ રહ્યો. પછી એણે બુકાની કાઢી નાખી.

'રોડ્રિગ્સ ! તું !' મારાથી મોટા અવાજે બોલાઈ ગયું, 'તો આટલા વખતથી તું અમારો પીછો કરતો હતો ? પરંતુ શું કામ ?' ચાંચિયાઓના સરદાર રોડ્રિગ્સને જોઈ હું માની નહોતો શકતો કે એ આમ અમારી પાછળ આવી શકે !

'હા ! ડીક ! હું !' રોડ્રિગ્સ નીચું મોં કરીને ઊભો રહ્યો.

'તું શા માટે અમારો પીછો કરતો હતો ?' મેં પૂછ્યું.

રોડ્રિગ્સ થોડી વાર એમ જ ઊભો રહ્યો. એના હાવભાવ પરથી લાગતું હતું કે એને ખૂબ શરમ આવી રહી હતી. એ મારી સામે આવીને બેઠો. પછી નીચું જોઈને જ બોલ્યો, 'મને માફ કરજે ડીક ! મારે તમારી પાછળ નહોતું આવવું જોઈતું. પરંતુ...' શરમનો માર્યો એ બોલી નહોતો શકતો.

'અમે તને માફ કરીએ છીએ રોડ્રિગ્સ, કારણ કે તેં અમને નુકસાન થાય તેવું કશું કર્યું નથી. બસ હવે તો આગળ બોલ !' મેં કહ્યું.

પરંતુ રોડ્રિગ્સ કંઈ પણ બોલે એ પહેલા જ ફ્વાઝીએ જોરથી બૂમ પાડી, 'મળી ગયો ! ઉકેલ મળી ગયો ! એય ડીક ! તું ખુશ થઈ જા એવો ઉકેલ મળ્યો છે !'

અમે સૌ અચંબામાં પડી ગયા, કારણ કે હવે તો લગભગ બધા જ કોયડા ઉકેલાઈ ગયા હતા. તો પછી ફ્વાઝીએ કયા કોયડાનો ઉકેલ શોધ્યો હશે ?! મેં એને પૂછ્યું, 'શાનો ઉકેલ મળ્યો ફ્વાઝી ?'

'અરે ડીક ! રાજા અખેનાતનની કબરમાંથી આ ક્યુનિફોર્મ પથ્થર મેં લઈ લીધો હતો. એમાં ચોખ્ખું લખેલું છે કે ભવિષ્યમાં પણ કોઈ માણસ સંજીવની વનસ્પતિવાળા કમરાનો દરવાજો ખોલશે અને એમાં પ્રવેશવા માટે રસ્તામાં રહેલા રથને ખસેડશે તો એ કમરો હંમેશ માટે બંધ થઈ જશે. એ પછી ક્યારેય સંજીવની કોઈના હાથમાં નહીં આવે, કારણ કે એ જમીનમાં ઊતરી જશે ! બોલ, હવે એવું બધું શું કામ બની ગયું એનો કોયડો ઉકેલાઈ ગયોને ? અને એનો અફસોસ પણ હવે તને નહીં થાય, બરાબર !'

મને ફ્વાઝીની વાતથી ખરેખર હળવાશ થઈ. સંજીવની હવે કોઈના હાથમાં નહીં આવે એ વાત જ હળવાશ પમાડે તેવી હતી.

મેં રોડ્રિગ્સ સામે જોઈ એને આગળ બોલવા કહ્યું. એ પણ હવે મારી સામે આંખ મિલાવી વાત કરવા જેટલો સ્વસ્થ થઈ ગયો હતો. મારી નજર એની નજર સાથે મળી એટલે એ બોલ્યો, 'ડીક ! તેં મને ગર્દાફી બંદર પર ઉતારી ૩૦૦૦ પાઉન્ડ આપ્યા અને મેં ઈજિપ્તના સોદાગરે મને આપેલ તાવીજ કે જેમાં એક કળ છુપાયેલી હતી એ તને આપ્યું, બરાબર ?'

'બરાબર !' મેં કહ્યું.

'એ વખતે મારો યુવાન દીકરો મારી બાજુમાં ઊભો હતો, જેની ઓળખાણ મેં તને કરાવેલી યાદ છે ?'

'હા, મને બરાબર યાદ છે. આગળ બોલ !' મેં કહ્યું.

'હા, તો તમે ગયા પછી મારા દીકરાએ મને તાવીજ વિશે પૂછ્યું. એને મેં એ પહેલા ક્યારેય એ અંગે જણાવેલું નહીં. જ્યારે એ તાવીજ કે કળથી દરેક પિરામિડ ખોલી શકાય એવું મેં એને કહ્યું ત્યારે એ મારા પર ખૂબ જ ગુસ્સે થયો. એણે કહ્યું કે પિરામિડમાં તો અઢળક ખજાનો હોય. આખી જિંદગી વહાણના ફેરા કરવા કે ચાંચિયાગીરી કરવી એના કરતા એક જ પિરામિડમાં આંટો મારી આવવામાં વધારે ફાયદો થાય. એનો વિચાર તમારી પાછળ આવવાનો હતો. પરંતુ નવું વહાણ લેવું તેમજ નવેસરથી ધંધો કરવો એ બધામાં યુવાન લોહી વધારે ધ્યાન આપી શકે એવું મને લાગવાથી મેં એને ગર્દાફી બંદરે જ રોકાઈ જવાનું કહ્યું. હું તમારા ગયા પછી તરત જ સુએઝ જવા માટે ઊપડતી એક સ્ટીમરમાં બેસી ગયો. મારા દીકરાએ મને ૫૦૦ પાઉન્ડ આપ્યા હતા. સુએઝ રેલવે સ્ટેશન પર તમે થેલો ભૂલી ગયા હતા. મેં અંદર જોયું તો એમાં પાઉન્ડ હતા, પરંતુ પેલી ચાવી નહોતી એટલે એ થેલો હું તમારા ડબ્બામાં મૂકી ગયો હતો. ત્યારબાદ હું હોટલ મેના હાઉસ પહોંચ્યો.

મને તમારી સામે આવતા ખૂબ સંકોચ થતો હતો. મેં તમારો સામાન વીંખી નાખ્યો, પણ એ ચાવી નહોતી મળી. ડીક ! એ તાવીજ તેં ક્યાં રાખેલું ?' રોડ્રિગ્સે વાત પૂરી કરતા પૂછ્યું.

'મારા ગળામાં પહેરી રાખેલું ! હવે આગળ બોલ !' મેં હસતા હસતા કહ્યું.

રોડ્રિગ્સને હવે સમજાયું કે એને ચાવી કેમ નહોતી મળી. એ પણ હસી પડ્યો. પછી આગળ બોલ્યો, 'અલ-અમર્ના ગામ જઈ તમારા માટે ગધેડા લઈ અબ્દુલને પણ મેં જ મોકલ્યો હતો. પરંતુ એ ડફોળ રસ્તો ભૂલી ગયો. કારણ કે એણે આખી જિંદગી અલ-અમર્નાની ખજૂરની વાડીની બહારની દુનિયા જોઈ જ નહોતી. એ તો સારું થયું કે તે દિવસે એ જેમ તેમ કરી મને પેલા ખંડેર સુધી પહોંચાડી શક્યો. મેં તે દિવસે થોડા વધારે ગધેડા તમારા માટે જ ભાડે કરી લીધા હતા. પણ જે થયું તે, એ ગધેડા આ કાદશમાનના માણસોને કામ લાગી ગયા. બસ ડીક ! તમે લોકોએ મારી જિંદગી બચાવી છે, એટલે તમને નુકસાન કરવાનો કે હેરાન કરવાનો મારો કોઈ જ ઈરાદો નહોતો. તમે તમારા સાથીની શોધમાં જતા હતા, એટલે તમારે એ ચાવીનું કામ ન હોય. મેં ખુશીના માર્યા તમને આપેલી ચીજ પાછી માંગતા શરમ આવતી હતી. તમારી સામે તો આવવાનું મન થતું હતું પણ સંકોચ થતો હતો. એટલે મેં નક્કી કરી લીધું કે તમને નુકસાન ન થાય તે રીતે એ ચાવી મેળવી લેવી. પરંતુ તમે મને ઓળખી જાઓ તો ચાંચિયો હોવાના કારણે મારા ઈરાદા પર શંકા જાય. એવું ન બને એટલા માટે હું મોઢે કપડું-બુકાની બાંધી રાખતો હતો. બસ ડીક, હવે તો ખજાનો લઈને જ ગર્દાફી બંદરે પાછા જવું છે. જો તમે હવે અહીંથી પાછા જવાના હો તો પેલું તાવીજ હવે મને આપી દેશો ?'

હું એની સામે જોઈ રહ્યો. પછી કઈ રીતે એ ચાવી અમારે ફારો અખેનાતનની કબરમાં જ છોડી દેવી પડી એ એને જણાવ્યું. વાત સાંભળી રોડ્રિગ્સ ઉદાસ થઈ ગયો. બે હાથમાં માથું પકડીને એ બેસી ગયો. કેટલીય વાર સુધી એ એમ જ બેઠો રહ્યો. એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. મેં ઊભા થઈ મારા થેલામાંથી ૨૦,૦૦૦ (વીસ હજાર) પાઉન્ડ કાઢી એને આપ્યા ! એને નવાઈ લાગી. આટલા બધા પાઉન્ડ કોઈ એમ જ આપે ખરું ? એને હજુ વિશ્વાસ નહોતો આવતો, પરંતુ મેં ભારપૂર્વક કહ્યું ત્યારે એણે એ સ્વીકારી લીધા.

'રોડ્રિગ્સ ! જો અમે બધાએ અમારી પાસેના રત્નો કાદશમાનને ન આપી દીધા હોત તો તને થોડોક ભાગ આપી શકત ! એ માટે માફ કરજે મારા ભાઈ !' મેં એના ખભે હાથ મૂકીને કહ્યું.

'બધાએ નથી આપ્યા ડીક ! તારી ભૂલ થાય છે !' અબીરા હસતા હસતા બોલ્યો, 'તમે ભૂલી ગયા કે તમે એ આપતા હતા ત્યારે હું દૂર બેઠો હતો ! મારા ખિસ્સામાં રહેલા રત્નો તો એમને એમ જ પડ્યા છે !' એણે ખિસ્સામાંથી માણેક, અકીક અને અન્ય કિંમતી રત્નો કાઢીને રોડ્રિગ્સની સામે મૂકી દીધાં. અમારા બધા કરતા બમણાં રત્નો અબીરા પાસે હતાં, કારણ કે એણે આટલા દિવસમાં ખૂબ સારા સારા લાગતાં રત્નો જ ભેગાં કરેલાં હતાં. રોડ્રિગ્સની આંખ ચમકી ઊઠી. એનો

વિષાદ દૂર થઈ ગયો. અમે લોકોએ એમાંથી થોડાક રત્નો અબ્દુલને આપ્યાં. એ પણ ખૂબ ખુશ થઈ ગયો.

'ડીક ! તમારો કેટલો આભાર માનું ? મને લાગે છે મારે હવે આખી જિંદગી ચાંચિયાગીરી નહીં કરવી પડે !' રોડ્રિગ્સ ભીના અવાજે બોલ્યો.

'અને તારા દીકરાને પણ હવે પછી એ ક્યારેય ન કરવા દઈશ !' હું બોલ્યો. રોડ્રિગ્સે માથું હલાવી હા પાડી.

રાત ઘણી વીતી ચૂકી હતી. આકાશ એકદમ સ્વચ્છ હતું. અમારાં મનમાં રમતા બધા જ કોયડાઓનો ઉકેલ મળી જવાથી અમારું મન પણ આકાશ જેવું જ સાફ બની ગયું હતું. પાથરણાં પાથરી અમે સૌએ લંબાવી. બીજા દિવસે અબ્દુલ એના ગધેડા લઈ અમને અલ-અમર્ના સ્ટેશન સુધી મૂકી જશે એવું નક્કી કરી અમે સૂતા. મન સાવ હળવું હોવાથી ઊંઘ પણ તરત જ આવી ગઈ.

અર્ધી રાત વીતી હશે એ વખતે કોઈએ મારા માથા નીચે રાખેલો થેલો ખેંચ્યો હોય તેવું મને લાગ્યું. મારી આંખ ખૂલી ગઈ. જોયું તો એક ઊંચી વ્યક્તિ અને સાથે એક સ્ત્રી જેવી બીજી વ્યક્તિ મારી બાજુમાં ઊભા હતા. પેલી સ્ત્રીએ મારા થેલામાં હાથ નાખ્યો હતો. મને જાગી ગયેલો જોઈ એ લોકો મારો થેલો મૂકી ઝડપથી રોયલ કબરની દિશામાં જતા રહ્યાં. મેં જોરથી બૂમ પાડી.

મારા સાથીઓ મારી બૂમ સાંભળી બેઠા થઈ ગયા. એ બધાએ તાપણું ફરીથી સળગાવ્યું. ચારે તરફ પ્રકાશ થઈ ગયો.

'શું થયું ડીક ? કેમ બૂમ પાડી ?' માતાદી તેમજ માઈકલકાકા એકસાથે બોલી ઊઠ્યા.

'મેં એક ઊંચા પુરુષ તેમજ એક સ્ત્રીને મારો થેલો ખોલતા જોયા. હું ઊઠી ગયો એટલે એ લોકો પેલી રોયલ કબરના રસ્તે જતા રહ્યા !' હું બોલ્યો.

'અરે ડીક ! સપનું હશે ! રોયલ કબર તરફની દિશામાં તો હું સૂતો છું. મેં તો કોઈને અહીંથી જતાં જોયા નથી. તને નક્કી ભ્રમ જ થયો હશે !' રોબર્ટ બોલ્યો. એની વાત પણ સાચી હતી. મારાથી રોયલ કબર તરફ જવાની દિશામાં તો એ આડો સૂતો હતો. તો પછી નક્કી મને સ્વપ્ન જ આવ્યું હશે. હું પાણી પીને પાછો સૂવા ગયો, પરંતુ અચાનક મારું ધ્યાન ગયું કે મારો થેલો મારા પાથરણાથી થોડો દૂર પડ્યો હતો ! હું ઘડીક વિચારતો રહ્યો. પછી ઊંઘ આવી ગઈ.



૨૧. ઘર તરફ !

સવારે અમે નિરાંતે ઊઠ્યા.

આગળની રાતની ઘટના કે સ્વપ્ન મારા મગજમાં હજુ ઘુમરાતા હતા. કદાચ આટલા દિવસ આ બધી ઘટમાળ ચાલી હતી એના લીધે જ મને એવું સ્વપ્ન આવ્યું હોઈ શકે. એમાંય છેલ્લા બે દિવસ તો અમે રોયલ કબરની આસપાસ તેમજ અંદર વિતાવ્યા હતા, એટલે પણ એવું સ્વપ્ન આવ્યું હોઈ શકે. પરંતુ તો પછી મારો થેલો દૂર કઈ રીતે ગયો ? જે હોય તે ! એનો ઉકેલ મળે તેવું લાગતું નહોતું.

લગભગ દસ વાગવા આવ્યા ત્યારે અમે અબ્દુલ સાથે અલ-અમર્ના સ્ટેશન જવા નીકળ્યા. ખબર નહીં શું કામ, પણ વારંવાર મારું મન રોયલ કબર તરફ જવા ઈચ્છતું હતું. મને કોઈ જગ્યાએ ફરીથી જવાની આટલી બધી તીવ્ર ઈચ્છા આ પહેલા ક્યારેય થઈ નહોતી ! જાણે કે રોયલવાડીથી દૂર જતાં મનમાં કોઈ પીડા થઈ રહી હતી. મને પણ નહોતું સમજાતું કે આવું શું કામ થતું હતું. કદાચ આટલા દિવસથી અહીંયા રહેવાને કારણે આ જગ્યા માટે લગાવ થઈ ગયો હોઈ શકે.

કાદશમાન, સાદી અને એના માણસો અમને ઘણે દૂર સુધી વળાવવા આવ્યા. એમને તો આટલાં વરસના પરિશ્રમનો બદલો મળી ગયો હોય તેવું લાગતું હતું. અને એ અમારા લીધે જ થયું છે એવું એ લોકો માનતા હતા.

અબ્દુલ આ વખતે જરા પણ ભૂલ ખાધા વિના અમને અલ-અમર્ના સ્ટેશન લઈ આવ્યો. અમને ઉતાર્યા પછી એણે તે દિવસના છબરડા માટે ફરીથી માફી માગી. આવું બધું બન્યું હતું છતાં અમે એને રત્નો આપ્યા એ જ એને મન સૌથી મોટી નવાઈ હતી. એના કહેવા મુજબ હવે એ પોતાની સ્વતંત્ર વાડી લઈ માલિક બનીને રહેવાનો હતો. આંસુભરી આંખે અમારી વિદાય લઈ એ પાછો ફર્યો.

અમારી ટ્રેન આવવાને હજુ વાર હતી. સાંજના ચાર વાગ્યા પછી કેરો જવાની ટ્રેન મળતી હતી. અમે રેસ્ટરૂમમાં અમારો સામાન મૂકી આંટા મારતા હતા. ફક્ત અબીરા એના બે ગંદા કોથળાની વચ્ચે રેસ્ટરૂમમાં બેઠો હતો.

'કેમ સર ! પાછા આવી ગયા ? તમારો સાથી મળી ગયો ?' કોઈનો હાથ મારા ખભા પર પડ્યો.

મેં પાછળ ફરીને જોયું તો સ્ટેશનનો પેલો ચોકીદાર હતો જેણે અમને વીંછીનું ઝેર ઉતારવા માટેના બીજ આપેલા. હું એનો હાથ પકડી થોડી વાર સુધી હલાવતો રહ્યો, પછી એને ભેટી જ પડ્યો. એટલી વારમાં મારા સાથીદારો પણ આવી લાગ્યા. જેકની જિંદગી કઈ રીતે બચી ગઈ એની વાત કરી અમે એનો ખૂબ આભાર માન્યો.

આ વખતે મેં એને ૧૦૦ પાઉન્ડ ભેટમાં આપ્યા. એ માણસ રડી પડ્યો. એની દીકરીનાં લગ્ન માટે એ પૈસા ભેગા કરી રહ્યો હતો. એમાં આટલી મોટી રકમ મળવાથી એને ખૂબ જ ખુશી થાય એ સ્વાભાવિક હતું. એની આંખમાંનાં ઝળઝળિયાં જોઈ મેં ફરીથી બીજા ૪૦૦ પાઉન્ડ એને આપ્યા. આમ જોઈએ તો જેકની જિંદગી એ માણસના લીધે જ બચી ગઈ હતી. પહેલા તો એણે આટલી મોટી રકમ લેવા માટે ના પાડી. પછી એ માણસ મને ભેટીને રડી પડ્યો.

એ દિવસે બપોરના ભોજનની વ્યવસ્થા એ માણસે જ કરી આપી. ઘણા દિવસે અમે ધરાઈને જમ્યા અને એકાદ કલાક સૂતા.

ચાર વાગ્યા પછી ટ્રેન આવી. અમે સૌ ફર્સ્ટક્લાસના ડબ્બામાં બેઠા. અમારો સામાન એ ચોકીદારે જ ટ્રેનમાં ચડાવી આપ્યો. અબીરાના ગંદા અને ગાભા ભરેલા ભારે કોથળા પણ એણે જ ટ્રેનમાં ચડાવી આપ્યાં. ટ્રેન ઊપડ્યા પછી ઘણી વાર સુધી એ અમને આવજો કરતો હાથ હલાવતો પ્લેટફૉર્મ પર ઊભો રહ્યો.

'ડીક ! ત્યાં જો તો !' મોં દાબીને ખી...ખી...ખી... હસતા પોલે મને કહ્યું.

મેં એણે ચીંધેલ દિશામાં જોયું તો પોતાની બેઠક પર ઝોકા ખાતો રોડ્રિગ્સ બેઠેલો હતો. મજાની વાત એ હતી કે એણે હજુ એના મોં પર બુકાની બાંધેલ હતી. એને બુકાનીમાં જોઈ મને પણ હસવું આવી ગયું. અમારા હસવાનો અવાજ સાંભળી એની આંખ ખૂલી ગઈ. અમને હસતા જોઈ એને ખ્યાલ આવી ગયો. તરત જ એણે બુકાની છોડી નાખી. પછી એ પણ હસી પડ્યો.

કેરો સ્ટેશને અમે પહોંચ્યા ત્યારે રાતના નવ વાગી ગયા હતા. રાત્રે દસ વાગ્યે બીજી ટ્રેન સુએઝ બંદર તરફ જતી હતી. રોડ્રિગ્સ એ ટ્રેનમાં એ જ રાત્રે સુએઝ જવા માંગતો હતો. એ ટિકિટ લઈ આવ્યો ત્યાં સુધી અમે ત્યાં જ ઊભા રહ્યા. એ પછી એને આવજો કરી અમે સૌ હોટલ મેના હાઉસ પહોંચ્યાં. સ્નાન તેમજ ભોજન પતાવી અમારે સૌએ અબીરા તેમજ માતાદીના કમરામાં ભેગા થવું એવું નક્કી કર્યું.

* * *

અમે સૌ માતાદીની રૂમમાં લગભગ રાતના સાડા દસ વાગ્યા આસપાસ ભેગા થયા. હોટલ મેના હાઉસના એ સુંદર કમરામાં અબીરાના ગાભા ભરેલા ગંદા કોથળા ખરેખર આંખને ખટકે એવું દૃશ્ય ઊભું કરતા હતા. આંખ વારંવાર એ કોથળા પર જઈને અટકતી હતી. મારાથી ન રહી શકાયું એટલે મેં કહી જ દીધું, 'ભાઈ અબીરા ! તું એકલો પડી ગયો ત્યારે તને આ કોથળાઓએ સાથ આપ્યો એ અમે જાણીએ છીએ. તને એના માટે લગાવ થઈ ગયો હોય એ પણ સમજી શકાય, કારણ કે આટલાં વરસ એ કોથળાઓ જ તારા સાથી રહ્યા હતા. હવે એ ગંદા કોથળાઓ સાથે ને સાથે રાખવાનો કોઈ મતલબ ખરો ? જો ને લાગે તો હું એ નાખી દેવાની સલાહ આપી શકું ખરો ?'

અબીરા બે ક્ષણ મારી સામે જોઈ રહ્યો. પછી ઊભા થઈ એણે રૂમના બારીબારણા સજ્જડ બંધ કરી દીધા. પછી મારી પાસે બેસતા એ બોલ્યો, 'ડીક ! તું એમ કહે છે કે હું આ કોથળાઓ ફેંકી દઉં ? આ કોથળાઓને ફેંકી દઉં જે છેલ્લાં બે વરસથી મારી સાથે મારા પડછાયાની માફક રહ્યા છે ? અને એમાં મારા જૂના ગાભા જ નથી, પરંતુ મારી કપરી યાદો પણ છે !'

'તો તું એને રાખજે તારી જોડે. મારો ઈરાદો તને આઘાત પહોંચાડવાનો નહોતો કે તારી લાગણીને ઠેસ પહોંચાડવાનો પણ નહોતો. તને દુઃખ થયું હોય તો માફ કરજે, અબીરા !' મેં કહ્યું.

'નહીં, નહીં ડીક ! એવી કોઈ વાત નથી !' ગંભીર દેખાતો અબીરા ખડખડાટ હસી પડ્યો. પછી બોલ્યો, 'અરે મારા ભાઈ ! આ કોથળા તો ખૂબ જ કિંમતી છે. જોવું છે ?'

અમે બધાએ હા પાડી. અબીરાએ એક કોથળો લીધો. પછી એમાંથી ગાભા કાઢી નાખ્યા. ઉપરનો પા કોથળો એવા ગંદાં કપડાંથી જ ભરેલો હતો. એ પછી એણે કોથળો નીચે ફર્શ પર ઊંધો વાળ્યો. અમારી આંખો ફાટી રહી ! ફર્શ પર નીલમ, માણેક અને એનાથી પણ ચડિયાતાં રત્નોનો ઢગલો થઈ ગયો. પોલે ઊભા થઈ બીજો કોથળો પણ ઝડપથી ખાલી કર્યો. એમાં પણ એટલાં જ રત્નો હતાં. પૂરા એક રાજ્યને વરસો સુધી ચાલે તેટલો એ ખજાનો જોઈ અમે આભા જ બની ગયા. થોડી વાર માટે બધાની બોલતી જ બંધ થઈ ગઈ.

'આ શું અબીરા ?' હું ફક્ત એટલા શબ્દો જ બોલી શક્યો.

'હા ડીક ! હું જ્યારે જ્યારે પેલી કબરમાં જ ફસાઈ જતો ત્યારે કંટાળીને સમય પસાર કરવા માટે કબરમાં પડેલાં રત્નોમાંથી સારામાં સારાં લાગતાં રત્નો શોધી કોથળામાં ભરી લેતો. પછી એના પર મારા ગાભા રાખી દેતો. આમેય એ જગ્યાએ કોઈ આવતું જ નહીં. એટલે મારા કોથળા જોવાની કે તપાસવાની તસ્દી કોઈએ લીધી જ નથી. સૌ પ્રથમ તમે લોકો જ ત્યાં આવ્યા. હવે તમે આ રત્નોનું જે કરવું હોય તે કરજો. મારા માટે તો તમે પાછા મળી ગયા એ જ મોટી વાત છે. બાકી તો અત્યાર સુધી આ બધું મારા માટે પથ્થર જ હતું ને ?' અબીરા બોલ્યો.

આટલા અઢળક રત્નો અહીંની સરકારને જાણ કર્યા સિવાય લઈ જવા એ જોખમ કહેવાય. મેં ફ્વાઝી સામે જોયું, 'ફ્વાઝી ! આનો હવે શો રસ્તો કરવો ?'

ફ્વાઝીએ થોડી વાર વિચાર કર્યો. પછી બોલ્યો, 'ડીક ! મને લાગે છે આપણે આવતી કાલે મ્યુઝિયમના મેનેજરને મળીને બધી વાત કરીએ. પછી જે કાંઈ સલાહ એ આપશે એ મુજબ આપણે પાલન કરીશું. બરાબર ?'

એની વાત અમને બધાને બરાબર લાગી.

અમે બધાએ ભેગા થઈને ફરી એક વાર એ રત્નોને કોથળામાં ભરી ઉપર ગાભા દબાવી દીધા. એ સવાર સુધી આ અઢળક સંપત્તિના વિચારોમાં જ અમને કોઈને પણ બરાબર ઊંઘ ન આવી !

સવારે વહેલા તૈયાર થઈ, નાસ્તો પતાવી અમે ફ્વાઝી જોડે ઈજિપ્તના મ્યુઝિયમમાં પહોંચ્યા. પેલા કોથળા પણ સાથે લીધા હતા. ફ્વાઝી અંદર જઈ મેનેજરને મળ્યો. બધી વાત કરી. મેનેજરે ફ્વાઝીને જણાવ્યું કે આ માટે બ્રિટિશ રાજદૂતને મળીને નક્કી કરવું પડે.

અમારી તકલીફનો જાણે કે એ જ સવારે ઉકેલ આવી જવાનો હોય તેવું અમને લાગ્યું. કારણ કે બ્રિટિશ રાજદૂત એ જ વખતે મ્યુઝિયમની મુલાકાતે આવી રહ્યા હતા. અમે રાહ જોઈને બેઠા.

સાડા દસ વાગ્યે કોન્સ્યુલેટ જનરલ લૉર્ડ ક્રોમર આવી પહોંચ્યા. એ ખૂબ જ હસમુખા અને ઉદારદિલ હતા. ફ્વાઝી અને મ્યુઝિયમના મેનેજરે એમને બધી જ બાબતથી વાકેફ કર્યા. એમણે સંપૂર્ણ ખજાનો જોયો. એના દરેક રત્નની વિગત નોંધાવી. પછી એ સમયના કાયદા પ્રમાણે એમાંનો ત્રીસ ટકા હિસ્સો અમને આપી દીધો અને બાકીના રત્નો ઈજિપ્તના એ વિશાળ મ્યુઝિયમમાં જમા કરાવડાવી દીધા. આ સંપૂર્ણ પ્રક્રિયા પતાવીને પાછા ફરતા સાંજ પડી ગઈ. અમે એમનો આભાર માની હોટલ મેના હાઉસ પાછા ફર્યા. અબીરાના એ બે ગંદા કોથળાઓએ અમને અઢળક સંપત્તિના માલિક બનાવી દીધા હતા. હોટલ પર આવ્યા પછી માઈકલકાકાએ દરેક જણને રત્નોમાંથી બરાબર ભાગ પાડી આપ્યો હતો. એમણે એ રત્નો દરેકની બેગમાં અલગ અલગ રખાવી દીધાં, જેથી કદાચ એકાદ બેગ ક્યાંક રહી જાય તો પણ બધાં રત્નો એક સાથે ખોવાઈ ન જાય.

બીજા દિવસે સવારની ટ્રેનમાં અમે સુએઝ જવા નીકળ્યા. ફ્વાઝી ઈજિપ્તમાં જ રોકાઈ ગયો હતો. સુએઝ પહોંચીને સુએઝ બંદર પર રાખેલ અમારી મોટરબોટ પેલી બ્રિટિશ એજન્સી પાસેથી બાકીનું ભાડું આપી અમે છોડાવી લીધી. એ પછી અમે અમારો સામાન એમાં ચડાવી દીધો. બરાબર સવારના અગિયાર વાગ્યે અમે લંગર ઉપાડ્યાં. ઈજિપ્તની ભૂમિ ધીમે ધીમે અમારાથી દૂર ખસતી હતી. અબીરા તૂતકની રેલિંગ પકડી ગુમસૂમ ઊભો હતો. મેં એનો હાથ પકડ્યો. એણે મારી સામે જોયું. એની આંખમાં આંસુ ડોકાતાં હતાં. પછી એણે ઈજિપ્તની ધરતી તરફ હાથ લાંબો કર્યો, અને પછી ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યો. અમે સૌ એની પીઠ પસવારતા ઊભા રહી ગયા. મોટરબોટ ધીમે ધીમે ગર્દાફી બંદર તરફ સરકી રહી હતી.

અનાયાસે અમારો હાથ પણ ઈજિપ્તની ધરતી તરફ લાંબો થઈ ગયો. અનેક રહસ્યો, સદીઓ જૂના ભેદભરમ અને અઢળક સંપત્તિ પોતાની અંદર છુપાવીને બેઠેલી એ ધરતીને અમારાથી પણ કહેવાઈ ગયું, 'આવજે ઈજિપ્તની ધરતી ! આવજે એ તિલસ્મી પ્રદેશ ! આવજે એ જાદુઈ ધરા ! અમે તને મળવા ફરીથી જરૂર આવીશું ! ત્યાં સુધી અમારા સલામ સ્વીકારજે ! આવજે !'



૨૨. અને અમે બધા !

એ પછી લગભગ પંદર દિવસે અમે કોઈ પણ જાતના વિઘ્ન વિના બીરા બંદર પહોંચી ગયા.

હા, સાવ વિઘ્ન વિના તો નહીં વળી ! એક વખત ઈટાલિયન સોમાલિયા પાસે ચાંચિયાઓના જહાજે અમારો પીછો કરેલો, પરંતુ એમની બોટથી થોડે દૂર જ અમારા બૉમ્બ લોન્ચરનો ગોળો પડતો જોઈ એ લોકોએ અમારો પીછો કરવાનું મૂલતવી રાખેલું !

જેક અને હેસ્લિંગ થોડા દિવસ અમારી સાથે રહી પછી ઘાના જવા નીકળી ગયા. એ લોકોએ પણ હવે ફક્ત મોટા સોદાઓ હોય તેમાં જ પડવું અને બાકીની જિંદગી આરામથી ગાળવી એવું નક્કી કરી લીધું હતું. હેસ્લિંગનો ઈરાદો ઘાના અને કૉંગોનાં ગામડાંઓમાં પ્રાથમિક શાળાઓ ખોલવાનો હતો. આફ્રિકામાં શિક્ષણનું ખૂબ નીચું પ્રમાણ જોઈ એને ખૂબ દુઃખ થતું હતું. જેકનો ઈરાદો પણ આંતરવિગ્રહોના પરિણામે અનાથ બનતાં બાળકોને દત્તક લઈ, બધી સગવડો આપી એમને સારા માણસ બનાવવાનો હતો. જેથી એ લોકો જ ભવિષ્યના આંતરવિગ્રહના હાથા ન બની જાય !

માઈકલકાકા લંડનની ક્લબની જિંદગીથી કંટાળી ગયા હતા. એમનો ઈરાદો હવે બીરા બંદર પર જ પોતાનું જૂનું મકાન પાડી ત્યાં જ એક આલિશાન બંગલો બનાવવાનો અને બાકીની જિંદગી આરામથી બીરા બંદર પર જ પસાર કરવાનો હતો. એમનો નવો બંગલો બને ત્યાં સુધી તેઓ માતાદીના ઘરે જ રહેવાના હતા.

અમે પણ હવે એટલી અઢળક સંપત્તિના સ્વામી બની ગયા હતા કે સવારમાં એક જ સમય દુકાન શરૂ રાખવાનો નિર્ણય કરી લીધો હતો. મારો, રોબર્ટ અને પોલનો ઈરાદો પોર્ટુગીઝ સરકાર જોડે વાત કરી સંપૂર્ણ પૂર્વ આફ્રિકન પ્રદેશમાં સારી અને સુસજ્જ હૉસ્પિટલ ઠેર ઠેર બનાવવાનો હતો. (અમે ત્યારે પોર્ટુગલના શાસન નીચે હતા.) એ અંગે મારે ત્રણેક વખત લિસ્બન પણ જવું પડ્યું. અને એ પછી અમને એ માટેની મંજૂરી મળી ગઈ. હજારો માંદા માણસોને સારા થતા જોઈ મને ખૂબ જ આનંદ થતો.

પોલનો ફોટોગ્રાફીનો શોખ પણ આગળ વધતો જ ગયો. આ વર્ણનમાં બતાવેલા થોડાંક ચિત્રો એની ફોટોગ્રાફીની કમાલ છે !

અબીરા એનો સ્ટીમરનો ધંધો ફરીથી શરૂ કરવા માંગતો હતો, પરંતુ અમે એને રોકી પાડ્યો. એ પછી એણે બીરા બંદર પર જ અલબાસ્ટર (અર્ધ-પારદર્શક

આરસપહાણ)નો ધંધો શરૂ કર્યો. એ ઈજિપ્તથી અલબાસ્ટર મંગાવતો અને દક્ષિણનાં દેશો તેમજ શહેરોને વેચતો. એમાં એ પણ ખૂબ કમાયો.

અબાના તો અત્યંત કુશળ વૈદ્ય હતો જ ! એણે એનો એ જ વ્યવસાય ફરીથી અપનાવી લીધો. આ વખતે પેલા વીંછીનું ઝેર ઉતારવાના બીજની કમાલનો એણે ભરપૂર લાભ ઉઠાવ્યો. ધીરે ધીરે વીંછીનું ઝેર ઉતારવામાં નિષ્ણાત વૈદ્ય તરીકે એ ઓળખાવા લાગ્યો. એને ત્યાં વહેલી સવારથી દર્દીઓની લાઈન થઈ જતી. અબાના આખો દિવસ નવરો જ ન થતો, પરંતુ મજાની વાત તો એ હતી કે એ હવે કોઈ પણ દર્દીની સારવારના પૈસા ન લેતો. કોઈ દર્દી પૂછે તો એ કહેતો કે, 'તમારે કંઈ આપવાનું નથી ! ઈજિપ્તના એક ફારો(રાજા)એ તમારી ફી ચૂકવી દીધી છે !!'

માતાદીએ પોતાની પ્રાચીન અને દુર્લભ વસ્તુઓની દુકાન બંધ કરી દીધી. બાકીની જિંદગી એ માઈકલકાકા જોડે ચેસ રમીને વિતાવવા માગતો હતો.

ઈજિપ્તથી આવ્યા પછી એક દિવસ હું મારા બંગલાના અંધારિયા ભંડકિયામાં મારો જૂનો સામાન જોતો હતો. એ વખતે ઈજિપ્તના પ્રવાસમાં હું જે થેલો લઈ ગયો હતો એ થેલો મારા હાથમાં આવ્યો. આછા અજવાળામાં મેં એ થેલો ખોલ્યો. મારી નવાઈ વચ્ચે એ ખાલી થેલામાં કોઈ વનસ્પતિનું એક પાંદડું પડ્યું હતું. એ પાનને મેં બહાર કાઢ્યું. પાન તરફ જોતા જ મને ખૂબ નવાઈ લાગી. કારણ કે, આછા અજવાળામાં એ પાનમાંથી ભૂરા રંગનો પ્રકાશ આવતો દેખાતો હતો. પાનની કિનારી અને ડાંડલી પાસેથી એ વધારે તિવ્રતાથી ચારે તરફ રેલાતો હતો. મને આશ્ચર્ય થયું કે કોઈ પાનમાંથી થોડો પ્રકાશ રેલાતો દેખાય ? મેં મારી આંખો ચોળી જોઈ. અચાનક મને રોયલવાડીવાળું મારું સપનું યાદ આવ્યું. પેલો ઊંચો પુરુષ અને સ્ત્રીએ મારા થેલામાં હાથ નાખેલો એ યાદ આવ્યું. મારું મન બરાબર ચકરાવે ચડી ગયું. તો શું એ ફારો અખેનાતન અને રાણી નેફરટીટી જ હશે ? અને એ લોકો અમર બની ગયા છે, એમના મૃતદેહો ગાયબ છે એની પાછળનું આ રહસ્ય શું ખરેખર સાચું હશે ? અને આ વનસ્પતિનું પાંદડું શું સંજીવનીનું પાન હશે ? જો એ સંજીવની હોય તો એનો ઉપયોગ કઈ રીતે કરી શકાય એ તો મને ખબર નહોતી. તો પછી શું કરવું ? મને થયું કે આવી વસ્તુનો ચાળો ન કરીએ તો જ વધારે સારું ! એ રાજા-રાણીએ મારા થેલામાં જ આ પાન શું કામ મૂક્યું હશે એ પણ મને સમજાતું નહોતું. હું વિચારમાં પડી ગયો. કાંઈ સૂઝતું નહોતું. એ દિવસે મને ખૂબ જ મૂંઝવણ થઈ. બુદ્ધિ બહેર મારી ગઈ, છતાં આ વાત કોઈને પણ ન કરવી એટલું તો મેં નક્કી કરી જ લીધું.

એકાદ દિવસ મેં એ પાન મારી સાથે જ રાખ્યું. એમાંથી નીકળતો ભૂરો પ્રકાશ આંખને ગમતો હતો. સવારે અને બપોરના સમયે એ પ્રકાશ વધારે દેખાતો હતો. ત્યાર પછી એ પાન સાવ સામાન્ય પાન જેવું જ બની જતું. મને નવાઈ એ વાતની લાગતી હતી કે આટલા દિવસ પછી પણ એ પાન સુકાયું પણ નહોતું ! મેં એ ચોવીસ કલાક વિચારવામાં જ કાઢ્યા. ઘણું વિચારવાને અંતે મને કંઈ જ સૂઝ્યું નહીં એટલે બીજા દિવસે ભંડકિયામાં જઈ, પેલો થેલો ફરીથી ખોલી મેં એ

પાન પાછું અંદર મૂકી દીધું. અને નક્કી કરી લીધું કે આ થેલો હવે ફરીથી ન ખોલવો ! હા, કોઈક દિવસ ફારો અખેનાતન કે રાણી નેફરટીટી આવીને કહે તો વળી જુદી વાત છે ! બાકી ત્યાં સુધી અમર થવાનો અભરખો ન રાખવો !

હા ! આ વાત બધાને કહી દેવાની કોઈક વખત મને ઈચ્છા થઈ જતી. પરંતુ પછી બધો વિચાર કરીને હું ચૂપ થઈ જતો. અમે બધા બેઠા હોઈએ અને કોઈ સંજીવની વનસ્પતિ કે અખેનાતનની ઘણી વાત કાઢતું તો હું મનમાં ને મનમાં હસી લેતો. ક્યારેક મને હસતો જોઈ કોઈ પૂછતું તો હું જવાબ આપતો કે, 'કંઈ નહીં યાર ! આ તો કોંગોના પ્રવાસ વખતે મળેલો પેલો માણસખાઉં જંગલી માકા યાદ આવી ગયો ! હું એનાથી કેવો ડરી ગયેલો નહીં ?' એ સાંભળી બધા હસી પડતાં. હું પણ હસતો !



૨૩. પ્રાચીન ઈજિપ્તની ભાષાના કેટલાક શબ્દો

- આતેન (Aten) : સૂર્ય
- એમ્યુલિટ (Amulet) : તાવીજ કે માદળિયું, રક્ષા માટે કે શુકન માટે બાંધવામાં આવતું.
- આઁખ (Ankh) : જીવન સત્ત્વ
- બા (Ba) : માણસના જીવન સત્ત્વનો એ અંશ કે જે માણસના મૃત્યુ પછી પોતાની ઈચ્છા પ્રમાણે એના મૃત શરીરમાં આવ-જા કરી શકે. ઈજિપ્તના લોકો એને માણસના માથાવાળા પક્ષી તરીકે ઓળખતાં.
- બાર્ક (Bark) : નાનકડી હોડી, એની નાની પ્રતિકૃતિઓ ધાર્મિક સરઘસોમાં રાખવામાં આવતી અને એમાં દેવોની મૂર્તિઓ રખાતી.
- કાર્તોશ (Cartouche) : ગોળ કે લંબગોળ ફ્રેમ જેમાં જે તે વખતના રાજા કે રાજવંશના સભ્યનું નામ સાચવી રખાતું.
- કા (Ka) : આત્માનો એ અંશ જે માણસના મૃત્યુ પછી પણ અમર રહે છે અને અનંત છે.
- મસ્તબા (Mastaba) : લંબચોરસ, ઢળતી બંને બાજુઓવાળી કબર
- સેરેખ (Serekh) : રાજવીનું નામ અને એનો મહેલ કોતરેલ લંબચોરસ પથ્થર
- શબ્તી (Shabti) : મૃત્યુ પછીના જીવનમાં રાજાને (ફારોને) ખેતીનું કામ કરવા બોલાવવામાં આવે ત્યારે એના બદલે એ કામ કરી શકે તેવા મજૂરોનાં નાનાં પૂતળાં. એ લોકો રાજાના બદલામાં કામ કરી આપે એવી કલ્પના સાથે આવાં પૂતળાં કબરમાં જ મુકાતાં.
- તાલાટાટ (Talatat) : લંબચોરસ પથ્થર, જે ઈંટની માફક ઈમારત ચણવામાં વપરાતો.

- આમુન (Amun) : એક દેવ. ફારો અખેનાતની પહેલા અને પછી પણ એની જ પૂજા થતી.
- અખેનાતેન (Akhenaten) : He is Aggreable (Akhen-) to the sun-disk (-aten) સૂર્યદેવને જે સંપૂર્ણ સ્વીકાર્ય છે તેવો.
- નેફરટીટી (Nefertiti) : જે સૌથી સુંદર છે તે અહીં આવી છે !
- પેપિરસ (Papyrus) : એ નામની વનસ્પતિમાંથી બનતો કાગળ, જે ૩૦૦૦ વરસ સુધી સતત ઉપયોગમાં લેવાયો.



૨૪. રાજા અખેનાતન તેમજ રાણી નેફરટીટીના કેટલાક ફોટાઓ

૧. ફારો અખેનાતન :



અખેનાતન



અખેનાતન

૨. રાણી નેફરટીટી :




રાણી નેફરટીટી



નેફરટીટીનું પૂતળું (બર્લિન)

૩. રાજમુદ્રાઃ સ્કેરબ સીલ :




સ્કેરબ સીલ : રાજમુદ્રા

૪. અખેનાતન તેમજ નેફરટીટી એક સાથે :




૫. ઈજિપ્તનું ચલણ: પાઉન્ડ ૧૯૦૦ની સાલમાં :



૧૯૦૦ની સાલની ૧૦૦ પાઉન્ડની નોટ



૨૫. ઈ. સ. ૧૯૦૫ની સાલમાં ઈજિપ્તનો રેલમાર્ગ



૨૬. ઈજિપ્તની પ્રાચીન લિપી

THE HIEROGLYPHIC ALPHABET

a VULTURE	a ARM	b FOOT	kh PLACENTA	d HAND	f HORNED VIPER
g POT STAND	h COURTYARD	h CANDLEWICK	i y REED LEAF	dj COBRA	k BASKET
l LION	m OWL	n WATER	o KNOTTED ROPE w QUAIL CHICK	p MAT	q HILL
r MOUTH	s FOLDED CLOTH	sh POOL	t LOAF	tch ROPE	z DOOR BOLT

ઈજિપ્તના અઢારમા રાજવંશના રાજા અખેનાતન તેમજ તેમની રાણી નેફરટીટીનું જીવન અનેક ભેદભરમથી ભરેલું છે. ઘણા ઈતિહાસકારો એમને એકેશ્વરવાદના પ્રણેતા કહે છે તો વળી ઘણા એમને અંતરિક્ષમાંથી ઊતરી આવેલ પરગ્રહવાસી પણ ગણે છે. રાતોરાત આખા ઈજિપ્તના પરંપરાગત ધર્મને ઉથલાવીને એક જ ઈશ્વર – સૂર્ય ભગવાનની સ્થાપના કરવાની ગજબની હિંમત દેખાડનાર એ રાજવી, વચ્ચે બે હજાર વરસ સુધી દુનિયાની નજરે જ ન ચડે એમ ગાયબ રહ્યા.

એમનું નામોનિશાન મિટાવી દેવા માટે એમના પછી આવેલા વંશોએ બરાબર મહેનત કરી. પરંતુ એમના વખત – અલ-અમર્ના વખતના પથ્થરો અને ઈમારતોના અવશેષોએ એમને પાછા દુનિયા સમક્ષ પ્રગટ કરી આપ્યાં. પરંતુ ફારો (રાજા) અખેનાતન અને એની રાણીના મૃતદેહો આજ સુધી મળ્યા નથી. એ માટેના દાવા ઘણા થયા છે, પણ સર્વાનુમતે સ્વીકાર્ય એવું કાંઈ હાથ લાગ્યું જ નથી.

એમના સમયના ભેદભરમોથી હું એટલો બધો પ્રભાવિત થયો છું કે એ બધું વાર્તામાં વણી મારા બાળદોસ્તો સુધી પહોંચાડવાની જાણે કે મને તાલાવેલી લાગી હતી. આજે એ કાર્ય સંપન્ન થઈ રહ્યું છે ત્યારે મને એક ભેદી રોમાંચ થઈ રહ્યો છે.

ડૉ. આઈ. કે. વીજળીવાળા


ISBN : 978-81-906416-5-4

₹ 50